શ્રીયુત બાપુરામ.

ઘમીજવાળા.

સંપાદક,

ડૉ. હિરાલાલ ગોપાળદાસ દેસાઈ.

॥ ૐ ॥

શ્રીયુત બાપુરામ.

જન્મથી વર્તમાન સૂધીનાં જીવન દર્શનો.

લેખક અને પ્રકાશક,

ડૉ. હિરાલાલ ગોપાલદાસ દેશાઈ.

એલ, સી, એચ, સી., એન્ડ, એમ, સી, એચ, સી (કલકત્તા)
પાટિદાર યુવક મંડળ, અને શ્રી દેશાઇ બન્ધુ મંડળનો સભ્ય.
ઑનરરી, ખેતીવાડી મંડળનો સલાહકાર. વડોદરારાજ્ય.
કડી પ્રાન્ત ખેડૂત સમાજના જીંદગી પર્યંતના મેમ્બર
ધમીજ, દહેગામ તાલુકો, એ પી રેલ્વે.

આવૃત્તિ પહેલી પ્રતિ ૫૦૦,

વિક્રમાબ્દ ૧૯૭૦. ઇ સ ૧૯૧૪

કીંમત, રૂ. ૦-૧૨-૦ પોસ્ટેજ જુદું.

અમદાવાદ.
પીરમશા રોડ ઉપર નિર્મળ પ્રિન્ટિંગ પ્રેસમાં,
લલ્લુભાઇ ઇશ્વરભાઇએ છાપ્યું

શ્રીયુત બાપુરામ કૃષ્ણારામ ઘમીજવાળા વૈદ



જન્મ વિક્રમાર્ક ૧૯૦૫ ના જ્યેષ્ઠ વદી ૫ મંગળવાર

Lakshmi Art Bombay

રા. રા. ગોપાળદાસ બાળજભાઈ



જન્મ વિક્રમાર્ક ૧૮૯૮, નાતિ- [illegible]

The L[illegible] Art [illegible]

અર્પણ.

પુણ્યાંશી પિતાને ચરણે.

હૃદયભાવ.

ખોજભાઇ કુવરશા ! ગોપાલ ગુણુના ભર્યા,
સ્વ–પર હિતના માર્ગો, પ્રેમથી હૃદયે ધર્યાં. ૧
સ્નેહનું ઝરણું વહેતું, પિતાજી ! આત્મ મંદીરે,
જીવનની લીલી વેલીને, પોષતું પ્રભુ પ્રેમથી. ૨
ડાળ ને પલ્લવો પુષ્પો, ખીલ્યાં ખીલાવવા જગે,
સુશાન્ત સુગન્ધની લ્હેરો, એ'કાવી ઇન્દુ મન્દિરે. ૩
આત્માની શિવ જ્યોતિનો, પ્રકાશ આંતરે વહે,
અને જીવન તણાં દ્રવ્યો, ન્હાતાં એ રસપૂરમાં. ૪
તિમિરઘન વાદળો ભેદ્યાં, ઉજાળ્યું નિજ રૂપને,
ઉજાળ્યું કૂળ કુટુંબ, ઉદ્ધાર્યા પૂર્વ પિતૃજો. ૫
ગૌરવી પ્રણુયી પુરી, વાગતી વિપુલી વીણા,
પ્રેરતી રસમય સૂરો, અનેરા જીવને ગુંથ્યા. ૬
સ્નેહ, જ્યોતિ, રસે ભરીયું, શ્રેષ્ટ જીવન આપનું,
પુષ્પ પાયે સમર્પીને, વધાવું પ્રાણુ પાટલે. ૭

*　　　*　　　*　　　*

શુદ્ધ સમદર્શી શાન્ત, ઉત્તમ સ્થિતિ સાધતા,
વાધતા પૂર્વના પુણ્યે, આગળે, બુદ્ધિ યોગથી. ૮
ધન્ય ! એ ધીર ને વીર, રોપે બીજક પુણ્યનાં.
જલ સત્ કર્મનું સીંચે, પોષે પુરૂષાર્થથી ખરા. ૯
ડુંગરો રોધે દુઃખના, ને ખડકો ભયની ભરી,
ગણે ના રોધ ને તોડે, વાધે નિજ શકિત ધરી. ૧૦
સ્વાશ્રય આત્મ જ્યોતિને, સ્વશ્રદ્ધા યોગ્યસ્થાનમાં,
ઉદ્યમ, ધૈર્યને બુદ્ધિ, લાધે પુણ્યાળુ ભાગ્યમાં. ૧૧
પ્રકાશે પૂર્વના યોગે, પરિણામે વધુ વધુ,
દેવિ એ ગુણ વૃદ્ધિએ, સત્ય સત્વજ પામતા. ૧૨

નત્યજે ભાવના ઇષ્ટ, કર્તવ્ય માર્ગ ના ચૂકે,
પ્રવર્ત્તે શુભ કર્મોમાં, કૃત કૃત્યજ ધર્મથી. ૧૩
એ કૃતિએ સમદર્શી, બ્રહ્મના પન્થમાં ભળે,
આત્માનું તેજ વિસ્તારે, ઇષ્ટાભેદ થતાં જગે. ૧૪

* * * *

પિતાજી ! શાસ્ત્રના સત્વે, જગાવી જીવન-પ્રભા,
નીતિને ન્યાયનાં સૂત્રો, ધારીઆં અંતરે સદા. ૧૫
વ્હોર્યું સ્કધે વયે ન્હાની, સંસારી શકટ તમે,
ભારે ને ભાર લાવેલું, દુઃખને સંકટે ભર્યું. ૧૬
વિચાર વાણી આચારે, પૂર્વના ધર્મ સાધીઆ,
સ્વાશ્રય, આત્મજ્યોતિના, પન્થે દિપ ખડા કર્યા. ૧૭
પુણ્યાંશી, પ્રભુને સન્તો, મેળવે સર્વ આ રીતે,
કર્મમાં ચિત્ત પ્રોવીને, વાધતા સ્થિર બુદ્ધિએ. ૧૮
દૈવિ એ શુભ સંપત્તે, ઉચ્ચ ગુણ દિપાવીઆ,
કરીને હ્રદય શુદ્ધિ, સદ્‌ગુણોયે વધારીઆ. ૧૯
પુણ્યાળુ પુણ્યશાળી કો, જન્મે પુણ્યાળુ ભૂમિમાં,
પુણ્યાળુ પુણ્યના યોગે, જન્મે પુણ્યાળુ કુળમાં. ૨૦
ધન્ય એ ભૂમિનું કુળ, પુણ્યાળુ જ્યાં અવતરે,
ધન્ય એ માત ને તાત, ગૃહે પુણ્યાળુ જન્મતો ૨૧

* * *

पार्थ नैवेह नामुत्र विनाशस्तस्य विद्यते ।
नहि कल्याण कृत्कश्चिद् दुर्गतिं तात गच्छति ॥

श्रीगीता.

* * *

કથે શાસ્ત્રો અને શ્રેષ્ઠો, વિદ્યા એ દૈવિ શક્તિ છે,
સુખ સંપત્તિ (ને) શાન્તિ, વૃદ્ધિ જેથી પમાય છે. ૨૨
વિદ્યાના શુભ સંસ્કારો, વિસ્તારે તેજ વિશ્વમાં,
વિદ્યાનો શુભ યે યોગ, ઉદ્ધારે દેહી દેહમાં. ૨૩
અનુગ્રહે સુભાગી કો, આત્મ કલ્યાણ કારણે,
અનુગ્રહે સુભાગી કો, આશિષો ઇશની મળે. ૨૪
પિતાજી ! આપના પુણ્યે, પ્રવેશ્યો રાજ્ય માર્ગમાં,

કંઇ ઉત્સાહ ને આશા, પ્રોત્સાહે યે પ્રયાણુમાં. ૨૫
દુઃખના દિવસો વેઠયા, સંપત્તિ ભોગ આપીઓ,
પુત્રના શ્રેય ને માટે, પિતૃ ધર્મ અદા કર્યો. ૨૬
પુત્રનું ન વળે ઋણુ, આપના સ્નેહ આગળે,
ન ધર્મ પુત્રનો પહોંચે, આપના પાદ પંકજે. ૨૭
તોય પિતૃ ઋણિ પુત્ર, સ્નેહથી યાચતો ઉભો,
સ્વીકારો પુત્રનો મર્મ, કલ્યાણી ભાવના ભર્યો. ૨૮
સખાનાં દર્શનો રૂડાં, ગ્રંથમાં ગુંથીઆં બધાં,
તેજ પાયે ધરૂ પ્રેમે, સ્વીકારો; ફુલ પાંખડી. ૨૯

માઘ વસંતપંચમી
૧૯૭૦
ચિદ્વિલાસ–મન્દિર
ધામજ.

પિતૃઋણિ
હિરાલાલ.

॥ ॐ श्रीं ॥

આશય.

" Example is the school of mankind, and they learn at no other. "

Burke.

" દષ્ટાંત મનુષ્યજાતની નિશાળ છે, અને તેઓ બીજે કયાંહી શિખશે નહિ. " બર્ક.

" Human life and conduct are affected by ideals in the same way that they are affected by the examples of eminent men. " * * * * * *

Plato.

મહાન પુરૂષોનું ઉત્તમ વિચારદ્રવ્ય, અનુકરણિય વર્ત્તન, જગતનાં પૃષ્ટો પર ચિરસ્થાયી સ્મરણ ચિન્હ રૂપે પ્રકાશી રહે છે. આ પ્રકાશ કયાંહી કયાંહી મનુષ્ય જીવનને માર્ગદર્શક થાય છે. સૃષ્ટિની વિશાળ શાળામાં આવાં દષ્ટાંતોજ જનહિત–લોક કલ્યાણ સાધી શકે છે. જીવન ચરિત્ર દેશનું મહાન ધન છે. આ શ્રેયસ્કર ધનનો વિચાર પુરઃસર ઉપયોગ, અનેકનું કલ્યાણ સાધી શકે છે જીવન ચરિત્ર એક દર્પણ છે. ચરિત્ર નાયકનું અથ ઇતિ પ્રતિબિંબ છે. આ દર્પણનાં દર્શન કરનાર–અને તત્ માર્ગે વિચરનાર મહા ભાગ્ય શાળી છે. પ્રતિકો–છવિઓ–ચિન્હો પ્રતિ લક્ષ સાંધતાં, મૂળ વસ્તુ કે વ્યક્તિનું સૂક્ષ્મ દૃષ્ટિ આગળ તરી રહે છે, તેમ જીવનચરિત્ર તેના જીવનનાં લક્ષોને આપણી સાનિધ્ય પ્રત્યક્ષ કરે છે. આ પ્રત્યક્ષ દર્શન વિલોકનારની બુદ્ધિ અનુસાર જીજિવિષા સંતુષ્ટ કરે છે. હૃદયની આવી પ્રસન્નતા જેટલા અંશે થાય છે, તેટલા અંશે તે કલ્યાણ સાધી શકે છે. આ કલ્યાણ સાધના એજ ઉન્નતિ, જેટલા પ્રમાણમાં ઉન્નતિ, તેટલા પ્રમાણમાં જીવન સાફલ્ય; અને જીવન સાફલ્ય એજ કર્ત્તવ્ય. સ્વ. સા. મનઃસુખરામભાઇના શબ્દોમાંજ કહીએ તો,–" સમ્પત્તિ–વિપત્તિનું અનેક પ્રકૃતિનાં મનુષ્યો સાથે મિશ્રણ થવાથી, સમ્પત્તિ–વિપત્તિ અગણિત રંગ ધારણ કરે છે. તે સંમ્પત્તિ–વિપત્તિના રંગથી ચિત્રિત પુરૂષોની શુભ કથા અને સમ્પત્તિ–વિપત્તિના

આકર્ષણુ સમયે તેઓનાં આચરણુ,—પૂર્વે સૂચવ્યા પ્રમાણે, આપણે દૃષ્ટાન્ત લેવા સારૂ,—સદા સ્મરણુમાં સંગ્રહવાં જોઇએઃ અને યથાશક્તિ તે આદરણીય આચરણોને અનુસરવા લક્ષ રાખવું જોઇયે. * * * * * * * * મહાજનોની પ્રેરિકા સ્વગુણાર્પકા તથા સુખદા શુભ કથાઓ, દુ:ખના પ્રસંગે દુ:ખની તીક્ષ્ણતા દૂર કરી, શાન્તવન, ધૈર્ય, ઉત્સાહ આદિ આપી, બહુ સહાયદાયિનીઓ થાય છે, અને સુખમાં સાવધાનતા રખાવી, ઉન્મત્ત થતાં નિવારી, સુખના સારાં ફલનું સાધન થાય છે. અન્ધકારના દીપકવત્ પોતે પ્રજ્વલી પરને પ્રકાશ આપનાર સૌજન્યસંપન્ન મહાત્માઓનાં અચિન્ત્યહેતુક ચરિત સુબોધક અને અતિ ઉપયોગિ છે * * * * * *"

મહાન પુરૂષોનાં જનહિતકર દૃષ્ટાન્તો, દેશની ઉદય કળામાં પ્રોત્સાહન આપે છે. જે દૃષ્ટાન્તો પ્રતિ લક્ષ સાંધતા ધીરજ, ઉત્સાહ, કર્તવ્ય પ્રતિ શ્રદ્ધા, સ્વાત્મનિષ્ટા અને ધર્મસાધના પ્રદિપ્ત થાય છે. ચરિત્ર નાયકની વિચાર અને કાર્ય શક્તિ જીવનચરિત્ર રૂપે અમર રહે છે. આ સાધન આપણી ભવિષ્યની જીંદગીની રૂપ રેખા ચીતરવામાં કારણભૂત રહે છે. જે કારણે શારીરિક, માનસિક ને આધ્યાત્મિક બળની ઉન્નતિ કરી શકીયે છીયે. પાછળ રહેતી પ્રજાનો આ નહિ ખૂટે તેવો વારસો છે, જે વારસો પ્રત્યેક વ્યક્તિના માર્ગપર ઉત્તમ દિપકનું કામ સારે છે. મહાન કવિરાજ ટેનિસન પણ કહે છે કે,—

To look on
Noblo forms make us noble
Through sensuous organism
That which our.

જીવનચરિત્રો કોના અને કેવાં લખાવાં જોઇયે ? પ્રશ્ન મહત્વનો છે. કેટલાક સંશયાત્મક પ્રશ્નોને પડતા મૂકતાં, સર્વ કોઇ એમ તો કબુલ કરશેજ કે, જેના અનુકરણથી, તત્માર્ગે વિચરનારનું કલ્યાણુ સાધી શકાય છે; જેનું ચરિત્ર દર્પણુરૂપ હોઇ, જોનારને તેમાંથી કયાંહી જોવાનું, ડરવાનું, અનુભવાનુ મળી શકે છે, જેનું દર્શન તેના અનેક આશયોને મદદ કરતું પ્રોત્સાહન દેછે, જેની ભાવના જીવનની મુદિત વાંચ્છનાઓને તૃપ્ત કરે છે, જેનું સમગ્ર તરત્ર અનુભવમાર્ગે વિચરનારના માર્ગદર્શક દિપકરૂપ છે, તેનું ચરિત્ર નિઃસંશય કલ્યાણુકારી ને શ્રેયસ્કર છે. જીવનચરિત્રો લખવાં એ કાંઈ

બેચાર આડી અવળી લીટી લખી ગ્રંથ પુરો કરવાનું કાર્ય નથી. જીવન-ચરીત્રોમાં ચરિત્રનાયકનું ચિત્ર લોક હિત સાધી શકે છે કે કેમ? તે જોવાનું વિચારવાનું અને સંસારમાં મૂકવાનું કામ જોખમ ભરેલુ છે. સ્વદેશ વત્સલ માસિકમાં એક લેખકના જણાવ્યા પ્રમાણે તો;—"જેણે ધર્મશાસ્ત્રનું પરિપકવ જ્ઞાન મેળવી, પ્રથમ પોતે સદાચરણી અને અવિકારી બની મૂલ શાસ્ત્રાનુસારે લોકોને સદુપદેશથી, નીતિ, ભક્તિને માર્ગે ચઢાવેલા હોય, * * * * જે હલકામાં હલકી સ્થિતિમાંથી ઉંચી સ્થિતિને પામ્યો હોય, જેની કર્ત્તવ્યતા કે સ્થિત્યંતર લોકના ચોકને અજાયબીમાં નાંખ્યા વિના રહેજ નહિ, ઇત્યાદિ મહાન પુરૂષોનાં જીવન ચરિત્ર તો લખાવાંજ જોઇયે." અને તે સત્ય છે જીવનચરિત્રો લખવા સંબંધમાં વિદ્વાન્ ગેટીના સિદ્ધાંત તરફ દૃષ્ટિ વાળીયે. જગત્માં કોઇ પણ મનુષ્ય એવો છેક નકામો નહિ માલુમ પડે કે જેની પાસેથી ડાહ્યા માણસને કાંઇ પણ શિખવાનું ન મળે. પરંતુ સામાન્ય વર્ગનાં મનુષ્યોમાં જોકે કેટલાક ઘણા સારા સદ્ગુણો હોય તો પણ તેમના હલકા દરજ્જાને લીધે તેમનું અવલોકન અને અનુકરણ કરતા રહેવાનું આપણને બહુધા ઘણુંજ થોડું વલણ થાય છે. આથી કરીને, જે મનુષ્ય, પોતે ગમે તેવે મોટે દરજ્જે ચઢેલો હોવા છતાં, અનેક સદ્ગુણોથી યુક્ત હોઇ પોતાના સર્વ જાતિના માનવ બંધુઓ તરફ સમાન પ્રીતિભાવથી વર્ત્યો હોય, જેણે તેમના કલ્યાણ અને ઉન્નતિને માટે તન, મન અને ધનનો સર્વથા ભોગ આપીને સતત્ મથન કરતા રહી માત્ર વિશુદ્ધ કર્ત્તવ્યબુદ્ધિથીજ કરેલાં અનેક પરોપકારી કૃત્યો વડે પોતાનું નામ અમર કરી મૂક્યું હોય, જેને તેના સમયની સમગ્ર પ્રજાએ પોતાના નેતા અને શુભચિંતક તરીકે માન્યો હોય, અને પ્રસંગોપાત જેના શુભ નામ અને યશનું પૂજ્યભાવપૂર્વક ગાન થતું હોય, અને ટુંકમાં કવિ ટૉમ્સનના શબ્દોમાં કહેતાં, "મનુષ્યજાતિની સેવામાં દુનિયાના રક્ષણ કરનારા 'દેવ' થઇને, જેણે પોતે સર્વથા અનુકરણીય જીવન ગાળ્યું હોય-તેવાજ મનુષ્યનું ચરિત્ર ખાસ કરીને સામાન્ય જનસમૂહને લાભકારક થઇ પડે છે." આ કહેવું સર્વાંશે સત્ય છે. જીવનચરિત્રમાંથી ચરિત્રભાવ અન્ય હૃદયપર છાપ પાડે, તેની વર્તમાન સ્થિતિમાંથી ઉચ્ચસ્થિતિપર જવા બોધ આપે ત્હેના પ્રશ્નોનું ગંભિર ભાવે ઉત્તર આપે, અને સાંપ્રતમાં સહાયક થાય, તો તે તત્ત્વ હિત સાધી શકે.

જે મનુષ્યમાં સામાન્ય મનુષ્યો કરતાં દૈવિ સત્તાઓ, દૈવિ અંશો વધારે હોય છે, તેટલો તે દેવ સમિપ વધારે ગયેલો હોય છે. જેમ જેમ

તે દેવ સમિપ વધારે ગયેલો હોય છે, તેમ તેમ ત્હેના ગુણો વધારે ઉન્નત ને વધારે અનુકરણીય બને છે. ત્હેના હૃદયમાં આત્માનો વિકાસ છે, ત્હેના મનમાં પ્રસન્નતા હોય છે, ત્હેના વિચારમાં ક્રિયાના સત્વનું પ્રતિબિંબ હોય છે, ત્હેની રગે રગમા શ્રદ્ધા, નિશ્ચય ને પુરૂષાર્થનુ ચૈતન્ય દ્રવ્ય વહન કરતું હોય છે, ત્હેની વાણીમાં મિઠાશ, વર્તનમાં વિવેક, ક્રિયામાં શ્રદ્ધા, વિચારમાં દક્ષતા અને લક્ષમાં અનંતપણું વિલસી રહેલુ હોય છે, તે મનુષ્ય સામાન્ય જનોને વંદનિય હોય છે. આપણી રીતિ-કૃતિપર ત્હેની અપ્રતિમ છાપ પડે છે, આચાર વિચારોપર ત્હેના સત્ સંસ્કારો બેસે છે, ત્હેના જીવનનુ લક્ષ બિંદુ સાધવા આપણને રાજ્ય માર્ગપર વહન કરે છે, સઘળી રીતે-સર્વાંશે ત્હેમા રમણ કરતું-વિલસી રહેતું ઉત્તમ દ્રવ્ય, આપણામાં ઉત્તમ દ્રવ્યનો સંચય કરાવે છે. આ ક્રિયા એજ આપણું કર્તવ્ય, સાધના ને મોક્ષ.

જીવન ચરિત્રોની ભાવના આજકાલની નથી. પુરાણી છે, એક દેશીય નથી. સર્વ દેશીય છે. સર્વ દેશોમાં ત્હેનાં જવલત દષ્ટાંતો નજર આગળ તરી આવે છે. પડતી પડતી સ્થિતિમાં પણ આપણી અમર આશાઓ ત્હેમાં છુપાયેલી જણાય છે. શ્રી મહાભારત, શ્રી રામાયણ એ ધર્મ ગ્રંથો છે. ન્યાય, નીતિ, કર્ત્તવ્યપરાયણતા, સ્વાત્મશ્રદ્ધા ને પૂર્વજોનું અકથનિય બળ આપણા જીવન પ્રવાહને ઉન્નત દશામાં ખેચી જાય છે આ ભૂમિમાં ગુણોની મૂર્તિરૂપ દેવપુરૂષો, દેશ જીવનનુ સર્વોત્તમ દ્રવ્ય વહન કરતા વિર પુરૂષો, દક્ષને દિર્ઘ દષ્ટિથી ન્યાય-નીતિના કાયદા બાંધનાર નીતિજ્ઞો, આ દૈવિ અંશવાળા પુત્રોને જન્મ આપનાર જનેતાઓ-વિરાંગનાઓ; ત્હેમનાં જીવન ચરિત્રો આપણને શું નથી શિખવતાં ? ત્હેમનાં ચરિત્રો આપણને ઉચ્ચગામી થવાને કેમ મદદ નથી કરતાં ? એવા પુણ્યાંશીઓના જીવન બોધદ્વારા એમનાં કલ્યાણકારી ચરિત્રોદ્વારાજ આપણે લક્ષાનુસંધાન કરી સંવર્ધન થઇ શકીએ છીયે. ઇતિહાસો-ચરિત્રો-દર્શનો-એવી દૈવીસત્તા વિભુષિત જીવાત્માઓની વાર્તાઓ આપણે માટે જોવાનું-અને આચરવાનુ સર્વોત્તમ સાધન છે. સર્વાવસ્થાએ આવાં ચરિત્રો આપણા ઉદય યત્ન માટે તો 'Example is the school of mankind' રૂપ છે. સંવર્ધન યુગમાં-વધતા જતા જમાનામાં ઇતિહાસો-ચરિત્રોજ ભૂત સમયનું ચિત્ર દર્શન ખડું કરે છે, કે જે દર્શન લક્ષે આપણે ભૂતને જાણી, વર્ત્તમાનમાં

---

૧ ના. ના. મહાદેવ ગોવીંદ રાનડેના જીવન ચરિત્ર (ગુજરાતી)માંથી.

અનુસરી, ભવિષ્યને સુતર–સુલભ કરી શકીએ છીયે. જે સાધનો પોતાની પીઠપર આપણને આરોહણ કરાવી, રંગભૂમિપરનાં દર્શનો કરાવે છે, અને એવાં સર્વોપકારી દર્શનોથી આપણે આગળ વધી શકીએ છીયે, તેવાં સાધનોજ આપણું અન્તરગત દ્રવ્ય છે, સંપત્તિ ધન છે

અન્ય દૃષ્ટાન્તોપરથી અનુકરણ કરનાર મૂળ વસ્તુ સ્થિતિના આત્માને જાણી શકે છે, અને અનુકરણ કરનાર મનુષ્ય અનુકરણિય આત્મા જેવો થઇ રહે છે આવા દૃષ્ટાંતો આપણે ઇતિહાસો–વાર્તાઓમાંથી અનેક પ્રાપ્ત કરી શકીએ તેમ છે. વીલિંગડન લોર્ડ મેયર ઓફ લંડન આ ભાવના બળે એક રખડતા બાળક જેવી અવસ્થામાંથી ઉચ્ચ સ્થિતિએ પહોંચ્યો હતો. થેમિસ્ટોકિલસે, મિલ્ટાઇડિઝના અનુસરણિય વર્તનેજ આર્ટીમિસિઅમ, અને સેલેમિસના સંગ્રામમાં અક્ષય કિર્તિ સપાદન કરી. ડીમોસ્થીનીઝ નામનો મહાન્ ગ્રીસવકતા, કાલ્લિસ્ટ્રેટુસની વાગ્ધારાનું પાન કરીને આત્મજ્યોતિનો વિસ્નાર કરતાં પ્રતિભાસંપન્ન વકતૃત્વ શક્તિ સપાદન કરી શકયો જાપાને અપ્રતિમ કિર્તીને આવાં દૃષ્ટાતોના અનુકરણ દ્વારાજ પ્રાપ્ત કરી આપણા આર્યાવર્તના ઇતિહાસમાં પૂર્વજોના ગુણને અનુસધિ શુદ્ધ ક્ષત્રિઓએ કર્તવ્ય ક્ષેત્રમાંથી પાછું પગલું કર્યું નહોતું. આવાં અનેક દૃષ્ટાતો ઇતિહાસોપરથી આપણે જાણી શકવા સમર્થ છીયે.

પિતાના ઉદાત્ત ગુણોને હૃદયમાં ધારી આગળ વધવું એ પુત્રની ફરજ–કર્ત્તવ્ય છે. અગ્રેસરની શુદ્ધ–પરોપકારી–સ્વપરકલ્યાણની ઉત્તમ ભાવનાઓને અન્ત કરણમા સ્થાન આપી આસપાસના લોકોએ આગળ વધવું એ ત્હેમનો વાસ્તવ ધર્મ છે. મહાત્માઓ–પુણ્યાત્માઓનાં દૃષ્ટાંતો દ્વારા દૈવિ સંપત્તિઓનો પ્રભાવ વિસ્તારવો એ પ્રત્યેક ઉચ્ચ સ્થિતિ તરફ પ્રયાણ કરતા મનુષ્યોનો ધર્મ છે. જીવનચરિત્રોની ભાવના પણ અવાજ ઉદ્દેશોને અનુસરી હોય છે. જે જે સ્થિતિ સમયમાં અન્યજનોનાં અનુકરણો આપણા જીવન પ્રવાહને ઉત્સાહ–પ્રોત્સાહ–ધર્મ સત્ય જણાવે–દે, તે તે સઘળાં અનુકરણ કરનાર માટે તો આશિર્વાદાત્મક છે, એમાં શક નહિ. આપણી સ્થિતિને સહાયક આવાં ચરિત્રો–દૃષ્ટાંતો અનુકરણ કરનાર માટે અતિ ઉત્તમ દ્રવ્ય રૂપ છે.

આ ગ્રન્થનું નામ “ શ્રીયુત બાપુરામ. ” “ ત્હેમના જન્મ સમયથી વર્ત્તમાન સમય સુધીનાં દર્શનો. ” એવું આપવામાં આવ્યું છે. શ્રીયુત બાપુરામનાં દર્શનોમાંથી કયાંહી કયાંહી બોધનુ અસ્ખલિત વહેતું ઝરણું જીવન

પ્રવાહમાં વહેતાં પ્રાણિઓને દષ્ટિગોચર થયા શિવાયતો નહિજ રહે. એ સત્ય છે કે તેઓ એક વિશ્વવિદ્યાલયના સુશિક્ષિત નર નથી, તેઓએ દેશની પ્રવૃત્તિમાં ભાગ લીધેલો નથી, કે બીજી રીતે ત્હેમણે જાહેર હિલચાલોમાં અગ્રિણી પદ ધરાવ્યુ નથી, તો પણુ આટલાથીજ એમની ઉચ્ચગામી મર્યાદા શિથિલ કે નિસ્તેજ થતી નથી. એમનાં સમગ્ર દર્શનોમાંથી નિરક્ષણુ કરનારને કાંઇક કાંઇક તો જાણુવાનું–શિખવાનું–અનુભવવાનું મળશે. શ્રીયુત બાપુરામ ધધાને અંગે–પરોપકાર ને સ્વાશ્રય તથા સત્યશોધન માટે, તેમજ જેની જેની સાથે સબંધ થયો હતો, તેના તેના અભ્યુદય માટે કરાતા પ્રયત્નને અંગે, રકતમ સ્થિતિમાંથી સુખદ્ સ્થિતિમાં જવાના પ્રયત્ન માટે તો નિઃસંશય દષ્ટાન્તમૂલ છે.

શ્રીયુત બાપુરામની આ ગ્રંથ એક નોધ છે. એમના જીવનની વિચારની–પ્રયત્નની–અનુભવની–નેમજ ઉચ્ચારોહણુની સ્થિતિનું દર્શન છે. ગ્રામ્યજનમાંથી નાગરિક સ્થિતિ સુધીના સમયનું ચિત્ર છે. આ નોંધ-દર્શન ચિત્ર એમની હયાતિમાંજ પ્રકટ થાય છે. એમનું નામ ઘણુંાખરાં શ્રીમંત કુટુંબોમાં પરિચિત છે, તેમ ધધાના અગે સત્યનિષ્ટાને અપુર્વ બુદ્ધિ શક્તિના યોગે ગુજરાતની ઘણીખરી પ્રજામાં “ ધમીજવાળા વૈદ ” નામ્ના સંજ્ઞાએ જાણીતું છે. વર્તમાન સમયે એમને જાણુનારા–માનનારા ને એમના વર્ગને આગળ વધનારા ઘણા છે, ઓળખીતો વર્ગ–મિત્રો–સમાગમીઓ સ્નેહિઓ ને આપ્ત વર્ગ વધારે છે. એમની સ્થિતિનું પ્રથમથી ઇતિ સુધીનુ ચિત્ર-દર્શન જાણુવા જોવાની ઘણાની ઇચ્છા હતી. નરોધી શકાય એવી મહદેચ્છાને સ્વિકારી આ પ્રયત્ન હાથે ધરવામાં આવ્યો છે. આ શિવાય અમારા કુટુંબ પ્રત્યે ત્હેમનો અપૂર્વ સ્નેહ–મારા પિતા રા. રા. ગોપાળદાસ સાથે ઘાડી સ્નેહ ગ્રંથી અને આ તરફના લોકો માટે એમણે કરેલો અસીમ પ્રયત્ન, એમના દર્શનની અભિલાષા રાખે એમાં અતિશયોક્તિ નથી, ત્હેમણે પોતાનું જીવન માત્ર વિચારેજ નહિ પણુ આચારે અનુભવસિદ્ધરૂપે દષ્ટાન્તક બનાવ્યું છે, આવા જીવનની નોંધ લેવી, એ ત્હેમના ઘાડા પરિચયમાં આવનારી તેમજ ઉપરના વર્ગની ઉત્કટ ઇચ્છા હતી.

શ્રીયુત બાપુરામના જીવન દર્શન સબંધે અત્રે યત્કિંચિત્ વિવરણુ કરવામાં આવતું નથી, કારણુ સત્ય દર્પણુ સર્વ સમક્ષ અબાધિત રૂપે મૂકવામાં આવ્યું છે, જેનો સાર ગ્રહણુ કરવાનું–સત્ય શોધવાનું ને તૂલના કરવાનું કાર્ય માત્ર વાંચનારની ઇચ્છાપર રાખવામાં આવ્યું છે. ગ્રંથનો

આશય એમના કલ્યાણકારી વિચારોને અનુભવના સત્ય ચિત્રને સર્વ આગળ મુકવું એજ પ્રધાન્ય છે. ચરિત્રનાયક જીવન સ્થિતિમાં પોતાના સહવાસી-સમાગમી-સ્નેહી કે પરિચયી આગળજ વિચારનું તેમજ અનુભવનું ઉત્તમ દ્રવ્ય વિસ્તારી શકે, પરંતુ આવા ઉચ્ચ દ્રવ્યને એટલેથીજ મર્યાદા બાંધી ટુંકાવવું સર્વદા હિતાવહ નથી. જ્ઞાન બે રીતે પ્રાપ્ત કરી શકાય. પ્રતક્ષ ને પરોક્ષ માર્ગેજ સત્ય કેન્દ્ર આગળ મુમુક્ષુને સ્થાપી શકે છે. ઉપરની હકીકત એમનો પ્રતક્ષ અનુભવ સ્વમૂખે કહેવાય, અને તેનો ધાઢ પરિચયથીજ લાભ લેઇ શકે; પરંતુ એમના અનુભવસિદ્ધ વિચાર દ્રવ્યને, તત્માર્ગે વિચરતાં પ્રોત્સાહન આપે એવું બીજું સાધન, એકસરખી રીતે તેને વિસ્તારી શકે, એવું માત્ર પરોક્ષ-આ ગ્રંથ રૂપેજ ગુંથવું કલ્યાણજનક છે. પૂર્વકાલિન્ પ્રજ્ઞો-તત્વજ્ઞો-નીતિજ્ઞો-કલાભિજ્ઞોને અનુભવ સિદ્ધ પુણ્યાત્માઓના બોધ-અનુભવ-વિચાર વગેરેનું સાધન માત્ર આવાજ માર્ગે પાછળની પ્રજા માટે ચિરંજીવ રહી શકે છે.

કયાહી કયાંહી દોષ જણાય, તો તે લેખકનો પોતાનોજ છે, કારણ પ્રસંગે એવું બને છે કે, ત્હેમના સત્ય દર્શનમાં જોવાની ઇચ્છા લખનારની વખતે બદલાયેલી હોય છે, કે અમૂક વસ્તુ સંકલનાને નહિ વિસ્તારતાં ટુંકાવવાની જરૂર હોય છે, અથવા તો કેટલીક વખત સંજોગાનુસાર ગુપ્ત રાખવું પડે છે. આ બધી સંકડામણોમાં દોષ થાય એ સ્વભાવિક છે. સુજ્ઞો આવા દોષો પ્રતિ અલક્ષ કરશે એવી પ્રેમસહ યાચના છે.

શ્રીયુત બાપુરામના જીવનદર્શનો પ્રસિદ્ધ કરવામાં અથ-ઇતિ આખું પુસ્તક તપાસી, સુધારી કીમતી સલાહ આપવા બદલ મ્હારા પરમ સ્નેહિ અને હિતચિંતક પ્રિયબન્ધુ શ્રી ભોગિન્દ્રરાવ રત્નલાલ દ્વિવેટીઆ બી. એ. નો તેમજ વડીલ પૂજ્ય વકીલ શ્રી ભક્તલાલભાઇ કરૂણાશંકરનો ઉપકાર માનવાનું આ સ્થળે કલ્યાણજનક માનું છું. આ પુસ્તકની શરૂઆતમાં "પુણ્યાશી પિતાને ચરણે" નામક અર્પણના પદ્યાત્મક ભાવની વિચાર શ્રેણિમાં પિંગલાત્મક ભાવો-નિયમો કવિજ્ઞોને દષ્ટિમાન ન થાયતો ક્ષમા યાચું છું. કારણ પરમ પૂજ્ય પિતાના આગળ પરતંત્રતા ગ્રહી હૃદય ભાવને ખાલી કરવા એ સ્નેહ સૃષ્ટિમા પ્રતિકૂલ છે. અર્પણ, કવિતાના નિયમથી પ્રક્રમ ભગ હોય તો કવિ હ્રદયો ક્ષમા આપશે. આ શ્રેણિમાં નવિન યુગમાં ઘુમતા મસ્ત પ્રેમાળ કવિ શ્રી ન્હાનાલાલ દલપતરામનાજ શબ્દોમાં કહુંતો, ન્હાના ન્હાના કબૂતરખાનામા પૂરાયેલા પક્ષિઓ કરતાં સ્વતંત્ર

આકાશમાં વૃક્ષલતાપર વિહાર કરતાં પક્ષિઓની મઝા જુદી છે, અને ભક્તાનુરક્ત કવિ શ્રી જન્મશંકર, લલિતનુ અર્પણ પ્રત્યે નિરક્ષણ થતાં એજ ભાવને કાયમ રાખવા સૂચન થયેલુ હિતાવહ ગણ્યુ છે.

આખા પુસ્તકમાં શબ્દોની ક્યાંહી ક્યાંહી ભૂલ જણાયતો તે પ્રત્યે ક્ષમા દ્દષ્ટિએ જોવા સપ્રેમ વિનવું છુ, કારણ મુદ્રણ કામ શહેરમાં થવું હોવાથી અને મ્હારૂં નિવાસ સ્થાન ગ્રામ્યમાં હોવાથી એવા દોષો થાયતો તે ક્ષતવ્યજ ગણાશે. આ પુસ્તકની પ્રસિદ્ધિ અર્થે પરમ સ્નેહી શ્રી લલ્લુભાઇ ઇશ્વરભાઇનો પણ ઉપકાર માનવાનુ ભૂલતો નથી. પ્રૂફ તપાસવાનુ, પુસ્તક સત્વર પ્રસિદ્ધ કરવાનુ, વગેરે કાર્યમા પણ હેમણે કીમતી ઉપકાર કરેલો છે.

આ ગ્રન્થમાં કેટલેક સ્થળે, બહુધા * * * આવાં ચિન્હો " નામ માટે મૂકાયેલાં છે. તેવા સ્થળે મૂળ નામ નહિ જણાવવાનું કેટલાક સ્નેહિઓની ઇચ્છાથી રાખ્યુ છે.

" મ્હારા પોતાના ભાગ્ય માટે તો મહાન પુરૂષોથીજ જાણવાને, શિખવાને પ્રસન્ન થઇશ. "

માઘ વસંતપંચમી.
૧૯૭૦
ધર્મીજ. } હિરાલાલ ગોપાલદાસ દેશાઇ.

અનુક્રમણિકા.

જન્મભૂમિને

નિવાસસ્થાન વંદન.

હૃદય લળે હો, સ્નેહે, હૃદય નમે હો. (૨)
જન્મ ભૂમિનુ મંગલ દર્શન, આંતર જ્યોત જગાવે,
અણુ અણુમાં દ્રવ્ય વહન્તુ, પ્રેમ શૌર્ય ભણાવે,
[1]પ્રભવે રોમે રોમે હો, (૨) સ્નેહે

[2]વિપ્રલંભી, [3]અમલી, અત્રનિપર, [4]ગંભિરા શુભ ગામ,
સુર, મુનિ, સાધુ, સન્તો સ્મરતું, આવી રહ્યું મુજ ધામ,
અંતરમાંહી રમે હો. (૨) સ્નેહે.

માત, પિતા, બન્ધુ, વડિલોને, [5]સંતતિ, [6] હૃદય વિરામ,
વસતાં, પુગતાં [7]સૌમ્યકાંતિને, ભરતાં અમિ [8]અવિરામ,
ગુંજે મૃદુ [9]રવે હો, (૨) સ્નેહે.

લીલી ડાળીઓ લીંબડા કેરી, આંગલડે સોહાય,
કરતા [10]કેકારવ [11]કલાપી, ટહુક કોકિલાય,
સુધારસ રેડે હો, (૨) સ્નેહે

[12]બાલ, [13]સરસ્વતિ મંદિર શોભે, [14]ઐક્ય સમાજે સદાય,
તે ભૂમિ સફલા પરમ પાવની, વંદુ લળી લળી પાય.
જ્યોતિ જગે ઝગેહો, (૨) સ્નેહે.

---

૧ જન્મ પામે, પ્રકટે, જગાવે. ૨ લોભાવનાર. ૩ સ્વચ્છ, ચોખ્ખી. ૪ ધમીજ. ૫ પ્રજા, બાળક. ૬ પત્ની, હ્રદયને વિશ્રાન્તી આપનાર. ૭ શીતળ તેજ—પ્રભા—પ્રકાશ. ૮ અટક્યાવગર. ૯ મધુરસ્વા—અવાજ. ૧૦ શબ્દ. ૧૧ મોર. ૧૨ બાળકની નિશાળ. ૧૩ સરસ્વતિ મંદિર, ગ્રંથ સંગ્રહાલય, ૨૪ સહાયકારી મંડળી.

શ્રીયુત બાપુરામ

ત્હેમના જન્મકાલથી વર્ત્તમાનકાલ સૂધીના જીવનનું દર્શન.

पिबन्ति नद्यः स्वयमेव नाम्भः स्वयं न खादन्ति फलानि वृक्षाः ।
नादन्ति सस्यं खलु वारिवाहाः परोपकाराय सतां विभूतयः ॥

—:o:—

પ્રકરણ ૧ લું.

બાલ્યકાળ.

૧ થી ૧૭ વર્ષ.

શ્રીયુત બાપુરામનો જન્મ દસક્રોઇ તાલુકામા આવેલા કુબડથલ નામના ગામમા વિક્રમ સંવત ૧૯૦૫ ના જેષ્ટ માસના કૃષ્ણપક્ષ ચતુર્દશીને મંગળવારને દિવસે થયો હતો. ત્હેમના પિતાનું નામ કૃષ્ણારામ ને ત્હેમની માતાનુ નામ સદાબા હતું. તેઓ જ્ઞાતિએ રાયકવાળ બ્રાહ્મણ હતા. ત્હેમનો વેદ શુકલ યજુર્વેદ, ગોત્ર ગૌતમ, પર્વ ત્રીપર્વ, ને શાખા માધ્યાયની હતી.

શ્રીયુત બાપુરામના પિતા કૃષ્ણારામ બે વખત પરણ્યા હતા. પ્રથમ વિવાહિતા પત્નીથી બે પુત્રીઓ જન્મી હતી, ને દ્વિતીય પત્નીથી ત્રણ પુત્ર ને એક પુત્રી જન્મી હતી. પ્રથમ પત્નીથી જન્મ પામેલી બે પુત્રીઓનાં નામ અંબા બહેન અને જમનાં બહેન હતાં, ને દ્વિતીય પત્નીથી જન્મ પામેલાંનાં નામ, વિષ્ણુરામ, બાપુરામ તથા દયારામ ને પુત્રીનું નામ પાર્વતી બહેન હતું.

શ્રીયુત બાપુરામના પિતાની સ્થિતિ ઘણીજ નરમ હતી. કૃષ્ણારામ
પિતા રામનાથ ભટ્ટ વિદ્વાન્ હતા. રામનાથ ભટ્ટ સંસ્કૃત સાહિત્યમા આગળ પડતો ભાગ લેતા હતા. તેઓએ ધાર્મિક ગ્રંથોનો સારો અભ્યાસ કર્યો હતો. સંસ્કૃત સાહિત્ય ઘણું ખરૂં જીવ્હાગ્રે હતું. નવિન શ્લોક બનાવી શકે તેટલો એ શાસ્ત્રમાં અભ્યાસ ને અનુભવ હતો. સ્થિતિ સાધારણ હતી, પરંતુ હૃદયની ભાવનાઓ ઉચ્ચ હતી. ત્હેમના ભાઇ સુરજરામ પણ રામનાથ ભટ્ટ જેવા વિદ્વાન હતા. પંચકાવ્યાદિનો અથઇતિ અભ્યાસ કર્યો હતો. સત્ય કહીએ તો આ કુટુંબને જન્મથીજ સંસ્કૃત સાહિત્યના સંસ્કારો મળેલા હતા. તેઓ આ શાસ્ત્રના ગ્રંથો પ્રેમ પૂર્વક સંગ્રહતા, ઉપયોગ કરતા, ને વારસોને અખંડિત્ સ્થિતિમાં મળે તે માટે સાચવતા, આ સમયના સંસ્કૃત હસ્ત લિખિત ગ્રંથો કાલથી છિન્ન ભિન્ન થતા અદ્યપિ વિદ્યમાન છે. આ સંગ્રહમાં કેટલાક ગ્રંથોની લખ્યા તિથિતો બસો વરસ ઉપરાંતની છે. શ્રીયુત બાપુરામના પિતા કૃષ્ણારામ ત્હેમના દાદા રામનાથ ભટ્ટ જેટલા વિદ્વાન્ નહોતા. સંસ્કૃત જ્ઞાનમાં પ્રવેશી શકયા નહોતા. ત્હેમનું જીવન સાદું ને સરળ હતું. એટલું તો નિર્વિવાદે સત્ય હતું કે આ કુટુંબમાં કુશાગ્ર બુદ્ધિ, સ્મરણશક્તિ, ભવિષ્યના ચિત્રનું દિશાવલોકન કરી તે પ્રમાણે વર્ત્તવાની શ્રેણિ ને સમાગમમાં આવતા જનોને આનંદ પમાડવાની યુક્તિ અપ્રતિમ હતી. કૃષ્ણારામ વિદ્વાન નહોતા, પરંતુ વિદ્વાનોનાં ચરિત્રો કહી લોકનાં મન રંજન કરતા. કૃષ્ણારામ ઇતર જનો પાસેથી જે કથા–વાર્તા ટૂચકા સાંભળે તે સ્મરણમાં નહિ ભૂંસાય તેવા રાખતા, ને જ્યારે જ્યારે તેની જરૂર પડે, પ્રસંગ આવે ત્યારે ત્યારે અબાધિત્ રીતે કહેતા. ત્હેમની નાની નાની વાર્તાઓ, ને રમુજ સંગ્રહ બહુજ આનંદ આપતો. વળી આ શક્તિ કેટલેક પ્રસંગે ત્હેમને કાર્ય સાધક થઇ પડતી હતી.

કૃષ્ણારામની આર્થિક સ્થિતિ ઘણીજ નરમ હતી. કૃષ્ણારામ ભણ્યા નહોતા. ત્હેમની બાલ્યસ્થિતિમાં ગ્રામ્ય જીવન સાદું હતું, પરંતુ સહીસલામત નહોતું. દેશમાં કોલાહલ હતો. બળીઆના બે ભાગ હતા. આસપાસના હલકી કોમના લોકોનો ત્રાસ હતો. જાન માલનું રક્ષણ કરવું મુશીબત ભરેલુ હતું. આવા વખતમાં દ્રવ્ય સંગ્રહ કરવાનું મુશ્કેલ હતું. ખેડૂતો ખેતીના ઉત્પન્ન પર જીવતાને જીતતા. ઉત્પન્નમાં અનાજ, તે માટે હાલના જેટલી મુશીબતો પડતી નહોતી. અનાજના ભાવ વધારે નહોતા. દેશની

આવક દેશના ઉપયોગ માટે હતી. યાંત્રિક સગવડોનો અભાવ હતો. ગ્રામ્ય જનોનો બંદોબસ્ત હતો. દેશ પ્રદેશના માલની લાવ લેઇજા કરવાનું સાધન માત્ર એક હતું. વણઝારા લોકો રેલ્વેનો અર્થ સારતા. દ્રવ્ય દર્શન તેમના લીધે થતું. દેશમાં સોંઘવારી હતી. વર્તમાન સમય જેટલી પરદેશ જવાની બીક નહોતી. આર્યાવર્તમાં બે તૃતિઆંસ લોકો ખેતીપર નિર્વાહ કરનારા હતા. આર્યાવર્તનો સારી રીતે નિભાવ થતાં સંગ્રહ રહે તેમ હતું. લોકોને વૈભવમાં ચાલતા સમય જેટલી દ્રવ્ય હાની નહોતી. હાજતોને પહોંચી વળવા જેટલી શક્તિ હતી. ખપ તેટલું સાધન હતું. જે વસ્તુનો નાશ થતાં એક પાઇ પણ ન ઉપજે તેવી નિરર્થક વસ્તુઓનો શોખ નહોતો. આ બધા સંજોગોમાં મોંઘવારી થઇજ ન શકે. સોંઘવારીમાં અનાજનો ભાવ ચઢનો નહોતો. કહે છે કે ચાલતા ભાવ કરતાં તે વખતે એક તૃતિઆંસ કિંમત ઓછી પડતી હતી. આવા સમયમાં કૃષ્ણારામ નિભાવ કરી શકતા, પણ દ્રવ્ય દર્શનનાં ફાંફાં પડતાં. એક પ્રસંગે પુત્રીને સાસરે મોકલતાં, જોઇતા વસ્ત્રો ખરીદવા માટે ત્હેમને મહા મુશીબત પડી હતી. અનાજ મળે પણ દ્રવ્ય ન મળે. બ્રિટિશ રાજ્યની શરૂઆત હતી. દેશમાં સંક્રાન્તિ કાળ હતો પ્રાણ રક્ષણનો ભય હતો. દ્રવ્યની જોઇતા પ્રમાણમાં આપ લે નહોતી. કૃષ્ણારામના શરૂઆતના વખતમાં ઘણો ત્રાસ હતો. રામનાથ ભટ્ટ જેટલી વિદ્વતા નહોતી, એટલે વિદ્વાનોમાં પોષણ નહોતું. શ્રીયુત બાપુરામના જન્મ પહેલાં ત્હેમના પિતાની સ્થિતિ ઉપર પ્રમાણેની હતી.

શ્રીયુત બાપુરામનો જન્મ આવા સંજોગોમાં થયો હતો. જે ઘરમાં જન્મ થયો હતો, તે ઘર સાદું ને માટીનું બાંધેલુ હતું. કાટમાળ જર્જરિત હતો. ભાગ્યા તૂટ્યા આચ્છાદનમાંથી દિવસે સૂર્ય અને શુક્લ પક્ષની રાત્રિએ ચંદ્ર દર્શન થતાં હતાં. સંસાર વ્યવહારને નિભાવવા જેટલો દ્રવ્ય સંગ્રહ નહોતો. પિતાને મન પુત્ર જન્મ મંગલકર હતો, પરંતુ આર્થિક સ્થિતિને તો પોષણ કાર્ય બોજારૂપ હતું. દિવસે દિવસે કાળે પોતાનું કામ આગળ ચલાવ્યું. શ્રીયુત બાપુરામને આ સમયે પાંચેક વરસ થવા આવ્યાં હતાં. ગરીબને ઘેર રત્ન ગરીબાઇમાં પણ ઢાંકયુ રહેતું નહોતું. ત્હેમનું વિશાળ, ને દૈવિ ઓજસ વહન કરતું લલાટ સુભાગ્ય રૂપે આગળ તરી આવતું હતું. વય વધતાં આડોશી પાડોશીનાં બાળકો સાથે રમવાની શરૂઆત કરી. રમતા બાળકને ઘરની સ્થિતિનું ભાન નહોતું. ખાવું–પીવું ને રમવું એજ

બાલ્યકાળના આદરણીય સ્નોત્ર હતા. હૃદય નિર્મળ ને મન પવિત્ર હતું. શરીર બળ પુષ્ટ ને બાંધા મજબુત હતા. સ્વરૂપે દેખાવડા ને જોનારને મોહક હતા.

શ્રીયુત બાપુરામ દશ વર્ષના થયા ત્યા સુધી ખાવા-પીવા ને રમવા-માંજ મચ્યા રહ્યા. ત્હેમને કેળવણી આપવા સંબંધમાં કાંઈપણ પ્રયત્ન કરવામાં આવ્યો નહોતો. ત્હેમના બુદ્ધિબળને કે વિચારને કેળવવાની કોઇ પણ યુક્તિ કામે લગાડાઇ નહોતી. મા બાપ રાત્રિ દિવસ પોતાની ચીંતામાં રહેતાં, કુટુંબના પોષણ માટે પ્રયત્ન કરવામા કિંચિદ્ કવચિત્ બહાર ડોકીયું કરતા નહોતાં. કૃષ્ણારામ ઘણા જંજાળી હતા, અને જંજાળના પ્રમાણમા વસ્તારી હતા. ગ્રામ્ય જનોમાં બાલકોને કેળવણી આપવાનુ કાર્ય આશ્ચર્ય સરખું હતું. તેમજ કળવણી આપવાનું કાર્ય મુશ્કેલીભરેલું પણ હતું; ક્યાહી ક્યાહી ગામઠી નિશાળો અસ્તિત્વમાં હતી. શ્રીયુત બાપુરામને આ સાધન પણ, મા બાપની ગરીબ સ્થિતિમાં નહિ ઉપાડી શકાય તેવા ભારે કરીને અસાધ્ય હતુ. ઉપરના સંજોગો ત્હેમના સંસ્કારો કેળવવાને નિષ્ફલિત બન્યા હતા. એ સત્ય છે કે, ત્હેમણે એ દિશાએ પ્રયત્ન સાધ્યો હોત તો તેનુ ફળ કાંઇજ જુદુ જ વર્ત્તમાન સમયે દેખાતું હોત ! શ્રીયુત બાપુરામે શાળામાં અભ્યાસ કર્યો નહોતો, પરંતુ વિશ્વની મહાન શાળામાના તો તેઓ ખરેખરા વિદ્યાર્થી હતા. સંસાર વ્યવહાર નિભાવવાની અશક્તિ, દિવસે દિવસે ત્હેમાં વેઠવી પડતી હાડમારીઓ, અને ચાલતા જમાંનામાં પોતાનું કર્ત્તવ્ય, એના વિચાર ને અનુભવે, એમનું જ્ઞાન પકવ કર્યુ હતું.

શ્રીયુત બાપુરામના જન્મથી તેરમે વરસે એટલે વિક્રમાબ્દ ૧૯૧૮ માં એમના પિતા કૃષ્ણારામ સ્વર્ગસ્થ થયા. એમના બાલ્ય સમયે આપત્તિનું આ પ્રથમ દર્શન હતું. પિતાના મરણથી એમના હૃદયપર જુદીજ છાપ પડી. સંસારની જવાબદારીઓનો પવન, આ સમયે જ ત્હેમના હૃદયપર અસર કરવા લાગ્યો. સ્થિતિ સાધારણ અને રળવા જેટલું ભણ્યા નહિ એ સંજોગોએ ત્હેમના હૃદયને લગાર ડહોળાવ્યું. આ પછી ત્હેમના જન્મથી પંદરમે વરસે ત્હેમનું લગ્ન દસક્રોઇ તાબાના બારેજા ગામમાં વસતા રા. રા. બહેચરરામ પીતાંબરામ ભટ્ટની પુત્રી નામે કાશી બા સાથે થયું. લગ્ન પછી તુરતજ ત્હેમની માતા સદાબા પંચત્વ પામ્યાં. આપત્તિનું આ બીજું દર્શન.

શ્રીયુત બાપુરામનામાં પોતાની સંસાર પ્રત્યેની જવાબદારીઓ સમ-ઝાવી હતી. ઓચિંતી આપત્તિઓ ત્હેમના હૃદયને શલ્ય જેવી સાલતી હતી. આ વખતે સંસારભાર ઉપાડવા જેવી શક્તિ નહોતી. આર્થિક સ્થિ-તિ નરમ હતી. ઘરમાં પુરતું સાધન નહોતું. લગ્ન થયે થોડોજ વખત થયો હતો. સાધન પ્રાપ્ત કરવાની દિશાના સઘળા દરવાજા બંધ હતા. કુટુંબમાં મદદ કરે તેવું કોઇ નહોતું. માનસિક શક્તિઓ કેળવવાનો યોગ નહોતો. રળવા જેટલું ભણ્યા નહોતા. ધંધામાં જોડાવા જેટલું બુદ્ધિબળ નહોતું. પાટીપર અક્ષર પાડયો નહોતો. કથા–વાર્તા કરી શકે તેટલું સાધન પ્રાપ્ત કર્યું નહોતું. પર્ણકૂટિ સરખુ ઘર ને આત્માને ધારણ કરનાર શરીર આ એજ સાધન માત્ર પ્રત્યક્ષ હતાં. એમની સઘળી મર્યાદા આ વસ્તુઓ-માજ સમાઇ જતી. આ સમય અને સ્થિતિ પથ્થર જેવા કઠણ હૃદય વાળાને પણ ક્ષણભર પિગળાવે તેવી હતી. સંસાર વ્યવહાર નિભાવી શકે એટલુ વય નહોતુ, તેમાં વળી આપત્તિપર આપત્તિ આવતી ગઇ. પૂર્ણ પ્રે-મથી–વાત્સલ્ય ભાવથી હૃદય સરસું ચાંપનાર અન્તઃકરણ પૂર્વકનું કોઇ નહોતું. આપત્તિ યોગથી ત્હેમની જવાબદારીઓ વધતી ગઇ. આ જવાબદારીઓને પહોચી વળવા જેટલુ કૌશલ્ય નહોતું. આ બધું છતાં આત્માની ગુપ્ત શક્તિઓ ત્હેમને સહાયક હતી. કુદરત આશાનાં બિજ કોને ગર્ભાગારે પો-ષતી હતી. વખત વખતનુ કામ કરે જતો હતો. આવે પ્રસંગે સંપુર્ણ અંધકાર વ્યાપ્ત હોવા છતાં, આત્માની ઝાંખી ઝાંખી જ્યોત્સના ઉત્સાહરૂપે માર્ગ દર્શાવતી હતી. મહાન પુરૂષો પર આપત્તિ વિપત્તિઓ આવી પડે છે, છતા ત્હેમનુ આત્મબલ નષ્ટ થતું નથી. અનેક ભારોથી હૃદય નમે છે, પણ ભાગતું નથી. ધીરજ એમના પ્રયત્નમાં પ્રોત્સાહન આપે છે. મહાત્મા ભર્તૃહરિ નીતિશતકમાં કહે છે કે;—[1]હાથ વડે વારં-વાર પાડવા છતાં, પણ દડો જેમ ફરી ઉછળે છે, તેમ સાધુવૃત્તિવાળા મનુષ્યોમાં આવેલી વિપત્તિઓ પણ ઘણું કરીને સ્થિર રહેતી નથી. [2]છેદેલું

---

१ पाति तोपि कहाघातैरुत्पतत्येव कन्दुकः ।
प्रायेण साधुवृत्तानामस्थायिन्यो विपत्तयः ॥१॥ ॥८५॥

२ छिन्नोऽपि रोहति तरुः क्षीणोप्युपचीयते पुनश्चन्द्रः ॥
इति विमृशन्तः सन्तः सन्तप्यन्ते न विप्लुता लोके ॥१॥८७॥

भर्तृहरि नीति शतक ॥

વૃક્ષ ફરી ઉગે છે, અને ક્ષીણુ થયેલો ચંદ્રમા પણુ ફરી વધે છે, તેમ સત્ પુરૂષો વિપદનું દુઃખ ધરતા નથી.

શ્રીયુત બાપુરામનુ લગ્ન માતાની હયાતીમાં થયું હતું પુત્રને પરણાવવાનું લ્હાણું માતાએ લીધું. એ લ્હાણું-લ્હાવો માતાના ભાગ્યમાં છેલ્લી વખતનો હતો. કારણુ વિવાહિતા પતિ પત્નીનુ સુખ અને ભવિષ્ય ચિત્રદર્શન જોવાનું એ ભાગ્યમાં લખાયું નહોતું. માતાની હયાતી સુધીમાં સસારની જવાબદારીઓનું શકટ સ્કંધપર વહન કરવાનો યોગ આવ્યો નહોતો, ત્હેમાં વળી લગ્ન ગ્રંથિની ફરજો બજાવવાનુ માથે વહોર્યું નહોતું એટલામાં માતા પંચત્વ પામ્યાં. એમનો આત્મા અનંત આત્મામા ભળી ગયો. માતાના વિલયકાળ પછી સઘળું ચાલે અણુચાલે વેઠવું પડ્યું. સંસાર નાવના જાતે સુકાની બન્યા આ નાવને કુશળ બુદ્ધિથી, દિર્ઘદષ્ટિથી, પુષ્કળ સાવધાનતાથી, શ્રદ્ધા, નિશ્ચયને સંપુર્ણ પુરૂષાર્થથી ચલાવ્યું જો કે સંસારમાં અનેક ખડકો તેમના માર્ગને વિઘ્ન કર્ત્તા નિવડી હતી, છતા ધૈર્યવાન મહા પુરૂષે પોતાના બુદ્ધિ ચાતુર્યથી ત્હેમનુ વિદારણુ કર્યું. ત્હેમના કેટલાક વિકટ માર્ગોમાં મહાન્ ઇશ્વરી સત્તાએ-ગુણોએ-અંશોએ ત્હેમનું રક્ષણુ કર્યું. એક રંકતમ સ્થિતિમાંથી વૈભવવાળી સ્થિતિમા લેઇ જવાનુ આ પ્રયાણુ ઇતર જનોને અવસ્ય વંદનિય છે.

શ્રીયુત બાપુરામને માતાના મરણુ પછી વિવાહીતા પત્નીનું પોષણુ કરવાની, ત્હેમની પ્રત્યેની પોતાની ફરજો અદા કરવાની જરૂર પડી. આપણા દેશમાં ઇતર દેશો કરતાં વિવાહિત સ્થિતિમાં આવવાનું જોખમ ઓછું રહેલું છે; પશ્ચિમ દેશની પ્રજામાં લગ્નનો અધિકાર અમુક સંજોગોને અવલંબિ આપવામાં આવે છે. પતિ પોતાની સ્ત્રીની તમામ ફરજો પુરી પાડવા શક્તિમાન હોય તોજ તેને લગ્નનો અધિકાર આપવામાં પ્રતિબંધ મૂકાતો નથી. યુરોપિય પ્રજામાં સંસાર પતિ પત્નીથીજ પુર્ણ થાય છે. આપણા સંસારનીભાવના એથી વિશાળ છે. વસુધા આપણુ કુટુંબ મનાય છે. યુરોપમાં પત્નીની તમામ જરૂરીઆતો પતિને પુરવી પડે છે. પત્નીની ઇચ્છાએ ઘર પત્નીની ભાવના એજ પતિનું જીવન લક્ષ. સર્વાંશે પત્ની પ્રત્યેની તમામ જવાબદારીઓ લગ્ન ગ્રંથિ પત્રમાં પતિને શિર વહોરાવવામાં આવે છે. આપણા દેશમાં આ ભાવના જુદાજ રૂપપર છે. આ ભાવનાને સંકડાવી દેવામાં આવી નથી. આપણાં આર્યશાસ્ત્રોમાં પતિપત્નીની અન્યોન્ય પ્રતિની ફરજો એક

દાન ભાવના રૂપે છે. શાસ્ત્રકારો નીતિજ્ઞોને દક્ષ પુરૂષો, પુરૂષ આવું ... છે, અને આ પુરૂષનું દૈવત છે એમ ડિંડિમ અવાજે કહે છે. આથી આવી રીતિના વારસાઇ ગુણોની મુદિત ભાવના આર્ય સંસારમાં 'દેવગૃહ' નો વૈભવ અપાવે છે. પશ્ચિમ દેશમાં સ્ત્રી અને પુરૂષને લગ્ન જેવી પવિત્ર ગ્રંથિમાં જોડાતા પહેલાં સંસારિક, વ્યવહારિક સ્થિતિઓની ફરજોને પહોંચી વળવા જેટલું સાધન ન હોય તો ત્હેમનુ લગ્ન રદ થાય છે. આર્યોનુ અદ્યપિ એટલું સુભાગ્ય છે કે પશ્ચિમ દેશની આદતો-ફરજો-વિધિઓ આપણા દેશની હવાને પચ્યાં નથી ? । શાસ્ત્રવિશારદોએ સ્ત્રી અને પુરૂષને અન્યોન્યના ધનની-સંપત્તિની-સાહકની ભાવનાનાં સૂત્રોએ કરીને આપણાં પ્રજ્ઞા ચક્ષુ ઉઘાડી આપ્યાં છે. નહિતો આ રીતિ આર્યોના હિતની પ્રતિરોધક થાત એમાં શક નહિ. આપણી જવાબદારીઓ, આપણું જોખમ સૂક્ષ્મ છે, જડ વાદો-જડ નિયમોજ સૂક્ષ્મને જોઇ શક્તા નથી. સૂક્ષ્મ ભાવનામાં પતિપત્નીની સાધનાનુ-કર્તવ્યનુ લક્ષ એકજ રહેછે. દુનિયાંની જડ વસ્તુઓ ત્હેમાં સ્પર્શ કરી શકતી નથી, નહિતો આર્ય લગ્નો સંતાપજનક, વિઘ્ન કર્તાને વિનાશક થાત.

લગ્ન સમયે શ્રીયુત બાપુરામને વૈભવમાં કશુજ નહોતું. મહા મુશીબતે ઉદર પોષણ કરવું પડતું હતું. છતાં લગ્નથી એમની આશાઓ નષ્ટ થઈ શકી નથી, લગ્નથી એમની કલ્યાણકારી પ્રવૃત્તિઓ નિસ્તેજ થઇ શકી નથી. લગ્નથી એમના ઉન્નતિના કાર્યને રોધ આવી શક્યો નથી. આ સુભાગ્યનુ ખરૂં કારણ આર્ય લગ્નની પવિત્ર ભાવનાજ પ્રધાન ભૂત છે. અરસપરસની સહાયતા, અન્યોન્ય પ્રતિની મુદિત ભાવના-એક બીજાનું કલ્યાણ કરવાની જીજિવિષા લગ્ન સુખનું કારણ હતી. રંકતમ અવસ્થાઓમાં પણ પત્નીનું ધન પતિ અને પતિનું પત્ની ધન મનાય છે. આ માન્યતા નષ્ટ થતાંજ અરસપરસ એક બીજાના ધર્મથી ચ્યૂત થાય છે. આ વિનિપાત સર્વ દુઃખનુ કારણ મનાય છે. જે દુઃખ અંતે વિનાશ કરે છે.

શ્રીયુત બાપુરામને ધંધે પડવાની જરૂર હતી. 'પડતાપર પાટુ, ને વાગ્યાપર વાગવું' એ જેમ અનુભવ સિદ્ધ ન્યાય છે, તેમ માતા પિતાના અવસાનકાળ પછી બન્ધુઓની સહાયતા મળી શકી નહિ. શ્રીયુત બાપુરામને એમના શિવાય બે ભાઇઓ હતા. જેમાં મ્હોટા વિષ્ણુરામ હતા. વિષ્ણુરામ સંસ્કૃતના સારા અભ્યાસક હતા. પંચકાવ્યને વ્યાકરણના જાણકાર હતા. રઘુવંશ-માઘ-કિરાટાદિ

કાવ્યો જેમને જીવ્હાગ્રે હતાં. હું ભૂલતો ન હોઉં તો-મને સારી રીતે યાદ છે કે તેઓ અસ્ખલિતપણે રઘુવંશના શ્લોકો ક્રમ પૂર્વક કલાકોના કલાકો સુધી વિવરણસહ બોલી જતા હતા. સંસ્કૃત સાહિત્ય નવિન શ્લોકો બનાવી શકે તેટલું વિશાળ બુદ્ધિએ ગ્રહણ કર્યું હતું. ત્હેમની વાણિમાં મિઠાશ હતી. શ્લોકોવાળી પ્રતિભાસંપન્ન-મધુરવાણિ શાન્તિને આનંદનુ સામ્રાજ્ય પ્રવર્તાવતી હતી. એમના જ્ઞાનનુ ઓજસ છુપું નહિ રહી શકે તેવું હતુ. આ બધું છતાં દ્રવ્ય સંગ્રહમાં ત્હેમની લોભ વૃત્તિ પાછી નહિ હઠે તેવી હતી. ' ચમડી તૂટે પણ દમડી ન છુટે ' એવી એમની પ્રધાન માન્યતા હતી. આ માન્યતા શ્રીયુત બાપુરામનુ પોષણ કરવામાં પછાત પડી. ખરૂં કહીયેતો આ ક્રિયાજ શ્રીયુત બાપુરામના ભાગ્યને વિશાળ પ્રદેશમાં લેઇ જનાર હતી.

શ્રીયુત બાપુરામ અમદાવાદ ત્હેમનાં બહેન પાર્વતી બહેનને ત્યાં રહ્યા. અહીંઆં ઓદિચ્ય સહસ્ત્ર જ્ઞાતિના બ્રાહ્મણ રા. રા. ગણપતિરામ રાજારામ માસ્તર રહેતા હતા શ્રીયુત બાપુરામે ભણવાની વૃત્તિ દેખાડી. રા. રા. ગણપતિરામ માસ્તરે ત્હેમની વૃત્તિને અનુમોદન આપ્યું. શ્રીયુત બાપુરામ રા. રા. ગણપતિરામ માસ્તરને ત્યાં રોજ શિખવા જતા. એમ કરતાં ગુજરાતી ત્રણેક ચોપડીઓનો અભ્યાસ કર્યો. વાંચનાર ! કેટલી વયે નિશાળ સબંધમાં આવ્યા ? અને ઘરની સ્થિતિ કેવી હતી ? આ બધું ત્હેમના શિક્ષણમાં-અભ્યાસમાં વિઘ્નરૂપ હતુ, તો પણ સાધારણ વાંચી લખી-સમજી શકે તેટલું જ્ઞાન તો રા. ગણપતિરામની દેખરેખમા મેળવ્યું. આમ કરતાં એકાદ વરસ ગાળ્યું. જન્મથી સોળમે વરસે એટલે સંવત ૧૯૨૧ માં તેઓ વડોદરે ગયા.

વડોદરામાં મહાકોરબા નામે બા ફોઇ રહેતાં હતાં. બા ફોઇને શ્રીમંત ગાયકવાડ સરકાર તરફથી કાંઇક સાધન મળતું હતુ, જેથી ત્હેમનો નિર્વાહ સાધારણ રીતે પૂરો થઇ રહેતો. બા ફોઇને ત્યાં ગયા પછી સંસ્કૃત પ્રત્યે અભિરૂચી થઇ. સારસ્વત નામના સંસ્કૃત વ્યાકરણનો અભ્યાસ કરવા માંડયો. આ વખતે કથા-વાર્તાઓ તરફ લક્ષ આપ્યું. ઉપયોગ પુરતું સાધન ચાલતું કર્યું. વચમાં વખત મળતો ગયો તેમ વડોદરામાં આવેલા શ્રી ભૈરવનાથ મહાદેવની પૂજા ચાલતી કરી. જ્યાંથી થોડું ઘણું પ્રાપ્ત થવા માંડયું. તે સાથે અભ્યાસ ચાલુ રાખ્યો. આર્યોમાં સંસ્કૃત શાળામાં

વિદ્યાર્થીઓ જેમ અધ્યયનને પોષણ સાથે સાથે કરે છે, તેનીજ માફક આ રીત હતી. એવામાં વડોદરામાં ખંભાતના વતની રા. કૃપાશંકર વકીલ રહેતા હતા ત્હેમને ત્યાં અમુક વેતનથી સાધારણ કામ કરવા માંડયું, ને જે તે રીતે ગુજરાત નિભાવવાનો પ્રયત્ન આદર્યો.

અત્યાર સુધીની સ્થિતિમાં હાડમારી શિવાય કાંઈજ દૃષ્ટિગોચર થતું નથી. એમની શરૂઆતની જીંદગીપર નિરક્ષણ કરતાં, એમના હૃદયની ઉંડી લાગણીઓજ માત્ર દૃષ્ટિગોચર થાય છે. જે શકટ સ્કધે વહન કર્યું છે, તેના સિદ્ધા માર્ગની શોધમાંજ ત્હેમનો રાત્રિ દિવસ પ્રયત્ન થાય છે. હૃદય સ્ફુરણ કરે છે, મન અનુમતિ આપે છે, ત્યાં શરીરને ખેચી લેઇ જાય છે. એમની પ્રત્યેક ક્રિયામાં ધૈર્ય વ્યાપ્ત છે. આશાનાં અંકૂરો પ્રયત્નના આરંભમાં સ્ફુરે છે, તે પ્રતિ ગૌણ લક્ષ સાંધતાં શ્રદ્ધા ને પુરૂષાર્થની ઉંચી ભાવનામય ક્રિયાઓમાં વૃત્તિને વાળે છે. Plain liuing and high thinking એટલે સાદુ જીવન ને ઉચ્ચ ચિંતવન ત્હેમના અણુ અણુમાં પ્રવર્તી રહેલું છે.

नाल्पीयसि निबन्धन्ति पद मुन्नत चेतसः ।
येषां भूवन लाभेऽपि निःसीमानो मनोरथाः ॥

अस्तोदयमांथी प्रस्ताविक

ઉદાર મનવાળાઓ ક્ષુદ્ર વિષયમાં ખમચાતા નથી. જગતનો લાભ થવા છતાં પણ જેમની ભાવનાઓ નિઃસીમ છે—હોય છે.

પ્રકરણ ૨ જું.

પોષણ પ્રયત્ન.

કનીપુર

૧૮ થી ૨૬ વરસ.

कुसुमस्तवकस्येव द्वे गती स्तो मनस्वीनाम् ।
मूर्ध्नि वा सर्वलोकस्य विशीर्येत वनेऽथवा ॥ ३३ ॥

भर्तृहरि कृत नीति शतक.

કુસુમના ગુચ્છાની માફક મનુષ્યની બે પ્રકારની ગતિ છે, કાંતો સર્વ લોકના મૂર્ધને વિષે અર્થાત્ મુગટરૂપે મસ્તકપર રહેવું, અથવા તો વનમાં જઈ સુકાઇ જવું.

* * * * *

कः कालः कानि मित्राणि को देशः कौ व्ययागमौ ।
कस्याहं का चमे शक्तिरिति चिन्त्यं मुहुर्मुहुः ॥ १८ ॥

चाणाक्यनीतिसार.

કાલ કેવો છે ? મિત્ર કોણ છે ? દેશ કેવો છે ? આવક જાવક કેવાં છે ? હું કોનો છું ? મારામાં શક્તિ કેટલી છે ? ક્ષણે ક્ષણે મનુષ્યે એ સર્વ બાબતો વિચારવી જોઇયે.

* * * * *

" સંસાર વિષે સુખ દુઃખજ છે,
મિશ્રિત વિચિત્ર રીતે એ રે.
રવિનાં અભેદ પ્રકાશ ઔષ્ણ્યજ,
સંયુક્ત સદા જેમ છે રે. "

સ. સા. મનઃસુખરામભાઇ.

* * * * *

શ્રીયુત બાપુરામ વડોદરેથી જન્મભૂમિ કુબડથલમાં આવ્યા. ભાઇએ ભેગું રહેવાનું ઠર્યું. ગત પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે ત્હેમની આર્થિક સ્થિતિ સારી નહોતી. અવિભક્ત કુટુંબનું પોષણ કાર્ય મુશીબત ભરેલું હતું. આવા સમયમાં પ્રયત્ન કરવાની, અને પોષણ કરવાની જરૂર હતી. પિતાના અવસાન કાલ પછી મ્હોટા ભાઇ વિષ્ણુરામ કથા—વાર્તાદિક કરી પોષણ કરતા. તેમનું શાસ્ત્રીય જ્ઞાન સારૂં હતું, એટલે એમની રસિક વાણિને જ્ઞાનશક્તિ મિશ્ર હોઇ શ્રોતાપર સારી અસર કરતી. તેમ વિદ્વાન્ હોઇ સન્માન પામતા. વિષ્ણુરામે ગ્રામ્યજનોમાં રહી આયુષ્ય વ્યય કર્યું, તેના કરતાં નાગરિકોમાં સમય ગાળ્યો હોતતો, તેઓ સારૂં સન્માન પામ્યા હોત, એમાં શક નહિ. ગ્રામ્યજનોમાં એમનો પોતાનો સારી રીતે નિભાવ થઇ શકતો. તો પણ એક માણસપર બહોળા કુટુંબનો નિભાવ થવો અશક્ય હતો. શ્રીયુત બાપુરામને આ સમયે અઢારમું વરસ અર્ધું પુરૂ થવા આવ્યું હતું. ત્હેમને પ્રયત્ન કરવાની દિશા શોધવાની હતી. પ્રયત્નની દિશામાં કોઇની સહાયતા નહોતી.

શ્રીયુત બાપુરામને ત્યાં આ સમયે મોટા પુત્ર રા. જેઠાલાલનો જન્મ થયો. સાધુની પર્ણકુટિમાં સાધનોની કાંઇ ખોટ નહોતી ?! દશેક હાથ લાંબી પહોળી ઓરડીમાં સમાવેશ કરવાનો હતો. ઓરડીની સ્થિતિની ઝાંખીરૂપ રેખા ગત પ્રકરણમાં જોઇ ગયા છીએ. આટલી સાંકડી ઓરડીમાં સમાવેશ કર્યા શિવાય ચાલે ન ચાલે પણ છૂટકો નહોતો. અનેક અવગડો વેઠી સમય કાઢવાનો હતો. માતા પિતાની હયાતી હોત તો પણ આ અવગડો દૂર થઇ શકે તેમ નહોતું. માત્ર વાત્સલ્યભાવ પ્રાપ્ત કરી શકાત એ ઓછું ભાગ્ય ન કહેવાય ? હૃદયના ઉભરા કાઢવાનું કશું જ સાધન નહોતું માતા પિતા હોતતો એટલો બોજો હૃદયપરથી દૂર કરી શકાત; એ દિશાપ્રતિ લક્ષ દેવાનું સુભાગ્યમાં રહ્યું નહોતું. એ પણ સત્ય છે કે એ સુભાગ્ય યોગે આત્માની સ્ફુરણા, સ્વાશ્રયનું હૃદયબલ, અનુભવનો અભાવ ગૌણ રહ્યો હોત. પોતાનાજ બુદ્ધિ બળપર નિભાવ કરવાની શક્તિ મંદ રહી હોત મનુષ્ય આપત્તિ વિપત્તિઓમાંજ ઘડાય છે. વિશ્વની મહાન શાળા કુદરતના આવા સંજોગોમાંજ અનુભવ જ્ઞાન આપે છે. આ પ્રતિનું જ્ઞાન નહિ ભૂસાય તેવું હોય છે. આ જ્ઞાનજ વાસ્તવિક રીતે કલ્યાણ સાધી શકે છે, હૃદય બલને પુષ્ટ કરી શકે છે, ને ઉન્નતિ પ્રાપ્ત કરાવી શકે છે.

મોટા ભાઈ વિષ્ણુરામથી જુદા રહેવાનો નિશ્ચય કર્યો. થોડા દિવસ પછી એ નિશ્ચય મોટાભાઇને જણાવ્યો. ભાઇઓની વહેંચણી થઇ. વાંચનાર ! વહેંચણીમાં શું આવ્યું ! જાણવાની ઇચ્છા છે ? શ્રીમંત કુટુંબના વિભક્ત સમયે વહેંચાતો વૈભવ વહેંચવાનો ન હતો. એમની વહેંચણી પ્રતિ દૃષ્ટિ વાળીએ. બે માણસને ચાલે તેટલું પંદર દિવસનું અનાજ ભાગે આવ્યું. બે માણસ રાંધી શકે તેટલાં વાસણો, સાધારણ સકડામણથી રહી શકે તેવી નાની ઓરડી, પહેરી બહાર નીકળે તેટલાં વસ્ત્ર, બ્રાહ્મણના ભાગ્યમાં સંધ્યાદિ ક્રિયાનાં સાધનોની પોથી, એકાદ બે પુસ્તકો, આ શિવાય બીજું શું હોય ? વહેંચણી થઇ જુદા નિકળા. આર્યે ઘર સંસારની જવાબદારીઓ માંથે વહોરવાનો પ્રસંગ આવ્યો. આ સંસારમાં ત્હેમની પોતાની ફરજો બજાવવાનો વખત આવ્યો. આટલા દિવસ સુધી આ જંજાળો ત્હેમને ઉપાધિકર બહુ નહોતી થઇ. હાથે કરીને અથવા તો કેટલાક સંજોગોના યોગે બધું સ્કંધે વહન કરવું પડયું. આ બધું છતાં ત્હેમનું હૃદયબલ નરમ પડતું નહોતું. સ્વાશ્રય–સ્વપ્રયત્નનો ઉત્સાહ રગેરગમાં

રમી રહ્યો હતો. ત્હેમના ગુણો અપ્રકટ ગૌણાવસ્થામાં પડયા રહ્યા હતા, ત્હેને બહાર પ્રકટ કરવાનો યોગ આવ્યો હતો. ત્હેમના જાતીય બળની પરીક્ષા કરવાનો સમય આવ્યો હતો એમના જીવન ચરિત્રમાં—એમના જીવન દર્શનમાં આ મંગલાચરણ અથવા તો સંસારમાં પ્રવેશવાના પહેલા દર્શન તરીકેનો મૂળ પ્રવેશ હતો. એમની વાસ્તવિક ખરી સ્થિતિનું આ પ્રાથમિક દર્શન હતું. વૈભવમાં કશુંજ નહોતું, સાધનમાં શૂન્ય હતું, પ્રયત્નની દિશાના દરવાજા કેળવણીની ખામીના યોગે બંધ હતા. આ સમયે એક પ્રસ્તાવિક શ્લોકનો ભાવ ખરેખર હૃદય આગળ ખડો થાય છે કે[1] 'જેની વિપત્તિમાં ધૈર્ય સમાન મહાન બળવાન શસ્ત્ર ખડું રહેલું હોય છે, જેના અભ્યુદયમાં ક્ષમા પ્રવર્ત્તિ રહેલી હોય છે, સભાઓમાં બોલવાની ચાતુરી * * * * * * * * એવા જે પ્રશસ્ય ગુણો હોય છે, તે ઉદાર ચિત્ત—મહાત્મા પુરૂષોને પ્રકૃતિ સિદ્ધ હોય છે.'

વિભક્ત કુટુંબમાં વિભક્ત રહેનાર પર પોતાના સંસારની સઘળી જવાબદારીઓ આવી રહે છે, એ આર્ય કુટુંબમાં જન્મેલાંને ભાગ્યેજ અજ્ઞાત હશે. શ્રીયુત બાપુરામને હવે કોઇને કહેવાનો કે કોઇનો આશ્રય માગવાનો યોગ રહ્યો નહોતો. માત્ર આવા સંકટના સમયમાં એકાદ બે વ્યક્તિઓ એજ ત્હેમના પર અન્તઃકરણથી ભાવ રાખ્યો હતો. પંડયા મગનરામ દયારામની માતુશ્રી નામે મહાકોર બાએ કાંઇક સ્નેહ રાખ્યો અને દસક્રોઇ તાબામાં આવેલા વહેલાળ નામના ગામમાં રહેનાર ત્હેમનાં સુરજ કાકીએ વાત્સલ્યભાવ દર્શાવ્યો. સુરજ કાકીની સ્થિતિ સાધારણ હતી. શ્રીયુત બાપુરામ વહેલાળ આવ્યા ત્યારે સુરજ કાકીએ ત્હેમનાપર સંપૂર્ણ પ્રેમ દર્શાવ્યો હતો.

આ સબંધિની વાર્તા જ્યારે જ્યારે શ્રીયુત બાપુરામના મૂખથી શ્રવણ કરીયે છીયે, ત્યારે ત્યારે ત્હેમની સ્થિતિના દર્શનપર અનુકંપા થતી અનુભવીએ છીયે.

ત્યાં કેટલાક દિવસ રહ્યા. ભાગ્ય લેઇ જાય ત્યાં જવાનો નિશ્ચય કર્યો.

---

१ विपदि धैर्यमथाभ्युदये क्षमा
सदसि वाक्पटुता युधि विक्रमः ।
यशसि चाभिरुचिर्व्यसनं श्रुतौ
प्रकृति सिद्धमिदं हि महात्मनाम् ॥

સ્વર્ગસ્થ માતુશ્રીનું પાછળનું ખર્ચ કરી આષાઢ માસની શુકલ પક્ષ નવમીને દિવસે બહાર નિકળ્યા. ચક્ષુ માર્ગ દેખાડે, મન યોગ સાધે અને બુદ્ધિ નિશ્ચય કરે ત્યાં શરીરને જવાની આજ્ઞા આપી. આ સમયે ત્હેમની સ્થિતિ ખરેખરા એક ઉદાર ચિત્ત સાધુના જેવી હતી.[૨] 'ધૈર્ય જેમના પિતા હતા, ક્ષમા જેમની માતા હતી શાન્તિ જેમની પ્રિય સ્ત્રી–સલાહકારક સાથ કરનાર પત્ની હતી, સત્ય જેમને પુત્ર રૂપ હતું, દયારૂપી બહેન હતી, મનના સંયમ સરખો ભાઇ હતો, ભૂમિતલની જેમને ઉત્તમ શૈય્યા હતી, દિશાઓરૂપી વાસ હતો, ને જ્ઞાનનું જેમને ભોજન હતું એવા ઉદાત્ત ભાવનાવાળા મહાત્મા પુરૂષને હે મિત્ર! કહો શાંની ખોટ હતી? શાનો ભય હતો? શું અસાધ્ય હતું?

શ્રીયુત બાપુરામ પોષણ નિમિત્ત પ્રયત્ન સારૂ આતરસુંબાના તાબામાં આવેલા કનીપુર નામના ગામમાં આવ્યા. કનીપુર શાહુકાર વસ્તિવાળુ ગામ હતું તેની સ્થાપના બે ત્રણેક સૈકાપર થઇ હતી આતરસુંબામાં મુસલમાનની સત્તા હતી. મુસલમાન આ તાલુકામાં સ્વતંત્ર સત્તાધારી ગિરાસદાર–તાલુકદાર હતા. ત્હેમણે એક રખાત સ્ત્રીને તેની મરજી અનુસાર ગામ બાંધવાની પરવાનગી આપવામાં આવી એવું દંત કથા–અથવા–લોક વાયકા પરથી કહેવાય છે. આ સ્ત્રીએ આતરસુંબાના તાબાની હદમાં પોતાના નામનું ગામ વસાવવાની ઇચ્છા કરી. આતરસુંબાથી પાંચેક મૈલને છેટે તેણે બહીયલ, ધમીજ હીલોળની વચમાંની જમીન ઉપર એક ગામ વસાવ્યું. આ ગામ કનીપુર નામથી ઓળખાવા લાગ્યું. માત્ર દંત કથાપરથી આ ગામની સ્થાપનાનો ઇતિહાસ આટલો મળી શકે છે. ઉપર દર્શાવેલાં ગામોની વચમાં કનીપુર ગામ વસ્યું, તેથી તેની જમીન સીમા ઘણીજ ઓછી, એટલે ગામની આબાદાનીના પ્રમાણમાં પુરતી નથી. આ ગામમાં પાટિદાર કોમની વસ્તિ સારી છે. ને તે ઉપરાંત વાણિજ્ય વૃત્તિવાળા વણિકો વભાદારને સાધારણ રીતે સુખી છે. ગામમાં ઇતર કોમની પણ વસ્તિ છે. બ્રાહ્મણ જ્ઞાતિ શરૂઆતથી નહિ. પાછળથી કેટલાક સંજોગોને

---

૨ धैर्यं यस्य पिता क्षमाच जननी शान्तिश्चिरं गेहिनी
सत्यं सूनरयं दयाचभगिनी भ्राता मनःसंयमः ।
शय्या भूमि तलं दिशोऽपि वसनं ज्ञानामृतं भोजन
मेते यस्य कुटुम्बिनो वद सखे कस्माद्भयं योगिनः ॥

प्रस्ताविक.

અવલંબિ બ્રાહ્મણોએ ત્યા વાસ પૂર્યો. લોકો સાધારણ સુખી અને આસ-પાસની સ્થિતિ સંજોગોના પ્રમાણમાં વૈભવશાળી છે. આ ગામમાં પણ એક વખત જો હુકમી સત્તાનું પ્રબળ જોર પ્રવર્તી રહ્યું હતું. 'બળીઆના બે ભાગ ને મારે તેની તરવાર' આ લોકોકિતનું સામ્રાજ્ય હતું. ઘણે ખરે સ્થળે એવું સહજ હોય છે કે અગ્રેસરો આગેવાનો ત્હેમની દૃષ્ટિ મર્યાદામાં ત્હેમને—ત્હેમની સત્તાને અને સત્તા અંગે ઉદ્ભવતા અભિમાનનેજ જુવે છે. ગામમાં આગેવાન બે રીતે થઇ શકાય છે. પ્રથમ પંક્તિના આગેવાનો ગ્રામ્ય જનોને પોતાના બાંધવો જેવા ગણે છે. ભ્રાતૃમયી ભાવનાનું વર્તન રાખે છે. ગ્રામ્ય જનોના સુખે સુખી ને દુઃખે દુઃખી બને છે. પ્રત્યેક પ્રતિ સ્નેહથી જુવે છે. ગામની આબાદાની પ્રત્યે સંપુર્ણ કાળજીવાળા હોય છે. ગામની શોભા માટે રાત્રિ દિવસ પ્રયત્ન કરતા હોય છે. ગ્રામ્ય જનોની આપત્તિ વિપત્તિમાં સંપુર્ણ લાગણીવાળા હોય છે, અન્યોન્ય પ્રત્યેની ફરજો અદા કરવાને સતત ઉત્સુક હોય છે. લોકોને ઉચ્ચત્તર સ્થિતિમાં લેઇ જવાને કટિબદ્ધ હોય છે. ત્હેમની આંખોમાં અમિ, હૃદયમાં સ્નેહ, મનમાં પ્રસન્નતા, કૃતિમાં અપક્ષપાતપણું ને વાણિમાં મિઠાશ ને વિવેક રમી રહ્યાં હોય છે. મધ્યસ્થ પંચ તરીખે તેઓનો ન્યાય શુદ્ધ ને હિતકર હોય છે. ગામની હાજતો પુરી પાડવાને એક પગે તૈયાર થયેલા હોય છે. સંક્ષિપ્તમાં પ્રથમ પંક્તિના આગેવાનોનો આત્મા ઉચ્ચત્તર ભાવનાઓમાં વિશાળ બનેલો હોય છે. ત્હેમની દૃષ્ટિ મર્યાદામાં શાન્તિને આબાદાનીનું તત્ત્વ વિકસી રહ્યું હોય છે. આ પ્રતિના આગેવાનો "ગામના મુગટ" રૂપે ઓળખાય છે. દ્વિતીય પંક્તિના આગેવાનો, માત્ર આગેવાન થવાના આડંબર વાળા હોય છે. સત્યાસત્યના વિવકની ત્હેમનામાં મોટામાં મોટી ખામી હોય છે. ગમે તે રીતે ગમે તે પ્રયત્ને, આગેવાન થવાની લાલસાવાળા હોય છે. ક્રિયા સત્ત્વના તત્ત્વને નહિ જોવાની શક્તિવાળા હોય છે. પોતાનું સારૂં બોલનારની, પોતાના પક્ષમાં ખરી કે ખોટી રીતે રહેનારની તરફેણમાં કામ કરનારા હોય છે પોતે ન્યાય બુદ્ધિથી પક્ષ કર્યો હોય છે કે પોતાની ક્રિયા વિવેક બુદ્ધિ પૂર્વકની હોય છે, તેનું લક્ષ રાખ્યા વગરના હોય છે. ગામની વૃદ્ધિ પ્રત્યેની લાગણી નહિવત્ જેવી હોય છે પોતાનાથી ચઢતા દરજાના કે ઉચ્ચ સ્થિતિમાં પ્રયાણ કરનારા પ્રત્યે ઇર્ષાથી જોવાની દૃષ્ટિવાળા હોય છે સારૂં ત્હેમની આંખો સહન કરી શકતી નથી રાત્રિ દિવસ ઇર્ષાથી ત્હેમનાં શરીર સળગેલાં રહે છે. મધ્યસ્થ પંચ તરીખે પોતાનું હિત કરનારની પ-

ક્ષમાંજ કામ કરનાર હોય છે. ન્યાય ત્હેમની દૃષ્ટિમાં અન્યાય રૂપે ભાસે છે. રાત્રિ દિવસ ખટપટો કરવામાંજ ત્હેમનું ચિત્ત પરોવાયેલું રહે છે ' હજારોનાં માંડવાં ને લાખોનાં ભાગવાં ' એ પ્રમાણેની લોકોકિત ત્હેમને માટે ચોકસ બંધ બેસતી હોય છે. ' લોભીઆ વસે ત્યાં ધુતારા ભૂખે ન મરે ' એ રીતિનું ત્હેમનું વર્ત્તન હોય છે. પ્રસંગોપાત્ કાર્ય સાધનામાં ગજવાપ્રતિજ દૃષ્ટિ રાખનારા હોય છે. ' જે હુકમીનો કોરડો ' એમનું બાહુબળ સૂચવનાર હોય છે ગ્રામ્યજનો રાત્રિ દિવસ ત્હેમનાથી થરથરતા રહે છે. તેમ થવાનું કારણ તેઓને એમનું ખોટું કરતાં વાર લાગતી નથી હોતી એટલે ત્હેમનાથી સો ડગલાં આગળ પાછળ ચાલનાર હોય છે. એ પણ સત્ય છે કે આબરૂ-કીર્તિ-યશ તેમણે પાછળ બાંધેલાં હોય છે, એટલે તેઓને ખરૂં ખોટું કરવાની ન્યાય બુદ્ધિમાં દોરાવાનું રહેતું નથી. આ દ્વિતીય પંક્તિના આગેવાનોથી શ્રેયઃ થઇ શકતું નથી. ત્હેમના બાહુમાં બળ હોય છે ત્યાં સુધી અનુસરનારા પાછળ પાછળ ચાલતા આવે છે આવું વર્ત્તન કરનાર ભાગ્યેજ ભવિષ્યના ચિત્ર તરફ દૃષ્ટિ ફેંકનારા હોય છે ! ! ભાગ્યેજ ત્હેમને એમ ખબર હોય છે કે પ્રત્યેક ક્રિયાનું ફળ ભોગવવાનું એમનાં જીવન પૃષ્ટોમાં લખાયેલું હોય છે ! ! આવી પંક્તિના આગેવાનો મરતી વખત રીબાય છે, દુઃખનાં વાદળા ત્હેમનાપર ચઢી આવે છે, અને એવાં દૃષ્ટાંતો જોવાનો યોગ ત્હેમને સારો હોય છે, છતાં કાળના પ્રેરેલા તેઓ સત્ય ફલવતી ભગવતી ક્રિયાઓને આરાધતાજ નથી. આ એમની દૃષ્ટિ મંદતા નહિ તો બીજું શું ? પૂર્વ સંચિત ફળ નહિ તો અન્ય શું ?

શ્રીયુત બાપુરામે કનીપુરમાં આવી મહાદેવમાં મુકામ કર્યો મહાદેવની પૂજા કરવાનો આરંભ કર્યો એમની ક્રિયા શ્રદ્ધા-નિશ્ચયવાળી છે કે કેમ એ કાર્ય કુદરતની કસોટિએ ચઢવાનું બાકી હતું. ક્રિયાનો આરંભ એકાદશીથી કર્યો માસમાં એકાદશીનું વ્રત્ત અન્ય દિવસો કરતાં સારૂં છે. એકાદશી મહિનાના મુગટ રૂપ ગણાય છે એકાદશીનું વ્રત્ત આર્ય શાસ્ત્રોમાં ઉત્કૃષ્ટ ગણ્યું છે. તત્વદૃષ્ટિથી જોતાં પણ એકાદશી અગાઆર તત્ત્વોના જય પૂર્વક કલ્યાણકારી મનાય છે. આધ્યાત્મિક દૃષ્ટિથી ભગવતી ક્રિયાઓ સાધવાનું સાધન પાત્રતા શરીર છે. પ્રાણને ધારણ કરવાનું સર્વોત્તમ બળ તેમાં છે. એની વિક્રિયાથી ક્રિયા ગૌણ થાય છે. ક્રિયા ગૌણ થતાં ધર્મથી વિમુખ થવાય છે. ધર્મથી વિમુખ થતાં અર્થ નાશ પામે છે. ' શરીરે સુખી તો સુખી સર્વ વાતે, ' એ સ્વ. કવિશ્વર દલપતરામે કહેલું સત્ય નિર્વિવાદ સ-

ત્મ છે. એકાદશીનું વ્રત અન્નાશયના મળને શુદ્ધ કરવાનું છે. એ મળ શુદ્ધિથી શરીરમાં જાગ્રતિ આવે છે. આ જાગ્રતિથી આત્માની દૈવિ જ્યોત્સ્નાનું સ્ફુરણ થાય છે. આત્માની દૈવિજ્યોત્સ્નાના સ્ફુરણથી સત્ આનંદનો આવિર્ભાવ થાય છે. જે સત્ય આનંદથી જીવનની કળા લંબાય છે. આ કળાને બળ આપવાની ક્રિયા કર્તવ્યરૂપ ને મહદ્ ભાગ્ય ! ગણાય છે. આવી આધ્યાત્મિક દૃષ્ટિથી વ્રતોનો મહિમા આર્ય શાસ્ત્રોમાં વિવરણેલો હશે. એકાદશી પ્રત્યેક મહીનામાં બે વાર આવે છે. પ્રતિ પાક્ષિકે એક દિવસ શરીરની વૃદ્ધિ–જીવન વૃદ્ધિના માટેની ક્રિયામાં ગાળવો બોજારૂપ ન લાગે, અને તેથી કંટાળો ન આવે એમ એક હેતુ હશે. શ્રીયુત્ બાપુરામે શ્રી ઇષ્ટની આરાધના આ સમયે જ આ દિવસે કરવાનો આરંભ કરી ચૂક્યા હતા. શ્રી ઇષ્ટની પવિત્ર સાધના પવિત્ર દિવસે જ કરવાનું સદ્‌ભાગ્ય તેમને પ્રાપ્ત થયું હતું.

શ્રીયુત બાપુરામે શ્રીમહાદેવની પૂજા કરવી ચાલુ કરી. લોકોને તે વાત રૂચિકર થઈ ન પડી. અને આ અરૂચિના પ્રભાવેજ ત્હેમનો સત્કાર ગ્રામ્ય જનોથી થઈ ન શક્યો તેમાં એક કારણ એવું પણ હતું કે ગ્રામ્ય-જનોનું લક્ષ આગેવાનના વિચાર ને ક્રિયાને અવલંબિ રહેલું હોય છે. મુખ્ય ધંધો ખેતીનો. ખેતીનું સાધન, ક્ષેત્ર અને કુટુંબમાંજ ખેડુતની સઘળી દૃષ્ટિ મર્યાદા બંધાઈ ગયેલી હોય છે. આવી સ્થિતિમાં દ્વિતીય પંક્તિના આગેવાનો ત્હેમના નાવના સુકાનીઓ થઇ બેસે છે. આ સુકાનીઓ જે દિશામાં–સ્થિતિમાં–સમયમાં ત્હેમનાં નાવ લેઇ જાય છે ત્યાં તેઓ વિગુ સંકોચે જાય છે સત્ય કહીયે તો આ સુકાનીઓ અથવા ત્હેમના સંસાર વ્યવહાર રૂપ પેટીની ચાવીઓ આ આગેવાનોજ હોય છે. આગેવાનની હાએ હા અને નાએનાની અંધ શ્રદ્ધામયી પ્રણાલિકા ચાલી રહેલી હોય છે. આવી સ્થિતિમાં શ્રીયુત બાપુરામનો સત્કાર માત્ર આગેવાનની શ્રદ્ધા ઉપર અવલંબિ રહ્યો હતો. તે દિશા વર્તમાન દિવસમાં નિસ્તેજ હતી. આરંભ સમયેજ ગામમાંથી ખબર મળી કે, તેઓએ પૂજા બંધ કરી ઉઠી જવું. આ સમાચારપર ત્હેમણે લક્ષ આપ્યું નહિ. કારણ ત્હેમનું હૃદયબલ મજબુત હતું ભાગ્યના પ્રેરેલા, ને નિશ્ચય કરેલા માર્ગપર તેઓ આવ્યા હતા. આ માન્યતામાં બે અર્થ સમાયેલા હતા. પહેલો અર્થ મહાન્ કવિ મુગટ કાલીદાસની વિચાર શ્રેણિ હતી. આ સંસારમાં વિજય પ્રાપ્ત કરવા માટેનું ત્હેમની પાસે વ્યવહારીક કશુંય સાધન નહોતું. ત્હેમનું લક્ષ શ્રી ઇષ્ટ કૃપા

શિવાય સફલિત થાય તેમ નહોતું. એક પંથને દો કાજ જેવી આ કૃતિ હતી. સર્વ શાસ્ત્રોમા ધર્મ શ્રેષ્ઠ ગણ્યો છે. સર્વ ધર્મમા શ્રીઇષ્ટના પરમ જ્ઞાનની શ્રેષ્ઠતા સ્વિકારાઇ છે, જે જ્ઞાનથી જીવનનુ લક્ષ્યબિંદુ સાધી શકાય છે, જે જ્ઞાનથી જન્મ મરણાદિના ચક્રોમાંથી મુક્ત થવાય છે. શ્રીયુત બાપુરામની પ્રથમ ધારણા આજ અર્થની બોધક હતી. વખતનો ઉપયોગ હેમણે આખી જીંદગીમા બહુજ સારી રીતે કર્યો છે. જે વખતે જે ક્રિયા કરવી જોઇયે, તે વખતે તે ક્રિયા કરવાનુ હેમને ઘણુંજ પ્રિય હતુ. શ્રી ઇષ્ટ આરાધના આવા સંજોગોમા પ્રાપ્ત થવાથી હેમણે મહાન્ ભાગ્ય માન્યુ હતું કારણ શ્રી ઇષ્ટિ કૃપાજ હેમના સર્વ અર્થ માટે કલ્પતરૂ કે પારસમણિ રૂપ હતી. દૈવીસંપત્તિ વાળાની ક્રિયાઓ પણ દૈવિસંપત્તિ વિભુષિત હોય છે. હેમના વિચારના અણુ અણુંમા દૈવિ દ્રવ્યના પરમાણુઓ વહન કરતા હોય છે. હેમના આચાર વિચારમાં દૈવિઅંશોની સત્તાજ પ્રવર્તી રહેલી હોય છે. બીજો અર્થ ગૌણ હતો. આ ગૌણ અર્થ પોષણ નિમિત્ત પ્રયત્ન હતો. પ્રશ્ન થાય છે કે આ બે અર્થમાંથી શ્રીયુત બાપુરામે કયા માર્ગને સાધન રૂપ માન્યો હતો ? પ્રશ્ન સ્વભાવિક ને ગંભિર અર્થવાળો છે. કારણ બ્રાહ્મણોની આવી પ્રતિની પ્રવૃત્તિ માત્ર પોષણ પ્રાપ્તિના અર્થનુ સૂચન કરે છે. શ્રીયુત બાપુરામની આ ક્રિયા એમના સંજોગો—સ્થિતિ—સમયને અનુસરી જોતા તો એ અર્થ પ્રતિ આપણી વૃત્તિને દોરી જાય છે; સત્ય તો જુદુંજ છે. એમની સ્થિતિ અને સંજોગો એવા હતા એ સત્ય છે, પરંતુ તે વ્યવહારીક સ્થિતિને બંધ બેસતા હતા. એમણે જે આપત્તિ વિપત્તિઓના દર્શન કર્યાં હતાં, તે આપત્તિ વિપત્તિઓમાંથી પસાર થવાને માત્ર શ્રી ઇષ્ટની કૃપા શિવાય કશુંજ અન્ય સાધન અસ્તિત્વમાં નહોતું. કેટલાક માણસો આ પ્રતિ પ્રયત્ન કરે છે, પરંતુ તેમની ભાવના પ્રમાણેજ ફળને—ભાગ્યને પ્રાપ્ત થાય છે. લોકોની શ્રદ્ધા બેસાડવા ખાતરની હેમની ક્રિયાઓ શુભાશયને પ્રાપ્ત કરી શકતી નથી. એમની સ્થિતિના સંજોગોમા માત્ર શ્રી ઇષ્ટની આરાધનાજ એમના સંસાર નાવપર માર્ગદર્શક હતી. અને શ્રી ઇષ્ટ પ્રેરણા પ્રમાણે આગળ પ્રવૃત્તિ કરવાની હતી. જો ઉદર પોપોષણ પ્રયત્ન રૂપેજ આ ક્રિયાનો સ્વિકાર કરીયે તો જે સ્થિતિને તેઓ પ્રાપ્ત થયા છે, તે સ્થિતિને કદાપિ પ્રાપ્ત થઇ શકયા નહોત. આવી પ્રવૃત્તિઓવાળા અનેક મનુષ્યો આ માર્ગે ગયા હોય છે, છતાં હેમના જીવન પર નજર નાંખતા એક ટકા જેટલી પણ હેમની સફલિત સ્થિતિ અદ્યપિ

જોઇ શકાઇ નથી. શ્રી ઇષ્ટ આરાધના ત્હેમના ભાગ્ય માટે કઇ આજ્ઞા આપે છે, તેજ જોવાનું હતું. સઘળી રીતે વિચાર કરતાં એ સિદ્ધ થાય છે કે આવી કૃતિ માત્ર વર પ્રાપ્ત કરવાની અથવા તો શ્રી ઇષ્ટની અભિ-દષ્ટિવાળી આજ્ઞા પ્રાપ્ત કરવા રૂપ હતી.

શ્રીયુત બાપુરામને એકાદશીને દિવસ ગામમાંથી દૂધ સરખું પ્રાપ્ત થયું નહિ. શાસ્ત્રરીતિને અનુસરતી માનો કે નહિ મળવાનું માનો પણ એકાદશીને દિવસ કાંઇ મળ્યું નહિ. માત્ર પારણાંને દિવસ એટલે દ્વાદશીએ એક ગૃહસ્થે એક પાટિદાર સાથે ગુપ્તપણે થોડું ઘણું મહામુશીબતે પેટ ભરાય તેટલું અન્ન મોકલ્યું. ત્યાર પછી સાંજ સુધીમાં કાંઇ મળ્યું નહિ. ત્રીજે દિવસે પણ આવીજ અગવડ પડી. આ બધુ છતાં ત્હેમનું આત્મબળ ડગમગ્યું નહિ. જો પોષણ નિમિત્ત પ્રયત્ન સારૂ તેઓ બેઠયા હોત તો નકોરડા ખેંચવા ન પડત. એમ છતાં એટલું પ્રાપ્ત ન થયું હોત તો બ્રાહ્મણ ભાઇને ' તારે માગણ ઓત તો મારે ભૂપ અનેક ' કહેતાં વાર લાગત નહિ. ત્રીજે દિવસે ગામમાંથી હવાલદારે આવી તાકીદ કરી કે આખું ગામ ત્હમને પૂજા કરવા દેવાની નાપાડે છે, માટે લોકની મરજી વિરૂદ્ધ ત્હમારે કશુંય કરવું નહિ, જો લોક ઇચ્છા વિરૂદ્ધ બેસશો તો ફળ સારૂં નહિ આવે. આ શબ્દો સાંભળવા છતાં તેઓ પાછા પડયા નહિ, આ સાબીતીઓ એજ સત્ય પ્રકટ કરે છે કે ત્હેમની ક્રિયાસિદ્ધિ જુદા માર્ગે હતી. ત્હેમનો પ્રધાન ભૂત હેતુ લોકોથી નહિ સમઝાય તેવો હતો. લોકવ-દંતિ ત્હેમના ક્રિયાસિદ્ધસત્વને જાણવા–તોડવા અસમર્થા હતી. ગ્રામ્ય જનોની ધારણા નિષ્ફલિત હતી. મહાત્મા ભતૃહરિ કહે છે કેઃ—

संपत्सु महतां चित्तं भवत्युत्पल कोमलम् ।
आपत्सु च महाशैलशिला संघात कर्कशम् ॥ ६६ ॥

भर्तृहरि कृत नीति शतक.

મહાત્મા પુરૂષોનું ચિત્ત સંપત્તિ વખતે કમળના જેવું કોમળ થાય છે, અને આપત્તિમાં મોટા પર્વતની શિલાના સમુદાય સરખું ઘણુંજ કઠણ થાય છે–બને છે.

શ્રીયુત બાપુરામનું હૃદય આથી પણ લેશ ડગે તેવું નહોતું. ત્હેમના હૃદયમાં સંપુર્ણ શ્રદ્ધા હતી. મનનો સબળ નિશ્ચય હતો, પુરૂશાર્થ વેગ સબળ

પણે દોડતો હતો. ભાગ્યે આ બધાંની સાથે યોગ સાંધ્યો હતો. આવી પ્રવૃત્તિઓ ત્હેમના માર્ગને ચ્યુત કરવા કેવળ અસમર્થ હતી. મહાન્ પુરૂષો કાર્યનો આરંભ ન કરે, પણ કરે તો મૂકે નહિ. ત્હેમનું આત્મબળ-સ્વાશ્રય બળ સામાન્ય મનુષ્યો કરત્તા બલવત્તર હોય છે. અનેક વિઘ્નો ત્હેમના માર્ગને રોધક બને, છતાં ત્હેમના આત્મબળની શ્રદ્ધા એવાં હજારો વિઘ્નોને વિદારવા શક્તિવાળાં હોય છે.[1] " હે મિત્ર ! જે આવશ્યક છે તે સર્વ સમય આપશે, પરંતુ તું સ્વાશ્રય પ્રાપ્ત કર, એટલે આ દિશામાં તું નિર્વાહ કરવાને શિખ્યો છું. " એવું ગુટે-ગોએથનું કહેવું ત્હેમણે સ્વીકાર્યું હતું. મનુ ભગવાનની ભાવના ત્હેમને માન્ય હતી, *" સુખના અર્થી પોતાનાજ સ્વાશ્રયે-પોતાની સહાયતા વડેજ અહીં વિચરે છે. " શ્રીયુત બાપુરામ સારી રીતે જાણતા હતા કે, † " તું તારો પોતાનો વિશ્વાસ કર, તારા પોતાના પર શ્રદ્ધા રાખ, કે જે તારા પ્રત્યે પ્રત્યેક હૃદય લોહના તાર પ્રતિ આવે તેમ આન્દોલશે-આવશે. "

કેટલાક દિવસ પછી ગામના એક પાટિદાર નામે બાજીદાસે, પોતાને ત્યાં રહેવાની સગવડ પ્રેમપૂર્વક કરી આપી. ત્હેમના આમંત્રણથી શ્રીયુત બાપુરામ ત્હેમને ઘેર ગયા. નાની સરખી ઓસરીમાં જગ્યા કરી આપી. સાધુના વૈભવો પણ સાધુત્વ દર્શાવનાર હોય છે. પોતાના વતનમાં-ગામમાં રહેવાને-પોતાનું જે ઘર હતું તેવુંજ આ મળ્યુ ! મહાત્માના ઘરની લંબાઇ પહોળાઈ માત્ર દસ હાથ ! અહીં પણ એથી વધારે સગવડ કુદરતે કરી આપી નહિ ! ગામના લોકોની ભાવે અભાવે શ્રદ્ધા ચોટતી ગઈ. ગામ શાહુકાર વસ્તીવાળું હતું, આતિથ્યેય સત્કાર કરે એવો લોકોનો ભાવ હતો. છતાં આગેવાનો સામે થઇ ઉઘાડી મદદ આપવાને અસમર્થ હતા. પોતાને ઘેર આવનારની ભક્તિપૂર્વક બરદાસ ઉપાડતા. સાધુ-સંતો પ્રતિ ગ્રામ્ય જનોનો પૂરો ભાવ હતો. આ ભાવનામાં ધુતારા પણ ફાવી

---

1 Time, my good friend, will all that's needful give. gain self-reliance, and you've learn'd to live Goethe's Faust.

*** आत्मनैव सहायेन सुखार्थी विचरेदिह ॥अ. ६।४२ ॥ मनु**

† Trust thyself every heart will vibrate to that iron string. Emerson.

જતા ! કળિયુગની એ પણ બલિહારી જ છે ! પાટિદાર કોમમાંથી તેમ વાણિજ્યોમાંથી પોષણ થાય તેટલું પ્રાપ્ત થવા માંડયુ. આથી સંતોષ થયો ને શ્રી ઇષ્ટ આરાધનામાં પણ કેટલીક સગવડ મળી.

દિવસે દિવસે લોક શ્રદ્ધા શ્રીયુત બાપુરામ પ્રત્યે વળી. એવામાં એક પાટિદાર જ્ઞાતિનો માણસ ગુમ થવાની વાત બહાર આવી. એકે કહ્યું, બીજે કહ્યું એમ આખા ગામમાં લોક વદંતિ થઇ ગઈ. તેની શોધ માટે ચોદિશા સગા સંબંધિઓ ફરવા લાગ્યા. ઘણો પ્રયત્ન કર્યો પણ તેનો પત્તો લાગ્યો નહિ. ગ્રામ્ય જનોમાં મૂખ્યત્વે વૃદ્ધ પુરૂષોને તેથી વિશેષ વૃદ્ધ સ્ત્રીઓ બહુજ વહેમી હોય છે. ક્ષણે ક્ષણે તેઓ વહેમનાંજ સ્વપ્ન જુવે છે. ડગલે ડગલે તેઓ વહેમની જ વાતો કરે છે. ત્હેમની શ્રદ્ધામાં વહેમ સબળપણે ઘુસી ગયેલો જણાય છે. આ ભાવનાને અંગે ભણેલા બ્રાહ્મણની શોધ થઇ. શોધ કરતાં પરશેવો વાળવો પડે તેમ નહોતું. બ્રાહ્મણને ખોળવાની મુશીબતી નડે તેમ નહોતું. પ્રશ્ન થાય છે કે, ગામમાં તેવા બ્રાહ્મણો નહોતા ? વહેમી સ્ત્રી પુરૂષોને પૂછયુ હોય તો આ પ્રશ્નનો સિદ્ધિ રીતે ઉત્તર આપે. ત્હેમને મન નવું એટલુ સારૂં હોય છે. નવા વસ્ત્ર પ્રતિ નવી વસ્તુ પ્રતિ સર્વ કોઇને પ્રેમ થાય છે. એ કુદરતનો સહજ સ્વભાવ છે. શ્રીયુત બાપુરામ મ્હોટા ભક્ત છે. સારા મંત્રો જાણનાર છે. આ પ્રકારની માન્યતાથી કે ગમે તેવા મહાદેવમાં બેઠેલા બ્રાહ્મણને પૂછો એવા ભાવથી અથવા તો નવા બ્રાહ્મણની પરીક્ષા કરવાના વિચારથી કે એવા સંજોગોને લીધે, પણ ત્હેમના પ્રતિ વૃત્તિ ગઇ. શ્રીયુત બાપુરામ આગળ પ્રશ્ન મૂકાયો. ક્યાં આગળ શોધે જડશે ? તે પૂછાયું. ત્હેમને મન તો આશ્ચર્ય થયુ ? શો ઉત્તર આપવો તેનો વિચાર થયો ? ઉત્તર ન મળે તો પૂછનારના ક્રોધપાત્ર કે અવિશ્વાસના સ્થાનરૂપ અથવા તો અશ્રદ્ધાના મૂળ રૂપ થવાય. ત્હેમની પ્રત્યેક ક્રિયા—પ્રત્યેક ભાવના માત્ર શ્રી ઈષ્ટાધિન હતી. અશ્રદ્ધા અંગે તો આંધળાનો ગોળી બહાર ગણો કે શ્રદ્ધા અંગે આત્માનો વિકાસ ગણો પણ પ્રશ્ન મૂકનારને કહી દીધુ કે,—અમુક દિશાએ, અમુક સ્થળે, અમુક સંજોગોમાં તપાસ કરતાં જડશે. શ્રદ્ધાળુને મન ભણેલા બ્રાહ્મણનુ કહેવું અસંભવિત હોતું નથી. પ્રશ્ન મૂકનાર પૂરતા ભરોસાથી ગયો ને કુટુંબને ભણેલા બ્રાહ્મણે કહેલું કહ્યું. તપાસ થઇ. વચન સત્ય ઠર્યું. શ્રદ્ધામાં વધારો થયો. સઘળાં આશ્ચર્ય ચકિત થયાં. પ્રતિષ્ઠા વધી. અથવા એથી આગળ વધીને વ્યવહારીક દૃષ્ટિએ કહેવા જઇએ તો પોષણ પ્રયત્ન-

ના માર્ગની શ્રદ્ધામાં વધારો થયો. ગમે તે થયુ પણ એ રીતે વહેમીઓના વિશ્રામ સ્થાનરૂપ બન્યા.

એ પણ એક સત્ય છે કેઃ–સમભાવી દ્રવ્યો સમભાવી દ્રવ્યોનું આકર્ષણ કરે છે. સ્વરૂપમાં મળે છે. સૂક્ષ્મ સૂક્ષ્મને શોધી શકે છે. સૂક્ષ્મ સૂક્ષ્મની ભાવના–પ્રવૃત્તિ–સ્થિતિ–દર્શન કરી શકે છે. જડનો એ અધિકાર નષ્ટ છે. જડ સૂક્ષ્મને વહન કરે છે જડ ભાર ઉપાડનાર અશ્વ છે. તેનાપર આરોહણ કરનાર સ્વાર ચૈતન્ય છે જડમાં સ્વાર સૂક્ષ્મ રૂપે છે. જડની મર્યાદા ટુંકી છે. તેની દૃષ્ટિ પાસે છે. શરીર જડ છે. જડની સત્તા પણ જડરૂપ છે. ચર્મચક્ષુનું તે દર્શન છે. જડમાં રહેલ ચૈતન્યની સત્તા જડને હલવી ચલવી–નચવી શકે છે. શરીરમાં સત્તા સ્ફુર્તિ આપનાર શારીરિ સૂક્ષ્મ છે. સૂક્ષ્મ સૂક્ષ્મને દેખી શકે છે. ત્હેની મર્યાદા વિશાળ છે. ત્હેનાં ચક્ષુ જડમાં પણ આરપાર જોઇ શકે છે. આ સૂક્ષ્મ સૂક્ષ્મત્તમનું બાહ્ય સ્વરૂપ છે. સૂક્ષ્મત્તમમાં સૂક્ષ્મનો યોગ થઇ શકે છે. સૂક્ષ્મત્તમની સત્તામાં–સ્વિકારાયેલી મર્યાદામા સૂક્ષ્મને ફરવાની સત્તા છે. આ યોગે કુદરતની હૃદય ગૂહામાં પ્રવેશવાનો સૂક્ષ્મને અધિકાર છે. જડ ચક્ષૂથી નહીં દેખાતાં લક્ષો સૂક્ષ્મને સાધ છે. શ્રીયુત બાપુરામે પ્રશ્નનો જે ઉત્તર આપ્યો તે સત્ય ઠર્યું, એ બહારની દેખાતી રીતે તો ‘આંધળાનો ગોળી બહાર’ ગણી શકાય, પણ એથી આગળ તપાસ કરીયે તો સૂક્ષ્મ આગળ સ્થૂળને છુપાવી શકાવા જેટલી સત્તા કુદરતને નથી. પ્રાણવિનિમયમાં આ સિદ્ધાંત સત્ય સ્વરૂપે સ્વિકારાયો છે. આ સિદ્ધાંત ઉપરજ તેનું બંધારણ છે.

અજ્ઞાન ત્યા વહેમ. વહેમ સર્વદા અંધકારમાંજ રહે છે. તેનું સ્થાન મનની જડતા છે, ઘણે ભાગે આત્માની સત્તા નહિ સ્વિકારનાર અજ્ઞાની જનોજ તેના ભક્ત થાય છે. એક વખત તેના પાસમાં પડયા પછી, તેનો રંગ લાગ્યા શિવાય રહેતો નથી. સાધારણ રીતે આ રંગ ગરમ અને રેશમી વસ્ત્રો પરનો છે. એક વખત ચઢયા પછી ઉતરી શકતો નથી. તેના પાસમાં પડેલા ઘણુા ખરા ભારે અર્થ હાનીને કરનાર હોય છે. પ્રત્યેક ક્રિયામાં તેઓ વહેમના અસ્તિત્વનોજ સ્વિકાર કરે છે. જ્યાં ને ત્યાં તેઓ ભડકી ઉઠે છે. સ્વાત્મબળની શ્રદ્ધાને નષ્ટ કરે છે. કેટલાંક આવી સ્થિતિમાંથી અદ્ધર આવી શકતાં નથી. આવાં અનેક દષ્ટાંતો નજર આગળ તરી આવે છે. વહેમીઓનો ઘણો ખરો ભાગ અધઃપતનતા શિવાય કાંઇ પણ પ્રાપ્ત કરી શકયો નથી. આ વહેમીઓનો નિબંધ નથી. તેમ વહેમને પ્ર-

માણુ માનનારા વહેમી ભક્તોનાં દ્રષ્ટાંતો આપવાનો યોગ નથી. આ સ્થિતિ પર નજરે જોયેલાં અનેક દ્રષ્ટાંતો આપી શકાય તેમ છે, પણ સ્થળનો અભાવ તેમજ મૂળ વિષયપરથી સ્થિત્યાંતર થવાનો ભય રહે છે. આવી રીતે વહેમીઓને મન શ્રીયુત બાપુરામની ક્રિયા ભારે શ્રદ્ધા પૂર્વક આદરણિય મનાઇ. ગામમાં દોરા ધાગા, બાધા બધણી વધતી ગઇ. અને કેટલેક વખત તો આવી પ્રવૃત્તિમાં રોકી રખાતો શ્રીયુત બાપુરામની માન્યતા આ સંબંધમાં કેવી હતી તે આગળપર જોઇશુ, ચાલતા સંજોગોમાં તો તેમણે આ કામ ધમધોકાર ચલાવ્યા માંડયું. અનેક માણસોની શ્રદ્ધાને આ રીતે શાન્ત કરતા ગયા. આથી એટલું તો ખરૂ હતું કે બીજા લોકો વહેમીઓની જે અર્થ હાની કરતા, તેટલો વ્યય થવાનુ શ્રીયુત બાપુરામ તરફથી નહતું. એ રીતે વહેમીઓની આર્થિક સ્થિતિનો એ માર્ગે તો બચાવ થતો. આંધળીઆં કરતા ઘણાને આ માર્ગેથી એમણે વાર્યા છે. પ્રસંગ મળશે, અને ધારણા કરતાં ગ્રંથ મોટો નહિ થાય તો આવા કેટલાક વિષયો આગળપર જોઇશું.

શ્રાવણ માસની પૂજા આ રીતે પૂર્ણ થઇ. થોડું ઘણું ઉત્પન્ન થયું. સંસાર વ્યવહારમા નિભાવ જેટલુ તો નહિજ. એ રીતે એ ક્રિયાએ બે અર્થ સાર્યા. એક તો આત્માનો વિકાસ કર્યો, ને બીજો એ નિમિત્તે પોષણ ધર્મ સચવાયો. ત્હેમની શરૂઆતની પ્રવૃત્તિનું આ પ્રથમ દર્શન હતું. જે મળ્યું તેથી સંતોષ થયો. દાણા વગેરે લેઇ ઘેર આવ્યા. પ્રસંગોપાત્ જપાદિ ક્રિયાઓમાં કનીપુરમાંથી બોલાવવા આવે તો જતા, ને જે કરવાનું હોય તે બોલાવનારની શ્રદ્ધાપૂર્વક કરતા. બીજે વરષે કનીપુરમાં ગણપતિ સ્થાપના કરી. શ્રાવણ માસમાં પુનઃ પૂજાદિ ક્રિયાનો આરંભ કર્યો. આ સમયે જે મહાદેવમાં તેઓ બેઠા હતા ત્યા એક બીજા બ્રાહ્મણે આવી ત્રાસ આપ્યો, છતાં શ્રીયુત બાપુરામ જેવા તેવાથી ડગી જાય તેવા નહોતા. પ્રથમ વર્ષમાં જે લોક અશ્રદ્ધાએ શરૂઆતમાં સગવડ નહોતી કરી આપી તે પાછળથી શ્રદ્ધા પૂર્વક કરી આપી હવે તો લોક વૃત્તિ શ્રીયુત બાપુરામ પ્રત્યે વળી હતી. આ વખતે જે બ્રાહ્મણથી ત્રાસ થતો હતો તેની સામે લોક થયા, ને તેને બીજે જવાની રજા આપી. શ્રીયુત બાપુરામને આ વખતે ભાગ્યેજ ઘેર ભોજનાદિકની સગવડ કરવાનો વખત આવતો. કારણ શ્રદ્ધાળુ ભક્તો બ્રહ્મ ભોજનમાં પૂણ્ય માનતા, આ પૂણ્યનો પ્રભાવ એક દિવસ પણ અટકતો નહિ. દિવસે દિવસે મિષ્ટાન્ન મળવા માંડયું, તેમ

તેમ જઠરમાં વિક્રિયા ચાલુ થઇ. આ વખતે વૈદકશાસ્ત્રનો અનુભવ નહોતો. સાધારણ જાણે, પદ્ધતિ પૂર્વકનો અભ્યાસ નહોતો. શરીર અને તેની ક્રિયા તરફ લક્ષ નહોતું ગયું. જીભને રૂચ્યું તેટલું ગ્રહણ કર્યું. કુશળ બુદ્ધિવાળા મહાત્માએ જઠરની ઇચ્છાનો અનાદર કર્યો. લોક શ્રદ્ધા બ્રાહ્મણોને જમાડવામાં મહા પુણ્ય સમઝે છે, એ ખરૂં પણ ડાકોર ને યાત્રાના પ્રસંગે નિકળનારને એટલું તો સમઝાતું હશે કે એક પૈસો ને એક કોળીઓ! પૈસાની લાલચે આવા કેટલા ગ્રાસ જઠરની અનેચ્છાએ દબાવવા પડતા હશે? તાત્કાળિક દર્શનીય વસ્તુમાં જે મોહ પ્રકટ થાય છે, તેનું વાસ્તવિકપણું કે ઉપયોગિપણું લક્ષપૂર્વક નથી જોવાતું તો અંતે તે વિનાશનું કારણ નિવડે છે. આ દિશાએ દીર્ઘ દૃષ્ટિ નહિ પહોંચાડનાર પાછળથી પસ્તાયછે.

અનિયમિત ને અતિ આહારે શ્રીયુત બાપુરામનું શરીર બગડ્યું. બંધકોશ–Constipation–થયો. શરીર આકળ વિકળ બન્યું. આનાહ–Tympanitis–ની પ્રબળતા થઇ. અકળામણ થવા માંડી.–આ રોગના કારણને વહેમીઓ તરફથી 'કહેણ' નું નામ આપવામાં આવ્યું. આ માન્યતા હોવાનું કારણ વહેમીઓને મનતો, બ્રાહ્મણ મહાદેવની પૂજા કરે છે, ને ગામમાં દોરા ધાગા કરે છે, તેથી કોઇએ કાંઇ કર્યું એમ હતું. દયા જેના હૃદયમાં રમી રહી હતી એવા લોકોએ સાધનાઓ કરવા માંડી, નજરબંધીનાં વારણ કરવા માંડયાં. મંત્ર તંત્ર જાણનાર લોકો પાસેથી દોરા–ધાગા કરવા લાગ્યા. આ બધું છતાં રોગની શાન્તિ વળી નહિ. રોગની પ્રબળતાએ બોલતા શબ્દપર દાબ રાખ્યો નહિ. આ સંબંધ શબ્દોથી–વાક્યોથી આવી જાતના વિચારને ટેકો મળ્યો. મૂળ વિષયથી અજ્ઞાત લોકોએ ગમે તેમ ધારણા બાંધવા માંડી; જેને જે સુઝયું તેણે તે કર્યું. કેટલીક વખતે રેચ અપાયો. શાન્તિ થઇ. સ્વસ્થ થયા. શાથી મટયું આરામ થયો તેનો વિચાર એક બે માણસ શિવાય બીજાને ભાગ્યેજ આવ્યો હશે. જેણે જેવી માન્યતા બાંધી તેની તે માન્યતા એમને એમ રહી.

ચાલુ વરસની પ્રાપ્તિ એકાદ માણસનું પોષણ થાય તેટલી થઇ. આવી સ્થિતિમાં પાંચેક વરસ ગાળ્યાં. પ્રયત્નમાં સફળતા મળી શકી નહિ. આવા પ્રયત્નમાં ઉન્નતિ થવી અશક્ય જણાઇ. જો કે પ્રાપ્તિ થઇ ન શકી, તો પણ આત્મશ્રદ્ધાને સ્વાશ્રયનું બળ નષ્ટ થયુ નહિ. પ્રથમ પ્રયત્નમાં ત્હેમણે ઉત્તમમાં ઉત્તમ સાધન હૃદય બળને કેળવ્યું. હૃદય શ્રદ્ધાને સ્વાશ્ર-

ની જ્યોતિનાં કિરણોને પ્રસરાવવાનો આ યોગ હતો. આ અવસ્થામાં જે હૃદયબળ પ્રાપ્ત થયુ હતું, તે હૃદયબળે એમને આગળ પણ સુખ મળ્યું. "*સત્ પુરૂષો પોતાના અંતઃકરણને શુદ્ધ, પરોપકારી, ઉદાર રાખી, અથવા સંક્ષેપમાં યથા પ્રાપ્ત સત્ કર્મોમાં, તથા અચલ આનન્દઘન પરમેશ્વરમાં રમમાણ રાખી, તેવા શુદ્ધ અન્તઃકરણ ઉપર પોતાના સુખનો આધાર રાખે છે. તેવાં સંસ્કારિ અન્તઃકરણ તેના ધારણ કરનારને દુઃખથી રક્ષી અને નિજાનન્દમાં મગ્ન કરી, સુખી–સન્તોષી રાખે છે."*

"સ્વસહાયતા, કિંવા આત્મોપકારતા, એજ પ્રાણિ માત્રની ઉત્પત્તિ, સ્થિતિ તથા વૃદ્ધિ એઓનું મૂલ છે. સ્વાશ્રય એજ સર્વ પુરૂષાર્થનો સાધક છે; સ્વાશ્રય એજ સુખનો સંપાદક છે, સ્વાશ્રય એજ ઉન્નતિનો આરોહક છેઃ સ્વાશ્રય એજ ઉદય પ્રતિગમનમાં સબલ સહાયક છે; સ્વાશ્રય એજ મનુષ્યની બાહ્યાન્તર–અવ્યક્ત–શક્તિઓનો પોષક તથા વ્યક્તકારી છે; સ્વાશ્રય એજ અન્યસ્થ આશ્રયને, લોહકાન્તસમ, સ્વપ્રતિ આકર્ષે છે, અને સજીવન સરોવરસમ સમીપ પ્રદેશના ગુપ્ત પાનીયના પ્રવાહોને પોતાનામાં વાલીને સ્વાશ્રય પોતે અધિકાધિક સમર્થ થઇને મહા પ્રભાવી સ્વોપકારી તથા પરોપકારી થઇ શકે છે, સ્વાશ્રયનો પરિણામ સ્વતન્ત્રતા છે."

કુબડથલ ગામમાં શ્રીયુત બાપુરામની પાડોશમાં રા. રા. વિશ્વનાથ અંબારામ ભટ્ટ રહેતા હતા. ત્હેમને વિશાભટ્ટના ઉપનામથીજ સર્વ કોઇ ઓળખતું હતું. શ્રીયુત બાપુરામને વિશાભટ્ટ બન્ને તરફના સગા હતા. પિતાપક્ષમાં ને શ્વસુર પક્ષમાં તેઓ સંબંધિ હતા. શ્રીયુત બાપુરામને પાસે બોલાવીને ત્હેમણે ઉપદેશ આપ્યો. ચાલતા જમાનામાં વિદ્યા સંપાદક કાર્યને ત્હેમણે શ્રેષ્ઠ ગણ્યું. વિદ્યાવૃદ્ધિથી સર્વ સાધનાઓ સરળ થાય છે એમ કહ્યુ. વિશેષમાં ત્હેમને થોડા ઘણા ગ્રંથોનો અભ્યાસ કરવાનું જણાવ્યું. શ્રીયુત બાપુરામને આ વાત સત્ય જણાઇ. હૃદયની વિશાળ ભાવના માટે સત્સંગની જરૂરીઆત સ્વિકારી. આ જરૂરીઆત બે રીતે સિદ્ધ થાય એમ હતી. એક તો પરોક્ષને બીજું પ્રતક્ષ્ય. પ્રતક્ષ્ય સમાગમ સમય સ્થિતિને અનુકુળ નહોતો. એટલા માટે પરોક્ષને મહદ્ સ્થાન મળ્યું. પરોક્ષ સમાગમ સદ્ગ્રંથોના વાંચન–મનન–અનુભવથી સાધી શકાય એમ સ્વિકાર્યું. રા. રા. વિશાભટ્ટ પાસેથી ત્હેમણે–શ્રીયુત બાપુરામે શ્રીમદ્ ભાગવત–પુરાણ અને અન્ય ધર્મ ગ્રંથોનો અભ્યાસ લેવા માંડયો–નિત્ય-

---

* અસ્તોદય ને સ્વાશ્રયમાંથી—

ક્રમ બાંધ્યો. અમુક પુષ્ટો શિખવાની વૃત્તિ આરૂઢ કરી. નિશ્ચયાત્મક ભાવને પૂર્ણ શ્રદ્ધાથી બાંધેલા નિશ્ચય પ્રમાણે વર્ત્યા. આ નિશ્ચય વારસામાં ઉતરી આવેલો બુદ્ધિ અને સ્મરણ શક્તિનો પક્ષપાત હતો. એક વખત નજર આગળ આવેલી વાત પુનઃ ન ભૂંસાય તેવી હૃદયમાં કોતરાઇ રહેતી. એમની વર્તમાન સુધીની જીંદગીમાં આ ગુણ ઘણોજ ઉત્તમ પ્રતિનો કેળવાયેલો જણાઇ આવ્યો હતો.

આટલી વયે વિદ્યાપ્રતિ અભિરૂચિ થવાનું કારણ હૃદયબળની પ્રેરણા હતી. સર્વ દિશા પ્રતિ લક્ષ આપતાં ત્હેમને આજ માર્ગ ઉચ્ચિત લાગ્યો. નાનાં બાળકોની વૃત્તિને નહિ રૂચતા કેટલાક વિષયો ત્હેમની જીંદગીમાં નિષ્ફલ જાય છે; તેનું આ તાજુજ દ્રષ્ટાંત છે. હૃદય બળની પ્રેરણાના અંગે ઉદ્દભવતિ ક્રિયાઓ ફલપ્રદાતા થઇ શકે છે. શ્રીયુત બાપુરામને એજ સત્ય જણાયુ. વિદ્યા શિવાય વિર્ય નથી. વિદ્યા શિવાય અભિવૃદ્ધિ નથી. વિદ્યા શિવાય ઉન્નતિ નથી. વિદ્યા શિવાય એકે ક્રિયા માર્ગદર્શક નથી. આ અનુભવથી વાસ્તવિક લાગ્યું. સદ્દગત્ સાક્ષરરત્ન મનઃસુખરામના હૃદય ભાવની ઘોષણા આ સમયેજ થઇ. રા. સા. મનઃસુખરામભાઈ કહે છે કે "—અજ્ઞાન મારક છે, જ્ઞાન તારક છે. મનુષ્યને અજ્ઞાન પશુતુલ્ય કરે છે, જ્ઞાન દેવ સમાન કરે છે. અજ્ઞાન નરકમાં નાંખે છે. જ્ઞાન સ્વર્ગમા પદ ધરાવે છે. અજ્ઞાનથી દુઃખનો અંધકાર છે, જ્ઞાનથી સુખનો પ્રકાશ છે."

પ્રશ્ન અસ્થાને નથી કે, ત્હેમણે સ્વિકારાયેલા ક્રમથી શિક્ષણ અપાતા શાળાઓમાં અધ્યયન કેમ ન કર્યું ? આ સંજોગોને સ્થિતિ પ્રથમ નહોતી. ગત્ પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે એમની સાધળી સ્થિતિ હતી. થોડા વખતમાં સંસાર ભાર ઉપાડવાને ત્હેમને તૈયાર થવાનું હતું આટલા વખતમાં ત્હેમણે લખી વાંચી શકે એટલુંજ જ્ઞાન સંપાદન કરેલું હતું. ત્હેમની નાની ઉમરમાંજ સંસારભારને સ્કંધે વહન કરવાનું ભાગ્યમાં લખાયેલું હતું. નોકરી કરવા જેટલું પણ જ્ઞાન તે સમયે નહોતું. અને એ પણ સત્ય છે કે, એ દિશાપ્રતિનો જો ત્હેમણે પ્રયત્ન સાધ્યો હોત તો તેનું પરિણામ કાંઇ જુદુંજ આવેલું દેખત. ભાગ્યે બીજી દિશા પલટી. મનુષ્યની ધારણાઓ તેના ગુપ્ત નિયમને પહોંચી વળવા સમર્થ થતી નથી. જે વ્યક્તિઓ પ્રત્યે ત્હેમને કામ કરવાનું હતું, તેના ઉદય માટેજ એમનો જન્મ હતો. આ જન્મ સાર્થકયતા, એમણે કુશળતાથી અને વ્યવહાર દક્ષ

બુદ્ધિથી સાધી આપી. પુક્તવય થયા પછીજ આત્મકલ્યાણની વિશાળ મર્યાદામાં બુદ્ધિએ પ્રયાણ આરંભ્યું. આ પ્રયાણ માર્ગ ત્હેમને હૃદય બલેજ સ્ફુરાવ્યો, જે સ્ફુરણા સમાગમમાં આવનારને સહાયક થઇ.

અભ્યાસપ્રતિ-વિદ્યાવૃદ્ધિ પ્રતિ રૂચિ થયા પછી ત્હેમણે શ્રીમદ્ ભાગવત શિવપુરાણ, અધ્યાત્મરામાયણ, મહાભારતમાં જણાયેલા બુદ્ધિવાદો, ભારતસાર આદિ ગ્રંથોનું લક્ષપૂર્વક અધ્યયન કર્યું. આ સાથે વૈદક પ્રતિ પણ લક્ષ ગયું. વૈદક વિદ્યાના સારા ગ્રંથોનો અભ્યાસ વખત મળતાં વધાર્યો ખરેખરી રીતે તો કુદરતે સંસાર વ્યવહારને જ્ઞાન પ્રત્યે અકથનિય મદદ કરી. મહાન પુરૂષોનાં ચરિત્રોમાં કુદરત સહાયતાનાં અનેક દષ્ટાંતો તરી આવે છે. કોઇમાં કોઈ ગુણ પ્રાધાન્ય હોય છે, તો કોઈમાં કોઇ ગુણ જીવનના લક્ષરૂપ હોય છે. આ ઇશ્વરી બક્ષિસ દૈવિ-સંપત્તિ વિભૂષિત મહાન પુરૂષોનેજ અર્પાયેલી હોય છે !

પ્રકરણ ૩ જું

જન્મભૂમિની પૂર્વ દિશામાં ભાગ્યોદયનું મંગલ દર્શન.

ધમીજ.

૨૭ થી ૫૪ વરસ.

विपत्स्वव्यथो दक्षो नित्यमुत्थानवाम्नरः ।
अप्रमत्तो विनीतात्मा नित्यं भद्राणि पश्यति ॥

महाभारत सभापर्व;

વિપત્તિમાં પણ જે પુરૂષ શાન્ત રહેનારો છે, જે ચતુર, સતત્ પુરૂષાર્થી, અપ્રમાદી તથા વિનયવાળો છે, તે સર્વદા કલ્યાણને પામે છે.

* * *

સ્થિત્યાંતર એ જગતનો મૂળ સ્વભાવ છે. જગતના અનાદિ કાળથી આ નિયમ પ્રવર્ત્તાયેલો છે. ઇતિહાસ એનો સાક્ષિભૂત આત્મા છે. કાળ-

ચક્ર પ્રત્યેક પ્રવર્તનોનું મૂળ બિજ છે. આ ચક્રમાં પૃથ્વિપરની કોઇપણ વસ્તુને પસાર થયા વિના છૂટકો નથી. વિશાળ જગતરૂપ રંગભૂમિમાં આવાં અનેક પાત્રો કાળરૂપી પડદામાંથી બહાર આવતાં, અને ભરતીઓટનાં મહાન સૂત્રોને સમઝાવતાં, દૃષ્ટિ આગળથી પસાર થાય છે. મનકલ્પના ન કરી શકે, અથવા તો બુદ્ધિ તેના ગર્ભાગારનાં દર્શન ન કરી શકે એટલું વિકટ કામ તેની હૃદય ગુહામાં છે. માત્ર ઇશ—અનંત ચૈતન્ય—નિર્બાધિત સૂક્ષ્મત્તમ કાળપર પોતાની સત્તા ચલવી શકે છે. અસ્તોદય તથા સ્વાશ્રયના કર્ત્તા સ્વર્ગસ્થ સાક્ષરમણિ મનઃસુખરામ ભાઇ કહે છે કેઃ—

> થતો નથી શું ઓટ, ભરતી સાગરમાં આવી ?
> અન્ધકાર નહિ થાય, દિવસ જવ જાય સિધાવી ?

* * * * *

* * * *

> આ પૃથિવી પર વા ઉંચા આકાશ તલે છેજ શું ?
> જેહિ અચલ થઇને રહે. (વિના ઇશ, અન્યજ કશું ?)

ધમીજની પૂર્વકાલન્ સ્થિતિ આબાદ ને વૈભવવાળી હતી. ધમીજ એ ગંભિરાપટ્ટનનો અપભ્રંશ શબ્દ છે. અમદાવાદના અમદશાહ અને બહીયલના સામંતસીંહ બીહોલા વચ્ચે કોઇક કારણને લીધે તકરાર થઇ. આ તકરાર—વિગ્રહ ચૌદમા સૈકામાં થયાનું રાસમાળા પરથી જણાય છે. બહીયલથી આ ગામ ત્રણ માઇલ દૂર છે. એ સંભવિત સત્ય છે કે વિગ્રહ વખતે અમદાવાદના શાહની સ્વારીનો—લશ્કરનો મુકામ આ ગામની પાદરે થતો. મુસલમાનોના લશ્કરે વિગ્રહ વખતે આ ગામને રીબાવવામાં બાકી રાખી નહોતી. ગંભિરાપટ્ટનની આબાદ સ્થિતિને નષ્ટપ્રાયઃ કરવામાં આવી. તેના ગૌરવને છિન્ન ભિન્ન કરવામાં આવ્યું. તેની કળા કૌશલ્યને સદંતર નાશ કરવામાં આવી. આ સમયથી ' ધમીજ ' શબ્દ અપભ્રંશ રૂપે ગંભિરાપટ્ટનને માટે યોજવામાં આવ્યો. ગંભિરાપટ્ટનની આબાદીનાં ઝાંખાં ઝાંખાં ચિન્હો અદ્યપિ નજર આગળ તરી આવે છે, આવી કાળની પાંખમાં પલટાતી સ્થિતિનાં સ્મરણ ચિન્હો પૂર્વકાલિન્ ગૌરવતાનું અભિમાન દર્શાવી આપે છે. વૃદ્ધોની વાતો પરથી—ભાટ ચારણોની કથાપરથી—વહીવંચાના ચોપડાપરથી એમ ઝાંખુ ઝાંખુ જણાય છે કે.—ગંભિરાપટ્ટનનો ઘેરાવો સાત આઠ મૈલનો હતો. પટ્ટનની આસપાસ મજબુત કિલ્લો હતો. વહોરાઓની મોટી પોળ, ત્હેમના નામનો સ્વતંત્ર કુવો—ત્હે-

મની મર્યાદાનું તળાવ હતું. પટવાઓની કારિગિરિ દેશ પ્રદેશ વખણાતી હતી. ચૌટાં ચોકનો વળો હતો. મજબુત અને શોભાયમાન મોટાં મકાનો હતાં. શાહુકાર વસ્તિવાળું શહેર હતું. વહેપાર ધંધો સારો ચાલતો. આસપાસનાં ગામોનો નિભાવ થતો. ગરીબોને પોષણ મળતું. નાના પ્રકારના નાના પ્રકારના હુન્નર ઉદ્યોગ ચાલતા. શહેરના લોક સુખી હતા. દેશ પ્રદેશમાં ગંભિરાપટ્ટનની કીર્તિ પ્રસરાયેલી હતી. સંક્ષિપ્તમાં શહેરની ઉત્તમ પ્રતિની કારિગિરિઓ વૈભવો—આબાદીઓ તે વખતને માટે ગૌરવરૂપ હતી. લોકો શ્રીમંત ને નાના નાના ઠાકોરો જેવા માન-વભાને પ્રતિષ્ટાવાળા હતા. ઉદય થતા સૂર્ય જેવો ગંભિરાપટ્ટનનો તે સમયે ઉદય હતો.

આ બધાના ઝાખાં ઝાખાં દર્શન આ વખતે થાય છે. કિલ્લાના ચિન્હરૂપે ગામની ઉત્તર દિશાએ આથડાતી કુટાતી સ્થિતિમાં ચુના ઇંટની મજબુતીથી ચણેલી એક ભીંત દૃષ્ટિગોચર થાય છે. તે ઘણા સમયપરની હોય એમ જોતાવેત ખાતરી થાય છે. કેટલેક સ્થળે મોટાં મોટાં મકાનોના પાયા હાલ પણ દેખાય છે. ગામમાં અને ભાગોળે આ પાયા કેટલેક સ્થળે એવાતો મજબુત છે કે હાલના ટકાઉપણાની તકલેદી આગળ, તે ઘણાજ સારા અને તે વખતના ગૌરવના ચિન્હરૂપે દેખાય છે. વહોરા લોકોનાં મકાનો પર હાલતો ખેડુતોને ખેડવાના ખેતરો આવી રહેલાં છે. પ્રસંગોપાત આ ગામની બહાર વાડાઓમાં વહોરા કોમે ઘરમાં બાંધેલા મજબુત ટાંકાં ખોદતાં જણાઇ આવે છે. આ ટાંકાંની બાંધણી એટલી તો મજબુત છે કે કહેવાની વાતજ નહિ ? મને સારી રીતે સ્મરણમાં છે કે આ ટાંકાંમાંથી નિકળેલી વહોરા લોકોની પાઘડીઓ—ઘણી જીર્ણ સ્થિતિમાં—બે ત્રણ વરસપર ખોદતાં નિકળી આવી હતી. પરંતુ તે માત્ર પાઘડીઓનો આકારજ હતો. તેને હાથમાં ઝાલતાં માટીના ઝીણા કણો છુટા પડી જાય તેમ વેરાઇ જતી હતી. અને ટાંકાંમાં એક બાજુએ પડી રહેલી જણાઇ હતી. આ શિવાય હાલ ગામની ભાગોળે બ્રહ્માણી માતા આગળ વહોરા કોમે બધાવેલો એક કુવો છે. આ કુવો મોટા ઘેરાવાનો અને એટલો તો મજબુત છે કે આ પ્રતિ કયાંહી પણ ગામડામાં જણાતી નથી. તેને રાત્રિ દિવસ લોખંડી હથીઆરોથી ટાંકવામાં આવે, તો પણ એક કાંકરો તેમાંથી ગેરવી શકવાની કોઇનામાં શક્તિ નથી. આ સમયની ઇંટો—ચૂનો પૂર્વ કાલિન્ જર્જરિત દેખાતો પાયામાંથી નિકળતી ઇંટો-ચૂનાના કરતાં એક તૃતિઆંસ ભાગે પણ વજનમાં કે મજબુતીમાં જણાતી

નથી. સલાટ લોકોની વખારો-અથવા તો સલાટવાડામાં ક્યાંહી ક્યાંહી પથર દૃષ્ટિગોચર થાય છે. અને સલાટવાડો અનુમાનમાં ઘણોજ મ્હોટો હશે એમ હાલની ઝાંખી સ્થિતિપરથી જણાય છે. આ ગામની પશ્ચિમ ઊત્તર દિશાની વચ્ચે એક મ્હોટું તળાવ છે. આ તળાવ હાલ અમદાવાદમાં આવેલા કાંકરીઆ તળાવના ખરેખરા નમૂના રૂપ હશે એમ કેટલીક બાબતોનું અવલોકન કરતાં સમઝાય છે. વચમાં મોટો ટેકરો છે. આ ટેકરાપર કાંઇક બાગરૂપે અથવા તો મહેલરૂપે કે હરવા ફરવાના સ્થળરૂપે ગોઠવણ તે સમયે હશે. આસપાસ ચારે દિશાએ પાણી જો કે હાલની તળાવની સ્થિતિ દિન પ્રતિદિન પૂરાતી જાય છે, છતાં તેની ભવ્યતા, અને જ્યારે ચોમાસું હોય ત્યારે એની મનહરતા જોવા લાયક થાય છે. આ તળાવ પહેલાં વધારે ઉંડુ હશે એમ એના ઘેરાવા અને વસ્તુ સ્થિતિના સજોગો જોતા જણાય છે. આ શિવાય તળાવની ઉત્તર બાજુએ એક કુવો છે, તે કુવો હાલ ખાડારૂપે દેખાય છે. કહે છે કે આ કુવો ઘણો મજબુત અને સુશોભિત હતો. લોક વદંતિ છે કે તેમાં દ્રવ્ય છે, માટે કોઇએ તેને પૂરાવ્યો હશે. સત્ય શુ છે તે ઇશ્વર જાણે ? ! કેટલેક કેટલેક સ્થળે જર્જરિત ચિન્હો માત્ર નિશાનરૂપે જણાય છે. હજુ સુધી કોઇની અભિમાન વૃત્તિ આ સંબંધનો ઇતિહાસ જાણવાની થઇ નથી, એ આશ્ચર્ય નહિ તો બીજું શુ ? વિદ્યા લાભવતી છે કે કેમ ? તેનુ આ જવલંત દૃષ્ટાંત છે. વધતા જતા જમાનામાં પોતાની ફરજો શી છે, તેનું સ્વપ્ને પણ ભાન હોતું નથી. ભવિષ્ય તરફ દૃષ્ટિ કરવાની કાળજી કોઇએ ધરી નથી. પ્રાચીન ગૌરવતાના ચિન્હરૂપ ઇતિહાસને શોધ્યો નથી ! પોતાના પૂર્વજો કેવા હતા, તે સંબંધી કોઇ જાતની શોધ ખોળ કરી નથી. ઘણાં ખરાં કુટુંબને તો પોતાની ત્રણ ચાર પેઢિનાં નામ આવડતાં નથી. ઇતિહાસ સંબંધના જ્ઞાનની કેટલીબધી ખુબી ! તેમને ભાગ્યેજ ખબર હશે કે ઇતિહાસ આપણા જીવન કલહનો આત્મા છે. જે આત્માની એક પાંખમાં દૈવિ વિદ્યા-દૈવિ સંપત્તિ છે અને બીજીમાં સત્ય ધર્મોનું કર્મ ક્ષેત્ર છે. આ બન્ને પાંખના બળપર આપણી સંપત્તિનો-આપણા વિજયનો-આપણા આશયનો-આપણી સઘળી વિભુતિઓનો આધાર-છે.

ગભિરાપટ્ટનની સ્થિતિ સંબંધમાં અપ્રબંદ્ધ કહેણીઓ ક્યાંહી ક્યાંહી વૃધ્ધોના મૂખમાંથી નિકળતી સાંભળીયે છીયે. આ કહેણીઓ-માત્ર કહેવા રૂપ-નીચે પ્રમાણે છે:—

રાણીની વાવ, રાહનો કુવો.

* * * *

[1]ભોપા પાર, [2]છારોડીઆં ખેતરા

* * * *

[3]અની મનીના બે કયારડા, જેમાં રહે છે માલ
રાંકને જડશે, રાય ભોગવશે, થાશે હાલ બે હાલ.

* * * *

[4]પલ્લું પાટણ, [5]ગંભિરા પોળ

* * * *

દ્રવ્યાદિની વાતો પડતી મુકીયે તો ઉપરની કહેવતોમાં વધારે સત્યાંશ જણાય છે. આ કહેવતોનાં ઝાંખાં ઝાંખાં દર્શન થાય છે. કહે છે કે પૂર્વે સમયમાં ચાર પાટણ ગણાતાં, તેમાં પલ્લું ગામ એક પાટણ રૂપ હતું, પરંતુ પલ્લું પાટણરૂપે ગંભિરા પોળની વસ્તિ આબાદીની બરોબરી કરી શકતું નહોતું. હજુ સુધી આથી વધારે પ્રકાશ આ બાબતપર પડી શકયો નથી.

ધમીજનો પ્રાચીન ઇતિહાસ માત્ર કહેણીરૂપે—અને વર્તમાન સમયમાં દેખાતાં ઝાંખાં ચિન્હો—નિશાનો રૂપે ઉપર પ્રમાણેની હકીકત જણાવે છે. ગંભિરાપટ્ટનના અધઃપતન પછી પુનઃ એજ દર્શનરૂપે આબાદી થઇ નથી. ત્હેના વિનાશકાળ પછી વસ્તિ ઝાઝી નહોતી રહી. કલ્પના કરવામાં આવે છે કે વિનાશકાળ પછી આછાંપાછાં ગણ્યાંગાંઠયાં ઘર હશે. જુદાં જુદાં શહેરો, ગામોમાંથી નાસતા ભાગતા લોકોએ આ સ્થળે આવી વાસ કર્યો હશે. આજથી સોએક વરસપર તો આશરે સોએક ઘર હોવાનું લોક વ-દંતિ પરથી કહી શકાય છે. તે વખતે આ ગામની આસપાસ ઝાડી ને વાંઘાં કોતર હતાં. આ હોવાનું કારણ બે નદિઓના વચમાં આ ગામ વસેલું હોવાથી, સત્ય જણાય છે. વાત્રક નદિમાં ઘણાં વાંઘાં કોતર આવે લાં છે. આ ગામથી પાંચેક કોશપર આવેલું નિલકંઠ અથવા તો ઉત્કંઠે-શ્વર મહાદેવનું દેવળ છે. આ દેવળ પ્રાચીન સમયનું છે. રાસમાળાપરથી એની પ્રાચિનતાની સાબીતી મળી આવે છે. કહે છે કે મહાભારતના સમયમાં હિડંબા વનરૂપે આ ભાગને ઓળખવામાં આવતો હતો. ત્યાંથી

---

૧ ભોપા—સ્થળનું નામ છે. ૨ છારોડીઆં—છછરાં ખેતર. ૩ અનીમ-ની—બે માણસોનાં નામ છે. ૪ પલ્લું—ગામનું નામ છે. ૫ ગંભિરા—ધમીજ. પલ્લું ગામ મ્હોટું હોવા છતાં ધમીજની પોળરૂપ હશે.

આગળ વધતાં ડુંગરાળ પ્રદેશ શરૂ થાય છે. આ સ્થળપર ઘાડી ઝાડી આવેલી છે. ઉત્કંઠેશ્વર મહાદેવ આગળ જાબાલિ રૂષિનું સમાધિગૃહ છે. જાબાલિ રૂષિનું સમાધિગૃહ–ઉત્કંઠેશ્વર મહાદેવની સામે એક ટેકરાપર આ-વેલું છે. આ વસ્તુ સ્થિતિને તે સમયપરથી એમ તો નિર્વિવાદ કહી શકાય કે આ સ્થળપર ઝાઝી વસ્તિ નહોતી. ધમીજની પણ એવીજ સ્થિતિ હતી. આસપાસ વાઘ–વરૂ–આદિ ભયંકર પ્રાણિઓ રહેતાં. ધમીજમાં લોકો બા-રપર ચાર–પાંચ વાગ્યા પછી (બપોર પછી.) ઘરમાં સઘળો વ્યવહાર કરતા. કેટલીક વખત તો રાત્રિએ ગામની અંદર હિંસક પ્રાણીઓ ભમતાં. વીસેક વરસ પહેલાં ગામની આસપાસ આવાં ગીચ જાળાં આવેલાં હતાં, આ જાળાંમાં અંદર નજર નાંખી શકાતી નહિ. રાત્રિએ વિચરનાર પ્રાણિ-ઓ દિવસે આવાં જાળાંમાં ભરાઇ રહેતાં. પચાસેક વરસપર તો ઉપરની સ્થિતિ એજ પ્રમાણે ચાલી આવેલી હતી. સમય ફરતો ગયો તેમ ત્હેનામાં કેટલોક સુધારો વધારો થયો.

દેશમાં શાન્તિ નહોતી. ફ્રેંચ રિવૉલ્યુશન માફક અહીં દેશમાં કોલા-હલ હતો. આકોલાહલને જાતીય બળથી શાન્ત કરવાની શક્તિ આર્યોએ ખોઇ હતી. ઇર્ષા–વેર–પરસ્પરના વૈભવો ન સહન કરવાની શક્તિ આદિ કારણોથી એક બીજાનો વિનિપાત જોવાની પ્રેરણા કાળ બળે ત્હેમના હૃદયમાં પ્રેરાવેલી હતી. ગામમાં લોકોને પોતાનું રક્ષણ કરવા માટે જાતીય બળનો આશ્રય લેવો પડતો. કુટુંબના અગ્રિણિને બળવાન સાથે સંધિ રાખવી પડતી. આ સમયના લોકોમાં જાતીય બળના પ્રમાણમાં નહોતી. કેટલેક પ્રસંગે તો અલ્પ બળવાળા એવું સમઝતા કે રળવું શા માટે ? વ-ધારો થશે તે રહેવાનો નહિ, અને આપણી મહેનતના પરિણામમાં બ-ળીઆ બહાદૂરી મારે એ આપણે શા માટે જોઇયે ? આવી જાતના વિ-ચારોથી દ્રવ્ય સંગ્રહ કરવાની શક્તિ ત્હેમણે ખોઇ હતી. આ શિવાય સાધન પુરતી પ્રાપ્તિ થતી. ખેતરમાં વેરી આવે ને પાક ઉત્પન્ન થાયજ. જમીન કસદાર એટલે બહુ સાધનને વધારે માંથાકૂટ રહેતી નહિ. આવા કેટલાક સંજોગોને લીધે આગળ વધવાનો ઉત્સાહ ઓછો હતો. અધુરામાં પુરૂં આ સમયને અનુસરતો કેળવણીનો અભાવ હતો.

મૂળ વિષયમાંથી આટલા આડા ઉતરવા માટે વાંચનાર અક્ષમ્ય કરશે એમ ખાત્રી છે. ધમીજ સંબંધી ઇતિહાસરૂપે આટલું બધું વિવરણ શા માટે જોઇયે ? આ ઇતિહાસ દર્શનમાં મૂળ પુરૂષવૃતાંતમાં શા માટે વધારો

કરવો જોઇયે ? આવી જાતના પ્રસ્નો, વાંચનારની વૃત્તિમાં ઉદ્ભવે એ સહજોપલબ્ધિ છે, પરંતુ તે સંબંધમાં જાણવું આવશ્યક છે, કે શ્રીયુત બાપુરામે પોતાના જીવનમાનો ઘણો ખરો ભાગ આ ગામમા નિવાસ સ્થાનરૂપે ગાળ્યો છે આ શિવાય એમની અટક 'ધમીજ વાળા' વૈદ્ય છે. આ સંજ્ઞાનું યથાર્થ ચિત્ર વાચનારની નજર આગળ આવવું જોઇયે, એમ મારી માન્યતા છે. એટલે ઉપરનુ ચિત્ર વાંચનારની વૃત્તિને બોજારૂપ કે કંટાળો પ્રાપ્ત કરાવનારૂ નહિજ થાય એમ અન્તઃકરણની ખાત્રી છે. કેટલાક પ્રસંગો ત્હેમના અંગે, અથવા તો ત્હેમની કથાના સંબંધમાં આવતા વિષયને અનુસરનાર રૂપે હોવાથી તે પ્રતિ અવલોકન કરવાની જરૂર રહે છે. અસંબંધની વાતોનું વિવરણ વખતે ચરિત્રનાયક માટે વાસ્તવિક ન ગણાય, છતાં ત્હેમના ઉદયના અંગે સબંધવાળું કે ઘણુંજ પાસેનું ચિત્ર અસ્થાને છે એમ માનીશકાય નહિ. લખનાર પિષ્ટપેષણ કે અપ્રયોજન વૃત્તિને હૃદયમાં સ્વિકારવાનો દુરાગ્રહ રાખતો નથી, અને એવાંજ રૂપોથી ગ્રંથ મહત્વતા માનતો નથી, પરતુ ઉપરના ભાવથી ચરિત્રનાયક માટે એવા વિષયોને નહિ ભૂલવાનું સ્વિકારે છે. આથી લખનારના હૃદયને નહિ જાણતાં કદાપિ દોષારોપ મૂકવાનું વાંચનારની વૃત્તિને થાય તો, તે માટેજ ક્ષમા માગવી હિતાવહ છે.

શ્રીયુત બાપુરામના મોટા ભાઇ વિષ્નુરામે શાસનમાં ત્રણ ગામ રાખેલાં હતાં, ત્હેમાંથી એક ગામ શ્રીયુત બાપુરામને આપવામાં નહોતું આવ્યું. તેનાં મૂખ્ય કારણરૂપે સમગ્ર કરજમાંથી શ્રીયુત બાપુરામ પોતાનો ભાગ જોડાવે તોજ ત્હેમને ભાગ મળે, એમ મોટા ભાઇની માન્યતા હતી વિષ્નુરામની વૃત્તિને અનુસરીને શ્રીયુત બાપુરામે કરજમાં પોતાના તરફનો ભાગ જોડયો, અને ધમીજ શાસન વૃત્તિમાં મળ્યું. આ ઇચ્છાપૂર્ણ સંસ્કારોની પ્રેરણાજ ગુપ્ત રૂપે હશે એમ વર્તમાન સમયની શ્રીયુત બાપુરામની હૃદયભાવવૃત્તિનો અનુભવ જોતાં જણાય છે. આ માર્ગે શ્રીયુત બાપુરામનો ઉદયનો યોગ સાધ્યો. એથી આગળના શબ્દોમા જો કહી શકાય તો એ પણ સત્ય છે કે જન્મ ભૂમિની પૂર્વ દિશામાંજ ઉદય માર્ગનું માંગલિક દર્શન હતું આ ભાવ નિર્બાધિત સત્યરૂપે હાલ પ્રતિત થાય છે.

શ્રીયુત બાપુરામ ધમીજ આવ્યા. સ્વ. ખોજભાઇને ત્યાં મૂકામ કર્યો. આ કુટુમ્બને ઓળખવાનું આ સ્થળે નહિ ભૂલી જવું જોઇયે. કારણ શ્રીયુત બાપુરામ તથા સ્વ. ખોજભાઇના કુટુંબને અદ્યપિ નિર્બાધિત

સ્નેહમાં રહેતા આપણે જોઇ શકીયે છીયે. શ્રીયુત બાપુરામે જ્યારે ધમા-જમા આવીને આ ઘરમાં પોતાની ઝોળી ભરવી, ત્યારથી વર્તમાન સમય સુધી, અને ઇષ્ટભાવ હોય તો ભવિષ્યમાં પણ, આ સંબંધ છૂટી શકે તેમ નથી. શ્રીયુત બાપુરામ તથા રા. રા. ગોપાળદાસે તો એમના જીવનમાં અસ્ખલિત સંવર્ધનરૂપે આ સત્ય દષ્ટાંત રૂપે અન્યને દેખાડી આપ્યુ છે.

શ્રીયુત બાપુરામ જે સમયમા ધમીજમા આવ્યા, તે સમયનું ચિત્ર જોવાની જરૂર છે. આ ચિત્રયોગ અસ્થાને નહિ ગણીશકાય. આ વખતે ગામમાં વયોવૃદ્ધ વધારે હતા. સમવયી વૃદ્ધો ઘણુંખરૂં નિર્ણિત સ્થળે એકઠા બેસતા. નાના ગરાસવાળા ઠાકોરોના દરબારના જેવા વૈભવો ને દેખાવનું આ સમેલન ઝાંખુ ઝાખુ દર્શન આપતું હતું. વૃદ્ધો વયે વૃદ્ધ હતા, છતાં બળમાં ઉતરે તેવા નહોતા. પ્રત્યેકના શરીરો સમયને અનુસરતા રૂષ્ટ પુષ્ટ ને દેખાવડાં હતાં. ખાદીનાં કપડા પહેરવાનો રીવાજ હતો. કપડાં ખાદીનાં હોવા છતાં સ્વચ્છ, ને શોભિતાં દેખાતા હતાં. અફીણુ કસુંબાનુ—ને હોકા પાણીનું જોર હતું. આસપાસના ગામના પ્રતિષ્ઠિતને સાધારણ લોકો ત્હેમના મેળાવડામાં આવતા. વાતો અને ગપાટા ધમધોકાર ચાલતા હતા. જુના રીતિ રિવાજો પ્રબળપણે ઘુમતા હતા. વધતા જતા જમાનામા પોતાની શી ફરજો ધર્મ (Duties) છે, તે જાણવાનો અભાવ હતો. આ અભાવનુ મૂળ કારણ ખાલી વૈભવ હતો. વૈભવ ખોટા વભા માટે હતો. વભો—આબરૂ—પ્રતિષ્ઠા વધારવાને કશાની પણ દરકાર તેઓ કરે તેવા નહોતા ત્હેમનાં યશોગાન ગાનારપર તેઓ પ્રસન્ન થતા. આ પ્રસન્નતાના અંગે માગનારની ઇચ્છા પ્રમાણે બની શકે ત્યાં સુધી આપતા સંકોચાતા નહિ. આ શિવાય અતિથિસત્કારનો ગુણ પ્રસંશનીય હતો. રાત્રિ દિવસ અતિથિઓ આ માટે ત્હેમના દ્વાર ઉઘાડાં રહેતા. બોજારૂપે નહિ, પણ ધર્મ—કર્તવ્ય રૂપે આ ગુણનો વિકાસ હતો.

આ સમયે આર્થિક સ્થિતિ સારી નહોતી. ઉદ્યોગની પ્રાધાન્યતા નહોતી. આવક કરતાં ખર્ચ જાદે હતો. આર્થિક સ્થિતિની દુર્બળતાનાં અનેક કારણો હતાં. આવક જાવકની અજ્ઞાનતા, અર્થ શિવાયનો ખર્ચ, બુદ્ધિ વગરનો વ્યય, મોટાઇ પાછળ અંધશ્રદ્ધા અને આ અંધશ્રદ્ધાને અંગે આવતી ખોટ, ધીરનાર મળે અને આપે ત્યાં સુધીનો ઉપાડ, મોટા ખર્ચો, બાળકોની સ્થિતિ સુધારવાપ્રત્યેનાં આંખમિચામણાં, સ્થિતિ કરતાં જાદે ઉદારતા, ઉદારતા અંગે ન જોવાની આર્થિક સ્થિતિ, દિન

પ્રતિદિન રળવાનાં સાધનોની મોંઘવારી, જેનાપર પોતાનો, કુટુંબનો, ને ખર્ચનો આધાર, તે ખેતીનાં સાધન રૂપ—અન્નાદિની માતારૂપ જમીનના કસનુ ઓછું થવું, ત્હેમાં જમીનને આપવાના ખોરાકની હાડમારી, હાડમારી અંગે પાકનું પ્રમાણ ઓછું થવું, આ બધું ત્હેમની બુદ્ધિને પુરૂષ પ્રયત્નની ખામીને આભારી હતું.

સ્વ. ખોજભાઇને ત્યાં ખીંટીએ શ્રીયુત બાપુરામે ઝોળી ભરવી, આ વખતે રા. રા. ગોપાળદાસની વૃદ્ધ માતાએ કહ્યું કે,—" મહારાજ! અહીંઆ મુકામ કરવાને, કે રહેવાને માટે વાંધો નથી, પરંતુ ત્હમે જાતે બ્રાહ્મણ. બ્રાહ્મણની પાણી—ખાવા પીવા માટેની સગવડ ચોખવટથી અમારાથી બની શકે નહિ, તેમ હું જાતે વૃદ્ધ એટલે મારાથી ત્હમારી સગવડ થઈ શકે નહિ." શ્રીયુત બાપુરામે સંતોષથી જવાબ આપ્યો કેઃ—" ત્હમારા ખસેડયા હવે અમે ખસવાના નથી. ત્હમે ના કહેશો, તો પણ આ ઝોળી જે ખીંટીએ ભરવી છે, ત્યાંથી ઉપાડવાની નથી. મારી સગવડ ત્હમારે કરવી હોય તો કરજ્યો, ના કરો તો મારે ત્હેમાં વાંધો નથી મારા તરફનું ત્હમારે કોઇ જાતનુ દુઃખ વેઠવાનું નથી." આ ઊત્તરથી ડોશીએ કહેવાનુ માંડી વાળ્યું. ડોશીનુ હૃદય ઉદાર હતું પણ અવયવો અશક્ત હતા. અશક્તિ આવવાનું કારણ અવસ્થા હતી. શ્રીયુત બાપુરામનો ખાવા પીવા સંબંધીનો બંદોબસ્ત કરવાનું આર્થિક રીતે ડોશીને મન કાંઇજ નહોતું, પરંતુ સ્થિતિ સંજોગોને અવલંબિ એ પ્રશ્નાત્મકનું પ્રાકટય હતું. વૃદ્ધ માતા ભાગ્યેજ એમ સમઝતાં હશે કે, ત્હેમને ઘેર ઉતરવાનો યોગ આ જન્મનો નહોતો, પરંતુ પૂર્વસંચિત્ સહવાસનો એ સંબંધ હતો. વૃદ્ધ માતાને કોઈ ભૂતકાલના અથવા તો કાળનાં પૃષ્ટો જાનાર દેવ પુરૂષે ગત જન્મની કે ગત સસ્કારોની વાત કહી હોતતો ભાગ્યેજ ત્હેમને ગળે એ ઉતરત. ભવિષ્યમાં અપ્રતિમ સ્નેહ—ઉદયના મૂળરૂપને સૂચવતી આ ક્રિયા હતી. આટલું તો સત્ય છે કે, જો અનંત આકાશમાં ત્હેમનો આત્મા એક ક્ષણ દૃષ્ટારૂપે હોય તો, બન્ને સ્નેહિઓની વિશાળ સ્નેહ ભાવના—ઉદાત્ત ગુણોને એક રથમાં યોજેલાં બે ચક્રોનું સાથે પર્યટન, અને વર્તમાન સમય સુધીનું હૃદય દર્શન, જોઇ આનંદ પામત!

સ્વ. ખોજભાઇના પિતાનું નામ વસ્તાભાઇ હતું. ખોજભાઇને ત્રણ પુત્ર અને એક પુત્રી હતી. ત્રણ પુત્રોમાં મ્હોટા પુત્રનું નામ મથુરાદાસ તથા નાના પુત્રનું નામ કશીદાસ અને તેથી નાના પુત્રનું નામ ગોપાળ-

દાસ હતું. પુત્રીનું નામ કંકુબા હતું. ખોજભાઇની આર્થિકસ્થિતિ સાધારણ હતી. પ્રત્યેક સાથે સ્નેહ રાખતા. મમતાનો ગુણ ત્હેમનામાં ઉંચી પ્રતિનો હતો એમના વખતમાં એમની સ્થિતિ કરતાં સારી પ્રતિષ્ટા હતી. રાત્રિ દિવસ સમત્રયીઓ ત્હેમની પાસે બેસી રહેતા. અતિથિઓ માટે દ્વાર ઉઘાડાં રહેતાં. આસપાસના પ્રતિષ્ટિત લોકો ત્હેમને સારી રીતે ઓળખતા હતા. ત્હેમનું જીવવ સાદું હતું. ભણ્યા નહોતા પણ ગુણોને કેળવવામાં પછાત પડ્યા નહોતા. વહેવાર–વખો–પ્રતિષ્ટા જાળવી શકે એટલું બુદ્ધિબળ હતું. બુદ્ધિબળને શોભાવે તેવું સ્વરૂપ હતું. સ્વરૂપને બંધ બેસતાં વસ્ત્ર પહેરતા, ત્હેમનાં વસ્ત્રો સર્વદા સ્વચ્છ ને શ્વેત રહેતાં. જમાનાને અનુસરતું તેજ હતું. દૈવી તેજ મોહક હતું. આર્થિકસ્થિતિમાં અન્નનું ઉત્પન્ન વધારે થતું, પણ ઉદાર ગુણે સંચય નહોતો થતો. આર્થિક સંપત્તિનો અભ્યાસ નહોતો. તેને કેળવવા માટે પ્રયત્ન નહોતો. લોકો કહે છે કે રંકને પણ મદદ કરવાની ત્હેમની વૃત્તિ પ્રબળ હતી. સાધનના અભાવવાળાને મળી શકે અને બની શકે તેટલું આપવામાં પછાત પડતા નહોતા. ખોજભાઇના ત્રણ પુત્રોમાં રા. ગોપાળદાસે કેળવણી લેવાનો બની શક્યો, અને વખત અનુકુળ મળ્યો તેટલો પ્રયત્ન કર્યો. રા. મથુરદાસ અને સ્વ. કશીદાસ વાંચી લખી જાણે તેટલું ભણ્યા હતા. આ બન્નેમાં સમયને ઉપયોગનું જ્ઞાન હતું.

શ્રીયુત બાપુરામને કનીપુર તથા ધમીજમાંથી ઉત્પન્ન મળવાનું ચાલતું રહ્યું. કથા વાર્તાઓ કરતા. ત્હેમનામાં આ ગુણ અદ્યપિ તેજ રૂપે વિદ્યમાન છે. ત્હેમની મધુર અને હિતાવહ વાણી મનોરંજક હતી. પ્રસંગે પ્રસંગે દૃષ્ટાંતો આપવાની, અને દૃષ્ટાંતોમાં પણ રસ ઉત્પન્ન કરવાની બુદ્ધિ વિશાળ હતી. આ કુટુંબમાં સ્મરણ શક્તિનો ગુણ સારો હતો. ત્હેમની વર્તમાન સુધીની જીંદગીમા જેટલું સાભળ્યુ હશે, જાણ્યું હશે, જોયું હશે અને અનુભવમાં આવ્યું હશે તેટલું સ્મરણપટમાંથી ખસ્યું નથી. શ્રીયુત બાપુરામમાં સ્મરણશક્તિ શિવાય સમયને અનુસરતી દિર્ઘદૃષ્ટિ વાપરી કામ કરવાની શક્તિ, પરોપકાર કરવાની બુદ્ધિ, પોતાના પ્રત્યે સદ્ગુણોને અંગે આકર્ષણ કરવાની યુક્તિ, સજ્જનોને સંતોષવાની રીતિ, સાધારણ મનુષ્યોને પ્રસન્ન કરવાની ને ત્હેમનુ હિત કરવાની નીતિ તથા સત્ પાત્રોને દાન આપવાની પ્રણાલિકા ઉત્તમ પ્રતિની હતી. કથા વાર્તાના સાધનથી પોષણ પુરતું મળવા માંડયું, સાથે

સાથે વહેમોઓના વહેમ કાઢવા માંડયા, અને વૈદકનો આરંભ આવાજ વખતથી આરંભાયો. લોકોમાં ધર્મની શ્રદ્ધા તથા વાસ્તવિક ધર્મનાં સત્ય સૂત્રોને સમઝાવવાનુ મંગળાચરણ આ વખતથી આરંભાયું. હવે પોષણ માટે દુઃખ પડતું નહોતું કથા વાર્તાદિથી સારી રીતે નિભાવ થઇ શકતો હતો. પોષણ પ્રયત્નનો બોજો ભારે ન પડયો ને કુટુંબની ઓશીયાળમાથી મૂક્ત થયા. ત્હેમના જ્યેષ્ટ પુત્ર જેઠાલાલનો જન્મ આ વખતે થયો હતો.

ગત પ્રકરણ તરફ દૃષ્ટિ નાખતા આપણા સમઝવામાં આવ્યું છે કે માતા પિતાના અવસાન થયા બાદ શ્રીયુત બાપુરામ વડોદરે બાફોઇને ત્યાં ગયા હતા. બાફોઇની સ્થિતિ આ વખતે ઘણીજ દયાપાત્ર હતી. ત્હેમના ઓરમાન દીકરાનો દીકરો કાશી તરફ અભ્યાસ કરવા ગયો હતો, તે ચિત્તભ્રમીત થવાથી ઘેર આવ્યો. બાફોઇને સરકારમાથી મળતું શાસન બંધ થયું. ત્હેમની શારીરિક સ્થિતિ અવસ્થાને અગે નરમ પડી. પૌત્રના ચિત્તભ્રમિત થવાના સંજોગે ત્હેમના હૃદયમા લાગી આવ્યુ શ્રીયુત બાપુરામનો ત્હેમના પ્રત્યે ઘણોજ સારો પૂજ્ય ભાવ હતો. અપકાર કરનાર પ્રત્યે ઉપકાર કરનાર શ્રીયુત બાપુરામને આ પ્રસગે કાંઇ શિખવવું પડે તેમ નહોતું. કારણ અહીંઆ તો વાત્સલ્ય ભાવથી છાતી સરસાં ચાંપનાર પ્રત્યે કર્ત્તવ્ય બજાવવાનું હતું. દૈવિ ગુણોથીજ ખરેખર ! ત્હેમનું જીવન જ્વલંત બન્યું છે. આ દૈવિ ગુણો શ્રી ઇષ્ટ પ્રત્યે સદ્‌ભાવને ઇશ્વરી બક્ષિસ હતી. શ્રીયુત બાપુરામ વડોદરે ગયા ને બાફોઇને અવસ્થામાં બરદાસ માટે પોતાના વતન કુબડથલ ગામમાં તેડી લાવ્યા. બાફોઇના અવસાન કાળ સુધી શ્રીયુત બાપુરામે ત્હેમની અન્તઃકરણ પૂર્વક ચાકરી કરી. દુઃખી પ્રત્યે સ્નેહ ભાવના રાખવાનું અને તે પ્રત્યે સત્ય કર્ત્તવ્ય બજાવવાનું કુદરતે ત્હેમને શિખવ્યુ હતું. પુણ્યાત્માઓ—દૈવિજીવાત્માઓ—અથવા તો મહાનુભાગી પુરૂષો જે અવસ્થામાંથી પસાર થાય છે. તે અવસ્થામાં શિખવા યોગ્ય અનેક ગુણોને—ધર્મોને—કર્ત્તવ્યને સાથે લેતા જાય છે. પ્રસંગ મળતાં સ્થિતિ સંજોગોમાં—ગમે તે અવસ્થામાં આ ધર્મો ત્હેમના કર્ત્તવ્ય રૂપે આગળ આવે છે, અને એ ધર્મ બજાવે છે.

વિક્રમાબ્દ ૧૯૩૨ લગભગમાં રા. ગોપાસદાસને ગડ નિકળ્યું. પિતાના નિવાસ સ્થાનના મેડા ઉપર રા. ગોપાળદાસ દુઃખમાં ગ્રસ્ત થયેલા પડયા રહેતા. ત્હેમની બરદાસ કરવામાં અન્તઃકરણ પૂર્વકનો ધર્મ શ્રીયુત બાપુરામ બજાવતા હતા. દુઃખ નિવારણ માટે ત્હેમની બુદ્ધિએ જે નિર્ણય કર્યો

હતો, તે નિર્ણયવાળી ક્રિયા ચાંપતા ઉપાયો તરીખે લેવાતી હતી. શ્રીયુત બાપુરામ તથા રા. ગોપાળદાસની અન્યોન્ય પ્રત્યેની સ્નેહ ભાવનાને બલવત્તર થવાનો આ યોગ હતો. શ્રીયુત બાપુરામ રાત્રિ દિવસ રા. ગોપાળદાસની સંભાળ રાખતા ને સાથે રહેતા. આ સમયમાં બન્નેનાં હૃદય અન્યોન્ય આગળ ઉઘડવા માડયાં—સમભાવી દ્રવ્યોને સમભાવી દ્રવ્યો સાથે મળવાનો આ સંધિકાળ–સધિ યોગ હતો. જે યોગ એમના બન્નેના જીવનના દૃષ્ટાંત રૂપે અન્ય જનોને સત્ય રૂપે દેખાડી આપ્યો. રા. ગોપાળદાસ વ્યાધિગ્રસ્થાવસ્થામાંથી મૂક્ત થયા. શ્રીયુત બાપુરામ ત્હેમને ગુજરાતી અભ્યાસ કરવાને સાથે કુબડથલ ગામે તેડી ગયા. શ્રીયુત બાપુરામની ઇચ્છા, ને ત્હેમનાં પત્નિ કાશી બાની સંભાળ ને છાયા હેઠળ રા. ગોપાળદાસે કુબડથલમાં પ્રવેશક પરિક્ષા સફલિત કરતા સુધીનો અભ્યાસ કર્યો.

સ્વ. અ સૌ. કાશીબાએ રા ગોપાળદાસ પ્રત્યેનો મિત્રપત્નિ ધર્મ કે માતૃધર્મ ગમે તે ગણો, પણ નિર્બાધિતપણે બજાવ્યો. સ્વ અ સૌ. કાશીબાનું હૃદય ઘણુંજ પ્રેમાળ ને વિશુદ્ધ હતું. તેઓનો અવસાન કાળ શ્રીયુત બાપુરામના જીવનમાં ઘણોજ વહેલો આવ્યો. તેઓ પ્રસગોપાત ઘમીજ આવતા. કેટલોક વખત અત્રે રહેતાં. ને રા જેઠાલાલ તથા રા. મણીલાલના વિદ્યાભ્યાસ કાળે ત્હેમને અમદાવાદ રહેવું પડતું. ત્હેમનો અવસાન કાળ વર્ત્તમાન સમયના સ્થિતિ દર્શનને જોવા પહેલાં થયો. આ દર્શન યોગ ત્હેમના જીવન પ્રવાહમા થયો હોત તો, તે સમયની શાન્તિ કરતાં પ્રસન્નતાને ઉદાર ભાવના કાંઇક વધારે જોરમાં ઉછળી રહેલી જણાત ! ભાગ્ય યોગ !

ઉપર જણાવી ગયા તેમ શ્રીયુત બાપુરામ ઘમીજ રહેતા હતા. પ્રથમ તો તેઓ કથાવાર્ત્તાદિ કરતા હતા આ સાથે વૈદકનો આરંભ કરી ચૂકયા હતા. તેમ વહેમીઓનું ઔાષધ ચાલતું કર્યું હતું. કુબડથલમાં પ્રસંગોપાત જતા ને બાકીનો વખત બહુધા ઘમીજમા ગાળતા. દિવસે દિવસે વૈદકમા સારૂં ચાલતું થયુ, ને લોકો પણ આવતા ગયા આ વખતે ‘વૈદ’ની ઉપાધિમય સંજ્ઞાથી ઓળખાવા લાગ્યા, શ્રીયુત બાપુરામનું શરીર મજબુત ને પ્રમાદ ન પ્રવેશી શકે તેવું હતું તેઓ કર્ત્તવ્યથી કદાપિ વિમૂખ થતા નહિ. ચાલવામાં ત્હેમની બરાબરી થઇ શક્તી નહિ પાંચ પચીસ કોશની મુસાફરી ત્હેમને મન સહેજ હતી. એક વખતનો પચાસ કોશ સુધી ચાલ્યા હતા. ત્હેમનો ઘમીજનો શરૂઆતનો વખત તો બહુધા ક્રૂર

વામાં જતો. આવી મુસાફરીમાં ત્હેમણે સદ્‌ગૃહસ્થો—સાધારણ મનુષ્યો તથા સદ્ પુરૂષોને મહાત્માઓનો સમાગમ થયો જેના જેના પરિચયમાં આવ્યા, તેના તેના સંબંધનુ યથાર્થ દર્શન કરવાનું ભૂલ્યા નહિ. દરેકે દરેક પ્રસગમાં તેઓએ જાણવાનો યોગ સાધ્યો. ત્હેમની સાથેની વાતચિતમાં પ્રત્યેકના હૃદયને ઓળખ્યું. વૈદક સંબંધિ જેમને ત્યાં જવું પડે ત્યાં તેના કુટું-બનો તથા તેને સંબધ કરતા દરેક માણસનો ઇતિહાસ જાણવાનું સ્મરણ બહાર રાખ્યું નહિ. આવા પ્રસંગોએ જેમનો ઇતિહાસ જાણવામાં આવ્યો હતો, તેનું વર્ણન વર્ત્તમાન સમયે પણ અબાધિત—અસ્ખલિત રૂપે તેઓ વર્ણવી બતાવે છે. વૈદકમાં ફત્તેહ મળવાનું આ એક મોટામા મોટું કારણ હતું.

વિક્રમાબ્દ ૧૯૩૩ માં શ્રીયુત બાપુરામને મહુધા ગામેથી તેડવા આવ્યું. મહુધામાં ગંગારામ નરસીંહ નામનો એક સુતાર રહેતો હતો. આ સુતાર કેટલાક વખતથી વ્યાધિગ્રસ્ત થયેલો દિવસે દિવસે ક્ષીણ થતો જતો હતો. રોગનુ મૂળ કારણ માનસિક બળની દુર્બળતા હતું. માનસિક દુર્બળતા વહેમના અંગે ઉદ્‌ભવી હતી, અને વહેમ આવવાનુ કારણ તેના મને માની લીધેલો દુરાગ્રહ હતો. શ્રીયુત બાપુરામ આમંત્રણ સ્વીકારી મહુધે ગયા. ગંગારામે ઘરની બહાર ચોગાનમાં ખાટલો પાથરી આપ્યો. દરદીની તબીયત જોઇ. હાડજવર લાગુ થયેલો હતો. આ રોગથી દિવસે દિવસે તેનું શારીરિક બળ નષ્ટ થતું જતું હતું. શ્રીયુત બાપુરામે વૈદકનો ધંધો શરૂ કર્યો હતો, અને આ રોગ મટાડવાનુ ત્હેમને મન સહજ હતું. ચિકિત્સામાં તેઓ ખરેખરા કુશળ હતા. અનુભવ—સ્મરણ શક્તિ, ને બુદ્ધિએ ચિકિત્સામાં ત્હેમને સારી નિપૂણતા પ્રાપ્ત કરાવી હતી. શ્રીયુત બાપુ-રામને શરીરના વ્યાધી સાથે મનનું દુર્બળપણું તેની વાત ચિત પરથી જાણી લીધું

ગંગારામની દવા ચાલતી કરી, તેમ તેના વહેમનુ નિર્મૂળ, છેદન કર્યું. દિનપ્રતિદિન તેની તબીયત સુધરવા માંડી, અને થોડા દિવસે તો તદ્દન આરામ પ્રાપ્ત કર્યો. ગામમાં શ્રીયુત બાપુરામની ક્રિયા પવન વેગે પ્રસરી ગઇ. શ્રીયુત બાપુરામ જ્યારે મહુધેથી ધમીજ આવવા નિકળ્યા, ત્યારે તેમની પાસે આશરે દોઢસો બસેં રૂપીઆની આવક થઇ હતી.

શ્રીયુત બાપુરામની સ્થિતિ દિનપ્રતિદિન સુધરતી ચાલી. પોષણ જેટલું પ્રાપ્ત થવા માંડયું. દવામાંથી છૂટવાનો વખત આવ્યો. માંથે દેવું

હતું ત્યાં સુધી ઝંપ નહોતો. એક જાતની ચિંતા હતી. આ ચિંતામાંથી મૂક્ત થવાનો મહામંત્ર શોધાતો હતો. ઇશ્વરી કૃપા અને પુરૂષ પ્રયત્નથી મનેચ્છા સફ્લિત થઇ. આ સ્થિતિનુ વર્ણન કરતાં તેઓ ઘણી વખત કહેતા કેઃ—

સમઝણુ દેતો ધન દે.
નહિ તો તારી સમઝણુ પાછી લે.
એક સમઝણુ ને બીજું નિર્ધનપણું,
એ બે ધક્કા ન દે.

રા. ગોપાળદાસે આ વખતે નોકરી સ્વીકારી હતી નોકરીથી પ્રાપ્ત થતા દ્રવ્યે કરીને તેઓ સુખી થઇ શક્યા નહિ. જેટલું મળે તેટલું ખર્ચ આવે. મહિનાના છેલ્લા દિવસે તો આવક જાવકનો હિસાબ સરખે સરખો બંધબેસ્તો થઇ રહે પરદેશમાં એકલા રહેવું, અનેક જાતની મુશીબતો, અને આવકનો બચાવ નહિ, વગેરે કારણોથી નોકરીપર પૂરતું લક્ષ બેઠયું નહિ. આ સમયમાં રા. સા. * હીમત્તલાલભાઇની ત્હેમના પ્રત્યે સારી મમતા હતી. રા. ગોપાળદાસના સદ્દવર્તન, ને કામની કસોટિમાં મળતા વીજયથી ઉપરી અમલદારોની સારી પ્રીતિ સંપાદન કરી શકતા હતા, પ્રમાણિકપણાથી ને દક્ષતાથી ર. સા. હીમત્તલાલભાઇના તો પક્ષપાતી થયા હતા, આ યોગ શ્રીયુત બાપુરામની ઇચ્છાને લીધે થયો હતો. રા. સા. હીમત્તલાલભાઇની તબીયત નરમ રહેતી, અને ઇચ્છા પૂર્વક કામ થઇ શકતું નહોતું, તેમ શારીરિક સુખ દિવસે દિવસે શિથિલ પડતું હતું. ત્હેમણે કેટલાક ઉપાયો કર્યા પણ શારીરિક સ્થિતિ સુધારી શકયા નહિ, આ અરસામાં ત્હેમના એક સગા સંબંધી ધમીજની પાસે નોકરી કરતા હતા. તે સંબંધી શ્રીયુત બાપુરામને રા. સા. હીમત્તલાલભાઇની પાસે તેડી ગયા. બુદ્ધિ યોગથી ને ચિકિત્સામાં સફ્લિત થવાથી ત્હેમની દવાનું કામ ચાલતું કર્યું. થોડે દિવસે તેઓની સ્થિતિ સુધરતી ગઇ. આ અરસામાં રા. ગોપાળદાસને તેમના ખાતામાં નોકરી મળી એકાદ વરસ એમાં ગાળ્યું. વરસ ગાળવા છતાં બચાવ થયો નહિ. બચાવ નહિ થવાના કારણથી નિરાશા પ્રાપ્ત થઇ. એ નિરાશાએ ઘર પ્રતિ જવાનું પ્રશ્નાત્મકરૂપે ઉદ્દભવ્યું, પ્રશ્ન ખડો થતાં તેઓએ રજા લીધી, ને ઘેર આવ્યા.

---

* બ્રીટીશમાં એકઝીક્યુટિવ ઇંજીનીઅર હતા.

રા. ગોપાળદાસના પિતા ખોજભાઇની સ્થિતિ દિવસે દિવસે લથડતી હતી. તેઓ રા. ગોપાળદાસ ઘેર આવ્યા ત્યારે તો પથારી વશ થયા હતા. રા. ગોપાળદાસની ઘેર આવવાની રીત ત્હેમને પસંદ ન પડી. ત્હેમણે વિચાર્યું કે, મારી તબીયત સુધરશે તો આગળપર થઇ રહેશે. તો પણ એટલું તો સત્ય હતું કે ખોજભાઇની અન્તઃકરણની ઇચ્છા રા. ગોપાળદાસને નોકરીમાં જોડાયેલા અને સારા પગારપર રહેલા જોવાની હતી ત્હેમને એમ ખબર નહોતી કે કુદરતે ત્હેમને બીજાજ માર્ગે જોડવાની ફરજ પાડી હતી. ' મનુષ્ય ધારે છે કઇને થાય છે કઇ ' એ લોક કહેણી સત્ય કરી બતાવવાની કુદરતની ઇચ્છા હતી. ધર્મીજની શોભા-તેનો વૈભવ તેની પ્રતિષ્ઠા જાળવવાની ને વધારવની કુદરતની આ ઇચ્છાનાં પાત્રો આ બે મહાત્માઓના ભાગ્ય સાથે ગોઠવાયેલાં હતા. બન્ને પુરૂષાર્થીઓએ પોતાના વિચાર-વર્તનને સહૃક્રિયાથી આ ભાવના સિદ્ધ કરી આપી. આ ભવિષ્યચિત્રદર્શનનો દર્શનીય યોગ ખોજભાઇના ભાગ્યમા નહોતો. વિચારમાને વિચારમાં, અથવા તો એમના મને માનેલા નિશ્ચયમાં ત્હેમનો આત્મા થોડા વખતમાં સ્વર્ગ પ્રત્યે સિધાવ્યો રા. ગોપાળદાસને આથી ઘેર રહી જાતિય ધંધો કરવાની વૃત્તિ નિશ્ચયાત્મકરૂપ થઇ.

શ્રીયુત બાપુરામ આ વખતે ધર્મીજમાં હતા. રા. ગોપાળદાસને તેઓ ખરેખરા શુભેચ્છક-હિત ચિંતક હતા. ૧ મિત્રની આપત્તિ વિપત્તિ પ્રસંગે કે સુખ-વૈભવના આનંદ પ્રસંગે એકજ રાગથી ભાવથીકે કૃતિથી સમાનજ રહે તે મિત્ર. રા ગોપાળદાસની-ત્હેમના ભાઇઓની-આર્થિક સ્થિતિ ઠીક નહોતી, છતાં લોકોપવાદથી એવો દુરાગ્રહ હતો કે અમુક પ્રકારનું ખર્ચ કરવું. શ્રીયુત બાપુરામે ઉપદેશ આપ્યો પણ રા ગોપાળદાસના હૃદય શિવાય બીજાપર છાપ પાડી શક્યો નહિ ખર્ચ થયું. સાધન કરતાં કરજ વધ્યું. કરજને પહોંચી વળવા જેટલુ પ્રાપ્ત સાધન રહ્યુ નહિ.

રા. ગોપાળદાસ તથા શ્રીયુત બાપુરામ આ સંબંધનો વિચાર કરવાને બેઠયા. સ્થિતિ તથા કરજના ગુણ (Marks) એક બાજુએ મૂકવા માંડયા. સ્થિતિ કરતાં કરજના ગુણ વધી પડયા. તેને પહોંચી વળવાને ક્રિયાની બાજુએ જોવા માંડી. નોકરી, વહેપાર, અન્ય પ્રવૃત્તિ ને ખેતી આ બધાંની સરખામણી થતાં બધા કરતાં ખેતીના માર્ક-ગુણ વધવા માંડયા. નિશ્ચય કર્યો. શ્રદ્ધા ચોંટી અને વહેંચણીનો આરંભ થયો. ગ્રામ્ય જનોમાં એવી માન્યતા હતી કે પોતાની વૃદ્ધાવસ્થા

સુધી વહેંચવું નહિ—વિભક્ત થવું નહિ. આ માન્યતાનો સ્વીકાર સ્થિતિને બાધક જણાયો. આત્મ્યજનો કહેતા કે વીસ બાવીસ વરસનો છોકરો, ભણ્યો એટલે વંઠી ગયો. અમારૂં કહ્યું માનતો નથી. અમે નથી કર્યું તે તેણે આચારમાં મૂકવાનો આટલી નાની વયે વિચાર કર્યો. રા. ગોપાળદાસને મન લોકવાણી અમાન્ય હતી. શ્રીયુત બાપુરામની હૃદય પ્રેરણા હતી. આ પ્રેરણા રા. ગોપાળદાસને મન આજ્ઞા હતી. ભાઇઓની મરજી વિરૂદ્ધ વિભક્ત થવાનુ હતું. વિભક્ત થવાથી સરખી વહેંચણી ઇચ્છા વિરૂદ્ધ કરવી અશક્ય હતી શ્રીયુત બાપુરામે કહ્યું કેઃ—યથા પ્રાપ્ત જે આવી મળે તેજ આપણી સંપત્તિ છે. આપણી બુદ્ધિ એ ભવિષ્યનો કર્મ યોગ છે. જે મળે તે લેવું માત્ર અર્થ સાથે કામ છે. આપણો પુરૂષાર્થ—તે પૂર્વ સંસ્કારો પ્રતિકુળનુ અનુકુળ કરશે. લોક વદંતિપર બુદ્ધિએ નિર્ણય કરેલા માર્ગને ત્યજવો નહિ. સુખ સદ્ક્રિયા પાછળ છે. ક્રિયા ધર્મરૂપ છે. જ્યા ધર્મ છે ત્યા જય છે. +' વાંછિત ક્રિયા ભોગવવાની ઇચ્છા હોય તો, અથવા યથા નિર્ણય સ્થળે પહોંચવું હોય તો ભગવતિ સદ્ક્રિયાને જ સેવવી ઉચ્ચિત છે. આ સદ્ક્રિયા, ખળને સજ્જન કરે છે, મૂર્ખને વિદ્વાન કરે છે, શત્રુને મિત્ર કરે છે, પરોક્ષને પ્રત્યક્ષ કરે છે, ઝેરને અમૃત કરે છે, તે સત્ક્રિયાની સેવા કરવી, કલ્યાણકર છે.''

ભાગ વહેંચાયા. રા. ગોપાળદાસ જુદા પડયા. રા. ગોપાળદાસના રથપરનું સારથિપદ શ્રીયુત બાપુરામે લીધુ. લોક લાગણી ગણકારી નહિ. અર્થ પ્રાપ્તિમા જ લક્ષાનુસંધાન કર્યું. શારીરિક બળનો ઉપયોગ નહોતો થયો, તેને વધારે પરિશ્રમમાં નાંખવાની, અને તેમ કરતાં પણ લક્ષ વેધવાની ભાવના થઇ. આ ભાવનાને હૃદયબળે પુષ્ટિ આપી મને નિશ્ચય કર્યો.

---

१ * * * *

तन्मित्रमापदि सुखे च समक्रियं य-
देतत्त्रयं जगति पुण्य कृतो लभन्ते ॥ ६८ ॥

* या साधूंश्च खलान्करोति विदुषो मूर्खान्हितान्द्वेषिणः
प्रत्यक्षं कुरुते परोक्षममृतं हलाहलं तत्क्षणात् ।
तामाराधय सत्क्रियां भगवतीं भोक्तुं फलं वांछितं
हे साधो व्यसनैर्गुणेषु विपुलेष्वास्थां वृथा मा कृथाः ॥९८॥

भर्तृहरि कृत नीतिशतक.

સ્વાશ્રયની કળા વિસ્તૃત થઇ. શ્રીયુત બાપુરામની ધારણા સફલિત થઇ. આ સમયે શ્રીયુત બાપુરામ સુખી તો નહિ, પણ પોતાનુ-પોતાના કુટુંબનું પોષણ કરવાને સશક્ત થયા હતા. જે વૃત્તિથી ધમીજ લીધું, તે વૃત્તિએ દેવું ટૂકાવ્યું-વાળ્યું ને પોષણ કરી શકે તેટલું થયું.

પ્રકરણ ૪ થું.

અર્થ પ્રાપ્તિનાં સૂત્રો ને કેટલીક પ્રવૃત્તિઓ.

ગત પ્રકરણનું અનુસંધાન.

ન કર્મો આદર્યાથીજ, નિષ્કર્મી કો થતું નથી, ॥ અ. ૩ ॥ ૪ ॥

* * * *

નિર્મેલાં કર કર્મો તું, કર્મ સારૂં અકર્મથી;
ન ત્હારી દેહ યાત્રાયે, સિદ્ધ થાયે અકર્મથી. ॥ અ. ૩ ॥ ૮ ॥

* * * *

અજ્ઞાની કર્મ સંગીમાં, બુદ્ધિ ભેદ ન પાડવો,
સૌ કર્મો જ્ઞાની યોગીએ, પાળી પોતે પળાવવાં. ॥ અ. ૩ ॥ ૨૬ ॥

રા રા ન્હાનાલાલ દ. કવિ કૃત ભગવદ્ગીતા
ભાષાન્તરઃ

Thus we lived several years in a state of much happiness, not but that we sometimes had those little rubs which providence sends to enhance the value of its favours

Goldsmith.

" અનુચ્ચ અવસ્થામાંથી ઉચ્ચ અવસ્થામાં જવામાં એવું પરાક્રમ છે અને ઉત્તર વયમાં તે જેવું અભિમાનપ્રદ છે, એવું અન્ય નથી. તમારે નિરન્તર મહાન અને દીર્ઘ પ્રયત્ન કર્યાં જવાનીજ માત્ર અપેક્ષા છે. તમારો સારો ઉદ્યોગ તમને સર્વ અનુકૂલ કરી આપશે. વૃતિને ધારીને 'હિંમત હાર્યા વિના'— * * * વધ્યાંજ જવું. "

અસ્તોદય તથા સ્વાશ્રય.

* * * *

ભાગ્યની દિશા ઉચ્ચગામી થાય છે ત્યારે સદ્બુદ્ધિ પ્રકટે છે. સદ્-બુદ્ધિનો ઉદય થાય છે ત્યારે સત્ય ફલવતિ ભગવદી ક્રિયામાં સ્થિત થવાય છે. હૃદયબલપર શ્રદ્ધા, બુદ્ધિનો નિશ્ચય તથા મન અને શરીરથી પુરૂષાર્થ થાય છે ત્યારે ક્રિયા અભિપ્સિત પ્રાપ્ત કરાવનાર થાય છે. આ ભાવનાઓ દૈવિ છે. દૈવિ ગુણોવાળા આત્મા અથવા તો મહદ્ જનો વસ્તુસ્થિતિનું સત્ય બિન્દુ જોઇ શકે છે. જેટલા પ્રમાણમાં દૈવિ ગુણોનો વાસ છે અ-થવા વિકાસ છે, તેટલો તે દેવ સમીપે જલદી ગયેલો ગણાય છે. આ ગુણો પ્રારબ્ધને અનુકુળ કરે છે, અથવા તો પ્રારબ્ધ યોગ એવા દૈવિ ગુણોને પાત્રતા થતાં પ્રકટાવે છે; એમાથી એકતો સત્ય હોવુંજ જોઇયે. સ્વાત્મશ્રદ્ધા અસાધ્ય વસ્તુને સાધ્ય કરે છે, પરોક્ષને પ્રત્યક્ષ કરે છે. સ્વાત્મ બલનાં કિર્ણો ચૈતન્યપર પ્રકાશ આપી શકે છે. આ કિર્ણો ત્હેમના નિશ્ચ-યાત્મક માર્ગપર દિપકરૂપે ઉભાં રહે છે. પ્રતિજ્ઞા ત્હેમનું આત્મબલ અધિક દ્દઢ કરે છે ત્હેમના મને સ્વિકારેલો માર્ગ, આપત્તિ વિપત્તિ કે અસાધ્ય ખડકો આવવા છતાં કદિ ચ્યૂત થતો નથી. મહદ્ જન તે એનુજ નામ! ધૈર્ય ત્હેના રોમે રોમમાં વ્યાપ્ત હોય છે. દૈવનો દોષ કાઢવાનુ તેને સુઝતું નથી, અપિ ભગવદી ક્રિયાના પુનઃ પુનઃ પ્રયત્નમાંજ તેનો આત્મા તેનું શારીરિક ને માનસિક બળ લાગેલુ-વળગેલુ હોય છે. **कर्मण्ये वा धि-कारस्ते ।** એ ભગવાન શ્રીકૃષ્ણના બોધ સ્તોત્રનુ રક્ત પ્રતેક રક્તવાહિ-નીઓમાં સ્ફુર્તિસહ દોડતુ હોય છે. ‘ દેહ પાડવો કે અર્થ સાધવો ’ એ લોકોક્તિ તેની પ્રત્યેક ભાવનામાં આત્મારૂપે હોય છે. તેનો આશય, તેનું લક્ષ, તેનો આત્મા, એકાગ્ર દૃષ્ટિ અર્જુન માફક લક્ષ્યવેધિ બને છે. તે કોઇથી બંધાતો નથી, પણ જાતે સર્વને બાંધે છે. જાતે રંગાતો નથી, છતા અનેકને રંગી શકે છે, માયામાં લપટાતો નથી, તોપણ માયાજન્ય ક્રિયાઓને સ્વાજ્ઞાનુવર્તિની રાખે છે. *સવિતાનારાયણ એક હોવા છતાં, પોતાના કિર્ણોવડે આખા ભૂમંડળને દિપ્તિમાન કરે છે, તેમ એકજ શૂરવિર પોતાના બળથી આખા વિશ્વને-મહીતલને વશ કરે છે.

*** एकेनापि हि शूरेण पादाक्रान्तं महीतलम् ।**
क्रियते भास्करेणेव स्फार स्फुरित तेजसा ॥ १०८ ॥

भर्तृहरि.

† Man is his own star, and the soul that can
Render an honest and a perfect man,
Commands all light, all influence, all fate,
Nothing to him falls early or too late.

Honest man's fortune.

ગત પ્રકરણો શ્રીયુત બાપુરામના પૂર્વાશ્રમનાં દર્શન આપણને આપે છે. આ દર્શન યોગથી એમના પૂર્વાશ્રમના ચિત્ર પ્રત્યે સહજ અનુકંપા-લાગણી થાય એ સ્વાભાવિક છે અન્નને ને દાંતને વેર હતું, પોષણ જેટલું સાધન નહોતું, પર્ણકુટિ શિવાય રહેવાને આશ્રમ નહોતો, અન્ય તરફનુ આશ્વાસન નહોતું, લગ્નગ્રંથિમાં જોડાયેલા હતા. વિવાહિતા પત્નીનું પોષણ કરવાનુ હતું, આ સઘળું રંગભૂમિપરનાં ચિત્રો જેવું અથવા તો સીનેમેટોગ્રાફનાં પુતળાં જેવું દૃષ્ટિમર્યાદા આગળ પસાર થાય છે. જેને આવી સ્થિતિઓમાંથી પસાર થવાનું હોય છે, તેને આ સર્વ પ્રતક્ષાનુભવરૂપે હોય છે, પણ અન્ય જનોને તો આ ચિત્રયોગ દશા, ક્ષણભર કંપાવે ખરી. બુદ્ધિબળને કર્મના આરંભથીજ ઉત્તમ ફલને પ્રાપ્ત કરવાનું એમનાં પુરૂષાર્થ પૃષ્ટોમાં-જીવન સૂત્રોરૂપે આલેખાયેલુ હતુ. દિવસે દિવસે એમના ભાગ્યનો ઉદય-ઉદયાચલમાં દિપ્તિમાન થતા સૂર્યની માફક વધતો ચાલ્યો. એક વખત કુદરતે એક મનુષ્યને રંકત્તમાવસ્થા પ્રાપ્ત યોગમાં નાંખ્યો હતો, અને થોડીવાર થોભતાંજ તેના તે મનુષ્યને શ્રીમંત-સુખી-વૈભવશાળી-ઉદય યોગમાં પલટાતો જોઇ, તેના પ્રયાણપ્રત્યે દૃષ્ટિ વાળતાં આનંદ પ્રાપ્ત થાય છે.

શ્રીયુત બાપુરામનું ઉદયદર્શન આ વખતથી આરંભાય છે. ધમીજમાં રહી ત્હેમણે વૈદકનો આરંભ કર્યો. વૈદક માર્ગમાં ત્હેમની નિષ્ણાતબુદ્ધિએ, અને ઊત્તમ ચિકિત્સક શક્તિએ વિજય પ્રાપ્ત કરાવ્યો. પોતાની દૃષ્ટિ મર્યાદામાં આવતા એકે માણસને, જીજ્ઞાસુ વૃત્તિ તૃપ્ત થતાં સુધીના પ્રશ્નોત્તરોને સમાધાન કર્યા શિવાય જવા દીધો નથી. ત્હેમની ઉત્તમપ્રતિની

---

† Epilogue to Beaumont and Fletcher's Honest man's Fortane.

મનુષ્ય છે તે પોતે પોતાનો ગ્રહ છે, અને જે પુણ્યાત્મા એક ન્યાયીને પરિપૂર્ણ મનુષ્ય (પોતાને) કરી શકે છે; જે પુણ્યાત્મા સર્વ પ્રકાશને, સર્વ પ્રભુતાને, સર્વ ભાગ્યને સંપાદન કરી શકે છે; તેને વિષે ઘણું વહેલું અથવા તો ઘણું મોડું કંઇ પણ આવી પડતું નથી.

ચિકિત્સકશક્તિને શૈલી પૂર્વક ગ્રંથદ્વારે ગુંથવામાં આવે, તો આર્ય વૈદક શાસ્ત્રમાં તે અત્યુત્તમ ને અનેકને આશિર્વાદ રૂપ–માર્ગ દર્શકને કલ્યાણકારી ગ્રંથ થાય. એમના વૈદક સંબંધિના કેટલાક વિચારો આડંબરવાળા પરબુદ્ધિએ વિહરનારા જનોને તો આશ્ચર્યકારક કે સુધરેલી વાણિમાં 'ભ્રમિત ચિત્ત'વાળા જણાતા હશે ! ! પરંતુ ॥ પશ્ચિમનો વર્તમાન પવન એ બુદ્ધિને તર્કવાદ ઉપર અપ્રતિમ છાપ પાડે છે. જે સત્ય એમના હૃદયમાં કોતરાઇ રહેલુ–જડાઇ રહેલું કેટલાક વખત ઉપર, પદ્ધતિસહ જ્ઞાન લીધા વિનાના મનુષ્યના મૂખે સાંભળતાં અનેક સંશયાત્મક પ્રશ્નો ઉદ્ભવે છે, છતાં એ સંશયો અમુક વખત પછી, પશ્ચિમમાંથી આવતા નાદે કરી છેદન સ્થિતિને પ્રાપ્ત થાય છે. જે ગૂઢ સત્વો તેમાં સમાગેલાં છે, તે એવાં તો ઉત્તમ ને કલ્યાણકર છે કે, તે જ્ઞાન વૈદક શાસ્ત્રમાં અપુર્વ ઉપયોગી થાય.

શ્રીયુત બાપુરામ દરદી પ્રત્યે બહુજ પ્રેમ દર્શાવતા. તેના આર્થિક સન્જોગોને પોતાના સંજોગો ગણી મદદ કરતા. ખોટું બતલાવીને કે ખોટું લગાડી તેઓ દ્રવ્ય સગ્રહ નહોતા કરતા, તેમ અતિશયોક્તિથી કે આડંબરથી ધુતતા નહિ. સમય અનુસરતો વિવેક ત્હેમને જન્મથી સિદ્ધ હતો. પોતાની ઇચ્છામાં આવે, અને દરદીની સ્થિતિને એ આપવું હિતાવહ હોય, તે'લુજ માગતા. એથી વિશેષમાં કિંચિત્ ક્વચિત્ હાથ લગાડતા નહિ. એક * * * દરબારમા ત્હેમને બોલાવવામાં આવ્યા. ત્યાં ગયા પછી અમુક રકમ ત્હેમની આગળ મૂકી. પોતાની ફી વગેરેના વ્યાજબી પૈસા લેઇ, બાકીનું ત્હેમને પાછું આપ્યું. દરબારે આગ્રહ કર્યો પણ તેઓ પોતાના નિશ્ચયમાંથી ચ્યૂત થયા નહિ. વહેમીઓને દ્રવ્યહાની ન થવાના માર્ગે તેઓએ જબરો પુરૂષાર્થ કર્યો હતો. તેમના જીવનમાં કેટલાંક કુટુંબોમાંથી તો આ વહેમપ્રણાલિકા હમેશને માટે કાઢી મૂકી છે. આ સંબંધનાં એટલાં બધાં દૃષ્ટાંતો છે કે, મૂળ વસ્તુ એક બાજુએ રહેતાં, આવાં દૃષ્ટાંતોજ ગ્રંથ માટે પુરતાં થઇ રહે ન મટી શકે તેવા દરદીઓ પાસેથી એક પાઇ પણ હાથમાં ઝાલતા નહિ. માત્ર દરદીના શાન્તવનની ખાતર તેને ઓષધિ બક્ષિસ રૂપે આપતા. સંક્ષિપ્તમાં વૈદક સંબંધિના ત્હેમના વિચારો, અને દરદી પ્રત્યેનો આચાર ખરેખર ! અનુકરણીય હતો.

॥ પશ્ચિમ દેશની પ્રજાનો.

શ્રીયુત બાપુરામ હમેશાં સત્યની લડાઇ લડતા. દુ:ખીને ધીરજ, આપત્તિ વિપત્તિવાળાને પ્રોત્સાહન તથા શોકગ્રસ્ત મનુષ્યોને શાન્તવન આપતાં કદિ પાછા હઠયા નથી. કર્તવ્ય ક્ષેત્રમાં તેઓ સ્થિત–અચલિત રૂપે ઉભા રહેતા. સત્ય માર્ગે કોઇના અંજાયા અંજાય નહિ તેવા હતા, એટલે પ્રતિકૂલ માણસનું ઓજસ ત્હેમના હૃદયબલના પ્રભાવ આગળ ખેંચાઇ રહેતું, પરંતુ એ ઓજસના ભોગ તેઓ કદિ થતા નહિ. રાજર્ષિ ભર્તૃહરિ કહી ગયા છે કે,—

> पद्माकरं दिनकरो विकचीकरोति
> चन्द्रो विकासयति कैरवचक्रवालम् ।
> नाभ्यर्थितो जलधरोऽपि जलं ददाति
> सन्तः स्वयं परहितेषु कृताभियोगाः ॥ ७२ ॥

કમલનાં પુષ્પોને દિનકર પ્રાર્થના શિવાય પ્રફુલિત કરે છે, ચન્દ્ર એજ રીતે પોયણીને વિકાસે છે, એવી કોઇની પણ પ્રાર્થના શિવાય જલ આપે છે, તેમ સન્તો–સાધુઓ–પુણ્યાત્માઓ–પોતાનીજ ઇચ્છાથી–પારકાના હિતને અર્થે પ્રયાસ કરે છે.

શ્રીયુત બાપુરામના ધમીજમાં રહેવાની અવસ્થાના ત્રણ ભાગ પાડી શકાય, પ્રથમની અવસ્થા માત્ર કથા–વાર્તા ને પોષણ પ્રાપ્તિ માટે પ્રયત્નથીજ પુર્ણ હતી. દ્વિતીય અવસ્થામાં પ્રથમ અવસ્થાના ભાવો ગૌણ હતા ને વૈદકનો આરંભ થઇ ચૂક્યો હતો. આ આરંભ વખતે સાધારણ ઉપદેશને લોકહિતની પ્રવૃત્તિઓ ઘડાતી હતી. ત્રીજી અવસ્થામા વૈદકનો પ્રકાશિત સૂર્ય ને જનહિતકર પ્રવૃત્તિઓ કૃતિમા મૂકાઇ હતી. આ અવસ્થામાં ત્હેમને ધમીજમાં વધારે વખત રહેવાનો યોગ નહોતો શ્રી ઇષ્ટ પ્રેરણા એજ રીતે નિર્ણિત થયેલી હતી. આ અવસ્થા વધારે ટકી હોતતો તેનું ફલ સારૂં આવ્યું હોત, પરતુ જે ઉદાર યોજનાઓ અમદાવાદ નિવાસ પછી યોગ આવ્યો, તે આવી શકત કે કેમ ? એ સંશયાત્મક રહેત !

અહીંથી દોઢેક મૈલપર સિદ્ધનાથ મહાદેવનું દેવળ છે. આ દેવળના મહંતને આજીવિકા પેટે "પલ્લું" ગામ આપવામાં આવ્યું હતું. આ ગામના ઉત્પન્નપર ગાદીવારસો નિર્વાહ કરતા હતા. એમ કરતાં કરતાં મહંતની સ્થિતિ દિવસે દિવસે લથડતી ચાલી. આ અરસામાં શ્રીમંત સરકાર નામદાર ગાયકવાડ સરકારે પલ્લા ગામપર દેખરેખ રાખવાનુ ઉચિત ધાર્યું. એ ધારણાને અંગે સરકાર તરફથી ધમીજના મુખી રા. રા મથુર-

ભાઇ ખોજભાઇ તથા ઇનામદાર બાવો અગર તેની સમત્તીથી તેની વતીના કોઇ ઇસમને નીમવા એમ ઠર્યું. મહંતે પોતાની તરફના–તેની સંમત્તીથી કનીપુરના વતની દેસાઇભાઇ નથુભાઇને નીમ્યા. બન્નેની દેખરેખ નીચે વહિવટ ચાલવા માંડયો. એક પ્રસંગે મહંત તરફથી ધમીજના બ્રાહ્મણોને બ્રહ્મભોજન કરાવવા નિમિત્તે આમંત્રણવામાં આવ્યા. મહાદેવ તરફથી અથવા તો મહંતની ઇચ્છાથી, પણ વરસમાં એક દિવસ આવી ક્રિયા થતી કનીપુરના વહિવટ કરનારને આ વાત ગોઠી નહિ. સીધુ–સામાન મંગાવ્યો. રસોઇ ચાલતી કરી તૈયાર થયા પછી ધમીજના બ્રાહ્મણોને પડતા મૂકી કનીપુરના બ્રાહ્મણોને બોલાવવામાં આવ્યા. રસોઇ પિરસાવી ચાલતી થઇ શ્રીયુત બાપુરામ આ પ્રસંગે આમંત્રણ આવવાથી ત્યા ગયા હતા. જમતાં જમતાં શબ્દની ઘટના સમઝાઇ. ધમીજના આમંત્રણ કરેલા બ્રાહ્મણોને નહિ બોલાવવાનું કારણ સમઝાયુ. મહંત અને તેની ઇચ્છાથી વહિવટ કરનારની સ્વાર્થવૃત્તિ સમઝાઇ સત્ય ત્હેમને સર્વદા પ્રિય હતું. ન્યાયમાર્ગે જવાનુ ત્હેમને લક્ષ્ય હતું. પરોપકાર એ ત્હેમની વિભુતિ હતી. ધર્મ માર્ગ ત્હેમને વ્હાલ હતો. આમંત્રણ કરેલાનું અપમાન થયુ એ એમની વૃત્તિને ઠીક ન લાગ્યુ. ઘેર આવ્યા. સરકાર તરફના વહિવટ કરનારને યથાસ્થિતિ કહી, આ જે ઇરાદાથી ત્હેમને ફરજ બજાવવાની હતી તે કર્ત્તવ્ય કરવા સૂચના આપી. કામની સરકાર તરફથી તપાસણી થઇ. સત્ય હતું તે બહાર તરી આવ્યું. ફરજમાંથી મુક્ત થયા. હૃદયની ભાવના સફલિત થઇ. ઇશ્વર પ્રેરણા વિજયવત બની. ૧ “ જેને સત્ય એજ વ્રત છે, સર્વદા દીનપ્રત્યે દયા છે, જેને કામ તથા ક્રોધ વશ થયેલા છે તેણે ત્રણે લોકને જીત્યા છે. ” ૨ “ જ્ઞાનવાન અને સર્વત્ર સમદષ્ટિવાળો જે પુરૂષ લોકના હિતને માટે કર્મ કરે છે, તેણે ત્રૈલોક્ય જીત્યુ છે. ” ૩ “ પ્રાજ્ઞ પુરૂષોએ પરાર્થે ધનનો અને જીવનનો ત્યાગ ક-

---

१ सत्यमेव व्रतं यस्य दया दीनेषु सर्वदा ।
आत्मज्ञानं परं ज्ञानं सत्यं व्रतपटं व्रतम् ॥ वनपर्व.

२ ज्ञानिना लोकयात्रार्थे सर्वत्र समदृष्टिना ।
क्रियन्ते येन कर्माणि तेन लोकत्रयं जितम् ॥ महानिर्वाण.

३ धनानि जीवितं चैव परार्थे प्राज्ञ उत्सृजेत् ।
सन्निमित्ते वरं त्यागो विनाशे नियते सति ॥ हितोपदेश.

રવો જોઇયે." ૪ " પોતાનું ભરણુ પોષણુ કરવાને ઉદ્યોગે લાગેલા હજારો ક્ષુદ્રો જણાશે, પરંતુ પરાર્થ એજ પોતાનો સ્વાર્થ, એવું માનનારા સારા પુરૂષોમાં અગ્રેસર કોઇજ નથી, વડવાનલ પોતાનું પેટ ભરવાને સમુદ્રનું પાણી પી જાય છે, અપિ વાદળા કે જે જગતને વિષે ઘામરૂપ વળગેલા સંતાપને વિદારણુ કરવા માટે ઉદ્યમે લાગેલા છે, તેના સરખા પુણ્યાત્માઓ થોડાજ હોય છે." ૫ " પરોપકાર કરવાનોજ ઉત્સાહ સજ્જનોના હૃદયને વિષે જાગ્રત હોય છે, ત્હેમની વિપત્તિ નાશ થાય છે, અને પદે પદે સંપત્તિ પ્રાપ્ત થાય છે."

શ્રીયુત બાપુરામનું આમ્યજીવન અર્થ પ્રાપ્તિ સાથે પરોપકારમાંજ વ્યતિત થયેલું જણાય છે. અપુર્વ ધૈર્ય, અપ્રતિમ ઉત્સાહ, નહિ વારીશકાય એવું બળ, દાર્ગતરૂપ પુરૂષાર્થ અને તેજોમયિ સ્નેહભાવના–પ્રેમ ત્હેમના જીવન વ્યવહારમાં સાનર્થ્યરૂપ હતાં. આ સાનર્થ્યથી વિપત્તિઓનો ડગલે ડગલે સંહાર કર્યો છે, આપત્તિઓને ક્ષણે ક્ષણે નિવારી છે, દુઃખોને સહન કરી માર્ગ કાપ્યો છે, અને અભિપ્સિત પ્રાપ્ત કરવાને સમર્થ થયા છે. જ્યારે જ્યારે કર્ત્તવ્ય ક્ષેત્રપર તેઓનાં દર્શન થયા છે, ત્યારે ત્યારે એક સત્ય વિર પુરૂષનું ચિત્ર–સ્થંભરૂપે–ગંભિર ચહેરે, ઉદાત્ત ભાવનએ દૃષ્ટિએ પડ્યું છે. ત્હેમના સમાગમમાં આવનાર સર્વ જનોના તેઓ એકજ હિતેચ્છુ જણાયા છે. સર્વ સમાગમીઓનો સંપુર્ણ વિશ્વાસ પ્રાપ્ત કર્યો છે, સઘળાને એકજ સ્નેહથી સ્વીકાર્યા છે, પ્રત્યેક વ્યક્તિ પ્રત્યે બુદ્ધિઅનુસાર ઉપદેશ આપેલો છે. સંક્ષિપ્તમાં અર્થ પ્રાપ્તિ સાથે પરાર્થ–પરહિત–પરોપકાર–પર કલ્યાણને તેઓ કદિ વિસ્મર્યા નથી. વિસ્મર્યા નથી એટલુજ નહિ પણ વૃત્તિઅનુસાર કૃતિથી અથવા તો પોતે કરી દેખાડીને પારકાને દૃષ્ટાંતરૂપ થઈ પડ્યા. જે જે સત્યો ત્હેમના હૃદયે સ્વિકાર્યા હતાં, તે તે સત્યો અનુભવ સિદ્ધ હતાં. આ અનુભવ જગતરૂપ મહાન ક્ષેત્રમાંથી પ્રાપ્ત કર્યો હતો. જે પ્રાપ્તિ ત્હેમના જીવનનું અનુકરણ કરનાર સર્વને કલ્યાણકારી હતી.

---

૪ क्षुद्राः सन्ति सहस्रशः स्वभरणव्यापारमात्रोद्यताः
स्वार्थो यस्य परार्थ एव परमो नैकः सतामग्रणीः ।
दुः पूरोदरपूरणाय पिबति स्रोतः पति वाडवो
जीमूतस्तु निदाघसंभृतजगत्संताप विच्छित्तये ॥ भर्तृहरि.

५ परोपकरणं येषां जागर्ति हृदये सताम् ।
नश्यंति विपदस्तेषां संपदः स्युः पदे पदे ॥ चाणाक्य.

આ અરસામા એક નોકરવર્ગ પૈકીના માણુસે પોતાને ત્યાં * * વ્યાધિગ્રસ્ત છે, માટે શ્રીયુત બાપુરામને ઔષધિ આપવા નિમિત્તે બોલાવ્યા. આમંત્રણ સ્વિકારી શ્રીયુત બાપુરામ ત્યાં ગયા. તેને ઘેર ગયા પછી ખબર પડી કે અહીંઆં કોઈ રોગી હોય એમ જણાતું નથી. કાઇક ભય છે એમ લાગ્યું. હૃદય હલમલી ગયું, પરંતુ અપુર્વ ધૈર્ય ને અત્યુત્તમ બુદ્ધિશક્તિએ છુટયા. આ પ્રસંગ ખરેખર કટાકટીનો હતો, છતાં આપત્તિ વિપત્તિ પ્રસંગે રખાતી ધૈર્યતાનો કયારેય ક્ષોભ થતો નહિ.

आपद्गतः खलु महाशय चक्रवर्ती
विस्तारयत्यकृत पूर्व मुदार भावम् ।
कालागुरुर्दहन मध्यगतः समन्तात्
लोकोत्तरं परिमलं प्रकटी करोति ॥

भामिनी विलास.

આપત્તિમાં ગયેલા અપ્રતિમ બુદ્ધિભાસંપન્ન–મહાશય ચક્રવર્તી, પુર્વે ન કરેલા એવા ઉદાર ભાવને વિસ્તારે છે, જેમ કાલા ગુરૂ–કાળા અગરૂનુ કાષ્ટ અગ્નિના મધ્યમાં ગયેલું હોવા છતા સર્વત્ર–સર્વ દિશાએ ઊત્તમ સુગન્ધ પ્રકટ કરે છે. તેમ મહાશય આપત્તિઓમાંજ અધિક શોભે છે. આપત્તિ વિપત્તિઓજ ત્હેમને અનુભવની શાળા છે. આ શાળામાં ઉત્તરણિય થયેલો જે મહાત્મા સત્ય સુખને ભોગવી શકે છે–જોઇ શકે છે.

શ્રીયુત બાપુરામને બે યોજનાઓ ઘડી આચારમાં મૂકવાની અભિલાષા થઇ ત્હેમની અભિલાષા ધર્મીજ માટે હિતાવહને કલ્યાણકારી હતી. બન્ને યોજનાઓ ધર્મરૂપ હતી. પ્રથમ યોજના ગ્રામ્યજનોમાં ધાર્મિક અસર બેસાડવાની હતી, ને દ્વિતીય પ્રવૃત્તિ ગ્રામ્યજનોનાં બાલકોને સુશિક્ષિત બનાવવાની હતી. બન્ને પ્રવૃત્તિઓ શ્રેયસ્કર અને ઉદય માર્ગપર લેઇ જનાર હતી. સંસાર વ્યવહારના માર્ગ દર્શકરૂપે દ્વિતીય પ્રવૃત્તિ અને આત્માના કલ્યાણ માટે પ્રથમ પ્રવૃત્તિ આદરણિય ને વંદનીય હતી. મનુષ્ય માત્રને જન્મતાંથી તે મરણ સુધીમાં આ બે માર્ગોજ ઉચ્ચાવસ્થામાં લેઇ જવા સાધનરૂપ છે. સુશિક્ષિતાવસ્થા આ જન્મમાં ઉચ્ચ સ્થાનપર લેઇ જાય છે, જ્યારે ધર્મ પરાયણ વૃત્તિ આત્માને ઉચ્ચ દશામાં સ્થાપે છે. એક ક્રિયાનુ સત્ત્વ વર્તમાન જીવન પ્રવાહમાં સાર્થકયરૂપ છે, જ્યારે બીજી ક્રિયાનું સત્ત્વ અવિનાશી આત્માના લક્ષ્યરૂપ છે શાસ્ત્રકારો, અને પુણ્યાત્માઓ જીવન કલાને ઉન્નત્ત કરવા અનેક માર્ગો પ્રબોધે છે, આ પ્રબોધન

શરીર નાશ પામતાં જે ચૈતન્ય અવિનાશરૂપે જડમાંથી નિકળે છે, તે વાસનામય જીવાત્માને શુદ્ધ–સત્–ચિત્તને આનંદ સ્વરૂપે–અથવા તો અનંત આકાશમાં સચરાચર વ્યાપ્ત ભાવને પામવાને–અથવા તો શુદ્ધ સુવર્ણમાં શુદ્ધ સુવર્ણનો યોગ થવાને માર્ગદર્શક છે, જ્યારે સંસારિક વ્યવહારિક ઉન્નતિના હેતુરૂપ આ વિદ્યાભ્યાસ ગૃહસ્થાશ્રમને સુખરૂપ બનાવી મુકે છે.

ધાર્મિક ભાવના–ધર્મિક લક્ષ્ય, મનુષ્ય જીવનનું કર્તવ્ય ક્ષેત્ર છે આપણો એક જન્મથી અવધિ નથી. પૂર્વે નહોતા અને ભવિષ્યમાં થઇશું નહિ એ માનવું પણ ભૂલ ભરેલું છે. શ્રી કૃષ્ણ ગીતાદ્વારા ઉપદેશે છે કે;–[1] "હે ! અર્જુન ! મારા અને તારા અનેક જન્મો થયા છે." માટે આ જન્મોમાં જે સ્થિતિમાં મનુષ્ય મૂકાય છે, તે સ્થિતિને અનુસરી કર્તવ્ય કરવું એ એક તેને માટે મહાન્ ધર્મ છે. બીજો ધર્મ આત્માનો વિકાસ કરવાનો છે, અથવા તો અધ્યાત્મજ્ઞાન યોગની સિદ્ધિ પ્રાપ્ત કરવાનો છે. આ સિદ્ધિ જીવનકલહનું અકથનિય લક્ષ્ય બિન્દુ છે. આ લક્ષ્ય બિન્દુની સાર્થકયતા તેજ અજરામરત્વ છે. શ્રી ગીતામાં કહે છે કેઃ—

[2]મ્હનેજ સ્મરતો છાંડે, અન્તકાલે શરીર જે,
પામે છે ભાવ તે મ્હારો, નથી સંશય એ મહી. ॥ ૮ ॥ ૫ ॥

* * * * *

અનન્ય ચિત્તનો નિત્યે જે અખંડ મને સ્મરે,
તે નિત્ય યુક્ત યોગીને હું છું સુલભ, ભારત ! ॥ ૧૪ ॥
મ્હને પામી પુનર્જન્મ દુઃખાગાર અશાશ્વત,
ન પામે તે મહાત્માઓ પામેલા સિદ્ધિને પરમ્ ॥ ૧૫ ॥

* * * * * *

મનુષ્યને સુશિક્ષિત બનવા માટે શાળામાં પ્રવેશવાની બાલ્યકાળમાં જરૂર હોય છે. જાણવું–ભણવું એ અમુક દૃષ્ટિમર્યાદાના શિક્ષણપર આધાર રાખવું ભૂલ ભરેલું છે, છતાં એટલી મર્યાદાની રસ લગાડવા માટે તો આવશ્યકયતા છે. બુદ્ધિનો જો સદુપયોગ થાય છે, તો તેનું પરિણામ કાંઇક જુદુંજ આવે છે. મનુષ્ય જીવનમાં વાંચતાં–લખતાં આવડવું એ પ્રાથમિક કાર્ય છે. આ કાર્ય સફળ થયા પછી બુદ્ધિનો ઉપયોગ અને તેના મને પસંદ કરેલો વિષય એની ઉન્નતિમાં તો હિતાસ્પદ છે. પ્રત્યેક મનુ-

---

૧ बहूनिमे व्यतितानि जन्मानि तव चार्जुन ॥ ४ ॥ ५ ॥
૨ રા. રા. ન્હાનાલાલ દલપતરામ કવિકૃત ભગવદ્‌ગીતા ભાષાંતર.

ધ્યને આ સાધન કર્ત્તવ્યનાં ચક્ષુરૂપ હોય છે. આ ચક્ષુથી તે સારાસારને પારખી શકે છે, તે પ્રમાણે બુદ્ધિયોગ થાય તો વર્તી શકે છે, અને યોગ્ય વર્તન થાય તો અભિપ્સિત પ્રાપ્ત કરી શકે છે. એ તો નિર્વિવાદ સત્ય છે કે પ્રત્યેકને ભણવાથી લાભ થાય છે. આ જ્ઞાન દાન બહુજ બહોળા પ્રમાણમાં કરવું જોઇયે. વિદ્યારૂપી દાનને કંજુસની માફક પેટીમાં રાખવું એ દ્રોહીપણું છે. લક્ષ્મિયોગ કરતાં વિદ્યાયોગ મનુષ્યની ઉન્નતિ માટે તો આવકારદાયક છે. જેમ બને તેમ તેનો બહોળા પ્રમાણમાં ઉપયોગ થવો જોઇયે. વિદ્યા એ વિર્ય છે. વિર્ય એ શક્તિ છે. શક્તિ છે ત્યાં સઘળું છે. આપણો ઉદય વિદ્યારૂપી વિર્ય પ્રભાથીજ વધવાનો છે. જે દેશમાં વિદ્યા નથી, તે દેશમાં કશુંજ નથી, એમ માનવામાં કશોય બાધ નથી.

ધમીજમાં રામદાસ નામનો એક સાધુ રહેતો હતો. શ્રીયુત બાપુરામની ધમીજના નિવાસ સ્થાનની બીજી અવસ્થામાં રામદાસ સાધુ વૃદ્ધ થયો હતો. એક સાધારણ ઘરમાં મંદિર કરી પોષણ કરતો હતો. આ સાધુ પાસે ગુજરાન પુરતુ કાંઇક દ્રવ્ય હતું. ગામમાં સારા મંદીરની યોજના થાય તો તેમા બે લાભ સમાયેલા હતા. એક તો તેથી ધર્મ પ્રત્યે આસ્થા વધે, ને બીજું ગામનુ સારૂં મકાન થવાથી ભૂષણ વધે. આ બે રૂપો મંદિર બાંધવાથી બને-વધે. રામદાસને તેની પાસે જે પૈસા હતા, તેમાંથી થોડું ઘણું વાપરવાની સૂચના—સલાહ—ઉપદેશ આપ્યો. રામદાસને એ ઉપદેશ રૂચિકર ન લાગ્યો. રામદાસ ગામમાંથી માગી લાવી—પોષણ કરતો, ને વધે તેનો બચાવ કરતો. આમ બચાવ કરતાં કરતાં થોડું ઘણું સંગ્રહી શકયો હતો. એમ કરતાં શ્રીયુત બાપુરામે મંદિર બંધાવવાની ભાવનાઓનો પ્રકાશ ધીરે ધીરે ગ્રામ્ય જનોના હૃદયપર પાડવા માંડયો. કેટલાક વખત પછી આગેવાનોએ એમની ભાવનાનો સ્વિકાર કર્યો ને શ્રી રામજી મંદિર બંધાવવાનો નિશ્ચય કર્યો. નિશ્ચય થયા પછી એમાં ઝાઝીવાર લાગી નહિ. એક હાથે જે કામ થતાં વખત અને પૈસાનો વ્યય થાય છે, તે જ્યારે અનેક હાથ એકઠા મળે છે, ત્યારે સુતરને સુલભ થઇ રહે છે. ગ્રામ્ય જનોની પ્રવૃત્તિએ વિચારને આચારમાં મૂકયો ને થોડા વખતમાં ગામની સ્થિતિ પ્રમાણે એક સારૂ મંદિર—મકાન તૈયાર કર્યું.

આ અરસામાં રામદાસ સાધુને પક્ષાઘાત થયો. તેનાથી ઉઠી કે બેશી શકાતું નહિ. શ્રીયુત બાપુરામે તેની અન્તઃકરણ પૂર્વક બરદાસ કરી. એમ કરતાં કરતાં દિવસે દિવસે તે અશક્ત થયો, અને તેના મને નિશ્ચય

કર્યો કે હવે મારાથી જીવી શકાશે નહિ. ગામના લોકો તેની પાસે બેસતા ઉઠતા. પ્રસંગ મળે કાંઇ દ્રવ્ય સંગ્રહ છે કે કેમ ? અને છે તો ક્યાં છે ? એ સંબંધમાં ઇસારો–કે વાત કરતા, પરંતુ રામદાસ માત્ર નકારમાંજ એમની ઇચ્છાઓને દાબી દેતો. જ્યારે અવસાનકાળ સમીપ આવ્યો, ત્યારે તેણે કાંઇક સાનમાં ઇસારો કર્યો. આ ઇસારો શ્રીયુત બાપુરામને પાસે બોલાવવાનો હતો. તેની ઇચ્છા પ્રમાણે શ્રીયુત બાપુરામને બોલાવવામા આવ્યા શ્રીયુત બાપુરામ આવ્યા કે તુરતજ તેણે કુચીઓ ત્હેમની તરફ ફેંકી. કુંચીઓ ફેંકયા પછી માત્ર સ્મશ્યાથી સમઝાવ્યું. બેચાર આગેવાનોને શ્રીયુત બાપુરામે બોલાવ્યા, અને ત્હેમના સમક્ષ જે કાંઇ સંગ્રહ હતો તે કાઢયો. બસેં ચારસેં રૂપીયાજ તેના સંગ્રહ–ભંડારમાં હતા ! આ રકમને એક પ્રતિષ્ઠિત વાણીઆને ત્યાં મુકી, અને તેને–રામદાસને નવા મંદિરમાં લાવવામાં આવ્યો કેટલાક દિવસ પછી તેનો આત્મા પંચત્વ પામ્યો.

શ્રીયુત બાપુરામનામા અણિ વખતે કાર્ય કરવાનો અને સમયને ઓળખી વર્ત્તવાનો તથા ગરીબોપર અથવા તો નિરાધારીઓને મદદ કરવાનો ગુણ ઘણોજ ઉત્તમ હતો. રામદાસને કોઇ મદદ કરતું નહિ, તેમ તેનુ નિકટનું કોઇ સંબધિ હતું નહિ, અથવા તો પરોપકાર કરવાની શક્તિ આસપાસના રહેનારાઓની નહોતી. તેને પક્ષાઘાત થયો હતો, એટલે તેનાથી તેના શરીરની સભાળ રાખી શકાઇ નહિ. શ્રીયુત બાપુરામે પોતાના એક ભાઇથી જાદે ગણીને તેની તમામ પ્રકારની માવઝત કરી. આ બરદાસ એટલે સુધીકે તેના અવસાન કાળ વખતે તેને શૌચાદિથી પણ નવરાવી–ધોવરાવી–શબને શુદ્ધ–ઉપાડવા લાયક કર્યું. કેટલીબધી–અસાધારણ પ્રેમ–ભાવના ! એવાજ પુરૂષો ઉત્તમ કહેવાય છે ! માન અપમાનને પાછળ મૂકી જેણે કર્ત્તવ્ય ક્ષેત્રમાં પાછીપાની કરી નથી, તેવા વિર પુરૂષોજ ‘ પુણ્યાત્મા–મહાત્મા ’ થવાને લાયક ગણાય છે. આ મહદ પદ ત્હેમના સુશોભિત શરીરથી નહિ, અપિ ગુણ પ્રકાશથીજ પ્રાપ્ત થયેલુ હોય છે. પરોપકાર–પર કલ્યાણ એ તો ઉચ્ચાશયીઓનાં જીવન કર્ત્તવ્ય સૂત્રો રૂપે હોય છે. આ સૂત્રોનો જાણે અજાણે પણ ભંગ કરાતો નથી, એવા મહાન પુરૂષોજ ઇતર જનોને વંદનીય છે. એમનુજ જીવન અન્યને બોધામૃત રૂપે રહે છે.

ધમીજમાં બાળકોને શિખવાને ભાગી તુટી ગામઠી નિશાળ હતી.

ગામઠી નિશાળમાં મહેતાજી આવે ને જાય. એમાં બાળકોનું કે મહેતાજીનું કશુય કલ્યાણ થતું નહોતું. મહેતાજી એક દિવસ ભણાવે ને બે દિવસ ઘેર રહે. મહેતાજીનું લક્ષ બાળકોપર નહોતું રહેતું પણ આજીવિકા પ્રત્યે રાત્ર દિવસ લાગેલું રહેતું. પોતાના સ્વાર્થમાં ઓત પ્રોત અન્યનુ હિત કરવા સર્વદા અશક્ત નિવડે છે. શરૂઆતમા * * * * ગામનો * * * એક માણુસ ગામઠી શાળા કાઢી બેઠેલો હતો. બાળકોને સદ્ સંસ્કારો નાખવાનુ તો એક બાજુએ રહ્યુ, પણ બિભત્સ શબ્દોચ્ચારથીજ તેની વાણી ભરેલી રહેતી. જુનો જમાનો, ને મહેતાજી ભણેલા ! પોતાનું ભણતર, પોતાનેજ મો'ટા પુરૂષ કહેવડાવવા જેટલું હતું ! આ પણ જમાનાની, વખતની બલિહારી હતી !

આ મહેતાજીના ગયા પછી * * * * નામના એક મહેતાજીએ તેમનું કામ કરવા માંડયું. કર્મયોગે બાળકોને તેની સાથે બેસતું ન આવ્યુ. મહેતાજી મારે તો કોઇથી ના પડાય નહિ કે કશુંય કહેવાય નહિ. મહેતાજી એટલે ગામના અગ્રેસર ! આમ થતાં તેમને પણ મહેતાજી પદ છોડવું પડયુ. આ અરસામાં * * * ગામનો * * * * માણુસ આવ્યો બ્રાહ્મણભાઇને ભોજનપર બહુજ પ્રેમ હોય છે ! એક દિવસ નિશાળમાં રહે તો એક દિવસ મિષ્ટાન્ન પ્રાપ્તિ માટે પરગામ જાય. આમ કરતા ઘણા દિવસો વહી ગયા. શ્રીયુત બાપુરામને આ વખતે ગામની આબાદી માટે કેળવણી પ્રત્યે અભિરૂચિ થઇ વિદ્યા સમાન દાન નથી, એમ એમના મનમાં નક્કી ઠસ્યું. ગમે તે માર્ગે ગામમાં સારી નિશાળ થાય તો બાળકો સુશિક્ષિત બને, આ ધારણા એમના કાર્યાલયમાં રાત્રિદિવસ ઘોળાયા કરતી હતી. બાળકો યથા નિયમે નિશાળમાં જતા નહિ. માબાપોનો ભાવ નિશાળ પ્રત્યેથી ઉઠી ગયો એ પણ સત્ય છે કે બાળકના વિચારો તોડવા નહિ પણ સાનુકુળ કરવા અથવા તો વાળવા. જેટલી કઠોરતા એમનુ મન સ્વિકારી લે છે, તેટલું તેનુ કલ્યાણ અન્યથી થતું નથી. શ્રીયુત બાપુરામ આ સૂત્ર યથાર્થ જાણતા હતા નિશાળની આબાદાની કરવા માટે, અને બાળકોને ભાવથી રુચિ થવા માટે આ સૂત્રોપાલનનિયમની ખાસ જરૂર હતી. આ અરસામાં ધમીજમાં સરકારી નિશાળ થવાના સંજોગો બનેલા, પરંતુ દૈવયોગે તે યોજના અમલમાં આવી શકી નહિ. નહિ આવવાનું કારણ મહેતાજીની ખટપટ ! કારણ આ વખતે ધમીજમાં સરકારી નિશાળ થવાની જરૂર હતી, તેમ લોકોની

અન્તઃકરણની ઈચ્છા હતી, આ શિવાય શ્રીયુત બાપુરામનો અથાગ પ્રયાસ હતો, છતાં પચીસ ઘરવાળા એક ઠાકરડાના ગામમાં, જ્યાં કેળવણી પ્રત્યે અભાવ, ને લોકોની અજ્ઞાનતા, તેવા ગામમાં સરકારી નિશાળ કરવાનું હતું ! એ પણ ભાગ્ય ! લોકોની અન્તઃકરણની વૃત્તિનું ફળ ! એક બે વખત તપાસણી થઇ, પરિણામ કાંઇ આવ્યું નહિ.

આ અરસામાં વડોદરા રાજ્યમાં પ્રતિષ્ઠિત મે રા. બા. આત્મારામભાઇ પટેલ માસ્તર ધમીજ ગામમાં આવ્યા. શ્રીયુત બાપુરામ તથા મે રા. બા. પટેલ માસ્તરને સારો સ્નેહ સંબંધ થયો. એક વખતે રા બા. પટેલ માસ્તરે પૂછયું કે,—આ ગામમાં નિશાળની આબાદી કેમ થતી નથી ? તેમ બાળકોને કેળવણી આપવાનો કયો માર્ગ છે ? આ પ્રશ્નોના જવાબમાં શ્રીયુત બાપુરામે પૂર્વ સ્થિતિનું યથાર્થ વર્ણન કરી બતાવ્યું, ગામના એક બે આગેવાનોને ત્હેમની રૂબરૂ બોલાવવામાં આવ્યા. આગેવાનોએ જે સત્ય હતું તે કહી દેખાડયું. શ્રીયુત બાપુરામના વિનયથી અને રા. બા. પટેલ માસ્તરની ઇચ્છાથી, એક તુમાર ઉપસ્થિત થયો. આ સંબધની તપાસ કરવાને મે. ખા. બા. વિદ્યાધિકારી સાહેબ તરફથી ગોઠવણ થઇ ગોઠવણના અંગે મે રા. રા. જીવણલાલભાઇ મહાસુખરામ આવ્યા. અકંદર તપાસ બુદ્ધિપૂર્વક કરી. ગામની આશાઓ અને પ્રયત્ન નિષ્ફળ થયેલાં ત્હેમને જણાઇ આવ્યાં. લોકની માગણી અને શ્રીયુત બાપુરામનો પ્રયત્ન હિતાવહ છે એમ ખાત્રી થઇ. ત્હેમણે તપાસણીને અંગે સત્ય વસ્તુસ્થિતિ લખી જણાવી. ત્હેમની તપાસણીના પરિણામમાં માત્ર ગ્રામ્યશાળા થવાનું નક્કી ઠર્યું. ગ્રામ્યશાળા નક્કી થતાં રા. મોહનલાલ નામના એક માસ્તરની નિમણોક થઇ અને એકાદ વરસ પછી નિશાળની આબાદી થતાં ગ્રામ્યશાળા ફેરવાઇ ને સરકારી નિશાળ થઇ.

શ્રીયુત બાપુરામને બાળકેળવણી પ્રત્યે સંપુર્ણ ભાવ હતો. આ ભાવ માત્ર વિચારથીજ પુર્ણ થતો નહોતો, પરંતુ આચારથી તેની સત્યતા દર્શાવાતી હતી. મહદ્ જનોમાં પોતાના વિચારોથીજ કર્તવ્ય ક્ષેત્રની સમાપ્તિ થતી નથી, અપિ ક્રિયાદ્વારેજ સત્ય દર્શાવી આપે છે. ભણવા તરફ બાળકોને અભિરૂચિ થાય, ત્હેમના મનને ભણવું બોજારૂપ ન થાય, અને નિશાળ એ પોતાનુંજ ઘર છે એમ વૃત્તિમાં આરૂઢ થાય તે તરફ શ્રીયુત બાપુરામનું લક્ષ કેન્દ્ર હતું. આ લક્ષને તેઓએ વિધિસહ સાધ્ય કર્યું હતું. માસમાં એકાદ વખત બાળકોની પ્રસન્નતાર્થે કાંઇ સારૂં સારૂં ખાવાનું

આપતા. વરસમાં એકાદ વખત મિષ્ટાન્ન જમાડતા, અને ગામમાં ન મળી શકે તેવો મેવો માત્ર બાળકો માટે લાવી વહેંચતા. નિશાળમાં સારી હાજરી આપનારને તથા ભણવામાં ઉત્સાહ ધરાવી ઉચ્ચે નંબરે આવનારને બક્ષિસ આપતા. આથી નિશાળમાં જવાની પ્રત્યેક બાળકને ઇચ્છા થતી, અને ઉચ્ચા નંબરે આવવાને અભિલાષ રહેતી ગરીબ સાધન વગરનાં બાળકોને પોતાના તરફથી મદદ થતી. કેટલેક પ્રસંગે બાળકોના મા બાપને ગરીબાઇના પ્રસંગે, કે કેળવણી પ્રત્યે અભાવના સમયે ત્હેમનાં બાળકોને ભણવા પુરતું સાધન અપાતું નહિ, તે વાત લક્ષમાં રાખીને શ્રીયુત બાપુરામ તેવાં બાળકોની વૃત્તિ ભણવા તરફથી ખસી જાય નહિ—બદલાઇ જાય નહિ તે માટે પુરતી સંભાળ લેતા, ને જરૂરીઆતો પુરી પાડતા. નિશાળનાં બાળકો પ્રત્યે ત્હેમની સંપુર્ણ કાળજી હતી. મને સાંભરે છે કે, શ્રીમત અને ગરીબ કુટુંબનાં તમામ બાળકોને તેઓ છાતી સરસાં ચાંપતા. બાળકો તરફ ત્હેમનો સંપૂર્ણ સ્નેહ—પ્રેમ હતો. મહાત્મા ઇશુએ કાઇટ જેમ જણાવ્યું છે કે, બાળકોને મારી તરફ આવવા દો, તેમ તેઓ સર્વદા એનીજ ભાવના રાખતા અને આચારથી કરી બતાવતા કે બાળકોને મારી પાસે આવવા દો. બાળકનાં મા બાપ જે વાસ્તલ્ય ભાવથી ત્હેમના બાળકોપર સ્નેહ રાખતાં, તેવોજ વિદ્યાપ્રતિ અભિરૂચિ ધરાવનાર શ્રીયુત બાપુરામ ત્હેમનાપર પ્રેમ રાખતા, લાડ લડાવતા, સદ્‌બોધ આપતા ને અંકમાં લેતા.

ગ્રામ્યજીવનમાં ભાષણ એતો નવાઇજ ગણાતી. ભાષણ સાંભળે ખરા પણ સમજે નહિ. ભાષણકારને જે વસ્તુ સ્થિતિની છાપ અન્ય હૃદયોપર પાડવી હોય, તે તેને મન મુશીબત ભરેલું ગણાતું, અને ગ્રામ્યજનોને તો શલ્ય જેવું સમઝાતું. આ સ્થિતિમાં ત્હેમને બોધ આપવાને શ્રીયુત બાપુરામે બે માર્ગ ગ્રહણ કર્યા. એકનો કથા વાર્તાદિદ્વારા અને બીજો માર્ગ બાળકોનાં ભાષણો ને સંવાદોદ્વારા પોતાની ધારણા પાર પાડવી ધારી. બન્ને ધારણાઓની ક્રિયાવડે તેઓ આ વિષયમાં રસ ઉત્પન્ન કરી શકયા. એ નિર્વિવાદ સત્ય છે. મનુષ્ય માત્રને રસ ઉત્પન્ન કરવો એજ પહેલું—આરંભનું કર્તવ્ય દરેક ઉપદેશકે જ્ઞાન આપનાર માટે હિનાવહ છે. જેને રસ ઉત્પન્ન નથી હોતો, તેને ધારેલા માર્ગે લેઇ જવાનું કાર્ય ઘણુંજ ગુંચવણ ભરેલું ને મુશીબત છે. આ દેશમાં આવી ક્રિયાઓની ઓછી કળવણીને લીધે, ધારેલું ફળ પ્રાપ્ત કરી શકાતું નથી. પ્રથમતો આપણાં બાળકોને

કયો વિષય આપ્ત છે, અથવા તેને કયો રસ પ્રાધાન્ય છે, એ જાણવું-માનવું અને આચરવું આપણા દેશની ઉન્નતિ માટે આવકારદાયક છે જ્યા સુધી આ સત્યને આપણી ઇચ્છાઓ-ધારણાઓમાં ગુંથીશું નહિ, ત્યાં સુધી આપણી કેળવણી યથેચ્છ ફળ પ્રાપ્ત કરાવનારી થઈ શકશે નહિ શ્રીયુત બાપુરામની આ માન્યતા બહુજ કલ્યાણકારી હતી. રસ ઉત્પન્ન કરનાર નિબંધો-ભાષણો સંવાદો-કવિતાઓ જેમ સંમેલન પ્રસંગે બોલાવવામાં આવે છે, તેમ ગ્રામ્ય જનોને એકઠા કરી બોલાવતા. આ રીતે પ્રત્યેકને આનંદ આપતા, અને તેનો લાંબો પ્રયોગ સર્વને પોતાના તરફ આકર્ષતો. વારંવાર આ દ્વારાએ અપાયેલા ઉપદેશથી ગ્રામ્યજનોમાં કેટલુક સત્ય તત્ત્વ સમઝાયું ને પ્રસંગ મળે ત્યા આચરણમાં મુકાયું.

શ્રીયુત બાપુરામને વૈદકમા દિન પ્રતિદિન યશ મળતો ગયો, તેમ તેમ વૈદકનો ધંધો એ મૂખ્ય સાધન થઇ પડ્યું. શરૂઆતમા તો ત્હેમને ખાવા પીવાને પ્રાપ્ત સાધન માટે પોતાની જાતપર આધાર રાખવો પડતો હતો. કારણ એમનાં પત્ની સૌ. કાશીબાને પોતાના પુત્રોના અભ્યાસની સગવડ માટે ઘણે ભાગે અમદાવાદ રહેવાનું બનતું. દિવસે દિવસે વ્યવસાય વધતો ગયો, તેમ એકલા હાથે પહોંચી વળતાં અગવડો વેઠવાનો પ્રસંગ આવ્યો. આ અગવડોમાથી મૂક્ત થવાને એક બ્રાહ્મણના છોકરાને ભોજન વગેરે તૈયાર કરવાને તથા કેટલુંક પરચુરણ કામ કરવાને રાખ્યો બ્રાહ્મણના છોકરાને રાખવા છતાં તેઓ પરાશ્રયપર વિશ્રામ કરે તેવા નહોતા. પોતાનાપરની જે ફરજો હતી, તેમાં અન્યને ચંચુ પ્રવેશ કરવા દેતા નહોતા. સ્વાશ્રયીઓનો આ ગુણ અપુર્વ હોય છે. સ્વાશ્રયપર ઉદય પામતા મહદ્‌જનો પોતાની જાતનેજ પ્રત્યેક કાર્યમાં આળપે છે. એવામાં ત્હેમના જ્યેષ્ટ પુત્ર રા. રા. જેઠાલાલભાઇને નોકરી મળી, એટલે તેને-તે બ્રાહ્મણના છોકરાને રા. રા. જેઠાલાલભાઇ સાથે મોકલ્યો, ને તેના ભાઇને પોતાને ત્યા શ્રીયુત બાપુરામે રાખ્યો. નોકરપ્રત્યેના સ્નેહનું ને કર્તવ્યનું પરિણામ જાણવું આ પ્રસગે અસ્થાંને નહિ ગણી શકાય.

કેટલાક શ્રીમંતો કાંતો નોકર ચાકરપર પોતાનો સંપુર્ણ વિશ્વાસ સોંપી, પાત્રાપાત્ર જોયા વગર ઘરની તમામ લગામ સોંપી દે છે. આવા પ્રસંગે તેઓને જાતીય બળની કિમત હોતી નથી, એટલે સત્યાસત્યનાં પડળ ત્હેમના તેજ માર્ગને પ્રતિબંધક થઇ પડેલાં હોય છે બીજા પ્રકારના શ્રીમંતો નોકર-ચાકર એટલે બીજી સૃષ્ટિનો માણસ, એમ ધારી તેની સાથે

ભિન્નત્વભાવનું વર્ત્તન રાખે છે. આ બન્નેમાંથી એકે પ્રકારનો શ્રીમંત વર્ગ નોકર–ચાકરોના કર્ત્તવ્યથી સંતુષ્ટ થઇ શકતો નથી. કારણ પ્રથમ સ્થિતિમાં તેઓ જાતે છેતરાય છે, ઠોકર ખાય છે ને પસ્તાય છે, જ્યારે દ્વિતીય પંક્તિના અવિશ્વાસના કારણે નોકર–ચાકરોના મતને ઝીતી શકતા નથી. બન્નેની ક્રિયા દોષપાત્ર છે. શ્રીયુત બાપુરામ આ બન્ને પ્રકારના ચેપથી મુક્ત હતા. નોકર ચાકરોને વિશ્વાસ આપતા પહેલાં તેઓ ચોકસ કસોટિપર ચઢાવતા. જેમાં વધારે ગુણ–માર્ક્સ આવે તે એમના વિશ્વાસનુ સ્થાન થઇ પડતો. એક વખત વિશ્વાસનું પાત્ર થઈ રહ્યા પછી તેને તરછોડતા નહિ. પરંતુ વિશ્વાસનું પાત્ર નોકર હોવા છતાં, તે જાણે નહિ તેમ તેનાં સઘળાં કામોની તપાસણી કરી લેતા. દોષ પડે પછાડતા નહિ પણ સત્યાસત્યનું ભાન નોકર ચાકરોને આપતા. જેને પોતાનો ગણે તેને કદિય તરછોડતા નહિ. નોકર ચાકરો પોતાનું ઘર છોડી જાય નહિ ત્યાં સુધી ત્હેમને કાઢી મૂકતા નહિ. માત્ર કેટલાક અપવાદો શિવાય–એટલે એની રીતભાત એમના ઘરની રીતભાત સાથે મળતી આવી નહિ હોય ત્યાં આગળજ–ત્હેમનાપ્રતિ દુર્લક્ષ કરતા, અને એ શિવાયના બીજા નોકરો સારી પ્રાપ્તિ મળતાં વખતે બીજે સ્થળે ખસી જાય તો, ત્હેમના પ્રેમનું પાત્રજ રહેતા. આવે સ્થળે નોકર એટલે વેઠીઓ નહિ પણ ઘરનો માણસ હોય તેમ વર્ત્તતા. તેને અપમાન કે અપ્રસન્નતા થાય તેવી કૃતિ કરતા નહિ. નોકરપ્રત્યે તેની પ્રત્યેક ફરજો પુરી પાડતા. દૃષ્ટાંતરૂપે એમને ત્યાં આ વખતે શરૂઆતમાં ઘમીજની બીજી અવસ્થામાં મણીલાલ નામનો એક બ્રાહ્મણ રહેતો હતો. શ્રીયુત બાપુરામ તેનાપ્રત્યે સંપુર્ણ પ્રેમ રાખતા હતા. તેની સ્થિતી ગરીબ હતી મા બાપ તેને નાનો મુકી મરણ પામ્યાં હતાં. તેને એના શિવાય બીજા બે ભાઇ હતા; તેમાંનો મોટો ભાઇ એની બાલ્યાવસ્થામાં મરણ પામ્યો હતો. આ માણસની જ્ઞાતિમાં કન્યાઓની ઘણી અછત હતી. તેમ એના સ્થિતિ સંજોગો લગ્ન ગ્રંથિમાં જોડવાને નિષ્ફળ થયા હતા. છતાં પોતાના પુત્રપ્રત્યે જેટલો સ્નેહ હોય તેટલોજ મણિલાલ પ્રત્યે ત્હેમણે રાખ્યો, અને પોતાની જાતપર બધી ફરજો વહોરીને તેને પરણાવ્યો. પરણાવ્યો એટલુંજ નહિ પણ પાછળ એની સંપુર્ણ સંભાળ રાખી. અમદાવાદ નિવાસમાં ત્હેમનું કામ કરતા ઘમીજના વતની ચુનીલાલ આદીતરામ પ્રત્યે પણ એજ ભાવના રાખી હતી.

શ્રી રામજી મંદિર બંધાવ્યા પછી, શ્રીયુત બાપુરામે અંબાજી માતા-

ની ઓરડી દુરસ્ત કરાવી, ધર્મપ્રતિ ત્હેમને સંપુર્ણ શ્રદ્ધા હતી, છતાં અંધશ્રદ્ધાને તેઓ વશ નહોતા. અંધશ્રદ્ધા વશ અનેક જનોને તેઓ સદ્‌બોધ આપતા. એમને શરૂઆતથીજ શ્રી શંકરાચાર્યે જયઘોષથી પ્રતિપાદન કરેલા શુદ્ધાદ્વૈત માર્ગપ્રતિ શ્રદ્ધા હતી. આ શ્રદ્ધાને પ્રસંગોપાત કર્ત્તવ્યથી સિદ્ધ કરી બતાવી હતી. મંદિરો બંધાવવાની યોજના શલ્ય જેવાં હ્રદયોવાળાઓને ધર્મપ્રતિ આસ્થા બેસાડવાની હતી. એ પણ સત્ય છે કે, જ્યાં સુધી પાત્ર તેમાંની વસ્તુને ધારવા શક્તિમાન થાય નહિ, ત્યાં સુધી તેનાથી સહન થઇ શકે, તેવું વજન મુકવાનું હિતાવહ ગણાય છે. વિશેષ બોજો પાત્રને ભેદી શકે છે, તેને છેદી શકે છે, અને પરિણામે છિન્ન ભિન્ન કરી નાંખે છે.

શ્રીયુત બાપુરામના આર્થિક સૂત્રોપ્રતિ લક્ષ કરવું હિતાવહ છે. આપણે જોઇ ગયા છિયે કે ત્હેમની આર્થિક સ્થિતિ શરૂઆતમાં ઘણીજ નરમ હતી, આ સ્થિતિને સુધારવામાં અથાગ પુરૂષાર્થ ને સ્વાશ્રયની કળા વિકસાવી હતી. ગરીબ સ્થિતિમાંથી સુખદ સ્થિતિમાં આવનારને અર્થ શાસ્ત્રના નિયમો સારી રીતે સમઝવામાં આવેલા હોય છે. પૈસાની તેને કિંમત હોય છે. પૈસાનો ઉપયોગ કરતા પહેલાં, ઉપયોગની પ્રત્યેક દિશા ત્હેમને લક્ષપૂર્વક જોયેલી હોય છે, વસ્તુ અથવા પ્રસંગનો સત્યાસત્ય નિર્ણય બુદ્ધિએ કરેલો હોય છે, પૈસો એ કેવી વસ્તુ છે, તે ત્હેમને સારી રીતે સમઝણમાં હોય છે. શ્રીયુત બાપુરામ આ સૂત્રોને સારી રીતે સમઝતા હતા, અને તે પ્રમાણે વર્તન રાખતા હતા, પરંતુ ત્હેમનામાં કંજુસાઇનો ગુણ નહોનો. કરકસર કરવી એ ત્હેમને પ્રિય લાગતું, પણ કંજુસાઇ કરવી એ યોગ્ય જણાતું નહિ. કંજુસાઇ એ જીવનની ઉત્તમ ભાવનાઓને કચડવારૂપ છે, જ્યારે કરકસર એ સંગ્રહ કાર્યનો રાજ્ય માર્ગ છે.

ચાલતા જમાનામાં પૈસાની વિશેષ જરૂર છે. જેમ જેમ દુનિઆં આગળ ચાલતી જાય છે, તેમ તેમ તેને ડગલે ડગલે પૈસાનો ઉપયોગ પડે છે. ચાલતા જમાનામાં આ વસ્તુનો અભાવ પ્રવૃત્તિનાં સઘળાં દ્વાર બંધ કરે છે. પ્રાચિન શ્લોકના ભાવ પ્રમાણે તોઃ—જેની પાસે દ્રવ્ય છે તેજ કૂળવાન–વિદ્વાન–વક્તા કે સર્વ ગુણ સંપન્ન મનાય છે. આ અલંકારોને એક બાજુએ મુકીયે તોપણ સંસાર વ્યવહારની કેટલીક ફરજો માત્ર દ્રવ્યાધિન હોય છે. દ્રવ્ય વગરનો નર પશુ ગણાય છે. દ્રવ્ય પ્રાપ્તિ માટે ખરા પુરૂષાર્થની જરૂર છે. જે મનુષ્યે આ માર્ગને પ્રધાન ગણી, ક્રિયા

કરી, પ્રાપ્તિ મેળવી છે, તેજ આગળ સુખપૂર્વક રહી શકે છે, ને અનેક હાડમારીઓમાંથી બચી શકે છે. દ્રવ્યવાન સ્થિતિએ સમયને અનુસરતા જમાનામાં તો સુખી કહી શકાય છે. નીતિજ્ઞને વ્યવહારદક્ષ ચાણાક્યનાજ શબ્દોમાં કહીએ તોઃ—

यस्यार्थास्तस्य मित्राणि यस्यार्थास्तस्य बान्धवाः ।
यस्यार्थाः स पुमाल्लोके यस्यार्थाः स च पंडितः ॥
त्यजंति मित्राणि धनैर्विहीनं
दाराश्च भृत्याश्च सुहृज्जनाश्च ।
तं चार्थवंतं पुनराश्रयंते-
ऽतोर्थो हि लोके पुरुषस्य बंधुः ॥
वरं वनं व्याघ्रगजेंद्र सेविते
द्रुमालये पत्र फलांबु सेवनम् ॥
तृणेषु शय्या शतजीर्ण वल्कलं
न बन्धु मध्ये धनहीन जीवनम् ॥

चाणाक्यनीतिसार.

'જેની પાસે ધન-અર્થ છે, તેને મિત્રો થાય છે, જેની પાસે ધન છે તેને બાંધવો થાય છે, જેની પાસે ધન છે, તે કૂળવાન ગણાય છે, ને ધનવાળો પંડિત કહેવાય છે.'

'ધન રહીત પુરૂષને મિત્ર, દારા, ભૃત્યો, કુટુંબિઓ ત્યજી દે છે, અને તેજ પુરૂષ ધનવાન થાય તો તેનો આશ્રય લે છે. માટે આ લોકમાં ધનજ પુરૂષનો બંધુ છે.'

'વનમાં વ્યાઘ્ર, ગજેન્દ્રાદિ પ્રાણિઓ વસતાં હોય તેવાં વૃક્ષ નીચેનાં પત્ર-ફલ ને જળનું પાન કરવું, તૃણની શૈયાપર સુવું અને જીર્ણ વસ્ત્રો પહેરવાં એ શ્રેષ્ટ છે, પરંતુ બંધુઓની વચ્ચે ધન વિનાનું જીવન ગાળવું શ્રેષ્ટ નથી.'

શ્રીયુત બાપુરામને જેમ જેમ પ્રાપ્ત થતું ગયુ, તેમ તેમ તેનો કર કસરથી સંગ્રહ કરવા માંડયો. જ્યારે સ્થિતિ સુખી નહોતી, બહાર ગયે મળે તેમ નહોતું, ત્યારે, તેવે વખતે એમના જીવન વ્યવહાર તરફ દૃષ્ટિ કરીયે તો આપણને આશ્ચર્ય થયા શિવાય રહેજ નહિ. ખાવા પીવામાં ને સાધનમાં જરૂર પુરતોજ ખપ-ઉપયોગ રહેતો. રાત્રે દિવો કરવાનું સાધન ન મળે તો દિવસ છતાં ખાવું યોગ્ય ગણ્યું. મોજ શોખના પદાર્થો લાવતાં

દ્રવ્યહાની થાય, અને શરીરને નિરર્થક જણાય, તો તેવા માર્ગે જવામાં કિંચિત્ ક્વચિત્ મનને પરોવ્યું નહિ. એક માણસને જીવન વ્યવહાર માટે શરીરને ટકાવી શકાય, તેટલુંજ રંધાય; શરીરને વ્યવહારીક રીતે રક્ષિ શકે તેટલુંજ પહેરાય, અને દુનિયાંદારીમાં નભી શકાય તેટલુંજ ખર્ચાદિમાં પગલું ભરાય; આ નિયમોનો જાણે અજાણે કદિય ભંગ થતો નહિ. કેટલાક માણસો એક દિવસ પ્રયત્ન કરે, ને બીજે દિવસે મળેલા અર્થમાં મોજમઝા કરે, આવું વર્તન પણ ત્હેમને મન અયોગ્ય હતું. પ્રાપ્તિના તેઓ ભાગ પાડતા. એક ભાગ પોષણ માટે, બીજો વિદ્યાદિ (પુત્રોના.) ખર્ચ માટે અને એક ભાગમાં સંસાર વ્યવહારનો ખર્ચ તથા વધે તેટલુ સંગ્રહમાં રહે.

તેઓ બચતમાંથી કદાપિ ધીરધાર કરતા નહિ. આ વખતે સેવિંગ્સ બેંકોની પ્રણાલિકા સ્થપાયેલી હતી. જે કાંઇ બચે તે સેવિંગ્સ બેંકમાં જમે કરાવતા. મને સાંભળે છે કે, એક માણસે ત્હેમને કહ્યું કે, તમો ઓછા વ્યાજના દરે સેવિંગ્સ બેંકમાં તમારાં નાણાં રાખો છો, તેના કરતાં બીજી રીતે વધારે વ્યાજથી લોકોમાં ધીરધાર કરો તો તમે બમણા સુખી થાઓ. શ્રીયુત બાપુરામે ત્હેમને જણાવ્યું કે, મારી સ્થિતિના પ્રમાણમાં મારે રહેવું એજ સુખરૂપ છે. બમણા ત્રણગણા કરી જવુ જેવું થવું નથી, અથવા તો મારા પૈસે મારા દ્રોહીઓ બનાવવા નથી. ત્હેમનુ આ સત્ય ગ્રામ્ય જીવનમાં તો અક્ષરે અક્ષર સત્ય છે, ને અનુભવથી સત્ય જણાયું. ગ્રામ્ય જીવનમાં લોકોનાં ભાગ્ય બે રીતે બળતાં રહે છે. એક તો પોતાને ચઢતી સ્થિતિના માણસ જેટલું સાધન હોતું નથી તેની ચીંતા અને બીજું સામાને સુખી જોઇ તેજ દ્વેષની ચીંતા. આ ચીંતામાં દ્વેષિઓ બમણા ખુવાર થાય છે. શ્રીયુત બાપુરામ સારી રીતે સમઝતા હતા કે, ગામડામાં લોકોનો આધાર માત્ર ખેતીપર રહે. ખેતીમાં મળવા કરતાં બમણું ખુવે. ધીરનાર મળે ત્યાં સુધી લેનાર પાછી પાની કરે નહિ. ધીરતી વખતે લેનારને એટલી બધી ગરજ હોય છે કે કહેવાની વાતજ નહિ, પાછળથી એટલે ધીરનારની પાસેથી મેળવ્યા પછી લેનારની વૃત્તિ ફેરવાય છે. થોડા ઘણા વખતે આપેલું માગતાં, મળે કે કેમ એ સંશયાત્મક થઇ પડે છે, અને એમ છતાં તાણીને કહેતાં પરિણામ જુદાજ માર્ગેપર જતું રહે છે. આ બધા સંજોગો થોડા ઘણા પ્રમાણમાં ત્હેમણે જાતે અનુભવી જોયા હતા. સઘળાનો અનુભવ માત્ર એકજ માર્ગપર સ્થિત થયો હતો કે આપણને જે મળે, તે સંગ્રહમાં રહે, તેનો વહિવટ,

તેનું જાણવા-માનવાપણું આપનાર ને લેનારનીજ દૃષ્ટિમાં રહે, અને તે દૃષ્ટિ કદાપિ સત્યને છોડે નહિ, તો તે માર્ગ રક્ષણ માટે ઊત્તમ છે. નિર્ણય થયા પછી પાસે જેમ જેમ રહેતું ગયું, તેમ તેમ તેનું રક્ષણ સુરક્ષિત બેંકમાં કે પોષ્ટ ઓફીસ સેવીંગ્સ બેંકમાં થતું ગયું. થોડું મળે ને સંતોષ પૂર્વક રહે એ માર્ગ ત્હેમણે ઊત્તમ ગણ્યો. પ્રસંગોપાત તેઓ કહેતા કે, એકદમ શ્રીમંત થયા કરતાં ધીરે ધીરે જાતિય બળથી, બુદ્ધિયોગથી આગળ વધાય તો તે વધારે વખત નભી શકે.

શ્રીયુત બાપુરામ અર્થ પ્રાપ્તિ માટે, પ્રયત્ન કરવામાં કદિ પાછા પડ્યા નથી. પુરૂષાર્થ બળે તેઓ કદિ વિરમ્યા નથી. આ પ્રયત્નમાં થાક, ટાઢ, તડકો કે તરસ ભૂખને ગણકારી નથી. જે સત્ય દિશા ત્હેમનો બુદ્ધિ યોગ નક્કી કરે, તે દિશાને પ્રાપ્તિ થતાં સુધી કદિ છોડી નથી. એક પ્રસંગે ત્હેમની ધમીજ વાસની બીજી અવસ્થામાં- એક માણસ બોલાવા આવ્યો. ત્યાં જવામાં એમને કાંઇક મળે તેમ હતું. ઉન્હાળાનો સખત તડકો હતો, બપોર પછીનો સમય હતો, પાચ કોશ જવાનું હતું, રસ્તામાં ક્યાંહી વિશ્રામ મળે તેવું સ્થળ નહોતું અને ગયા શિવાય છૂટકો નહોતો. પ્રસંગનો વિચાર કરી, તેવાજ વખતે નિકળવું પડ્યું, અને વખતને અનુકૂળ રહી કાર્ય સાધવું પડ્યું. ધંધાને અંગે આવાં અનેક કાર્યો કરવાં પડતાં. ત્હેમની શરૂઆતની સ્થિતિમાં કથા વાર્તાદિ કરવાનું હતું. આવે વખતે પગનું જોર હોય તોજ કામ થાય એમ હતું. પાંચ-દસ-પંદર કે પચીસ કોશની મજલ કરવાની હોય તો, તેઓ ગણકારતા નહિ. એક દિવસ મળે, તો સંતોષ માની બીજે દિવસે બેશી રહેવાનો પ્રમાદ કરતા નહિ. ત્હેમને સારી રીતે યાદ હતું કે, મનુષ્યને કમાવાનો અથવાતો સંગ્રહ કરી પાછળની અવસ્થામાં નિભાવ કરવાનો, યુવાન કાળજ ઊત્તમ છે. ચોમાસાના ચાર મહિના જે ખેડૂત બેશી રહે છે, તે આખા વરસના પાકથી નિષ્ફળ જાય છે, તેમ જીંદગીમાં જેણે યુવાવસ્થાનો ભોગ નથી આપ્યો, તે પાછળથી કયારેય અર્થ પ્રાપ્ત કરી શકતો નથી. આ નિયમ સર્વથા ત્હેમને માન્ય હતો. આ માન્યતા માત્ર વિચારથીજ અટકતી નહોતી, પણ કૃતિથી બરાબર પળાતી હતી.

શ્રીયુત બાપુરામે શરૂઆતની સ્થિતિમાં કદિ ધીરધાર કરનારને ત્યાં પગ મૂક્યો નહોતો. પ્રાપ્ત સાધનમાંજ સર્વદા સંતોષ માનતા. થોડું મળે તો નિભાવી લેતા, રાજાનો પ્રાસાદ જોઇ રંકે પર્ણકૂટિને તોડવી નહિ જો-

છીએ, એમ તેઓ માનતા, સામાન્યતામાં કદિ લોભાતા નહિ, અને એવા ક્ષણિક લોભને જોઇ અર્થ હાની કરવાના વિકારે-વિચારે વશ થતા નહિ. જેણે વખતનો સદુપયોગ નથી કર્યો, તે સર્વદા પાછળથી પસ્તાય છે. આવક વ્યયપર જેણે લક્ષ નથી આપ્યું, તે આખરે અસ્તવ્યસ્ત થાય છે. આસપાસના સંજોગોને અનુકૂળ નથી વર્ત્યો તે છેવટે ખુવાર થાય છે. બુદ્ધિનો ઉપયોગ આવાજ પ્રસંગોમાં હોય છે. દિર્ઘદષ્ટિ વાપરી કામ કરવાની એવીજ તકો હોય છે. મનુષ્યમાં અન્ય પ્રાણિઓ કરતાં બુદ્ધિ યોગનીજ અધિકતા વધારે છે. આ બુદ્ધિ યોગથી મનુષ્ય સર્વ પ્રાણિ કરતાં શ્રેષ્ટ મનાય છે.

શ્રીયુત બાપુરામના જીવન દર્શનમાં અર્થ પ્રાપ્તિ માટેનાં આ સૂત્રો અવશ્ય આવકારદાયક ને સર્વથા પ્રત્યેક માટે કલ્યાણકારી હતાં. આ સૂત્રોથીજ તેઓ જીવનને જ્વલંત સ્થિતિમાં મૂકી શકયા. જે સુત્રો અનુભવથી સિદ્ધ થયાં, અને બીજાને માર્ગદર્શક થયાં તે સુત્રો સંક્ષિપ્તમાં આ પ્રમાણે હતાં;—

૧ મનુષ્યે પ્રત્યેક કાર્ય શ્રદ્ધા, નિશ્ચય ને પુરૂષાર્થથી આરંભવું.

૨ કાર્યના આરંભ પછી અનેક વિઘ્નો આવે છતાં, તેની પૂર્ણતા થયા શિવાય અટકવું નહિ.

૩ સ્વાત્મબળ-સ્વાત્મ શ્રદ્ધા ને સ્વાશ્રયજ મનુષ્યને ઉચ્ચગામી કરનાર સર્વોત્તમ સાધન છે.

૪ પ્રમાદ રહિત, સ્વાત્મજ્યોતિને પ્રદિપ્ત કરી પ્રત્યેક કાર્યનો આરંભ કરવો.

૫ આવક અને જાવકનાં પૃષ્ટો નિર્ણિત વખતે તપાસવાં, અને આવક કરતાં જાવક વધી ન પડે તેપર લક્ષ રાખવું.

૬ નિરર્થક ખર્ચો, અર્થ શિવાયનું ઉડાઉપણું, અને ઉદ્ધત કાર્યો કરતા પહેલાં સત્ય બિન્દુ પ્રતિ વૃત્તિને રોકવી. સારાસારનો નિર્ણય કરવો, ને હિતકારક માર્ગે પ્રયાણ આરંભવું.

૭ 'ટિંપે ટિંપે સરોવર ભરાય ને કાંકરે કાંકરે પાળ બંધાય'

૮ યુવાવસ્થા અર્થ પ્રાપ્તિ માટે સર્વોત્તમ સંજોગ છે. આ સંજોગ ગુમાવનાર જીવનને ઝાંખુ કરે છે.

શ્રીયુત બાપુરામને કનીપુરથી ખબર મળી કે, * * * ની સાથે તેમના સગાને જોવા * * * ગામ તરફ જવાનું છે, માટે

જમી પરવારી તૈયાર રહેવું. બીજે દિવસે શ્રીયુત બાપુરામ ધંધામાં ન જોડાતાં * * * ગામ જવાની તૈયારી માટે વહેલા ઉઠયા ને સ્નાન સંધ્યાદિ કરી બેઠયા, માત્ર રસોઇનીજ વાર હતી. જેમની સાથે જવાનું હતું, તે પ્રાતઃકાળ થતાંજ શ્રીયુત બાપુરામને ઘેર આવી ઉભા રહ્યા. શ્રીયુત બાપુરામને નહિ પરવારેલા જોઇ તેમને ઠીક ન લાગ્યુ. બેચાર આડાઅવળા શબ્દો ઉચ્ચરાયા, પરંતુ ધૈર્ય જેમના હૃદયમાં વ્યાપ્ત છે, એવા, ત્હેમણે એક પણ શબ્દથી પ્રત્યુત્તર આપ્યો નહિ. આવનાર સાથે * * * ગામ ગયા. દરદીને જોઇ કરી સાંજના તેઓ ઘમીજ આવ્યા. શ્રીયુત બાપુરામના હૃદયમાં અનેક વિચારો ઘોળાયા કરતા હતા. પરાશ્રય વૃત્તિ—ને પરાશ્રય થઇ ધિક્કારરૂપ ભાસ્યો.* ' જેને શેવે તેવો થાય ' એ લોકોક્તિ સત્ય છે પોતાની અધશ્રદ્ધામાં—ને દૃષ્ટિમર્યાદામાં પોતાનું જ ગૌરવ અભિમાનરૂપે પ્રસરેલું જોતાં, જગતને તે લાત મારવા ઉભા થાય છે. આ કૃતિથી તેઓ પોતે પોતાની જાત તરફ બમણા વેગે વહોરી લે છે. શ્રીયુત બાપુરામને એવી આશ્રય વૃત્તિમાં નિષ્પ્રયોજન રહેવું ઠીક ન લાગ્યું. ઠીક ન લાગતાં એ પ્રતિ ભાવ ગૌણ થવા માંડયો. આવાને આવા વિચારમાં બેત્રણ ઘટિકા નિકળી ગઇ. છેવટે વિચારમાં ચઢેલા મને—ગૌણ થયેલા ભાવે નિર્ણય કર્યો. ત્યાં ન જવું, માત્ર પ્રસંગોપાત્ કાર્ય માટેજ, અને કોઇ આગ્રહ પૂર્વક—ભાવથી પ્રેમથી બોલાવા આવે તોજ જવું. આ નિશ્ચય પછી તેઓએ કરેલા નિર્ણયથી વિરૂદ્ધ કદિ પણ તે તરફ ગયા નહિ. કનીપુર જવાનું ગૌણ થવાનું એજ કારણ હતું. આ શિવાય જેમની સાથે વધારે પરિચય રાખવો પડે, તેની સાથે શ્રીયુત બાપુરામને સહવાસ રાખવો ઉન્નતિને બાધક જણાયો પરસ્પર ભિન્ન આચાર વિચાર વાળાઓ કદિ પણ સ્નેહ ભાવનામા સાથે જોડાતા નથી. બન્નેનાં વિચાર દ્રવ્ય ભિન્ન હોય તો તેમાં ઐક્ય થવું ઘણુજ મુશ્કેલ છે સમ વિશમ દ્રવ્યો સમરૂપે કદિય ભળતાં નથી

આ સમયે પુનઃ એક આપત્તિ દર્શન થયુ. * * * * ગામમાં એક પાટિદાર કોમનો માણસ * * * * ચિત્ત ભ્રમિત થવાથી ગુન્હા કરવા લાગ્યો ગામમાં ઝપીને બેસતો નહિ, તેમ કોઇને બેસવા દેતો નહિ. એમ કરતાં કરતાં ત્હેણે મોટા ગુન્હો કર્યો. કેટલાક લોકોની શિખવણીથી તેણે આગળ જતાં—કામ ચાલતાં—એમ જણાવ્યું કે શ્રીયુત બાપુરામની દવાથીજ મારૂં ચિત્ત ખસી ગયું છે. વસ્તુ સ્થિતિ એમ નહોતી. આરોપી-

એ માત્ર દુરાગ્રહ પકડીને—કે પોતાને આ બહાને—છૂટવાનું મળે એમ ધારીને એ વાત આગળ મૂકી હતી. તેની તપાસ થઈ. આસપાસમાં મે. રા. સા. અમૃતરાવ રાજેશ્વર સાહેબ આવ્યા. ચોકસાઈથી તપાસનો આરંભ કર્યો, આસપાસની હકીકત મેળવી, પરિણામમાં તેઓ સાહેબની ખાત્રી થઈ કે, શ્રીયુત બાપુરામનું નામ માત્ર છૂટવાના કારણ કહે છે આગળ એ હકીકત સત્યરૂપે જણાઈ ને શ્રીયુત બાપુરામ નિર્દોષ થઈ છૂટયા પ્રપંચીઓનો પ્રપંચ છુપો રહે નહિ, એ ઈશ્વિર પ્રેરણા સત્ય માર્ગે વિચરનારને સહાયક હોય છે. શ્રીયુત બાપુરામના જીવનમાં આવા પ્રસંગો ઘણીવાર બન્યા છે, પરતુ પ્રત્યેક પ્રસંગે માત્ર દૈવિ ગુણોએ—દૈવિ સત્યે—ત્હેમને આપત્તિ વિપત્તિઓમાંથી બચાવ્યાં છે. આપત્તિ વિપત્તિમાં કેમ રહેવું, કેવું વર્તન રાખવું ને કયા માર્ગે ઉતરવું, એ શિક્ષણ કુદરત રૂપ સાધન વડે વિશ્વ—જગત્‌રૂપ મહાન્‌ નિશાળથી પ્રાપ્ત કર્યું છે. શ્રી વ્યાસે જણાવ્યુ છે કે, [1] 'જો સુખ અથવા દુઃખ, જો પ્રિય અથવા અપ્રિય, જે જે સમયે જે જે પ્રાપ્ત થાય, તે તે વખતે હૃદય બલને નિર્બળ કર્યા શિવાય મનુષ્યે અન્તઃકરણ પૂર્વક અનુભવવાં.'

પોતાનાપર આવતી આપત્તિઓ ટાળતા તે સાથે નિર્દોષ પ્રતિ પ્રેમથી સહાયતા કરતા હતા. કોઈનું દુઃખ તેઓ જોઇ શકતા નહિ. પરોપકાર એજ સાધુ પુરૂષનું લક્ષણ છે. ત્હેમને જાતિય અનુભવ હતો, દુઃખદ સ્થિતિમાંથી ત્હેમને પસાર થવાનુ હતુ. દુઃખથી વ્યાકુળ થયેલાનાં સદા અશ્રુ લહોતા, ને આશ્વાસન આપતા. નિરૂત્સાહીઓને ઉત્સાહવાન બનાવતા. સ્વાશ્રય બળે તેઓ આગળ વધતા એટલે પ્રત્યેકને સ્વાશ્રયાવલંબી થવાનું કહેતા, તે સાથે શ્રદ્ધાવાન થવાનું શિખવતા. ત્હેમના સમગ્ર દર્શનમાં આવાં દૃષ્ટાંતો અનેક છે. સ્થળ સંકોચ, અને બાંધેલી દૃષ્ટિ મર્યાદામાં રખાતો ભય, એથી એવાં દૃષ્ટાંતો પડતાં મૂકવાંજ હિતાવહ છે.

શ્રીયુત બાપુરામના નિવાસ સ્થાનની ત્રીજી અવસ્થા અહીંથી શરૂ થાય છે. ધર્મીજની એમની ત્રીજી અવસ્થામાં તેઓ આર્થિક સ્થિતિએ સુખી અને પરોપકારી કાર્યોમાં આગળ પડતો ભાગ લેતા હતા. જ્યાં રહ્યા હતા, ત્યાં કેટલુંક કાર્ય કરવાનું બાકી હતું સ્વાશ્રયની અને સ્વાત્મ-

---

१ सुखं वा यदि वा दुःखं प्रियं वा यदि वाऽप्रियम् ।
प्राप्तं प्राप्त मनुभवेत् हृदयेना पराजितः ॥
महाभारत शान्तिपर्व.

બળની જાગૃતિ લાવવી આવશ્યક હતી ત્રીજી સ્થિતિમાં બહુધા પોતાના અનુભવનો સ્વાદ ઇતર જનોને ચખાડવાનો બાકી હતો તે તરફ લક્ષ આપવાનું હતું. ગામની એકંદર સ્થિતિ દુર્બળ હતી. ઘણે ભાગે ગ્રામ્યજનો બેશી રહેવામાંજ મોટાઇ માનતા હતા. જુના જમાનાનું જોર, એટલે ચાલતી પ્રવૃત્તિમાં પોતાની યોગ્ય ફરજો બજાવવા તરફ દુર્લક્ષ રાખતા હતા. કેળવણીની શરૂઆત થયેલી ખરી, પણ તેનું ફળ તાત્કાલિક મળે એ અસંભવિત હતું. નષ્ટ પ્રાયઃસ્થિતિમાં ઇર્ષાનું જોર હતું. ઘણા ખરાની ઇચ્છા અન્યોન્યને દાબવાની થતી હતી. સામાની ઉન્નતિ ઇષ્ટોમાં જોઇ શકાતી નહોતી. આ બદી તાત્કાલિક દૂર થવી અશક્ય હતી. આ બદીના ભોગ થવાથીજ આર્યાવર્ત્તની નષ્ટ પ્રાયતા થઇ હતી. પોતાની ફરજો પ્રતિ લક્ષ અને બંધુત્વ સ્નેહ ભાવના આ બદીને નિવારી શકે ખરી, છતાં એટલા સંસ્કારો પ્રવૃત્ત થવાને વખતની જરૂર હતી આ આશા બાળકો પાસેથીજ રાખી શકાય એમ શ્રીયુત બાપુરામની માન્યતા હતી. દેશનો ઉદય કાળ બાળકોના ભાગ્ય સાથેજ ઘડાયેલો છે, એ ધારણા સત્ય હતી. વૃદ્ધોની ફરજો માત્ર બાળકોને પ્રોત્સાહન આપે અને એમની અભિલાષાઓને સફલિત થવાનો માર્ગ દેખાડે, એટલુંજ આવશ્યક હતું. બળ અને બુદ્ધિનો આ જમાનો છે, આ જમાનામાં આવશ્યક બે સાધનોની શુભ આશાઓ માત્ર બાળકો પાસેથી પ્રાપ્ત થઇ શકે. શ્રીયુત બાપુરામે બાળકો પ્રતિની આ શુભેચ્છાઓને વિકસાવવાની સાધના થોડા વખતપરથીજ આચારમાં મુકી હતી, અને તે આરંભ થઇ શક્યો હતો વૃદ્ધોની ફરજોમાં હવે અન્યોન્ય પ્રતિની સહોદર ભાવના તે ભવિષ્યના આધાર રૂપ બાળકોને બનતી સગવડતા કરી આપવાનું કહ્યું હતું. શ્રીયુત બાપુરામે આ કાર્ય ત્રણ રીતે સિદ્ધ કર્યું. બાળકોને વિદ્યા વૃદ્ધિરૂપે, યુવાનોને સ્વાશ્રય-ધર્માનુચારીણી કરીને અને વૃદ્ધોને એમની પાછળ પીઠ થાબડતા અથવા તો ઉત્સાહ દેતા કરીને આ અભિલાષ તૃપ્ત થાય એમ હતી, આ અભિલાષ તૃપ્તિમાં અવિચળ પુરૂષાર્થને અપ્રતિમ ભાવના-શ્રદ્ધાની જરૂર હતી, જે પુરૂષાર્થને શ્રદ્ધા એમને સ્વભાવિક સિદ્ધ હતી. પ્રથમ માર્ગ માટે ત્હેમણે શરૂઆત કરી દીધી હતી, દ્વિતીય માર્ગ માટે જાતે પ્રયત્ન કરી અન્યને દેખાડી આપવાનું હતું, અને ત્રીજા માર્ગ માટે વિર પુરૂષોનાં ચરિત્રો શાસ્ત્રના ઉપદેશો અને બોધક દૃષ્ટાંતોથી રસ રેડાતો હતો. સમાગમમાં આવનાર પ્રત્યેકને આ માર્ગે સંવર્દ્ધન થવા માટે બોધામૃત અપાતું હતું.

શ્રીયુત બાપુરામ જાતે પુરૂષાર્થ કરનાર હતા. આરંભેલું કાર્ય પૂર્ણ કરવાની ત્હેમને તિવ્રેચ્છા હતી લોક લાજ કે લોક બીતિની તેઓ કિંચિત્ કવચિત્ દરકાર નહોતા કરતા. ખેતી એ ત્હેમનો મૂળ વિષય નહોતો, મજુરી એ પ્રાપ્ત ધર્મ નહોતો, છતાં લીંબુડીનો બાગ એ ત્હેમના પ્રયત્નને આભારી છે. પ્રાતઃકાળે વહેલા ઉઠતા, અને ખેતરમાં જતા, ત્યાં જાતે મજુરી કરતા; લોક ન કરવાનું કહેતો માનતા નહિ પ્રત્યેક પ્રતિ એમજ કહેતા કે, જેણે શરીરની કસોટિ કરી નથી, જાતે આચરી બીજાને દૃષ્ટાંત આપ્યું નથી, તેમ વાતોના ગપાટા મારવામાંજ આયુષ્ય વ્યતિત કર્યું છે, તે કયારેય સુખ પામી શકતો નથી, તેમ એની ઇચ્છાઓ સત્ફલવતિ થઇ શકતી નથી. આ માનેલો સિદ્ધાંત સત્ય હતો, તેમ ઉત્ક્રાંતાવસ્થામાં આદરણીય હતો. જેમણે બીજાને દોરવા હોય, તેમણે જાતે તે વિષયમાંથી પસાર થવું જોઇયે. ઉન્નતિનો આ એકજ સીદ્ધો માર્ગ છે.

* દુષ્કર્મના કરનાર, બુદ્ધિવાનવત્ વાતો કરે,
તો પણ કદિ તે લોકના ઊંડા હૃદયમાં ના ઠરે;
જન શુદ્ધ જો આચાર રાખી મૌનને ધારણ કરે,
તો પણ સરવજન બોધ લેવા તીવ્ર આતુરતા ધરે.

ગામની આબાદાની માટે શ્રીયુત બાપુરામની તિવ્રેચ્છા હતી. છિન્ન ભિન્ન થયેલો વહિવટ પુનઃ બુદ્ધિ બળથી પદ્ધતિસર ચલાવવાની જરૂર હતી. લોક પ્રિતિ સારી મેળવેલી હતી, એટલે બધાય પક્ષમા રહી શકે એમ હતું. ગ્રામ્યજનોને આ બાબતપર દોર્યા. ત્હેમના દૃષ્ટિ બિન્દુને આ માર્ગ વાળ્યું. પ્રથમ આવશ્યક ગામની શોભા વધારવાની હતી, બીજો ધર્મ પુરૂષ પ્રયત્ન કરી સુખી થવાનો હતો, અને ત્રીજો માર્ગ અન્યોન્ય પ્રત્યે ભાતૃ ભાવ વધારવો, આ ત્રણ માર્ગો આબાદાનીના મંગળ સૂત્રરૂપે હતા. ગામની ઉપજ–ઉત્પન્ન કાર્યપર દેખરેખ રખાવી. આ ધર્મની સિદ્ધિ માટે નિષ્પક્ષપાતી, પ્રમાણિક, ઉદ્યમી અને વૃદ્ધિમાં આગળ પડતો ભાગ ભજવનાર માણસોને લાયક ગણ્યા, ત્હેમને ચૂંટી કાઢ્યા, અને હૃદયની ખાત્રી થતાં એ ભાર એમને સોંપ્યો. ગામની ધાર્મિક પદ્ધતિએ આવતા દ્રવ્યનો સંગ્રહ કરાવ્યો, આ સંગ્રહમાંથી ગામની શોભામાં વધારો કરાવ્યો, અને એ રીતે વહિવટ ક્રમશઃ આગળ વધાર્યો. આ સગ્રહ પદ્ધતિ જુના જમાનામાં અથવા તો અજ્ઞાત અગ્રેસરોમાં નષ્ટપ્રાય હતી. કાંઇ મળે તે અંદર અંદર

---

* સ્વામી રામતીર્થ એમ. એ., વિવિધ ગ્રંથ માળા મણકો ૪ થો.

સમઝીલે, ને પરિણામે જમેની બાજુએ શૂન્ય રાખે. આમ કરવાથી ગામનાં સમગ્ર હિતનાં કાર્યો થઇ શકતાં નહિ, તેમજ બીડને લીધે ધર્મ પ્રવૃત્તિ પણ થઇ શકતી નહિ. ધર્માદા નિમિત્તે આવતા દ્રવ્યનો સંગ્રહ માત્ર આગેવાનોના પગતળે પડયો રહેતો. તેનો આગેવાનો ગમે તે ઉપયોગ કરતા. આ અર્થહિન વ્યય પ્રત્યે કોઇથી કશુંય બોલાય નહિ. આવાં ઘણાં દૃષ્ટાંતો અપ્રમાણિક માણસોના વહિવટ તળે બનેલાં, ગ્રામ્યજનોને તો સારી રીતે યાદ હશે. ધર્મ નિમિત્તે સંગ્રહાતા અર્થનો અનર્થ કરવો એ મોટામાં મોટું પાપ છે. આ પાપમાંથી મૂક્ત થવાનો એકજ માર્ગ છે. પ્રમાણિકપણું ને હિતદૃષ્ટિ. એવા માણસો મેળવવા એજ કસોટિનું કાર્ય છે. જ્યાં એવા માણસો મળે છે, ત્યાં ગામનું વાસ્તવિક યોગ્ય હિત સધાય છે. શ્રીયુત બાપુરામની ધર્મીજની પ્રથમાવસ્થામાં આવું કાંઇક થતું હતું ખરૂં ! મારે તેની સોટી, એવો ન્યાય ! આથી શોભાવૃદ્ધિ ન થતાં હાની થતી.

ગામની એકંદર સ્થિતિ ઠીક નહોતી. એમાં સુધારો કરવાની ખાસ જરૂર જણાઇ. આ વખતે ગામમાં કાર્ય કરી શકે તેવા ઘણા હતા. એક વિદ્વાનના કહેવા પ્રમાણે તો, આવી છુટી છુટી કડીઓને ગોઠવનાર કોઇ હોંશીઆર માણસ નહોતો. સાંકળની કડીએ, છુટી છુટી જ્યાંહી ત્યાંહી પડેલી હતી. છુટી કડીઓની કિમત્ત એ રૂપમાં કાંઇ નહોતી. એમને એમ–એવી સ્થિતિમાં રહેતો, એનો ઉપયોગ–એનું હિત ન થતાં નષ્ટ થાય. જુવાનીઆઓમાં ઉત્સાહ પ્રેર્યો. ત્હેમને જાતે સકલિત કર્યા. એમનુ સુકાન હાથે ગ્રહ્યું. જુદી જુદી કડીઓને એકઠી કરી, કામે લાગાડી. જ્યાં અટકે ત્યાં જાતિય બુદ્ધિબળથી આગળ ચલાવી, આવી રીતે યુવાન માણસોના બળને કર્ત્તવ્યમાં યોજયું. આ બળને કર્ત્તવ્યમાં યોજવાથી ધારેલી ધારણા પાર પડી. લોક સ્થિતિ દિન પ્રતિદિન સુધરતી ચાલી. લોકને ધંધો મળવા માંડયો. ધધામાં લોકવૃદ્ધિ અવિચળ જોડાયેલી રહેતી. આ વૃદ્ધિને સંવર્દ્ધન કરવા માટે વૃદ્ધો પ્રોત્સાહન આપતા હતા. લોક સ્થિતિ સુધરવામાં કેટલાંક સંસારીક, વ્યવહારીક કાર્યો પ્રતિબંધક રહેતાં, તેને બુદ્ધિ–યુક્તિવડે તોડયાં. આર્થિક સંવૃદ્ધિને બાધક કેટલાંક અર્થહિત ખર્ચો ટૂંકાવવા ઉપદેશ કર્યો. જુની ચાલતી પ્રણાલિકા તોડવાનું પુક્ત વયના પુરૂષોને ન રૂચ્યું, પણ ત્હેમની સામે રહીને કે થઇને એ કાર્ય સિદ્ધ ન કર્યું. વૃદ્ધિ પામતા યુવાનોના પ્રયત્નથી, અને એ પ્રયત્નને મળતા ઉત્સાહથી,

વૃદ્ધોની નિશ્ચય વૃત્તિને ભાવે-અભાવે વાળી; આ વૃત્તિઓને વાળતા પરિશ્રમ તો પડયો, પણ એ પરિશ્રમ છેવટે કાર્ય સાધક થયો. એમના હૃદયમાં વસતા ક્રિયા સત્વે આવી રીતે યુવાનોના હૃદયપર જય મેળવ્યો. એમના બોધ-ઉપદેશપર કાર્ય કરતા અનેક જનોને એ બોધ અમૃતરૂપે જણાયો, અને આર્થિક સાધનોના અભાવમાં જે કચડાઇ મરવાનું હતું તે દિવસે દિવસે ઓછું થતું ગયું.

શ્રીયુત બાપુરામની ઇચ્છાથી, અને રા. રા. ગોપાળદાસના જાતિય બળથી ધમીજની શોભામાં વધારો થયો, લોક વ્યવહાર નિયંત્રિત થયો, ને આર્થિક આબાદાની સુધરતી ગઇ જે ગામમાં વસતાં-રહેતાં શરૂઆતમાં અણુગમો થતો. તે ગામ હાલ શોભાના ચિન્હરૂપે પ્રતિત થાય છે. શ્રીયુત બાપુરામ પ્રત્યેક સાથે મિલનસારપણું રાખતા હતા. આ રીતિથી પ્રત્યેક સમાગમીઓ ત્હેમના થઇ રહેતા. અન્યોન્યમાં વિગ્રહ થાય તો બન્ને પક્ષો તરફથી ન્યાય આપવાનું એમને માંથે રહેતું. આવા પ્રસગે ગ્રામ્ય પંચોની જુની પ્રણાલિકા દષ્ટિમાન થતી. લોક હિત લોક પક્ષે જેટલું જળવાઇ રહે છે, તેટલું અન્ય તત્ત્વોથી જળવાઇ રહેતું નથી. કુટુંબમાં એક બુદ્ધિશાળી માણસના ઉપદેશવડે જેમ આખુ કુટુંબ સુખ-વૈભવને સુખી- કલેશ વિનાનું થઇ રહે છે, તેમ ગામમાં એવા બુદ્ધિભાસંપન્ન પુરૂષોવડે એમનાં સુખો-આબાદાનીઓ સચવાઇ રહે છે. આ રીતરિવાજ લોક હિત-લોક કલ્યાણ સાધી શકે છે. ત્હેમનામાં રહેતા-ત્હેમની સાથે બળતા-ત્હેમના આચાર વિચારો, રહેણી-કરણીઓ જાણુતા એવા બુદ્ધિશાળીઓ-અન્ય રીતી રિવાજો કરતાં ત્હેમનું વિશેષ હિત જાળવી શકે છે. સત્ય કહીયે તો આ બુદ્ધિવાદ ઉપર રચાયેલી ન્યાય ઘટના નેક નામદાર શ્રીમંત મહારાજા સાહેબ ગાયકવાડની પ્રસંશનીયને ઉચ્ચગામી છે, એમાં કિંચિત્ શક નહિ.

શ્રીયુત બાપુરામનામાં અન્યોન્ય પ્રતિનો ભ્રાતૃભાવ વધારવાનો ગુણ ઉદાત્તને કલ્યાણકારી હતો. સઘળા એમને પોતાના માનતા. અંદર અંદર ઇર્ષા ઉદ્ભવે તો નિષ્પક્ષપાતે સમાધાન કરી એ વૃત્તિને છેદતા. આથી અરસ પરસ સ્નેહ સારી રીતે જળવાઇ રહેતો. એક બીજા પ્રતિ એક બીજાને ઉશ્કેરાવાનાં કારણ હોય, તેને જ્ઞાન યોગથી નિર્મૂળ કરતા. આસ પાસના સંજોગો, અને ક્રિયાઓ દરેકને સમઝાવતા. શ્રીયુત બાપુરામનો મૂળ ધંધો-પ્રાથમિક પ્રવૃત્તિ કથા વાર્તાદિ કરવાની હતી એટલે શાસ્ત્રીય

અનેક દૃષ્ટાંતો, જન હિતકર કથાઓ, બોધક વાર્તાઓ અને અર્થવાળી ઉપવાર્તાઓથી પ્રત્યેક વ્યક્તિઓના અન્તઃકરણમાં શુભ સંસ્કારો પ્રેરતા. વારે વારે થતી આવી પ્રવૃત્તિઓથી લોકોના દોષને ઉત્તેજન થવાનું કે- આગળ વધવાનું રહેતું નહિ. ભ્રાતૃભાવ-બન્ધુત્વ-અન્યોન્ય પ્રતિ સ્નેહ ભાવના રાખવા રખાવવા માટે ત્હેમનું કથન કદાપિ ગૌણ થતું નથી. સંક્ષિપ્તમાં એમની દૃષ્ટિ મર્યાદામાં આવતા અનેક જનોના દોષ દબાઇ જતા, ઇર્ષા અળગી થતી, ને ત્હેમના સમાગમમાં બેશી શાન્ત પડતા. ગોલ્ડસ્મીથ જેમ કહે છે કે:-' જે મુર્ખાઓ મશ્કરી કરવાને આવતા તેઓ સર્વદા પ્રાર્થના કરવાને બેશી જતા ' આવી રીતે જે વિરૂદ્ધ દ્રવ્યો હતાં, તે સાત્વિક દ્રવ્યો આગળ નિસ્તેજ થતાં, ને દબાઇ જતાં.

શ્રીયુત બાપુરામ અદ્યપિ માને છે કે, જ્યાં સુધી બંધુત્વભાવ-સ્નેહભાવ પ્રવર્ત્યો નથી ત્યાં સુધી કદાપિ ઉન્નતિ થવાની નથી. આ માર્ગપર સીધી રીતે, આડાં અવળાં ગુંચળાંમાં ભમ્યા કરતાં, આગળ વધાય તો લક્ષ્ય બિન્દુ ને સત્વરે સાનિધ્ય જોઇ શકાય. પશ્ચિમ દેશના ધર્મ શાસ્ત્રમાં આ એક ઉત્તમ સિદ્ધાંત સ્વિકારવામાં આવ્યો છે કે;—

" He prayeth best who loueth best
Both man and bird and beast:
He prayeth well who loneth well
All things both great and small. "

' મનુષ્ય, પશુ, પક્ષિ, ન્હાની કે મ્હોટી વસ્તુઓ પ્રતિ જેને ઉત્તમ જાતનો પ્રેમ છે, તેનેજ શ્રી ઇષ્ટ પ્રત્યે સાચી પ્રાર્થના છે. ' આ ભાવના ઉત્તમ છે. પરમેશ્વર પ્રતિ પ્રાર્થના કરવી, અને ભ્રાતૃભાવ બન્ધુ પ્રેમને તુચ્છ કરવો, એ કયી રીતે આપણું કલ્યાણ સાધી શકે ? આ મર્યાદામાં પરમેશ્વરને આપણે છેતરીયે છીએ, એમ માનવું કિંચિત્ ભૂલ ભરેલું નથી. જગત આપણું ઘર છે. આપણો સઘળાનો ઉત્પન્ન કર્ત્તા એક અવિનાશી પરમાત્મા છે. આપણ સઘળા ત્હેના વાત્સલ્ય ભાવમાં આગળ વધીએ છીએ. એક ઘરમાં રહેતાં મનુષ્યોને અંદર અંદર વિગ્રહ ઇર્ષા અવિશ્વાસ હોય તો, તેનું નાવ કઇ દિશાયે જાય ? આ સૃષ્ટિમાં પણ એમજ છે. ' જ્યાં સંપ ત્યાં ઝંપ ' એ લોકોક્તિ ઘણીજ અર્થસૂચક છે. સ્વ. કવિશ્વર દલપતરામના શબ્દોમાંજ કહીયે તો:—

એક કુટુંબી આપણે, એક પિતા પરિવાર.

* * * * * *

શ્રીયુત બાપુરામના જીવન દર્શનમાં આપણે પાછળ જોઇ ગયા છીયે કે, રા. ગોપાળદાસ પ્રત્યે ત્હેમને ઘણોજ સ્નેહ હતો. સ્નેહનું મૂળ બિજ શ્રીયુત બાપુરામ જ્યારે ધમીજ આવ્યા, ને ત્હેમના પિતા ખોજભાઇને ત્યાં રહ્યા ત્યારથીજ રોપાયું હતું. શ્રીયુત બાપુરામે ધમીજ રહેવા માંડ્યું, આ વખતે રા. ગોપાળદાસ પણ ધમીજમા રહેતા હતા. શ્રીયુત બાપુરામની ઇચ્છાથી એમણે પહેલાં તો નોકરી સ્વિકારી, પાછળથી તેમાં ઉદય જણાયો નહિ એવામાં એમના પિતા સ્વર્ગવાસી થયા, એટલે ઘેર રહેવાની જરૂર પડી. શ્રીયુત બાપુરામ તથા રા. ગોપાળદાસ અન્યોઅન્ય પ્રત્યે ધા'ડા સ્નેહથી વર્ત્તતા, એથી આગળના શબ્દોમાં કહીયે તો રા. ગોપાળદાસના કર્ત્તવ્ય ક્ષેત્રમાં શ્રીયુત બાપુરામ સારથિરૂપે રહેતા. શ્રી અર્જુનને જેમ ક્રિયા ક્ષેત્રમાં પ્રવૃત્તિ ઉત્સાહને પુરૂષાર્થનું ભાન કરાવી ધર્મ માર્ગમાં શ્રી કૃષ્ણ ભગવાન સ્થાપતા અથવા તો ધર્મ માર્ગ બતાવતા હતા, તેવીજ રીતે શ્રીયુત બાપુરામ, રા ગોપાળદાસને પ્રત્યેક રીતે હિતના માર્ગો ને કર્ત્તવ્ય ક્ષેત્રમાં સર્વદા પ્રોત્સાહન સાથે ધર્મ માર્ગ સમઝાવતા હતા. એમની શરૂઆતની જીંદગીથી તે અધાપિ સુધી આ ભાવના કિંચિત્ કવચિત્ ક્ષોભ પામી નથી, કે ન્યુન થઇ નથી.

રા. ગોપાળદાસે ઘેર રહી ખેતીનું કામ કરવા માંડ્યુ. શ્રીયુત બાપુરામે ત્હેમને ધર્મ કર્ત્તવ્ય માર્ગનો ઉપદેશ આપવા માડ્યો. શ્રીયુત બાપુરામની હૃદયેચ્છા—અન્તઃકરણની ભાવના રા. ગોપાળદાસના હિતમાંજ રહેતી. શ્રીયુત બાપુરામ નિવૃત્તિનો ઘણો ખરો વખત રા. ગોપાળદાસની ઉન્નતિના વિચારોની મુદિત ભાવનાઓમાંજ કાઢતા હતા. જ્યારે જ્યારે બન્ને મળતા, ત્યારે ત્યારે ભૂત—વર્ત્તમાનને ભાવષ્યના માર્ગોનુ દિશાવલોકન કરતા હતા, અને આ અવલોકનમાં બન્નેના વિચારો એક થાય ત્યારે ક્રિયાનો આત્મા નિશ્ચયરૂપ થતો હતો. આ નિશ્ચયને શ્રદ્ધા તથા પુરૂષાર્થના બળે આચારમાં મૂકવાનું રા. ગોપાળદાસને મન ધર્મ્ય હતું. આ ધર્મમાંથી ક્યારેય રા. ગોપાળદાસ ચ્યુત થયા નથી. બન્નેનો સ્નેહ દૈવિ ભાવનાઓથી ભરપૂર હતો. બન્નેનાં કર્તવ્યો ઉચ્ચગામી હતાં, બન્નેના આશયો મુદિત હતા. બન્નેનું લક્ષ સ્થાન એક હતું. બન્નેની ક્રિયા એક સરખીજ વેગવાળી હતી. બન્નેના નિશ્ચયો અડગ હતા, બન્નેનાં શરીર જુદાં હોવા છતાં

આત્મા એક હતો. શ્રીયુત બાપુરામની નિશ્ચયાત્મક વૃત્તિ, [1]तन्मित्रमापद् सुखेचसमक्रियं ॥ ૩૫ હતી, જ્યારે રા. ગોપાળદાસનો હૃદયભાવ, [2]सत्संगतिः कथय किं न करोति पुंसाम् ॥ આ સ્તોત્ર ભાવને અન્તઃકરણથી સ્વિકારી રહ્યો હતો.

સજ્જનનો સમાગમ બુદ્ધિની જડતાને હરી, સત્ય બોલવાનું શિખવે છે, માનોન્નતિ બતલાવી, પાપને દૂર કરે છે, ચિત્તને પ્રસન્ન કરે છે, ને દિશાઓમાં કિર્તિનો ફેલાવો કરે છે, માટે સદ્ સગતિ માણુસોનું કીયું કાર્ય કરતી નથી!

બન્ને મિત્રો ઉચ્ચાભિલાષોને હૃદયમાં ધરતા આગળ વધતા જતા હતા. બન્ને જ્યારે મળ્યા, ત્યારે અરસ પરસના હૃદય ભાવો જાણુતા થયા, આગળ જતાં ભિન્નત્વના આવરણુને ભેદ્યુ; અને અધપિ એજ સ્થિતિમાં સ્નેહ સંવર્દ્ધન ચાલુ રહ્યું. શ્રીયુત બાપુરામ રોજ એક પહોર રાત્રિ હોય તે વખતે ઉઠતા. બન્ને ભેગા થતા. આગળના દિવસનું, અથવા તો પ્રાતઃકાળ પછીના કાર્યનો નિર્ણુય-પ્રોગામ-ઘડાતો. આ નિર્ણુય થયા પહેલાં તેની અર્થ ભરી ચર્ચા થાય, ચર્ચા અંતે જેનુ બળ વધારે તે જીતે. આ જીતમાં થયેલો નિર્ણુયજ કાર્યરૂપે ઉભો રહે. આવો હૃદય ભાવ ને અર્થાનર્થનો નિર્ણુય, અને નિર્ણુય થતા સુધીનો વાદવિવાદ બહુજ રસપૂર્વક થતો. સદ્ સસ્કારી મનુષ્યોની વાતોમાં પણુ સદ્ સસ્કારની જ્યોતિનો ઝમકાર પ્રતક્ષ થતો. આ ક્રિયા પૂર્ણુ થયા પછી બન્ને પોત પોતાના લક્ષ્ય ધર્મ પ્રતિ જોડાઇ જતા હતા.

દિવસે દિવસે જીવનની મુદિત ભાવનાઓ વિશાળને વિશાળ થતી ગઇ. વૈદકનો ધંધો બહોળો ચાલ્યો, આ સાથે ઘણુા માણુસો ત્હેમના પરિચયમાં આવવા માંડયા. ઔષધાલય દરદીઓ ને સમાગમીઓથી ચિકાર ભરાવા લાગ્યું. આ બધાને સર્વદા હિતોપદેશ આપવાનું ચૂકયા નહિ. આ સંબંધે ત્હેમનાં સ્મરણિય સૂત્રો અને આવા પ્રસંગે અનુભવાતા વિચારો ઘણુાજ અર્થ સાધક હતા. ત્હેમના જન્મથી વર્તમાનકાલ સુધીના જીવન દર્શ-

---

૧ આપત્તિ વિપત્તિમાં જેની વર્તણુક સમાન રહે તેજ મિત્ર સમજવો.

૨ जाड्यं धियो हरति सिञ्चति वाचिसत्यं
मानोन्नतिं दिशति पापमपाकरोति ॥
चेतः प्रसादयति दिक्षु तनोति कीर्तिं
सत्संगतिः कथय किं न करोति पुंसाम् ॥ २३ ॥ भर्तृहरि.

નમાં એકજ રૂપે અભ્યુદયનો ચમકાર પ્રભાવ સંપન્ન રહે છે. અંધશ્રદ્ધાને અર્થહિન માર્ગોમાં વળતા અનેક અજ્ઞાનીઓને ત્હેમના આચાર વિચારો માર્ગ દર્શક થયા છે. ખરૂં કહીયે તો એમનું સમગ્ર દર્શન આ પન્થો ઉપ-રનો દિપક છે. એમનામાં **परोपदेशे पांडित्यम्** ॥ નહોતું. જે પુણ્યા-ત્મા પોતાના વર્તનથી જ દર્શનિય બને છે, તે બીજાં હૃદયોપર સારી છાપ પાડી શકે છે. જગતને દોરનાર પ્રત્યેક ઉચ્ચાભિલાષીઓએ પોતાના વિચાર કરતાં કૃતિથી કરી બતાવી દષ્ટાંતરૂપ થવુંજ હિતાવહ છે.

શ્રીયુત બાપુરામના વ્યવહાર નિભાવવા યોગ્ય અનેક વિચારો મનનીય ને કલ્યાણકારી છે દષ્ટાંતરૂપે * * * * ગામમાં એક માણસ * * * * નામે રહેતો હતો. બહારથી તેની પ્રતિષ્ટા સારી હતી. માન મરતબો ઘણા ખરા માણસો ત્હેમનો રાખતા હતા. આ માણસને ત્રણ પુત્ર હતા. ઘરની સ્થિતિ-સાધન સારાં નહોતાં ખર્ચને પહોંચી વળવા જેટલું મળે, પણ તેથી અર્થ સંગ્રહ થઇ શકતો નહિ. તેવામા * * * * નો સ્વર્ગવાસ થયો. લોકમાં પડેલી છાપ અથવાતો પ્રતિષ્ટા પ્ર-માણે ખર્ચ કર્યા શિવાય છૂટકો નહોતો. શ્રીયુત બાપુરામે ત્હેમની સ્થિતિ સંજોગ જોઇ સમય પ્રમાણે વર્તવાની સલાહ આપી. સાધારણ રીતે દ્ર-વ્યાદિક સ્થિતિને યોગ્ય ખર્ચ કરવું, પણ સાધનને ખોઇ, ભાગ્યને નિસ્તેજ કરી, ખાલી પ્રતિષ્ટા પ્રાપ્ત કરવી ત્હેમને હિતાવહ લાગી નહિ. આ રીતે ઘણી રીતે ઉપદેશ આપતાં પણ ત્હેમણે શ્રીયુત બાપુરામનો ઉપદેશ ગ્રહણ કર્યો નહિ શ્રીયુત બાપુરામની ઇચ્છા વિરૂદ્ધ ખર્ચ થયું. સ્થિતિ કરતાં ત્રણગણું ખોયું. બેચાર દિવસ લોકોએ 'ઠીક, ઠીક,' કહ્યું, પણ પાછળ બે સાખો અંદર નિભાવ જેટલું પણ રહ્યું નહિ આવી સ્થિતિમાં હતું તે પણ ગયું. આપણા વ્યવહારમાં આવાં કેટલાંક ખર્ચો અર્થ વગરના કાર્યો પાછળ થાય છે, કે જેનું ફળ કાંઇ પણ બરબાદ સ્થિતિ શિવાય આવતું નથી સમયને અનુસરતું વર્તવામાં જ મનુષ્ય બુદ્ધિનું ભૂષણ છે. આ શિવાય એક માણસે પોતાની સ્થિતિ જોયા વગર જેમ તેમ સંગ્રહને વહેંચવા માંડયો. પાછળ ઘણું છે. એટલે સૌ થઇ રહેશે, એવી વહેચનારની-ધીરના-રની ઇચ્છા હતી. શ્રીયુત બાપુરામે તેને એકાંતમાં બોલાવીને સમઝણ આપી કે, મન ભરાઇ ગયું હોય, પણ બુદ્ધિ વગરની ક્રિયા થાય તો, પરિ-ણામ પસ્તાવા શિવાય અન્ય કાંઈ નહિ આવે. તમે ધારો છો કે મારી પાસે બહુ છે. તમારી આ માન્યતા જ્યા રે ત્યારેય ફેરવ્યા શિવાય છૂટકો

નથી. સમયને અનુસરી ધીરધાર કે આપલે કરો એમાંજ ત્હમારી ઉન્નતિ થશે.' ઉપદેશ ગ્રહણ કરવા આવનારને શ્રીયુત બાપુરામનો આ બોધ રૂચ્યો નહિ. આ માણસનો હાથ વર્તમાન સમરમાં છૂટો રહેતો, ઘરમાં રળનાર રળે એટલે બહુ ચીંતા સંગ્રહ પ્રત્યે રહેતી નહિ. કાળ બળે થોડા થોડા વખતને છેટે એકેવેલી બધાં યમશરણ થતાં ચાલ્યાં. એમ કરતાં કરતાં જે સાધનપર ઘૂમતા હતા, તે સાધનો બધાં નષ્ટપ્રાયઃ થવા માંડયાં. જે ભાગ્ય ઉદયમાર્ગે દિસિમાન થતું હતું, તે અસ્તાચલપર નિસ્તેજ થવા માંડયું. એમ કરતાં દ્રવ્યાદિક નષ્ટ થયું, ને પ્રાપ્ત સાધનો ધીરનારને ત્યાં વ્યય પેટે ગયાં. હાલ તેમની દશા ને તેમનો વાસ ખરેખર ! દયાપાત્ર છે. અન્નને ને દાંતને વેર છે। ખાવા પુરતું મળતું નથી. જે અભિલાષાથી રહેવાનાં મકાનો વગેરેમાં પૈસા ખર્ચ્યા હતા, તેના ભોક્તાઓ આડોશીપાડોશી થયા છે, અને વારસો જુદા ભાગ્યા તૂટયા મકાનમાં રહે છે. આદૃષ્ટાંતો એજ માર્ગે બતાવે છે કે, આપણને એ નિર્ણયપર લેઇ જાય છે કે સ્થિતિ સમય ને સંજોગોનો વિચાર કર્યા શિવાય જેણે અંધશ્રદ્ધા શેની ક્રિયાઓ કરી છે તેઓ પાછળથી સંપત્તિહિણ ને અધોગતિને પામ્યા છે.

ખર્ચમાં ચડસા ચડસી પણ ઉન્નતિને બાધક થાય છે. પક્ષાપક્ષીમાં દ્રવ્યહાનિ શિવાય કશોય લાભ થનો નથી. જેણે ભવિષ્ય વિચાર્યું નથી. તેણે ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરી નથી. આગળ વધવા માટે પાછળનો પાયો મજબુત ને ભવિષ્યના માર્ગનું ચિત્રદર્શન હિતાવહ રૂપ છે. સાધારણ રીતે જેણે વિચાર કર્યા શિવાય કૂદકો માર્યો છે, તે પસ્તાયા શિવાય રહેતો નથી. શ્રીયુત બાપુરામના ઉપદેશ વિરૂદ્ધ વર્ત્તનાર આ માર્ગે અર્થ હાનિના ભોગ થઇ પડયા છે, તે હજુ સુધી ઉંચું જોઇ શકયા નથી. અહીંઆં એક પ્રસંગે એ પક્ષમાં ભારે ચડસા ચડસી થઇ બન્ને પક્ષને કારણ પ્રસંગે ખર્ચ કરવાનું હતું. તેમાં શ્રીયુત બાપુરામે ત્હેમને ઘણુંએ કહ્યું, છતાં એક પક્ષના માણસો શિવાય બીજા પક્ષને કિંચિત્ અસર થઇ નહિ. આવે પ્રસંગે બીજા પક્ષે, અથવાતો ત્હેમના મતથી વિરૂદ્ધ રહેનાર માણસોએ શ્રીયુત બાપુરામને "બીજી" દૃષ્ટિથી જોયા. બન્નેનાં ખર્ચ થયાં. માનનાર પક્ષે સ્થિતિ પ્રમાણે ઠીક કર્યું. વિરૂદ્ધ વિચાર વાળાઓએ ચડસા ચડસીમાં સાંમા પક્ષ કરતાં ઘણું સારૂં દેખાડવામાટે * * * * ખર્ચ જુદું વધારે દ્રવ્ય વ્યયથી કર્યું. આ ખર્ચ કરનારે ભવિષ્ય કાળનું ચિત્ર કલ્પ્યું નહિ. પાછળના વારસોનું સુખ ધાર્યું નહિ, પોતાનાં સાધનોનો વિચાર કર્યો નહિ, પરિણામે તેની સ્થિતિ

નષ્ટપ્રાય થઇ. હજુ સુધી આ સ્થિતિમાંથી તેઓ આગળ વધી શક્યા નથી. ખર્ચ કરનારની અંધ શ્રદ્ધાનું, અનાવશ્યક ધર્મનું પરિણામ !

અંધ શ્રદ્ધાના એક દૃષ્ટાંતરૂપી પરિણામને ભૂલી નહિ જવું જોઇયે. કારણ આવી માન્યતાઓ ઘણે ખરે ઠેકાણે હોય છે. આ માન્યતામાં નિ-ર્ધન થતાં અનેક કુટુંબો દૈવનો દોષ કાઢે છે. * * * * ગામમાં એક પ્રતિષ્ઠિત માણુસ રહેતો હતો. ન્યાતજાતમાં કૂળવાન ગણાતો હતો. એવામાં એના ઘરમાં * * * * નું મૃત્યુ થયું. આ માણુસને પૂરતું સાધન નહોતું, છતાં ખોટી આબરૂ–ઇજત–કિર્તિ મેળવવા માટે ઘરની સંપત્તિ કરતાં અતિશય ભારે ખર્ચ કર્યું. આ ખર્ચમાં તે એટલો બધો પાયમાલ થયો કે, પાછળથી ત્હેના વારસને રહેવાનું ઘર પણ પોતાની માલકીનું રહ્યું નથી. શ્રીયુત બાપુરામને ધંધા અર્થે અનેક સાથે સમાગમ થતો. આ સમાગમ પ્રસંગે તેઓ પોતાનો ધર્મ બજાવવાનું ચૂકયા નથી. આવા પ્રસંગોએ ઘણાંય દૃષ્ટાંત ત્હેમની જીવન નોંધમાંથી મળી આવે છે. અનેક અનુભવો સત્યો–પ્રસંગો આ નોંધપર ચિતરાઈ રહેલાં છે, પરંતુ આ વિષય ગ્રંથનો મૂખ્ય હેતુ નથી, અને એ વિષયપરજ ઉતરવા બેશીયે તો ગ્રંથનો હેતુ ગૌણરૂપે રહી મૂખ્યભાવ નષ્ટ થાય છે.

મનુષ્ય અન્ય પ્રાણિયો કરતાં બુદ્ધિયોગ–બુદ્ધિ સંપત્તિથી ચઢિઆતો છે. પરમેશ્વરે આ શક્તિ થોડા ઘણા પ્રમાણમાં પ્રત્યેકને આપી છે. તેનો વિકાસ કરવો, તેને કેળવવું એ કાર્ય મનુષ્ય ધર્મ રૂપે છે. આમાં જેટલો પ્રમાદ એટલું સંસારનાવ આગળ ગતિ ન કરતાં પાછળ વહે છે. બુદ્ધિ વાપરવા અર્થે છે પેટીમાં પુરી જીંદગી પુરી કરવા માટે નથી. આર્ય કુટુંબોમાં આવાં ખર્ચો જાણે અજાણે પણ ઘણાં થાય છે. વાસ્તવિક સત્યરૂ શું છે, તે વિચાર, તે લક્ષ હજુ સુધી એમને જણાતું નથી. એ આશ્ચર્ય ! દેશને શાની જરૂર છે, એ વિચારતો ભાગ્યેજ એમના હૃદયમાં પ્રવેશ પામ્યો હશે ! આ બુદ્ધિનો જમાનો છે. જમાનાને અનુસરી નહિ ચાલનાર પોતાને–કુટું-બને ને દેશને હાનિ પહોંચાડે છે. ઘણાં ખરાં કુટુંબોમાં તો આવી અંધ શ્રદ્ધા પરાપૂર્વથી ચાલતી આવે છે. ત્હેમને ભાગ્યેજ ખબર હોય છે કે આપણા દેશને શાની જરૂર છે ? આ નિયમથી 'ભોજન તૃપ્તિ' વિષયનો છેદ કરવાનો કિંચિદ્ કવચિત્ ઉદેશ નથી. 'ભોજન તૃપ્તિ' સ્થિતિને અનુ-સરી હોવી જોઇયે. એકલાં આવાં ખર્ચોથીજ પાયમાલી થતી નથી, પણ ક્રમેક્રમે કુંઠિત બુદ્ધિને આવાં કાર્યોમાં અર્થ હાનીજ કરવી પડે છે. આ-

પણી પ્રત્યેક ક્રિયા આપણા બુદ્ધિયોગને કે હૃદય બલના વિકાશને સૂચવે છે. આમાં જેટલી નિષ્ફળતા એટલું અજ્ઞાન—એટલો મંદ વિકાસ ! શ્રીયુત બાપુરામના આર્થિક સૂત્રો પાછળ આપણે દૃષ્ટિ ફેરવી ગયા છીએ એટલે આ સંબંધે વધારે પિષ્ટપેષણની જરૂર રહેતી નથી.

શ્રીયુત બાપુરામ વ્યવહારિક બાબતોમાંજ બોધ આપી બેસી રહ્યા નહોતા, પણ સંસારીક રીત રિવાજો પ્રત્યેની પોતાની ફરજ અદા કરતા રહ્યા હતા. આપણી ઉન્નતિનો મૂલ આધાર આપણા સંસાર ઉપરજ અવલંબી રહ્યો છે. જ્યાં સુધી ઘરમાં સુખ હોતું નથી, ત્યાં સુધી બહારથી સુખની અભિલાષા રાખવી નિષ્ફળ છે. ઘરના પાયાના રોડાંને લૂણો લાગ્યો હોય તો એ ઇમારત થોડાજ વખતમાં નષ્ટપ્રાયઃ થઇ રહે છે. આવી સ્થિતિમાં બહારના સુખની એષણા વંધ્યાપૂત્રવત્ છે. જનહિત સાધી શકવાની ઇચ્છાવાળા મહાન્ પુરૂષોએ પોતાનું હિત પહેલાં સાધવું જોઇયે આ સૃષ્ટિમાં વાતો કરનાર ઘણા છે. પણ આચરણ કરી દૃષ્ટાંતરૂપ બનનાર થોડા છે. શ્રીયુત બાપુરામના ઘર સંસારમાં આ ચિત્ર જોનારને બોધ આપતું દૃષ્ટિમાન થાય છે. એમનો એક પણ વિચાર કે એમનો એક પણ આચાર આ તત્વ સત્વને વિસ્મરણ કરતો જણાતો નથી. અને એ સત્ય છે કે, પુણ્યશાળીને સર્વ વાતે સુખ સાંપડે છે—મળે છે. પૂર્વ સંસ્કારોના યોગે જન્મ કુંડળીમાં બળવાન ગ્રહો હોય છે. ત્હેમના વર્તમાન સુખીના જીવનમા અદ્યપિ આ સ્થિતિ જોનારને આનંદજનક લાગે છે. પોતાની અવસ્થાને અંગે પરિશ્રમ પૂર્વક પ્રાપ્ત કરેલો અર્થ સંગ્રહ, બહોળુ કુટુંબ—કુટુંબમાં અન્યોન્ય પ્રત્યે સ્નેહ ભાવના, ધંધા અંગે કિર્તિ આ બધું શાસ્ત્ર સિદ્ધાંત પ્રમાણેનો પુણ્યનો મહદ્યોગ અથવાતો બુદ્ધિ સાથેની સત્ય નિષ્ઠા કે ઇશ્વરી કૃપા શિવાય હોઇ શકતું નથી.

શ્રીયુત બાપુરામનો સર્વ પ્રતિ સમાન ભાવ રહેતો ને રહે છે. હલકામાં હલકા કે શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ પ્રતિ ભિન્નત્વતા અદ્યપિ જણાઇ નથી. ત્હેમના ઘરમાં કુટુંબ વર્ગ અપૂર્વ પ્રેમથી ત્હેમને ચાહે છે. ન્હાનાં બાળકોથી તે મ્હોટા વર્ગ સુધી સર્વ ત્હેમને મન પ્રેમનાં પાત્રો છે. આ પાત્રો વડિલની અમિ દૃષ્ટિમાંજ સંતુષ્ટ રહે છે. નોકર ચાકરો કે કુટુંબ વર્ગ વચ્ચે સમાન ભાવ રહે છે. ત્હેમના ઘરમાં પ્રવર્ત્તતી આ ભાવનાના એક ચિત્રને આ સ્થળે છોડી દેવું નહિ જોઇયે. શ્રીયુત બાપુરામના ન્હાના પુત્ર રા. મણીભાઇનાં પ્રથમ વિવાહના પત્નિને યુવાન અવસ્થામાં ક્ષયનો મહાન વ્યાધિ

લાગુ પડયો હતો, આ મંદવાડ માટે ચાંપતા ઇલાજો લેવા છતાં, પરિણામ સંતોષકારક જણાયું નહિં. દિવસે દિવસે શરીર પ્રવૃતિ વિલાવા માંડી, એમ કરતાં કરતાં એમને ખાત્રી થઇ કે હવે એકે ઉપાય અસર કરી શકશે નહિ. રા. મણિભાઇનાં પતિએ પણ નિશ્ચય કર્યો કે આ દરદમાંથી સારૂં થઇ શકવું અશક્ય છે, અવસાન કાળ પાસે આવ્યો, ત્યારે આસપાસ ઘણાં માણસો ભરાઇ બેઠાં હતાં, તે વખતે શ્રીયુત બાપુરામને બોલાવવામાં આવ્યા. શ્રીયુત બાપુરામના આવ્યા પછી સ્વ. અ. સૌ. વિજ્યાલક્ષ્મિએ બે હાથ જોડી કહ્યું કે, 'હું ત્હમારા ઘરથી સંપૂર્ણ સંતોષ પામીછું'. ત્હમારા ઘર પ્રત્યેથી મારી એકે લાગણીને દુભાવવામાં આવી નથી, ત્હમે જેવી રીતે મને સંતોષી છે, એવી રીતે મહાન્ પ્રભુ ત્હમારૂં કલ્યાણ કરો ! આ શબ્દોચ્ચાર પછી ત્હેમનો આત્મા અનંત આકાશમાં ભળી ગયો. કુટુંબ પ્રેમ તે આનું નામ ! વડિલોની કુટુંબ પ્રત્યેની વાસ્તલ્યતાનો આજ જવલંત ભાવ !

શ્રીયુત બાપુરામ પ્રસંગોપાત કહેતા, અને પ્રત્યેક મનુષ્યોને એમ પ્રબોધતા કે,

જે ઘેર સુખ ન ભોગવે બેલ, ગૌઆં ને વહુઆં;
તે ઘેર એમ અટવઇ જશે (જેમ) ઘટીમાં ઘઉંઆં.

આ સત્ર નિયમોને તોડવાથી અનેક કુટુંબો અધ:પતન થયાં છે, આર્ય સંસારમાં આ ઝેરનો વિષમય ચેપ અનેક જબરજસ્થ જનોને લાગતાં, જબરજસ્ત હોવા છતાં દુર્બળ થઇ પડયાં છે. ' સંપે સંપત્તિ સાંપડે, લાજ વખાણે લોક ' એ સ્વ. કવિશ્વર દલપતરામભાઇની બોધ શ્રેણી આ તત્ત્વનુંજ ભાન અણાવે છે. આ સંપનો સઘળો આધાર કુટુંબના અગ્રિણિપર અવલબી રહેલો હોય છે. કુટુંબના વડિલથી જેટલે અંશે એ નિયમ પળાતો ન હોય, તેટલે અંશે કુટુંબમાં દુ:ખ–ને વિનાશે પગ પેસારો કરેલો હોય એમ ગણાય. કુટુંબમાં અન્યોન્ય પ્રત્યેની જેટલી સ્નેહ ભાવના હોય તેટલા તેઓ સુખ નજીક આવેલા ગણાય.

શ્રીયુત બાપુરામની વ્યવહારીક ભાવનાઓ જેટલી વિશાળ હતી, તેટલીજ સંસારીક ભાવનાઓ મહદ હતી. એમના પોતાનાજ જીવનમાં આવાં અનેક દ્રષ્ટાંતો બોધક બનેલાં જણાય છે. આ સંબંધમાં અથ–ઇતિ વિવરણ સ્વતંત્ર ગ્રંથની ગરજ સારે તેમ છે; એમાં વધારે ઉંડા નહિ ઉતરતાં એમના પ્રસંગમાં આવેલા ઘણાના સમાગમોમાંથી માત્ર થોડાંક દ્રષ્ટાંત રૂપ

આપવાં આવશ્યક છે. ધંધાઅંગે થોડી ઘણી નિવૃત્તિનો વખત સદ્બોધમાં ગળાતો. પ્રથમ આપણે દૃષ્ટિ ફેરવી ગયા છિયે કે, ધંધાની વિશેષ પ્રવૃત્તિ, ને લોક શ્રદ્ધાનો વિશ્વાસ, વિશેષ મનુષ્યોનું આકર્ષણ કરતો હતો. આવા પ્રસંગોને નહિ ગુમાવવાનો એમનામાં ઉત્તમ ગુણ હતો. સમય સૂચકતાને કાર્યે દક્ષતાથીજ એ દૃષ્ટાંતક સ્થિતિમાં પ્રવેશ્યા છે આ બોધ આપવાની એમની પ્રાણાલિકા, શ્રેણિ બહુજ ઊત્તમ અને એ માર્ગપર જનારાને મનનીય હતી. એમના સમાગમમાં આવનાર એકે માણસ ' પુષ્કળ હસ્યા ' શિવાય–પુરતો આનંદ મેળવ્યા વગર ગયો નથી આની વધારે સાબિતી માત્ર, સમાગમીઓ પરિચયથીજ સારી રીતે જાણે છે, એટલે વધારે પિષ્ટ પેશણુની જરૂર નથી. વાણિની મધુરતા; બોધની શ્રેણી, કર્ત્તવ્ય બુદ્ધિથી ભરેલું અન્તઃકરણને શાસ્ત્રીય પ્રસંગો, તે સાથે બોલવાની પદ્ધતિ અને વખતને અનુસરતાં દૃષ્ટાંતો આપવાની પ્રણાલિકા, મિશ્ર યોગમાં એવો તો આનંદ પમાડતી કે કહેવાની વાતજ નહિ! વ્યવહારીક પ્રસંગો અંગે થતું ચિત્ર દર્શન થોડુંક થોડુંક અત્રે આપીશું, અથવા એ દિશા તરફ આપણે નજર ફેરવીશું.

* * * * ગામનો એક કેળવાયેલો ગૃહસ્થ અત્રે રહેતો હતો. એક વખતે તેણે શ્રીયુત બાપુરામને પૂછ્યુ કે, 'મારે કન્યા પરણાવવી છે, પુક્ત ઉમરની થવા આવી છે, જો કોઇ સુખી ઘર મળેતો એ યોગ પુર્ણ થાય. માત્ર મ્હારી પુત્રી ઘરમાં ઘંટી જુવે એટલે એને દુઃખનો વારો આવે નહિ., એના પ્રશ્નમાં માત્ર એટલીજ ભાવના સમાયેલી હતી કે, ઘરમાં સંપત્તિવાળો હોય એટલે પુત્રીને દુઃખ પડે નહિ. બીજાની–ગુણ–કુળ–બુદ્ધિની ગૌણુતા હોયતો ચાલે. શ્રીયુત બાપુરામે ધીરેથી તેને જવાબ આપ્યો કે, ત્હમારી ભાવના પ્રમાણે, ત્હમારી ઇચ્છાને બંધ બેસતું એક ઘર છે; ત્હમને ખોટું ન લાગે તો કહું. શ્રીયુત બાપુરામનું આ કહેવું સાંભળી તેની જીજ્ઞાસા વૃત્તિ દિપ્તિમાન થઇ, અને વીશેષ જાણવાની આતુરતાથી આગ્રહ યુક્ત પૂછ્યું. તેના પ્રશ્નના ઉત્તરમાં શ્રીયુત બાપુરામે જણાવ્યું કે, * * * * ગામમાં * * * * નામનો એક માણુસ રહે છે, તેને પુત્ર છે, ઘરનો ખાતો પીતો છે, દીકરીને દુઃખ નહિ પડે. શ્રીયુત બાપુરામના આ બોલપરથી તેને હસવું આવ્યું, તેણે કહ્યું કે, તમે આવું શું બતલાવો છો ? શ્રીયુત બાપુરામે જણાવ્યું કે, ત્હમારી ઇચ્છા માત્ર પૈસો–સંપત્તિ જોવાની છે, રૂપ, ગુણ, કુળ, વય, વિદ્યાની ત્હમારે સ્પૃહા નથી. તમે પુત્રીને પૈસાથી સુખી કરવા માગોછો બીજા ભાવોની આવશકયતા ત્હમારૂં હૃદય સ્વિકારતું નથી,

અને કેળવણીના પ્રતાપે ત્હમારે એ દિશામાં જોવાની પણ જરૂર નથી ? આથી માત્ર પુત્રીનું સંપત્તિથીજ જો હિત કરવા માગતા હોતો મેં બતલાવેલું સ્થળ ઉત્તમ છે. ત્હમારી ઇચ્છા એ માર્ગેજ તૃપ્ત થશે ' શ્રીયુત બાપુરામનું આ કથન એજ દર્શાવી આપે છે કે એકલી સંપત્તિજ સુખ પ્રાપ્ત કરાવવાની પુત્રી માટેની અભિલાષા પુત્રીના બાપની તૃપ્ત કરવી, એના જેવું નિર્દયપણું એકે નથી. પુત્રીનો સંપત્તિ સાથે યોગ કરવાથી, તે સુખી થઇ શકતી નથી. પરંતુ એના હૃદય દૈવતના દર્શન અને મનનમા સર્વ સુખ પ્રાપ્ત કરી શકે છે. એ સત્ય છે કે લક્ષ્મિની આવશ્યકતા હોયતો એ સુખી થઇ શકે, છતાં એકલા સંપત્તિનેજ પ્રધાનભૂત માનવી હિતાવહ નથી. પુત્રીને પ્રથમ દર્શનીય પતિ છે, પ્રથમ દર્શનથી એક ડગલું આગળ વધતાં પતિના ગુણ ને ત્હેના કુળની યોગ્યતા કલ્યાણકારી મનાય છે. એથી એક પગથીયું આગળ વધતાં તેની આર્થિક સંપત્તિ જોવી શ્રયસ્કર છે. આ ત્રણે માર્ગ જો બની શકે અને પ્રાપ્ત થઇ શકે એમ હોયતોજ પુત્રી અને તેના પીતાને સામાન્ય રીતે સુખ પ્રાપ્ત થાય.

* * * * ગામમાં * * * * નામનો એક માણસ રહેતો હતો. આ જ્ઞાતિમાં કન્યાઓની અછત હતી. અછત થવાનુ કારણ કેટલાકોની માન્યતા પોતાનાજ બાંધેલા ગોળમાં—એકડામાં—જથ્થામાં કન્યાઓ નહિ ઉતારતાં એમનાથી ચઢતી પંક્તિમાં કન્યાઓ આપવાનું હતું. આવા સંજોગોને લીધે કન્યાઓની છત દિન પ્રતિદિન ઓછી થતી હતી. આ અછતના અંગે હલકી સ્થિતિના લોકો કન્યાવિક્રય કરતા હતા. પૈસો હોય તોજ વંશ વધે, અથવા કન્યા મળે. આ પ્રણાલિકા ઘણી ખરી જ્ઞાતિઓમાં અસ્તિત્વમાં છે. દુર્બુદ્ધિના લોકો માત્ર પુત્રીરૂપી ધનની પ્રાપ્તિમાંજ આર્થિક સંપત્તિનો યોગ સ્વિકારે છે. આ સ્વિકાર અજ્ઞાનજનક સંજોગોમાં નષ્ટપ્રાય થવો મુશ્કેલ છે.

આ માણસ શ્રીયુત બાપુરામ પાસે આવ્યો. પોતાની ઇચ્છા પૈસા પ્રાપ્ત કરવાની દર્શાવી, તેના વિચારો જાણ્યા પછી તેને પુષ્કળ ઠપકો આપ્યો, છતાં શલ્ય જેવા હૃદયવાળાને એથી કિંચિત્ અસર થઇ નહિ. પાછળથી તેણે પુત્રીનું લગ્ન અર્થ પ્રાપ્તિ કરીને કર્યું. જે દ્રવ્ય ખાડો પરણનારને પડયો તે અદ્યપિ પુરાયો નથી, અને એના ભવિષ્યમાં તો એ ખોટ પુરાવી મુશ્કેલ છે. કન્યાના બાપે લીધેલા પૈસામાં થોડા દિવસ મોજ મઝા કરી, છતાં પાછળથી—હાલચાલતી તેની વૃદ્ધાવસ્થામાં એટલોબધો દુઃખી

છે કે કહેવાની વાતજ નહિ આ અવસ્થામાં તે શ્રીયુત બાપુરામ પાસે આવે છે ને પાપનો પ્રશ્ચાતાપ કરે છે.

ઘરની સ્થિતિ ગરીબ હોય, ખાવા પીવાનું દુઃખ પડતું હોય, ઘરમાં તાળું વાસવાનો સમય હોય, પુત્ર કુંવારા રહેતા હોય, જ્ઞાતિમાં કન્યા વિક્રય પ્રબળપણે ચાલતો હોય, અને વિનિપાત સંજોગ સ્થિતિમાંથી–ઉત્કર્ષ થવો અસંભવિત હોય ત્યાં તેવાની કે એવા પ્રકારની સ્થિતિ પાપમય ગણાતી નથી. આ રીતિને નહિ માનનારા પાછળથી પસ્તાયા છે, અને છેવટે ઘરને તાળાં મારવા પ્રસંગો આવ્યા છે * * * * ગામમાં * * * * નામનો એક માણસ હતો. જાતે બ્રાહ્મણ હતો કન્યા લગ્ન કરવા જેટલી વયની થઇ હતી. તેણે પોતાને ત્યાં પુત્ર હોવા છતાં, કન્યાનું સગપણ એમને એમ કરવા વિચાર કર્યો, પાછળથી તેને ઘણો ઉપદેશ આપવા છતાં, અભિમાનની બદીમાંથી મુક્ત થયો નહિ. વિચાર પ્રમાણે પુત્રીનો વિવાહ કર્યો વિવાહ કર્યા પછી તેના મનમા અભિમાન બજો ફુલવા મંડયો આવા અભિમાનમાં પુત્ર પંદર વરસનો થવા આવ્યો, છતાં તેનું ઠેકાણું પડતું નથી. કન્યાનો બાપ હાલ છેક અવસ્થામાં લથડી પડયો છે, દૈવયોગે ઘરની સ્થિતિ ખર્ચીને પુત્રને પરણાવવા જેટલી રહી નથી આ સમયે શ્રીયુત બાપુરામને તે વારવાર યાદ કરે છે, મારી આગળ પણ શ્રીયુત બાપુરામે કહેલાં અનેક વાક્યો બોલી પસ્તાય છે. આ પ્રમાણે સમયને અનુકૂળ નહિ વર્તનાર પુત્રોના ભાગ્યને મોટી પેટીમાં પુરી જાય છે, એ ઓછું દયાપાત્ર નથી.

કન્યા વિક્રયમાં જેમ અધઃપતન થતો આર્ય સંસાર દિવસે દિવસે દુઃખી થતો જાય છે, તેમ વર વિક્રય કરનારા કન્યાઓનાં માબાપને સુખી કરી શકતા નથી વર વિક્રય કરનારા વિક્રય નામ ફેરવી પહેરામણીનો ઇલ્કાબ આપે છે. આ બદીમાંથી તેઓ મૂક્ત થવા માગતા નથી, પરંતુ એજ પોતાના કૂળની કિંમત હોય તેમ ગણે છે. કૂળવાનો કહે છે કે આ પ્રણાલિકા અમારા કૂળની કિંમત છે, અમારો મોભો છે, અમારૂં મહત્વ છે. ભાગ્યેજ ત્હેમને સત્ય સમઝાતું હશે કે લગ્ન જેવી પવિત્ર ગાંઠે કૂળની કિંમતમાં વેચાણ આપવી, અને પુત્રીનો સ્વાર્થ–હિત બગાડવું એના જેવું નારકાપણું એકે નથી. પૈસા સાટે કૂળ વેચવું એજ કૂળવાનોનું મહત્વ છે? પૈસા માટેજ કૂળ છે? શું આ સંજોગોથી પુત્રી સુખી થઇ શકતી હશે? કૂળવાનો જો પૈસાનેજ કૂળના ભૂષણરૂપ માનતા હોય તો

સ્નેહની તુલના ત્હેમના હૃદયમાં થતી મુશ્કેલત છે આગળ વધીને જો ક-હેવામાં આવેતો સ્નેહની મહત્વતાથી તેઓ હજારો કોશ દૂર છે, એમ કહેવામાં કિંચિત્ બાધ નથી. શાસ્ત્રોની નીતિ ત્હેમને માન્ય નથી, આર્યોનું લગ્ન પ્રણાલિકાનું નીતિમય શાસન ત્હેમને અગ્રહણિય છે. આવી બદીમા અભિમાનરત્ત થયેલાં અનેક કુટુંબો વિનિપાત થતાં દૃષ્ટિગોચર થાય છે. આ ચેપના ભોગ થઇ પડનાર હજારો માણસો દૃષ્ટાંત રૂપે દૃષ્ટિ આગળ તરી આવે છે, પરંતુ વસ્તુ સ્થિતિમાં આ માર્ગનું વિવરણ અસ્થાને હોવા-થીજ તેનું એક દૃષ્ટાંત આપી બંધ કરીશું * * * * ગામમાં * * * * નામનો એક પ્રતિષ્ઠિત સદ્ગૃહસ્થ રહેતો હતો. પોતાની સ્થિતિ સારી હોવાનું ત્હેમના મનમાં અભિમાન હતું. કોઇએ ન કર્યું હોય એવું કરવાની એમને અભિલાષા હતી. પુત્રના સુખને એક બાજુએ મુકી પુત્રીની પાછળ સારૂં ખર્ચ કરી, પોતાની જ્ઞાતિમાં મહત્વતા લાવવાની એની તિવેચ્છા હતી તિવેચ્છાને અંગે એમણે પુત્રીનો સંબંધ કર્યો. લગ્નાદિક થવા-માં એમની સ્થિતિનું જે અભિમાન હતું તે નષ્ટ થવા પ્રસંગ આવ્યો. લગ્ન થયા પછી પોતાની પાસે જે કાંઇ થોડુ ઘણું હતું, તે પુત્રીના સુખને જાગતી રાખવાના સંજોગોએ ખરચાયેલું દેખાયુ. આમ છતાં પુત્રીને સુખી કરવાની અભિલાષા તેની સંતુષ્ટ થઇ શકી નહિ. કુળવાનોમા અંધશ્રદ્ધા પરોવતાં પાયમાલ થયેલાં અનેક કુટુંબો આ પ્રમાણે કાળના મોંમાં આવી ગયેલાં જ્યાં ત્યાં નજરે પડે છે. અને આ લગ્નમાં પોતાને સુખી માનનાર કન્યાના બાપને જો શ્રીયુત બાપુરામની સહાયતા ન હોત તો, પાછળ પો-તાનું પોષણ થવું પણ મુશીબત ભરેલુ થયું હોત, એમાં શક નહિ.

શ્રીયુત બાપુરામના * * * * એક સ્નેહિને ત્યા પુક્તવય થવા આવેલી એક કન્યા હતી, સ્નેહિએ શ્રીયુત બાપુરામને યોગ્ય સ્થળે પોતાની પુત્રીનો સંબંધ થવા પૂછ્યું. શ્રીયુત બાપુરામ સ્નેહિના કાર્યની ત-પાસમાં એક વિદ્વાન ગૃહસ્થને ત્યાં સઘળુ વિવાહ સંબધે નક્કી કરવામાં આવ્યું. જેની સાથે લગ્નની વાત ચાલી રહી હતી, તેનાં સગાં સંબંધિઓ-એ જાતે કન્યાને ત્યાં આવી તપાસ કરી. અને વિવાહનો વિચાર નિશ્ચય યાત્મક કરી, ખબર મોકલી. આમ કરતાં કેટલાક દિવસ નિકળી ગયા. એવામાં જેની સાથે એનું પાણિ ગ્રહણ થવાનું હતું. ત્હેમના હૃદયમાં જાતે તપાસ કરવાની ઇચ્છા થઇ. આ ઇચ્છાને લીધે શ્રીયુત બાપુરામને ત્હેમણે પત્રથી લખી જણાવ્યું. શ્રીયુત બાપુરામે ત્હેમના કોઇ સાચા ભરોંસાવાળાને

મોકલવા બાબત પત્ર લખ્યો; છતાં ત્હેમણે એ માગણીનો સ્વિકાર ન કર્યો, ને મૂળ ઇચ્છાને વળગી રહ્યા. મિત્ર—સંબંધિ—કે સગાની દ્વારા તપાસ કરવાની શ્રીયુત બાપુરામની માગણી નહિ સ્વિકાર્યાથી, શ્રીયુત બાપુરામને જણાવવાની જરૂર પડી કે, ત્હમારી સાથે કન્યા આપવામાં કન્યાનું હિત થાય એવું કાંઇ હું જોતો નથી. બુદ્ધિયુક્ત વિવેકનો નાશ છે જેમાં, લેવાને કન્યારૂપી રત્ન આપવામાં કન્યાના હિતનો વિચાર નહિ કરનાર પાછળથી પસ્તાય છે, આ પસ્તાવો સુખી કરવાની અભિલાષવાળાને પાપમય મનાય છે, તમો વિદ્વાનછો, સુખીછો, એ સત્ય, પણ આપણા વિશાળ ભાવનાવાળા આર્ય સંસારનાં કલ્પતરૂસમ વિવાહ પદ્ધતિનાં સૂત્રો વિવેક ચક્ષુએ ન જોતાં, પશ્ચિમનાં આવતાં મોજામાં અંધ શ્રદ્ધા પરોવી, આપણાં નીતિમય શાસનોપર ધક્કો મારવામાં ધર્મ સમઝનાર વિવાહિતા પતિનું શુભ કરી શકે એ માનવું ભૂલ ભરેલું છે મેં ત્હમને આ સંબંધમાં ત્હમારી ઇચ્છા પૂર્ણ થાય એટલી રીતે તપાસ કરવાનુ જણાવ્યું, પણ તમારા આગ્રહે એ ઇચ્છાને રોધી, તેમ વિવાહ કરવામાં પરમાર્થ દૃષ્ટિએ જોનાર તટસ્થોનો પણ ત્હેમને ભરૂંસો ન પડયો એ બધું ત્હમને માન્ય નથી, તો પુત્રીને હાથે કરી કુવામાં નાંખવાનો દોષ વહોરી લેવામાં કયું પુણ્ય સમાયેલું સમઝાય ?' આ વિચારે ત્હેમની સાથેનો કરવાનો સંબંધ બંધ પડયો, ને બીજા યોગ્ય સ્થળે તેનું પાણિ ગ્રહણ થયું. જ્યાં પુત્રી સુખી થઇ શકી.

પ્રિય વાંચનાર ! આ બધાં દૃષ્ટાંતોથી આપણે એટલુ તો જાણી શકીએ છીયે કે જ્યાં જ્યાં જ્ઞાન—બુદ્ધિને વર્તમાન સમયનો યોગ જેવાયો નથી, ત્યાં ત્યાં સુખની એષણા ઝંઝાવત—વંધ્યાપુત્રવત મનાય છે શ્રીયુત બાપુરામને પોતાના જીવનમાં આવા અનેક પ્રસંગો આવી ગયા છે ઘણાંને આ માર્ગે સુખી કરી, પોતાનો ધર્મ બજાવ્યો છે. આવા પ્રસંગોનાં દૃષ્ટાંતો માત્ર આર્ય સંસારની એક દિશાને જોવા પુરતાં, અને ત્હેમના ઘણા પ્રસંગોમાં અનુભવે જણાયેલાં જોવાં હિતાવહ ધારી કાંઇક કાંઇક ઉપર જણાવ્યું આ ચિત્ર દર્શનોથી આપણા વર્તમાન સમયની સ્થિતિનું અવલોકન કેવું છે, એની કાંઇક પ્રતિતિતો થતીજ હશે. આ વિનિપાતની ભાવનાઓ જ્યાં સુધી નષ્ટ થઇ શકી નથી, ત્યાં સુધી સુખની આશા રાખવી નિરર્થક છે. શ્રીયુત બાપુરામે પોતાના જીવનમાં આ માર્ગેય પણ ધર્મ બજાવ્યો છે. ઘણાંના હૃદયપર એની ઉચ્ચ ભાવનાની છાપ પાડી છે, એ છાપ એજ શ્રીયુત બા-

પુરામના પ્રયત્નનું કેન્દ્ર બિન્દુ, કે જે બિન્દુમાંથીજ ઉત્કર્ષ થવે। સંભવિત છે.

શ્રીયુત બાપુરામે આ અરસામાં પોતાને રહેવાનું એક મકાન બંધાવ્યું હવે ત્હેમની સ્થિતિ ગ્રામ્ય નિયમો પ્રમાણે ઘણીજ સુખી મનાતી હતી. કરકસરથી પ્રાપ્ત થયેલું સાધન વબાદાર ગણાતુ હતું. ધંધાની પ્રવૃતિ પણ વિશેષ વધતી જતી હતી. એમ કરતાં સંવત ૧૯૫૬ નો મોટો દુષ્કાળ પડયો. દુષ્કાળમાં પહોંચી વળવા જેટલું સાધન લોકો પાસે રહ્યું નહોતુ. સાધનના અભાવે કરૂણાજનક સ્થિતિ થઇ પડી હતી. લોકોને અન્નને ને દાંતને છેટું પડતુ હતું. આ દુઃખમાં પણ ઇતરજનોનો ત્રાસ થવા સંભવ હતો. શ્રીયુત બાપુરામે આ સમયે અડગ ધૈર્ય, અપુર્વ ઉત્સાહ, અસીમ પ્રેમ અને દક્ષ બુદ્ધિથી મદદ કરવા માંડી નિરૂત્સાહી થનારાઓને ઉત્સાહી કર્યા, પ્રયત્નમાં વળગી શકે એવા હતા ત્હેમને એ માર્ગે વાળ્યા ને અનાથોને રક્ષણ તળે રાખ્યા.

શ્રીયુત બાપુરામનામા ગરીબોને મદદ કરવાનો ગુણ અનુકરણીય હતો * * * * ગામમાં એક * * * કોમનો માણસ રહેતો હતો. તેને બહોળું કુટુંબ હતું, કુટુંબને નિભાવી શકવા પુરતું સાધન નહોતું, સાધનના અભાવે ખાવા મળે, ન મળે ચલાવી લેવું પડતું હતું. આ માણસને ખાવા પીવામાં દુઃખ પડવા માંડયુ. બહાર બોલે તો પ્રતિષ્ટા ઘટે, પ્રતિષ્ટાના માનમાં કોઇ આગળ બોલાય નહિ શાહુકારોએ ઘરબાર બંધ કરી દુષ્કાળ પડશે એવી કલ્પના શરૂઆતમાં કોઇએ કરી નહિ, કાળનું ચક્ર પ્રબળપણે ઘુમવા લાગ્યું. શ્રીયુત બાપુરામે આ માણસને પોતાને ત્યાં બોલાવી થોડું થોડું આપે, અને કોઇની અટકળમાં ન આવે તેની સભાળ રાખે. આ સિવાય ઘણાંને ગુપ્ત મદદ આવી રીતે કરતા હતા. કેટલાક મજુર વર્ગ પૈકીના લોકોને થોડુ ઘણું કામ સોપી ગુજરાન ચલાવતા, એમ પ્રત્યેકને સમય પુરતુ પોષણ કરતા હતા.

શ્રીયુત બાપુરામે મનુષ્ય પ્રાણિપર દયા કરી છે, એટલુંજ નહિ પણ અવાચક પશુઓની વ્હારે ધાયા છે, પશુ પાલકો, અને તેમાં વિશેષ કરીને રબારી વગેરે કોમના લોકો, ગુજરાન ચલાવવાની મુશીબતે, અને ઢોર ઢાંખરનો નિભાવ કરવાના સાધનની હાડમારીઓને લીધે, પોતાનાં ઢોર ઢાંખરોને કસાઇઓને ઘેર વેચતા હતા, આ વેચાણ ખાનગી રીતે ચાલતું હતું. શ્રીયુત બાપુરામને આ વાતની ખબર પડી, એટલે પશુ રક્ષણ માટે એમણે કટિ કસી મદદ કરી. એવાં પ્રાણિયોને આશ્રય તળે રાખ્યાં, ને

ત્હેમને ઢોરઢાંખરના 'રક્ષણ પુરતું' પ્રાપ્ત કરાવી આપવામાં મદદ કરી. * * * * ગામમાં * * * એક માણસ રહેતો હતો, દુષ્કાળનું જોર ચારે બાજુએથી દબાણ કરી રહ્યું હતું. લોકોને પોતાનોજ નિભાવ કરવો મુશ્કીબત ભરેલો હતો. આવા ભયંકર વખતે એક ટોળીએ પોતાનો પ્રપંચ ચલાવ્યો, અને ઢોરોને વેચાતાં લેવા માંડયાં. વેચાતાં લેવામાં આવતાં ઢોરોનો ઘાણ નિકળવા માંડયો. અને * * * * નામનો માણસ તેમાં મદદ કરતો હતો. આ દુઃખથી ત્રાસીને શ્રીયુત બાપુરામે બની શકે તેટલો પ્રયત્ન કરીને, ઢોરોને આ ત્રાસમાંથી છોડાવ્યાં, અને કૃત્ય કરનાર પાપાત્માઓને પરમેશ્વરે પાછળથી કર્મ ફળ ભોગવાવ્યું.

શ્રીયુત બાપુરામે જાનમાલના રક્ષણ માટે અંદર અંદર બંદોબસ્ત રખાવ્યો, આ શિવાય બહારના લોકો ઉપદ્રવ કરે એવા હતા, ત્હેમનો પોલિસ અમલદારો દ્વારા ચાંપતા ઇલાજો લેઇ બંદોબસ્ત કરાવ્યો. શ્રીયુત બાપુરામ પ્રજાની આવી જાતની લાગણીઓનું સત્યસ્વરૂપ હમેશાં અમલદારોના કાન આગળ લાવતા, અને લોકો અમલદારોની દયાભરી નીતિથી સંતોષાતા. ખરૂં કહીએ તો પ્રજાપક્ષ ને સરકાર પક્ષને સાંધનાર શ્રીયુત બાપુરામ એક કડી રૂપે હતા. આ કડીના સંયોગથી અમલદારને પ્રજા સુખી રહેતી, તેમ એકમેકની ફરજો અન્યોઅન્ય પ્રત્યેની પ્રેમભાવે બજાવતી હતી.

શ્રીયુત બાપુરામની ધમીજ નિવાસની છેલ્લી અવસ્થામાં એક અણુધારી ઉપાધી આવી પડી. * * * * ગામનો એક પાટીદાર થોડા ઘણા પૈસા લઇ * * * * ગામમાં એક માણસને ત્યાં આપવા આવતો હતો. દુષ્કાળ ગયે થોડા દિવસ થયા હતા આ માણસને આવતાં રસ્તામાં કેટલાક બદમાસોએ સતાવ્યો. ને પૈસા પડાવી લીધા * * * * નામનો માણસ રોતો રોતો શ્રીયુત બાપુરામ પાસે આવ્યો. શ્રીયુત બાપુરામે ત્હેની દયાજનક સ્થિતિ જોઇ, અશ્રુ લોયાં, આશ્વાસન આપ્યું ને વિદાય કર્યો આ માણસે ફરીઆદ કરી, તેનો કાંઇ પતો લાગ્યો નહિ, તેથી આગળના અધિકારિને યોગ્ય તપાસ થવા માગણી કરી. આ માગણીના પ્રસંગે એક પોલિસ અધિકારી આ તરફ આવ્યા. બહીયલ થાણાના ના. ફોજદારે ઉપરી અધિકારીને શ્રીયુત બાપુરામ વિરૂદ્ધ ઘણુંએ કહ્યું, અને આ કાર્યમાં શ્રીયુત બાપુરામે કર્યું છે એમ જણાવ્યું. ઉપરી અધીકારીને આથી ખોટું લાગ્યું ને શ્રીયુત બાપુરામને બોલાવવામાં આવ્યા, ત્હેમની તપાસ કરી, ને કેટલાક પ્રશ્નોત્તરો થયા, ઉપરી આધિકારીએ જે સત્ય જણાયું,

તે સઘળું નોંધ્યું અને તે સંબંધમાં ખોટું ઠસાવનારને ઠપકો આપ્યો. ઈર્ષા ને ઠપકાના અંગે બહીયલ ચાણુકાર અહીં આવ્યો ને અણુધારેલી રીતે ત્હેમનું અપમાન કરી, કેટલું કૃત્ય કર્યું, આ સંબંધમાં શ્રીયુત બાપુરામે ન્યાય કોર્ટદ્વારા ખરો ન્યાય માગ્યો, ન્યાય માટે બે ત્રણ કોર્ટો ફરવું પડ્યું. છેવટે વરિષ્ઠ કોર્ટે યોગ્ય ન્યાય આપ્યો. ને શ્રીયુત બાપુરામની અપીલમાં જે સત્ય સત્વ હતું તે જણાયું.

ધમીજમાંથી હવે અમદાવાદ રહેવા જવાનો નિશ્ચય કર્યો. આ નિશ્ચય થવાના કેટલાંક કારણો હતા. વિશેષ કારણોમાં દિન પ્રતિદિન ધંધાનો ફેલાવો તે સાથે લોકોને અહીં આવતાં થતો ત્રાસ. અને અહીં રહેવામાં પડતી અગવડ વગેરે સંજોગો લક્ષમાં રાખી ત્હેમણે અમદાવાદ જવાનું શ્રેયસ્કર ધાર્યું, આ વખતે રા. ગોપાળદાસના જેષ્ઠ પુત્ર (સદ્ગત) મોતીલાલ ધમીજ આવ્યા હતા; ત્હેમને સ્કંધે પોતાના ધંધાને પ્રવૃત્તિઓ વહન કરાવીને તેઓ મુક્ત થયા. કેટલાક વખત પછીથી શ્રીયુત બાપુરામ અમદાવાદ રહેવા માટે ગયા.

પ્રકરણ ૫ મું.

રાજનગર નિવાસ.

૫૪ વરસથી આગળ વર્તમાન સમય સુધી.

દ્રવ્ય પ્રાપ્તિ સંતોષ ને આત્મોન્નતિ પ્રયત્ન.

" As journeys the Earth, her eye on the Sun
" Through the heavenly spaces,
" And radiant in azure, or sunless,
" Swallowed in tempests,
" Falters not, alters not, journeyiny equal,
" Sunlight or storm-girt
" So thou, sun of Earth, who hast force,
" Goal and Time, go still onwards. "

જેમ અન્તરિક્ષ પ્રદેશમાં પૃથ્વિ સવિતાનારાયણ પ્રતિ દૃષ્ટિ સાંધીને ભ્રમણ કરે છે, અને નીલ પ્રદેશમાં પ્રકાશ ફેંકતી, સૂર્યરહિત તોફાનોમાં સંદિગ્ધ થયેલી, સ્તબ્ધ થતી નથી, કિંચિત્ ગતિ ફેરવતી નથી, અને સરખી રીતે આગળ પ્રયાણ કરે છે; સૂર્ય પ્રકાશ અથવા તો સંકટોમાંથી તરીને આગળ ચાલ્યાજ કરે છે, તેમ હે પૃથ્વિના માનવી, ત્હારી પાસે બળ અને વખત છે તેથી આગળ ચાલ્યોજા.

*　　　　*　　　　*　　　　*

विश्वेश्वरो भवति विश्वजनीनजन्मा
विश्वंभरे भगवति प्रथित प्रभावे ।
योदत्तचित्तविषयः सुकृती कृतार्थो
यत्र क्वचित्प्रतिदिनं निवसन् गृहादौ ॥

भर्तृहरिकृत विज्ञानशतक.

" જ્યાં ત્યાં, ઘરમાં કે વનમાં, પર્વતની ગુફામાં કે ખુલ્લા પ્રદેશમાં, ગૃહસ્થાશ્રમમાં કે વાનપ્રસ્થાશ્રમમાં, જે પુરૂષ વિશ્વના ઇશ્વર, વિશ્વનું હિત કરનારા, " વિશ્વનું ધારણ પોષણ કરનારા, પ્રખ્યાત પ્રભાવવાળા, પરમાત્મા વિષે મનને " અર્પણ કરે છે, તે પુરૂષનેજ પુણ્યવાન અને કૃત કૃત્ય જાણવો. "

*　　　　*　　　　*　　　　*

Higher, higher, let us rise,
From good to better, thence to best

motto.

*　　　　*　　　　*　　　　*

ગત્ પ્રકરણમાં આવી ગયું છે કે, શ્રીયુત બાપુરામે અમદાવાદ રહેવાનુંજ શ્રેયસ્કર ગણ્યું. પ્રથમ તેઓ કેટલોક વખત ત્યાં રહેતા. અને કેટલોક વખત ધમીજ આવતા. આમ કેટલાક દિવસ ચાલ્યું; એવામાં એમની વૃત્તિ નાવન મકાન બંધાવી, તેમાં રહેવાની થઇ. સ્થિતિ–સંજોગને અનુસરીને તેમણે અમદાવાદમાં એક વિશાળ, સ્વતંત્ર નવીન મકાન ધાશીરામની પોળમાં બંધાવ્યું, ઘર બંધાવ્યા પછી તેઓ તેમાં રહેવા આવ્યા; અને પ્રસંગોપાતજ ધમીજ આવવાનું રાખ્યું.

સત્ય ધર્મ જ્યાં ત્યાં આગળ તરી આવે છે. પ્રતિકૂળ વિચારના કેટલાક માણુસોએ તેજ અને કિર્તિ દ્વેષથી નજરમાં આવે તેમ બોલવાનું રાખ્યું, પરન્તુ સત્યને સર્વદા બાધ આવતોજ નથી, એમ આગળને આગળ વૈદક જીવનમાં પોતના સ્વિકારેલા ધર્મમાં એક ડગલું પણુ પાછા હઠયા શિવાય વધ્યા. કેટલાક લોકોની એવી માન્યતા હતી કે, શ્રીયુત બાપુરામ શહેર કે જેમાં ડગલે ડગલે ડોકટરોને—વૈદો—હકિમો ઉભરાય છે, ત્યાં ફાવી શકવાના નથી. આ માન્યતા કાળે કરીને સર્વની પલટાઇ ગઇ. જે ધધામાં સંપૂર્ણ શ્રદ્ધા, અસીમ પુરૂષાર્થ ને અનિર્વાર્ય ભાવના બળ હોય છે, તેમાં કદાપિ ચ્યુત થવાતું નથી. એમનું પ્રત્યેક કાર્ય આ રીતેજ પુર્ણું થતું આવી પડેલી આપત્તિ જેમ તેમ કરીને કાઢવી, અથવાતો આવી પડેલું કામ જેમ તેમ કરીને પુરૂં કરવું, એ સિદ્ધાંત એમને અમાન્ય હતો. ત્હેમનું હૃદયબલ પ્રત્યેક કાર્યમાં ઉત્સાહવાન થઇ આગળ વધતું હતું. એકાગ્ર દષ્ટિ અર્જુનની માફક એમનાં કાર્યોમા યથાવિધિ તન—મન-આરોપાતું, અને કાર્ય પોતાની ફરજ તરીકે—ધર્મ તરીકે કરવું એમ શ્રદ્ધા પૂર્વક માનતા હતા. આ માન્યતાએજ એમને ઉચ્ચગામી કર્યા એમાં શક નહિ.

ગત્ પ્રકરણુમાં ધંધા પ્રતિ દષ્ટિ વાળતાં જોઇ ગયા છીયે કે, તેઓ પ્રત્યેક દરદીનું ચિકિત્સકકાર્ય બહુજ દિર્ધ દષ્ટિથી કરતા હતા એમના સમાગમમાં આવનાર કોઇ પણુ સાધારણ માણુસને કે દરદીને અથ—ઇતિ જાણ્યા શિવાય જવા દેતા ન હોતા. એક વખત જાણુવામાં આવેલું તેઓ કદિય વિસ્મરતા નહિ, અને સ્મરણુ પટપર લખાયેલાં વાક્યો યથાવત પ્રસંગોપાત્ કહી સંભળાવતા હતા. એમની સ્મરણુ શક્તિનો એક દાખલો આપણે જોઇયે. * * * * તરફ એક ઇજનેર ખાતાના * * * મોટા અધિકારી સાહેબ રહેતા હતા. ત્હેમની તબિયત સારી નહિ હોવાના કારણે, શ્રીયુત બાપુરામને ત્હેમના એક સંબંધિ દ્વારાએ બોલાવ્યા હતા. શ્રીયુત બાપુરામની દવાને સલાહ તથા સારવારથી, તેઓ સાહેબનું આરોગ્ય પુનઃ સુધર્યું. આવા વખતે તેઓ સાહેબ વખતમળે બહાર ફરવા જતા, અને તે વખતે શ્રીયુત બાપુરામને લેઇ જતા હતા. શ્રીયુત બાપુરામને એમની સાથે ધાઢ પરિચય થયો. તેઓ સાંજરે સુઇ રહેવા જતા, તે પહેલાં તિજોરીપર નાંના મોટા પથરાઓ ખડકીને પુષ્કળ ગોઠવતા હતા; આ પ્રસંગે શ્રીયુત બાપુરામે ત્હેમને એમ કરવાનું પૂછ્યું જેના ઉત્તરમાં તેઓ સાહેબે જણાવ્યું કે, ચોર આવે તે આટલું ખસેડતાં વખત

લગાડે, તેમ કરતાં વખતે ખખડાટ થાય, અને ખખડાટથી કે વધારે વખત લાગવાથી ઘરનું કોઇ જાગી ઉઠેતો, એટલું પણ ઉપયોગી થઇ પડે. આ વિચારને સ્થિતિનું ચિત્ર જ્યારે પચ્ચીસ ત્રીસ વરસે સાધારણ વાત ચીતો શ્રીયુત બાપુરામને અને તેઓ સાહેબની વચ્ચે થઇ ત્યારે જણાઇ આવ્યું, જે યાદ શક્તિ માટે તેઓ સાહેબને ખરેખર ! આશ્ચર્ય થયું * * * * ગામમાં એક માણુસ રહે । હતો, તેને ત્યાં ઘરમાં કોઇ માંદુ હતું, તે વખતે શ્રીયુત બાપુરામ તે ગામમાં હતા. દરદીની સારવાર ને દવા વગેરેની માવઝત તેનો એક સંબંધિ કરતો હતો. આ દરદીની સ્થિતિ દિવસે દિવસે લથડતી હતી, અને નબળી પડતી શક્તિમાં કોઇ કારણ પ્રસંગે એને રેચ આપ્યો આકૃતિને વિચાર તથા ચિત્ર શ્રીયુત બાપુરામના મનમાં યથાસ્થિત ગોઠવાયુ ચિત્ર સાથે તે પ્રસંગને અનુસરતો જે વાતચીત થઇ હતી તે પણ સ્મરણપટમાંથી ખસી નહિ આ માણુસ દરદીનો સગો * * * થોડા એક દિવસપર મારે ત્યા કોઇ કારણ પ્રસંગે આવ્યો હતો, તે વખતે શ્રીયુત બાપુરામ મારે ત્યા હતા. જમી પરવાર્યા પછી શ્રીયુત બાપુરામે, તે આવનારને પૂછ્યું કે, તમો મને ઓળખો છો ? આવનારે બરાબર જવાબ આપ્યો નહિ એટલે ઓળખાણ સંબધે વાતચીતો ચાલતાં ચાલતાં વીસેક વરસ ઉપર–ઉપરનું જે વર્ણન હતું તે યથાસ્થિત કહી સંભળાવ્યું. મને સારી રીતે યાદ છે, અને જો હું ના ભૂલતો હોઉં તો આસપાસ ઘણા માણસો બેઠા હતાં. તે સઘળાં, અને આવનાર વૃદ્ધ, આશ્ચર્ય ચકિત થયા ! એમની સ્મરણ શક્તિ ખરેખર ! બહુજ પ્રબળ હતી.

આ સ્મરણ શક્તિથી તેઓ ધંધામાં પણ યશસ્વિ થયા. એક વખત આવેલા દરદીને, પુન આવવાનો યોગ થાય, ત્યારે પ્રથમ સમયે શું શું હતું, ને કેવી રીતે મટયુ હતું, એ કદાપિ પણ ભૂસાતું નહોતું. આ સ્મરણ શક્તિને ચિકિત્સક શક્તિ અથવા તો ચિકિત્સક બુદ્ધિ વિશાળ હતી. કેટલાકને આ બાબત શંકા ભરેલી જણાતી હતી, આવી શંકાઓમાંના એક માણુસે એક વખતે અમદાવાદમાં સરકીવાડની પોળમાં રહેવાના વખતે શ્રીયુત બાપુરામને પ્રશ્ન પૂછ્યો કે આ ચાર પાંચેક દરદીઓ છે, ત્હેમને અડકીને જોયા સિવાય, પૂછયા શિવાય, જાણતા હો તો કહી આપો ? અમને ખાત્રી થાય એ પ્રમાણે ત્હમે સત્ય કહો તોજ, અમે જાણીયે કે ત્હમને વૈદક આવડે છે. આ માણુસના પ્રશ્ન પછી શ્રીયુત બાપુરામે ચારેની તરફ દૃષ્ટિ કરી ને એકાવેલી સઘળાનું ચિત્ર દર્શન નિરિક્ષણ કર્યા પછીજ

ત્હેમને શું શું થયું છે, તે અનુક્રમસહ કહી આપ્યું, અને ચારે દરદીઓ-એ કબુલ કર્યું કે, અમને એજ દરદ થયું છે. આ વાત અનુભવ સિદ્ધ છે.

વૈદકના ધંધામાં શ્રીયુત બાપુરામે કુશળતાને સાધન પ્રાપ્ત કર્યો, એ સાથે પરોપકાર વૃત્તિને ગૌણ કરી નહિ એમના ઔષધાલયમાં બેસનાર, ને એમના વધારે સમાગમમાંયે જાણતા હશે કે; અર્થ પ્રાપ્તિ સાથે પરોપકાર થાય છે કે કેમ ! હમેશાં એમની ભિષ્મ પ્રતિજ્ઞા હતી કે ગરીબને મદદ કરવી ગરીબને મદદ કરવાનું તે કયારેય પણ ભૂલ્યા નથી. ધમીજ નિવાસ પ્રસંગે એક માણસને ઇશ્વર અવકૃપા રૂપે બધીયે ખોડો હતી. હાથે ગ્રહણ થઇ શકતું નહિ, પગે યથાવત ચાલી શકાતું નહિ, કાંને સંભળાતું નહિ, જીહ્વાથી બોલાતું નહિ, ને પોષણ જેટલું પ્રાપ્ત થઇ શકે એમ પણ નહોતું. આ બાળકને જોતાં ત્હેમના ઉદાર ચિત્ત હ્રદયમાં દયા આવી. દયાના અંગે એમણે નિશ્ચય કર્યો કે એની દિવસમાં બે વાર ભોજન માટે તપાસ કરવી. જ્યાં સુધી ધમાજ રહ્યા, ત્યાં સુધી આ પ્રતિજ્ઞામાં કદીયે ભંગ પડયો નથી. ગરીબ અવસ્થામાં શાં શાં દુઃખ સહન કરવાં પડે છે, એ જાતિય અનુભવસિદ્ધ હતું. જાતિય અનુભવવાળો માણસ બાગ્યેજ ભૂલમાં પડે છે; અને વિશેષે કરીને તો ઉત્કર્ષમા આગળ વધતાં મહદ જનોને તો સ્વભાવ સિદ્ધ થયેલુ હોય છે માત્ર ધંધા અંગે ગરીબ પ્રત્યે દયા હતી, એમ નહિ પણ પ્રત્યેક સ્થિતિ સંજોગોમાં દયા પાત્રો પ્રત્યેક હ્રદય ઉદાર ભાવથી ઉભરાતું હતું, અને પાત્ર પ્રમાણે દાન આપનાર કહીયે તો તેઓ એમાં આગળ વધેલા હતા. ભૂખ્યાને અન્ન, તૃષાતુરને જળ, અને સાધન વગરનાને સાધન, વસ્ત્ર વગરનાને વસ્ત્ર, જેને જેની આવશકયતા હોય તેને તે પ્રાપ્ત કરાવી આપવામાં કદિય પાછી પાની ત્હેમણે કરી નથી.

અમદાવાદ નિવાસમાં શારીરિક ઉપાધિઓમાંથી ત્હેમને અનેક વખત પસાર થવાનો યોગ આવ્યો. બે ત્રણ વખત આવેલા મંદવાડમાંથી એક વખત બચવાની આશા રખાઇ નહોતી. આ મંદવાડો મહિનો-માસ કરતાં વધારે લંબાતા હતા. મંદવાડ પ્રસંગે પણ એમનું હ્રદય બલ શુદ્ર થતું નહોતું. એમના જીવનમાં ધંધાને અંગે એક ગંભીર સત્ય જણાઇ આવે છે કે, ક્યારેય વૈદકિય નિયમોનું એમણે ઉલ્લંઘન કર્યું નથી. આર્યઋષિ મહાત્મા ધન્વંતરીના સિદ્ધાંત પ્રમાણે પથ્યાપથ્ય સંબંધિ અને વૈદકના શાસ્ત્રીય નિયમોને અનુસરીને વર્ત્તતા હતા. કહેવામાં જે સત્ય સમાયેલું હતું, તેનુંજ પ્રતક્ષ વર્તન આચારમાં પ્રવર્તેલું હતું.

હિન્દુ સંસારમાં ઘણીખરી જ્ઞાતિઓમાં અરસપરસનુ છેદન કરવાનો મોટામાં મોટો રિવાજ ચાલતો આવે છે. સ્વજ્ઞાતિ જનોમાં સ્વજ્ઞાતિ વાળાઓની ઉન્નતિ સહન થતી નથી. આર્યાવર્ત્તના વર્તમાન ભાગ્યમાં આ દુષણ વિનિપાત માટે નિર્માણ થયેલું છે. જે કુટુંબમાં સ્નેહભાવના નથી હોતી, તે કુટુંબ જલદી અસ્થવ્યસ્થ થઇ ગયેલું જણાય છે. જ્ઞાતિએ આવાં ઘણાં કુટુંબનો થયેલો એક જથ્થો કે સમુહ છે. સોસાઇટિ—મંડળ કે સમાજમાં જેમ અરસપરસની ઇર્ષા કે ઉન્નતિને નહિ સહન કરવાનો તેજદ્વેષ સમાજ કે મંડળના છિન્ન ભિન્ન થવાના ચિન્હ રૂપે છે, તેમ જ્ઞાતિઓમાં પણ આ ઝેરનું બીજ નુકશાનકારક છે. સંસારિક વ્યવહારિક સંજોગોને અનુસરતાં જ્ઞાતિનું અસ્તિત્વ હિતાવહ છે. પરંતુ પૂર્વકાલથી ચાલતી આવેલી આ પ્રણાલિકામાં ઉન્નતિનો એકજ માર્ગ સપ—પ્રેમ—સ્નેહ એજ છે. આ ભાવનાનું વિશાળપણું જ્ઞાતિ હિત વધારે સાધી શકે છે. જ્યાં આ ભાવનાઓની જ્યોત્સ્ના દિપ્તિમાન હોય છે, ત્યાં કદિયે તિમિર પ્રવેશ હોતો નથી. જ્ઞાતિ જનોમા આ ઝેરના રોપાને નષ્ટ કરવાનું જો બળ હોય તો તેઓ સત્ય સુખની નજીક વહેલા પહોંચેલા ગણી શકાય. ઉન્નતિનો પ્રાથમિક આ એકજ માર્ગ છે. કચરો—બદી—ગંદવાડ પ્રતિ લક્ષ નહિ આપતાં સત્ય સત્ત્વને નિહાળતાં, તે પ્રતિ લક્ષ્ય સાંધી ઉઠતાંજ, આપણા કલ્યાણનો માર્ગ સમાયેલો છે. શ્રીયુત બાપુરામનુ જ્ઞાતિય કર્ત્તવ્ય અથવા તો તેમાં કેટલાંક અરક્ષિત જનોને આપેલી સહાય તરફ દુર્લક્ષ કરવું ઠીક લાગતું નથી, પણ વાંચકોની ક્ષમા સાથે એ દિશાના અવલોકનને આટલેથી સમાપ્ત કરવામાં આવે છે.

શ્રીયુત બાપુરામ જુના જમાનામાં જન્મ્યા હતા, પરંતુ ત્હેમના વિચારો નવા જમાનાને અનુસરનાર થયા હતા. આ સંસ્કારો બધાય અનુભવથી ઘડાયેલા હતા. અનંત વિશ્વમાંથી પ્રાપ્ત કરેલા ઉદાત્ત ગુણો સુસંસ્કારો ખરેખર ત્હેમને આગળ વધવામાં સહાયક હતા. અન્તઃકરણની ઉદાર ભાવના, સ્વાત્મ શ્રદ્ધા, પુરૂષાર્થ ને અડગ નિશ્ચયથીજ ત્હેમનું જીવન ઉત્તમ બન્યું છે. અપકાર સટે ઉપકાર કરવાની ત્હેમની વૃત્તિ ઉદાર હતી. દૃષ્ટાંત રૂપે * * * * * ગામના એક માણસે કિર્તિ દ્વેષ નહિ સહન કરવાથી, ત્હેમના જીવનને મોટો ધક્કો લગાડવાની જાળ પાથરી હતી. આ કાર્યમાં તેના શિવાય બીજા બેચાર માણસો મળેલા હતા. દ્વેષિની આ જાળ સચોટ હતી. અણિ સુધી આ ક્રિયા ઉઘાડી પડી નહિ, પરંતુ

શ્વર કૃપાથી, દૈવયોગથી ત્હેમાંથી શ્રીયુત બાપુરામ બચ્ચા જ્યારે આ
તની ત્હેમને ખબર પડી, ત્યારે તેઓએ એટલુંજ કહ્યું કે, ઇશ્વર પ્રે-
ણા. ઇશ્વર કૃપા. ઇશ્વર વાત્સલ્યતા આગળ દ્વેષિયોની ક્રિયા કદાપિ ફ્લવ-
ા થવાની નથી, તો તેનું ફળ પાપ કર્મીઓને મહાન પ્રભુ આપવા તૈયારજ
શે, આપણે શામાટે તેના અનર્થ માટે પ્રયત્ન કરવો ? સર્વ ઇશ્વરનાં બાળકો
છીએ. આપણે આપણું કર્ત્તવ્ય બજાવવું એજ ધર્મ છે. અનેક જનોને માટે
તિહાસના પૃષ્ટોપરથી આપણે જોઇ શકીએ છિયે કે ત્હેમના વિનિપાત
ણીયે પ્રવૃત્તિઓ થઇ છે. પરંતુ ત્હેમની એ પ્રવૃત્તિઓમાંથી શ્રી
ષ્ટ કૃપાએજ ત્હેમનુ રક્ષણ કર્યું છે. આટલું બોલી બેશી રહ્યા નહિ, પરંતુ
ાછળથી તેના તરફ દયા ભાવે વર્ત્યા. તેની તમામ જાતની ફરજોમાં ઉત્સાહ
પેર્યો; તેનાં કૃત્યો તરફ નહિ જોતાં, તેની બરદાસ શાખી અને અદ્યપિ
શ્રીયુત બાપુરામનો ભાવ તેના પ્રતિ હતો તેવોને તેવોજ રહ્યો છે. ત્હેમના
હૃદયમાં પ્રાણિમાત્ર પ્રતિ વાત્સલ્ય ભાવ છે. નાના અને મોટા પ્રસંગે નાના
મોટા પ્રત્યે ગરીબને અનાથ પ્રત્યે આ ભાવથી તેઓ કદિ ખસ્યા નથી.
હકના ધંધા અંગે આવાં અનેક દૃષ્ટાંતો દૃષ્ટિગોચર થતાં હતાં. ચઢતી
સ્થતિમાં હમેશાં શુભ બગવદ્દિ ક્રિઆઓજ સ્કુરે છે. જીવન આશયને
ક્ષ સર્વદા શુભમાંજ રમ્યા કરે છે.

શ્રીયુત બાપુરામ જોકે અમદાવાદ ગયા, પરંતુ જે સ્થળોનો એમને
ધારે સહવાસ હતો, તે સ્થળોને વિસરી ગયા નહિ. અમદાવાદમાં ધંધાની
વૃત્તિમાં શાન્તિથી બેસવાનો વખત નહોતો રહ્યો છતાં ભાગ્યેજ એમના
હૃદયમાંથી કનીપુર ને ધમીજની વાતો ખસી હશે ? હૃદય ભાવ માટે એ-
ટલુંજ કહેવું બસ છે કે, વરસમાં એકાદ બે વખત તહેવારો પ્રસંગે તેઓ
ધમીજ આવ્યા શિવાય રહ્યા નથી. સારા દિવસોમાં કુટુંબ વગેરેને છોડી
અહીં આવવામાં એમનું અન્તઃકરણ કેટલું વિશાળ રહેતું હશે ? અમદાવાદ
નિવાસી હોવા છતાં જ્યારે જ્યારે આ તરફની હરકતો ત્હેમના કર્ણે
અથડતી ત્યારે ત્યારે તેમની મદદ અસ્ખલિત પણે થતી હતી. દરેકનાં અશ્રુ
લુહોતા, ને આશ્વાસન આપતા.

આ અરસામાં કનિપુરની સ્થિતિ યાદ આવી. તેમાં સત્યની વ્હારે
ધાવાની જરૂર પડી. શ્રીયુત બાપુરામ હમેશાં સત્યની લડત લડતા હતા.
સત્ય ધર્મ માટે જેટલી ને જેવા પ્રકારની મદદ આપવી ઘટે તે આપતાં
કદિય પાછા પડતા નહોતા. કર્ત્તવ્ય ક્ષેત્રમાં તો આ ગુણ અપ્રતિમ પ્રભાવ-

આળી હતો. કનિપુરની સ્થિતિ તરફ એક વખત આપણે દૃષ્ટિ નાંખીશું. કનિપુરમાં અંદર અંદર વિગ્રહ રહેતો. ગામ લોકોનાં મન અમુક હદે દબાયેલાં રહેતાં. ત્હેમનાં હૃદય સ્વતંત્ર પવનમાં રમી શકતાં નહોતાં. આત્માનો વિકાસ કરવાની તક નહોતી. હૃદય બલની સત્તાનો સ્વિકાર કરવાનો વખત નહોતો. આવી સ્થિતિમાં આર્થિક સંપત્તિ પણ દિનપ્રતિદિન નષ્ટ થતી જતી હતી એવામાં કાયદાને અનુસરી મતાદારોને મૂખીપણાના વારા સંબધમાં મતભેદ પડયો. આ સ્થિતિમાં જો કાંઇ ફેરફાર થાય તોજ લોકોને રાહત શાન્તિ કે આગળ વધવાની સ્ફૂરણા થાય. કનિપુરમાં વહિવટથી એકજ વંશમાં આ હક હતો. રાજ્યમાં આ સંજોગોને વ્યવસ્થિત કરવાને, સુદૃઢિત કરવાને મતાદારોને ક્રમશઃ મૂખીપણાનો હક આપવાની જરૂર હતી. આ ક્રમ કાયદાને અનુસરી બાંધવામાં આવેલો હતો. મતાદારો ન્યાય માટે આગળ પગલું ભરવા અશક્ત હતા. આ વખતે રા. રા. ડાહ્યાભાઇ બકોરભાઇ ન્યાયના શકટને સ્કંધે લેવા તૈયાર થયા. અથવા તો કુદરતી સંજોગોએ ગામની સ્થિતિ સુધારવા એમનામાં સ્વજાતિય બળની સ્ફુરણા કરાવી. શુદ્ધ ન્યાયને માટે ગમે તેટલું સહન કરવું પડે, તોય તેમાં પાછા હઠય શિવાય કર્તવ્ય કર્યાંજ જવું એવું એમનામાં બળ હતું. રા. ડાહ્યાભાઇને સ્થિતિ સંજોગો જો કે આ કર્તવ્યમાં પ્રતિકૂળ હતા. તો પણ શ્રીયુત બાપુરામનો ઉત્સાહ ને મદદ અનિર્વાર્ય હતી. રા. ડાહ્યાભાઇને મદદ કરવામાં, ને રાત્રિ દિવસ પુષ્ટિ આપવામાં કનિપુરનાજ વતની રા. ગોવિંદભાઇ મુળજીભાઇ તૈયાર રહેતા. બન્નેના તરફ શ્રીયુત બાપુરામનો વાત્સલ્ય ભાવ હતો. અનેક વિવાદાત્મક પ્રશ્નોને પડતા મૂકીયે તો પણ એટલું તો સત્ય છે કે લોકની આબાદિ માટે આ દિશાના પ્રયત્નની જરૂર હતી. રા. ડાહ્યાભાઇ તથા રા ગોવિંદભાઇને શ્રીયુત બાપુરામે અપુર્વ ઉત્સાહ આપી કર્ત્તવ્ય ક્ષેત્રમાં આગળ વધવા ને ન્યાયનો આશ્રય લેવા સ્ફુર્તિ આપી. બન્નેની આર્થિક સ્થિતિ સમયને અનુકૂળ નહોતી, છતાં શ્રીયુત બાપુરામના આશ્રયથી ત્હેમના પગમાં જોર આવ્યું હતું. કનિપુરમાં એક વખતે આ આશા (સ્વર્ગસ્થ) રા વિઠ્ઠલદાસ પાસેથી રખાતી હતી. પરંતુ કાળના ક્રૂર ચક્રમાં યુવાન વયેજ તેઓ સપડાયા હતા, ને એમના સ્વર્ગવાસ પછીથી એ આશાને નષ્ટ થવા વખત આવ્યો હતો. શ્રીયુત બાપુરામની ધમીજ નિવાસની પહેલી અવસ્થામાં ને થોડી ઘણી બીજી અવસ્થામાં કનીપુરમાં રા. વિઠ્ઠલદાસ તથા ધમીજમાં રા. ગોપાળદાસ આચાર વિચારમાં શ્રીયુત બાપુરામના

આચાર વિચારોને અનુસરી વર્તતા હતા. થોડા વખતમાં એ જોડીને કાળ ચક્રે છૂટી પાડી એટલે આગળ પ્રવૃત્તિ કરવાનો જોગ એમના અવસાન પછીજ નષ્ટ થયો હતો. આ પણ એક નિયમ છે કે, વખતને અનુસરી કુદરત પોતાનું કાર્ય આગળ વધારેજ જાય છે. બ્રહ્માને ઘેર આવી ખોટ હોતી નથી. વખત–વખતપુરતુ સર્વ આવી મળે છે. અથવાતો સમયને અનુકૂળ સઘળાં સાધનો એની મેળેય આવી મળે છે. ભાગ્યેજ કોઇ એમ માનતું હશે કે રા. ડાહ્યાભાઇથી આ ઉદય સાધી શકાય ! કારણ એમના ભાગ્યમાં આવાં કોઇ પ્રકારનાં ચિન્હો સાધારણ માણસોથી જણાતાં નહોતાં પણ મારા પિતાશ્રીના કહેવાથી મને સારી રીતે યાદ છે કે શ્રીયુત બાપુરામના મોટા ભાઇ સ્વર્ગસ્થ રા. રા. વિશ્નુરામ કેટલાંક વરસપર ઘમીજ આવ્યા હતા. ત્યારે એમણે રા. ડાહ્યાભાઇને જોઇ નિશ્ચય કર્યો હતો કે, આ માણસ એક વખત અન્યને દષ્ટાંત રૂપ થશે. ઉચ્ચ સંસ્કારી આત્માનું આ કથન સત્ય હતું ને થયું. મતાદારોને તથા સુખીપણાના હક માટે ન્યાય માગવાની જરૂર પડી. આ જરૂર અંગે એ કામ કોર્ટે ચઢયું. અનેક સંકડામણો–દુઃખો–વિપત્તિઓ ત્હેમના માર્ગમાં રોધક બની છતાં કાર્ય કરવું કે દેહ પાડવો, એવો જેમને બોધ–ઉપદેશ હતો, તેવા રા. ડાહ્યાભાઇ સત્ય માર્ગથી પાછા હઠયા નહિ. છેવટે ધારેલા નિશ્ચયને પાર પાડી શકયા. પરમેશ્વરે કર્તવ્યમાં અભિપ્સિત ફળ પ્રાપ્ત કરાવ્યું.

શ્રીયુત બાપુરામને હવે એક ધર્મ ક્ષેત્રમાં કામ કરવાનું હતું. પશુ વધનું જોર હતું. ગમે તેવા વખતે પણ માતાની બાધા રખાતી, બાધાના પ્રસંગે પશુવધ, પુણ્ય નિમિત્ત ધારી કરવામાં આવતો હતો. આ પ્રયત્ન ત્હેમણે ઘમીજ રહી સાધ્યો હોત, છતાં એ દિશાના પ્રયત્નમાં ઉતરવાના સંજોગો અનુકૂળ નહોતા. અનુકૂળ હોત તો, પશુવધ દુષ્કાળ જેવા વખતમાં જે પ્રબળપણે ઘુમતો હતો, તે નષ્ટ થયો હોત. પ્રયત્ન કર્યો હતો, છતાં લોક વિચારો જુના જમાનાને મજબુત રીતે વળગી રહેલા હતા. અને કેટલાકની સંમતી પુષ્ટિરૂપે હતી, એટલે એમાં ફળ મળવું અસંભવિત જણાયું; પણ એ વિચારો કર્તવ્યમાંથી નષ્ટ થયા નહિ. કનિપુર તથા કોઠી ગામમાં સા I નરતા તહેવારોએ આ દુષ્ટ ક્રિયા કરવામાં આવતી હતી. શ્રીયુત બાપુરામે જ્યારે સમય અનુકૂળ આવ્યો, ત્યારે એ પ્રયત્ન આરંભ્યો. પ્રથમ કોઠીમાં એ રિવાજને અટકાવ્યો. કનિપુરમાં આગેવાનોની મદદવડે એ રિવાજ બંધ પાડયો.

હવે કનિપુરમાં અંદર અંદર સમાધાન કરવાની જરૂર હતી. શ્રીયુત બાપુરામ દિપોત્સવી નિમિત્તે ધમીજ આવ્યા. કનિપુરથી રા. ડાહ્યાભાઇ વગેરેને ધમીજ બોલાવ્યા સંપ થાય તો સુખી થવાય, ઉન્નતિ કરાય ને ગામની મહત્વતા વધે, એ સંબંધે ઉપદેશ આપ્યો. બીજે દિવસે શ્રીયુત બાપુરામ આ પ્રયત્નની સાધના માટે કનિપુર આમંત્રણ સહ ગયા. ગામ લોકોને સાર્વજનીક મકાનમાં બોલાવ્યા, અને અન્યોઅન્ય પ્રત્યે ભ્રાતૃભાવ રાખવા પ્રત્યેકને કહ્યું. ભ્રાતૃભાવ ન રહેવામાં એક પ્રસંગ એવો હતો કે ગામમાં સાર્વજનિક ઉપયોગ માટે એક મકાન બંધાવવામાં આવ્યું હતું. આ મકાનમાં બાળકોને અભ્યાસ કરવાની ગામ સંમતિથી સગવડ કરી આપવામાં આવી હતી. આ પ્રસંગે સાર્વજનિક મકાનનો અમુક વ્યકિતનો કબજો ભોગવટો રહે, એ સત્યથી નહિ સાખી શકાય તેવું હતું. છેવટે અંદર અંદર સમાધાન કરવાનું વલણ થયુ, બન્ને પક્ષ વાળાઓએ છેવટનો નિર્ણય કરવાને શ્રીયુત બાપુરામને સરપંચ નિમી, પોતપોતાના તરફના સમાધાન કરનાર નિમ્યા. પંચો સાથે મળીને શ્રીયુત બાપુરામે તે સંબંધનો નિકાલ કર્યો, અને સઘળા આનંદથી વેરાયા.

અરસપરસ ભ્રાતૃભાવ રાખવા માટે શ્રીયુત બાપુરામ સતત્ પ્રયત્ન કરતા હતા. આવા પ્રસંગે તેઓ એક પક્ષમાં ઢળી પડતા નહોતા. શત્રૂ કે મિત્ર પ્રત્યે સમાન ભાવ રાખતા, અને જેનું પ્રતિકૂલ વલણ હોય ત્હેમને સદુપદેશ આપતા. કનિપુર ધમીજમાં રહ્યા ત્યા સુધી અને પછી પણ સત્ય જણાતાં ન્યાયને માટે પ્રતિકૂલ વિચારવાળાઓને સદુપદેશ આપી, સત્યને માર્ગે ચઢાવવામા પાછા હઠયા નહોતા. દુરાગ્રહ પકડી બેઠેલા માણસોને પણ ખરૂં કહેવામાં અચકાતા નહોતા. શ્રીયુત બાપુરામ કોઇ આગળ દબાઇ જાય તેવા નહોતા. સત્યનો પ્રકાશ કરવાને તેઓ કટિબદ્ધ થઇ તૈયાર રહેતા. આ પ્રવૃત્તિથી તેઓ અન્ય જનોનું ઘણું કલ્યાણ સાધી શકયા હતા, મનુષ્ય પોતાની પાછળ પોતાને જોઇ શકતો નથી, આ અંધકારમાં તે સત્ય નિર્ણયપર આવી શકતો નથી, એવા પ્રસંગેજ બુદ્ધિશાળીઓની બુદ્ધિનો ઉપયોગ થઇ શકે છે, ને તેનું હિત સાધી શકે છે.

શ્રીયુત બાપુરામે સાર્વજનિક હિત માટે બહુજ પ્રયત્ન કર્યો, એમના ઉદાત્ત ગુણોને લીધે અનેક હ્રદયો સંસ્કારિત બન્યાં, વિદ્યાપ્રતિ અભિરૂચી હોવાને લીધે ઘણાં બાળકો સુશિક્ષિત થયાં, પ્રમાણિક અને સત્ય નિષ્ઠાથી કેટલીક જાતના વહિવટો પદ્ધતિસર નિયમસર ચાલવા લાગ્યા, સ્નેહ ભાવનાથી

પરિપૂર્ણ હૃદયને દૃષ્ટાંતરૂપે જોઇ ઘણાઓએ તે પ્રમાણે આચરણ કર્યું. સક્રિયમાં એમનું સમગ્ર વર્તન, ઉત્સાહ—સ્નેહભાવના સ્વાત્મ શ્રદ્ધા—સ્વાત્માવલંબનને ઇશ્વર શ્રદ્ધાથી બોધક ને કલ્યાણુસાધક થયું. આ ગુણોથી વખતે વિવેચકો દોષારોપણ કરશે કે મૂળ વસ્તુ સ્થિતિનું આડંબર ચરિત્ર દર્શન માટે અયોગ્ય છે, છતાં સત્ય રીતે કહેવુંજ જોઇયે કે, આ વિવરણ માત્ર આડંબર કે શણગાર રૂપે નહિ, પરંતુ સત્ય ધર્મ રૂપે—સત્ય દર્શન રૂપેજ છે. એમના સમાગમમાં આવનાર અનેક મનુષ્યો આ સત્યના સત્ય દૃષ્ટાંત રૂપે જુએ છે, એટલે અતિશયોક્તિ થવા ભય નથી.

વિક્રમાબ્દ ૧૯૬૮ મા એમના મોટા પુત્ર રા. જેઠાલાલના મોટા પુત્ર ચિરંજીવી સમર્થલાલનું લગ્ન થયું. લગ્ન થયા પછી શ્રીયુત બાપુરામની તબીયત લથડતી ચાલી. શરીરે ચેળ ઉપડી અને દરદ એટલું બધું વધી પડ્યું કે ચાંપતા ઉપાયોને સારી સારવાર કરતાંયે બચવું મુશીબત ભરેલું જણાયું. દરદથી જીંદગી જોખમમાં આવી પડી; હવા ફેર અને મોટા દાક્તરોની સલાહ ને દવાઓથી થોડા વખત પછી આરામ થયો. શ્રીયુત બાપુરામના જીવનની અત્રેથી આ અવસ્થા પછીથી સ્થિતિ બદલાઇ. અત્યાર સુધીનો વખત આર્થિક પ્રાપ્તિ ને સત્ય કર્તવ્ય રૂપે હતો, હવે એ જીવન વ્યવહારિક ને સંસારિક સ્થિતિને ઓળંગી ધર્મ સ્વરૂપે આગળ વધે છે. અત્યાર સુધી એમનું કર્તવ્ય વ્યવહારિક સંસારિક સંજોગો રૂપે હતું, હવે આત્માની ઉન્નતિને વિશ્રાન્તિરૂપે જે ધર્મ બજાવાય છે. સ્વામિ રામના શબ્દોમાંજ કહીયે તો,[1]

" Take my life and
let it be,
" Consecrated Lord
to thee,

---

૧ લો જીંદગી આ, મૃત્યુ થઇને પ્રભુને અર્પણ થજો;
લો હૃદય આ, તારા પ્રતિનો પ્રેમ અંગે વાધજો;
લો અક્ષી આ, તારા નિશાથી તે સદા ભરપૂર હજો;
લો હસ્ત આ, સત્ કારણે પરસેવ શ્રમનો છુટજો;

સ્વામિ રામતિર્થના સદુપદેશમાંથી.

" Take my heart
and let it be,
" Full saturated
Love with thee.
" Take my eyes
and let them be,
" Intoxicated, God,
with thee.
" Take my hands,
and let them be,
" Engaged in sweating
truth for thee '

[2]સ્વામિ આગળ વધીને કહે છે કે, " ઇશ્વરની ઇચ્છાનેજ ત્હમારી ઇચ્છા બનાવો ઇશ્વરેચ્છાનો ઉદ્દેશ સુખદાયક હો કે દુઃખદાયક લાગે તોપણુ ત્હેને પોતાનીજ સમજીને ત્હેનુ મંડન કરો. દેહ અને ત્હેની ઉપાધિઓ, મન અને ત્હેની વૃત્તિઓ, જગત્ અને લોક મત સર્વથી હું દૂર છુ એવું અનુભવો. * * * એકલા ઇશ્વરનેજ એક વેળા દ્વિતીય " આત્માનેજ; એ ખરા સ્વામિનેજ, એ માલિકનેજ, એ ત્હમારા અંતરાત્માનેજ સંતુષ્ટ કરવાનો પ્રયત્ન કરો. * * * * * * * * * * * * અને જ્યારે કામ પૂરૂ થાય છે અને યંત્રનું કામ રહેતું નથી ત્યારે તે તદ્દન બંધ થવું જોઇએ. જરા પણુ ચલન વલન થવું ન જોઇયે. એન્જીન પોતાના છાપરામા જતાંજ તોફાની છોકરાંઓની ટોળીને કંઇ પણુ અટકાવ ન કરતાં ગમે તેટલાં અટક્ચાળાં કરવા દેવા જેટલું ચુપ થવું જોઇએ અને પછી મનુષ્યો જ્યાં આત્મા વાસ કરે છે તે જ્ઞાન પ્રદેશમાં જઇને વિશ્રાંતી લેવી જોઇએ. "

મનુષ્યનું લક્ષ્ય સ્થાન આત્માને ઓળખવો. સ્વાત્મજ્યોતિનો વિસ્તાર કરવો. અનંતત્વમાં મન વાળિને પ્રોવિ એજ કર્તવ્ય રૂપે છે. સંસારિક વ્યવહારિક ઉપાધિયોમાંથી વિશ્રાન્તી કાળે મળતા સમયે આ તત્વ સત્વને જાણવું—માનવું—આચરવુંજ અનંત વિશ્વમાં આપણા શરીરમાં રહેતા ચૈ-

---

[2] સ્વામિ રામતિર્થ એમ. એ. ના સદુપદેશોમાંથી.

તન્યની આત્માની ઉન્નતિ માટે હિતાવહ છે. શ્રીયુત બાપુરામની બાલ્યાવસ્થામાં માબાપની સ્થિતિનુ અવલોકન કરી ગયા ત્હેમના શરૂઆતના પ્રયત્નમાં પડેલી અમલ્ય વિટંબનાઓનુ દિગદર્શન કરી ગયા, આ સર્વ સ્થિતિમાં આર્થીક ઉન્નતિનો યોગ સાધવો ને પુરૂષાર્થ કરવોજ જીવન માટે કલ્યાણકર હતો, અડગ ધૈર્ય પુરૂષાર્થ ને આત્મવિકાસથી અભિપ્સિત કર્ત્તવ્ય ક્ષેત્રમાં સ્થંભરૂપે ઉભા રહી પ્રાપ્ત કર્યું, હવે ત્હેમના જીવનનો આશય, ત્હેમનુ લક્ષ્ય, ત્હેમનો ધર્મ સત્ય વસ્તુની અનંતતામાંજ વિલસી રહેલો છે. આ સમયનુ સાધુ દર્શન એ માર્ગના સ્ફુરણ રૂપેજ પ્રતીત થાય છે. શ્રી ગીતામાં શ્રી કૃષ્ણે કહ્યું છે કે, સ્વધર્મમાંજ શ્રેય છે. સમય સમયને યોગ્ય કર્ત્તવ્ય કરવું એ ધર્મ છે આ ધર્મ પ્રત્યેક અવસ્થામા શ્રીયુત બાપુરામે સાધ્યો. ધર્મમાં ધર્મરૂપે રહી ભગવદી ક્રિયા આરાધી. આર્ય શાસ્ત્રકારોએ બાંધેલા નિયમોને અનુસરી શ્રીયુત બાપુરામ જીવન લક્ષ્ય બિન્દુ ને બુદ્ધિથી સાધતા. અને હાલનો વાનપ્રસ્થાશ્રમની આદરણીય ભાવનાઓ નીજ સાધના સાધે છે.

અત્રે એક પ્રસંગને ભૂલી જવો ઠીક ન ગણાય, વ્યાધિમાથી મૂક્ત થયા પછી ત્હેમણે બે જનહિતકર પ્રવૃત્તિઓની યોજના ઘડી. પહેલી યોજના ધમીજમાં સરસ્વતિ મંદિર રૂપે, અને બીજી યોજના કનિપુરમા જ્ઞાનોત્તેજક ગ્રંથ સંગ્રહાલયરૂપે અમલમાં મુકવાનો નિશ્ચય કર્યો નિશ્ચય પછી તરતજ કૃતિ યોજાઇ. ગ્રામ્યજનોની ઉન્નતિનો આધાર—અને એથી આગળ વધીયે તો દેશની આબાદીનો મૂળ પાયો કેળવણી શિક્ષણ ને જ્ઞાનનો બનતા પ્રમાણમાં બહોળો ફેલાવો કરવો એજ છે. જ્યાં સુધી આ બાબતમાં આંખ વિચામણાં કરવામાં આવશે, ત્યાં સુધી આપણે આગળ નહિ વધતાં પાછળ હઠીશું. દેશનો ઉત્ક્રાન્ત કાળ જ્ઞાન—બુદ્ધિપર અવલંબિ રહ્યો છે, જમાનાના આગળ વધવામાં આ સ્ફુરણાજ મદદ રૂપે રહે છે. જ્ઞાનવૃદ્ધિ એજ ખરૂ કહીયે તો સંપત્તિ યોગ છે. એનું સત્ય દૃષ્ટાંત અમેરિકા છે. જ્ઞાનવાદમાં અન્ય દેશો કરતાં અમેરિકાજ આગળ પડતો ભાગ લેછે, આ વાદમાં આગળ વધતો એ દેશ, વિદેશીઓને પ્રતિ દિવસે કાંઇ નવીને નવીજ ખબરો આપતો રહે છે. દેશના ઉદયમાં વિદ્યા વૃદ્ધિ—વિદ્યા પ્રતિ અભિરૂચિ એજ ખરી સંપત્તિ છે. સ્વર્ગસ્થ સાક્ષર મન.સુખરામભાઇના કહેવા પ્રમાણે તો ' વિદ્યા એજ વીર્ય છે, અસ્તોદય ને સ્વાશ્રય નામક ગ્રંથમાં તેઓ જણાવે છે કે, " એવી સર્વોપકારિણી સર્વોપરિ વિદ્યાનું

સંપાદન કરવામાં ન્યુનતા દાખવી એ દુર્ભાગ્ય સમજવું. * * * * એક દેશનાં પુત્ર પુત્રીઓ બહુ પ્રકારે વ્યુત્પન્ન તથા ઉચ્ચ થાય એજ તે દેશનો ઉદય છે. જે દેશનાં પુત્ર પુત્રીઓ વિદ્યાવન્તાં છે તે દેશ ઉદય પામે છે એ અનુભવ સિદ્ધ અને પ્રત્યક્ષ છે. આવી રીતે જ્ઞાનનો વધુને વધુ પ્રચાર થવામાંજ જનકલ્યાણ ને દેશ ભાગ્ય સમાયેલું છે. જ્યાં ત્યાં જ્ઞાનના પ્રચાર માટે પ્રયત્ન કરવો એજ શ્રીમતોની સંપત્તિનું સાર્થક્ય છે.

શ્રીયુત બાપુરામના હૃદયમાં આવી જાતની કલ્યાણકારી યોજના ઉદ્ભવી, અને તે પ્રતક્ષરૂપે જનહિત માટે પ્રકટ થઇ, એજ ત્હેમની વિદ્યા પ્રતિની અભિરૂચી સૂચવે છે. ગ્રામ્ય જનોમાં આવી પ્રવૃત્તિ જવલ્લેજ થાય છે. ભાગ્યે કોઇ એ દિશામાં સંપત્તિને પુણ્યદાનરૂપે રોકે છે—વાપરે છે. ઇતિહાસો—ચરિત્રો—કળા, કૌશલ્યાદિના ગ્રંથો, ધર્મ—અર્થનો ઉપદેશ આપનાર સાહિત્યો અને દરેક પ્રગતિને સમજાવનાર દર્શનો જાણવાનું—જોવાનું ને વાંચી સમજાવાનું સાધન માત્ર પુસ્તકાલયોની યોજના શિવાય બીજું એકે નથી. આ યોજનાઓનો બનતા પ્રમાણમાં જાતિય અને દ્રવ્ય ભોગે પ્રચાર કરવો એજ ખરેખરૂં પુણ્ય છે. આ પુણ્ય એટલું તો વિશાળ છે કે બીજાં બધાં દાનોમાં તેની સત્તા સર્વોપરી ગણાય છે. આવી જાતની ભાવનાઓને લીધેજ શ્રીયુત બાપુરામે ધમીજ તથા કનિપુરના લોક હિત માટે વાંચન મંદિર—સરસ્વતિ મંદિર બંધાવ્યાં; અને વિદ્યા પ્રતિ રસ ધરાવનારાઓને ઉત્તમ જાતનું સાધન પ્રાપ્ત કરાવ્યું.

શ્રીયુત બાપુરામનું અહીં સુધીમાં વર્તમાન દર્શન પુર્ણ થાય છે. એમની ધાર્મીક પ્રવૃત્તિઓ સંબધે તેમજ જીવનના ધાર્મીક લક્ષને અવલોકવાનું આગળપર રાખી, અત્યાર સુધીનું દર્શન કરાવવામાં આવ્યું છે. આટલુંયે જાણવું હિતાવહ હોવાથી તેની પ્રવૃત્તિ સત્વર કરવામાં આવી હતી. સમગ્ર જીવનની તૂલનાને એક બાજુએ રાખીએ તો પણ જ્યાં સુધીનો દર્શન યોગ થયો ત્યાં સુધીમાં તરી આવતો બોધ જાણવો હિતાવહ છે. એટલે એ સંબંધિ આગળ પ્રકરણ સ્વતંત્ર આપવુંજ ઉચ્ચિત ગણ્યું છે. માત્ર આ પ્રકરણની સમાપ્તિ પૂર્વે એટલુંજ યાચવું હિતાવહ છે કે અનંત—અવિનાશી પરમાત્મન્ કૃપા ત્હેમને દિનપ્રતિદિન આવી જાતની યોજનાઓ, સુખમય—તંદુરસ્ત સ્થિતિમાં રાખી, પ્રેરો, અને શ્રીઇષ્ટ ત્હેમના કુટુંબમાં પિતાના ઉદાત્ત ગુણોનો દિર્ઘાયુષી બનાવી વિકાસ કરો. અસ્તુ !

પ્રકરણ ૬ ઠું.

શ્રીયુત બાપુરામનું કુટુંબ.

પ્રથમ પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે શ્રીયુત બાપુરામનો જન્મ વિક્રમ સંવત ૧૯૦૫ ના જેષ્ટ કૃષ્ણ પક્ષની ચતુર્દશીએ થયો હતો. તેમના પિતા કૃષ્ણારામને પ્રથમ પત્નીથી* અંબા બહેનનો જન્મ થયો હતો, અને દ્વિતીય પત્નીથી જન્મ પામેલા પુત્રોનાં નામ વિષ્ણુરામ, બાપુરામ અને દયારામ તથા પુત્રીયોનાં નામ પાર્વતી બહેન અને જમનાં બહેન હતાં.

ગત પ્રકરણમાં જોઇ ગયા છીયે કે શ્રીયુત બાપુરામનું લગ્ન એમની ન્હાની વયે એટલે પિતાના સ્વર્ગસ્થ થયા પછી તુરતજ થયું હતું. આ સમયે એમની પાસે ભરણ પોષણ પૂરતું સાધન નહોતું, તેમ સાધન પ્રાપ્ત થઈ શકે તેવા સંજોગ નહોતા. આ બધું છતાં માત્ર આર્ય સંસારની ઉદાર અને ઉત્તમ ભાવના બળે બન્નેનો સંસાર સુખરૂપ નિવડયો. સ્વ. અ. સૌ. કાશીબાને શ્રીયુત બાપુરામ સાથે માત્ર થોડાવખત પૂરતુંજ રહેવાનો યોગ આવ્યો. મ્હોટા પુંત્રના ગુજરાતી અભ્યાસ પછી ઈંગ્રેજી કેળવણી પ્રાપ્ત કરાવવા અર્થે ત્હેમને અમદાવાદ રહેવાનો યોગ પ્રાપ્ત થયો. શ્રીયુત બાપુરામ ધંધા અર્થે ધમીજ રહેતા એટલે પોતાના સુખ-વૈભવ કરતાં પુત્રોના શ્રેયઃ પ્રત્યેજ એ ઉદારચિત્ત મહાત્માએ સંપૂર્ણ લક્ષ આપ્યું.

શ્રીયુત બાપુરામના મોટા પુત્રનું નામ જેઠાલાલ હતું. ત્હેમનો જન્મ ઇ. સ. ૧૮૬૭ ના સપ્ટેમ્બર માસની બીજી તારીખે હતો. રા. જેઠાલાલના જન્મ સમયે શ્રીયુત બાપુરામની આર્થિક સ્થિતિ ઘણીજ નરમ હતી. સાધનોનો અભાવ હતો. માથે ઋણ હતું અને સંપત્તિમાં કાંઇ નહોતું. રા. જેઠાલાલને ગુજરાતીનો અભ્યાસ પૂરો કરાવી ઈંગ્રેજી શિક્ષણ પ્રાપ્ત કરાવવા માટે લક્ષ અપાયું. ત્હેમણે મેટ્રીકનો અભ્યાસ કર્યો, પરિક્ષા આપી અને પાસ થયા. રા. જેઠાલાલનું પ્રથમ લગ્ન ઇ. સ. ૧૮૮૨ માં આમોદમાં રહેતા રા. રા. ઉમીયાશંકર દયાશંકરને ત્યાં થયું. લગ્ન પછી થોડા વર્ષે

---

* પ્રથમ પ્રકરણમાં પત્નીથી અંબા બહેન અને જમનાં બહેનનો જન્મ થયો હતો એ ભૂલ છે એમ પાછળથી જાણવામાં આવ્યું ખરી રીતે પ્રથમ પત્નીથી માત્ર અંબા બહેનનોજ જન્મ થયો હતો.

પ્રથમ પત્નિ સ્વર્ગવાસી થઇ, અને ઈ. સ. ૧૮૮૯ ના મે માસમાં ૨૫ મી તારીખે દ્વિતિય લગ્ન સાણુંદમાં રહેતા રા. વૈકુંઠરામ રાજારામની પુત્રી સાથે થયું, આજ માસમાં રા. જેઠાલાલ ૩૧ મી તારીખે ટંકારીઆમાં સોલ્ટ ડીપાર્ટમેન્ટમાં નોકરીમાં જોડાયા. દ્વિતીય પત્ની ઈ. સ. ૧૮૯૧ માં સ્વર્ગસ્થ થયાં, અને તૃતીય લગ્ન રા. ઉમીયાશંકર ભાઇનાં દ્વિતીય પત્નીની પુત્રી અ. સૌ રૂક્ષ્મિણી બ્હેન સાથે થયું. આ વખતે ત્હેમની બદલી ખારાઘોડામાં થઇ. રૂપીઆ પચીસના સરખા પગારે રા. જેઠાલાલને ભરૂચમાં જવું પડયું. થોડા વખતમાં અવ્હલકારકુનની રેંકમાં રૂપીઆ ત્રીસના પગારે ઈ. સ. ૧૮૯૪ ના માર્ચ માસમાં સુરત બદલી થઇ. ઇ. સ ૧૮૯૫ માં માર્ચ માસની પચીસમી તારીખે રા. જેઠાલાલને ત્યાં મોટા પુત્ર ચિ. સમર્થલાલનો જન્મ થયો. ઇ. સ. ૧૮૯૯ માં દ્વિતીય પુત્ર ચિ. અજીતનો જન્મ ડીસેમ્બર તારીખ ૨૦ મીએ થયો. ઇ. સ. ૧૯૦૨ ડીસેમ્બરની બાવીસમી તારીખે તૃતિય પુત્ર ચિ. બળવંતપ્રસાદનો જન્મ થયો. રા. જેઠાલાલની આ વર્ષે રૂપીઆ પાત્રીસના પગારે ખારાઘોડે બદલી થઇ, ને ઇ. સ. ૧૯૦૩ માં સોલ્ટ વખારમાં રૂપીઆ ચાલીસના પગારે અમદાવાદ આવ્યા ઇ. સ. ૧૯૦૫ ના જાન્યુઆરીની અઠ્ઠાવીસમી તારીખે ચોથા પુત્ર ચિ જશવંતપ્રસાદનો જન્મ થયો; અને આજ વરષમાં સરખે પગારે વિરમગામ બદલી થઇ. ઇ. સ. ૧૯૦૭ માં રૂપીઆ પચાસના પગારે સુરત જવું થયું ને ઇ. સ. ૧૯૧૨ માં રૂપીઆ સાઠના પગારે ખારાઘોડામાં બદલી થઇ. ને વર્તમાન સમયે તેઓ માટુંગે છે.

શ્રીયુત બાપુરામના દ્વિતીય પુત્ર રા. રા. મણિલાલભાઇનો જન્મ ઇ. સ. ૧૮૭૨ ના જાન્યુઆરીની બાવીસમી તારીખે થયો હતો. રા. જેઠાલાલની માફક ત્હેમણે ગુજરાતી અભ્યાસ પૂરો કરી ઇંગ્રેજી શિખવા પ્રયત્ન આરંભ્યો. મેટ્રીક પાસ થયા પછી કોલેજમાં જોડાયા, પરંતુ કેટલાક સંજોગોએ એમને આગળ વધવાનું બની શક્યું નહિ. રા. મણિભાઇનું પ્રથમ લગ્ન અમદાવાદ નિવાસી રા. રા. મણિશંકર મહાનંદ ભટ્ટને ત્યાં અ. સૌ. વિજયાલક્ષ્મિ સાથે થયું હતું. શ્રીયુત બાપુરામ કહેતા કે આ લગ્ન પછીજ ત્હેમની સ્થિતિ સુધરતી ચાલી. અ. સૌ. વિજયાલક્ષ્મિ સ્વભાવે શાન્ત, ઉદાર અન્તઃકરણ વૃત્તિઓ વાળાં હતાં. યુવાવસ્થામાંજ તેઓ ક્ષયના નાશવંત રોગના ભક્ષ્યરૂપ બન્યાં. અનેક ચાંપતા ઉપાયો ને યથેચ્છ સારવાર કર્યા છતાં પણ ત્હેમનો આત્મા શાન્તિમાં ભળી ગયો. ત્યાર પછી

રા. રા મણિભાઇનું દ્વિતીય લગ્ન વિક્રમાર્ક ૧૯૬૨ ના માર્ગશિર્ષ શુકલ પુર્ણિમાએ આમોદના વતની રા. રા. છોટાલાલ સંપતરામને ત્યાં અ. સૌ. મંગળાગૌરી સાથે થયુ. રા. મણિભાઇએ રેવન્યુ ડિપાર્ટમેન્ટમાં નોકરી લીધી હતી, પરંતુ પડતી અવગડો અને ત્યાર બાદ પ્રથમ પત્નીની શિથિલ પ્રકૃતી તેમજ કેટલીક સંક્રામણોના ત્રાસને લીધે એ નોકરીમાંથી ઘેર રહેવું થયું. શ્રીયુત બાપુરામ ધર્મીજમાંથી અમદાવાદ ધંધાર્થે ગયા, ત્યાર પછીથી ધંધાની વિશેષ પ્રવૃત્તિને અંગે એકલાથી કામ થઇ શક્યું નહિ, તેથી રા. મણિભાઇ પિતાના માર્ગને અનુસર્યા, ને ધંધામાં યોજાયા.

પ્રકરણ ૭ મું.

જીવનનું ધાર્મિક લક્ષ.

ને

દર્શન ભાવના.

१ त्वमादि देवः पुरुषः पुराण-
त्स्वमस्य विश्वस्य परं निधानम् ।
वेत्ताऽसि वेद्यं च परं च धाम
त्वया ततं विश्व मनन्तरूप ॥ अ. ११ ॥ श्लो. ३८ ॥

* * * * *

२ यद्यद्विभूतिमत्सत्वं श्रीमदूर्जितमेव वा ।
तत्तदेवावगच्छत्वं मम तेजोंऽशसंभवम् ॥ १० ॥ ४१ ॥

* * * * *

---

૧ પુરાણ છો પુરૂષ આદિ દેવ,
આ વિશ્વનું આપ પરમ્ નિધાન;
છો જ્ઞેય જ્ઞાતા, પરમ્ ધામ છો, ને
વ્યાપ્યા વિશ્વે આપ, અનન્તમૂર્તિ ।
૨ જે જે ઐશ્વર્યવાળું હો, શોભિતું, વા પરાક્રમી,
તે તે સૌ જાણજે મ્હારા, થયેલું તેજ અંશથી.

३ ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति ।
भ्रामयन्सर्व भूतानि यन्त्रारूढानि मायया ॥ १८ ॥ ६१ ॥
४ तमेव शरण गच्छ सर्वभावेन भारत ।
तत्प्रासादात्परां शान्ति स्थानं प्राप्स्यसि शाश्वतम्
॥१८॥६२॥
५ सर्व धर्मान्परित्यज्य मामेकं शरणं व्रज
* * * * * ॥ १८ ॥ ६६ ॥

Speak to him, then, fon he hears and spirit
to spirit can meet,
Closer is He, than breathing and nearer
than hands or feet
The San, the moon, the Stars, the hills
and the plains
Are not these, O Soul, the visions of
Him who reigns.

Tennyson.

શ્રીયુત બાપુરામને યુવાવસ્થામાં માધવાનંદ સ્વામીનો સમાગમ થયો હતો. શ્રીયુત બાપુરામ ધંધાર્થે પ્રથમ જ્યાં ત્યાં વિચરતા હતા, આ સમયે અનેક સત સાધુઓના સમાગમમાં આવતા હતા; સાધુ સંગતિ માટે, વિશેષ ઉપાધિઓ નહોતી, એટલે રહેવા વગેરે માટે ધર્મશાળા, મંદિર કે જાણીતા સ્થળે મુકામ કરાતો. અને એવી સગવડોથી સમાગમ લાભ સારો થતો હતો માધવાનંદ સ્વામી ચરોત્તરમાં સારી પેઠે જાણીતા હતા, અને જ્યાં ત્યા સદુપદેશ આપતા હતા. શ્રીયુત

---

૩ ઇશ્વર સર્વ ભૂતોના, રાજે છે ઉર દેશમાં;
સ્વમાયાથી ભમાવે છે, સૌ યન્ત્રારૂઢ ભૂતને.
૪ ત્હેનેજ શરણે જાતું સર્વ ભાવથી, ભારત !
તે પ્રસાદે પરમ શાન્તિ, સ્થાને પામીશ શાશ્વત.
૫ સર્વ ધર્મો પરિત્યાગી લે મ્હારૂં શર્ણું એક તું !
* * * * * *
૧-૨-૩-૪-૫ રા. ન્હાનાલાલ દલપતરામ કવિ કૃત શ્રીગીતાભાષાંતર.

બાપુરામને માધવાનંદ સ્વામીનો સમાગમ થયો ત્યારથી ધર્મ તરફ શ્રદ્ધા ચોટી હતી. માધવાનંદના સદ્બોધથી એમનામાં ધાર્મિક તત્ત્વ ઉદ્દભવ્યું હતું. માધવાનંદ સ્વામી અનંત સર્વવ્યાપક પરમાત્માને અદ્વૈત સિદ્ધાંત રૂપે માનતા હતા. ઉપાધિઓ કે શણગારથી તેઓ સર્વદા વિમૂખ રહેતા હતા. ત્હેમના સમાગમમાં સતત્ ધર્મચર્ચા-ધર્મ સિદ્ધાંત વિવરણ, ધર્મ તત્ત્વ સ્ફોટન ને ધર્મશાસ્ત્ર બોધ અસ્ખલિતપણે ચાલતો હતો. શ્રી-યુત બાપુરામના કથન પ્રમાણે તો માધવાનંદ સ્વામીનો ઉપદેશ આડંબર કે અતિશયોકિત શિવાયનો સિદ્ધિ લીટીનો, ને આનંદ સાથે કલ્યાણ સાધનાર ને ઇશ્વરત્વ સંબંધી રસ લગાડનાર હતો. શ્રીયુત બાપુરામ, માધવાનંદ સ્વામી પાસે ઘણી વખત જતા હતા. માધવાનંદ સ્વામીની નિરાભિમાન વૃત્તિને અહમમત્વના ત્યાગ સાથે તૃષ્ણા છેદન સંબંધે શ્રીયુત બાપુરામ કહેતા કે, સ્વામીજી આવનાર પ્રત્યે સદા પ્રેમથી વાત્સલ્ય ભાવથી વર્તતા હતા. સ્વામીજીનો ઠાઠમાઠ કિંચિત્ પણ નહોતો, અને ભક્તમંડળ તરફ-થી જે કાંઇ અર્પણ નિમિત્તે આવે તેનો ઉપયોગ એ કરતા નહિ. * * * વખતે હું ત્હેમનાં દર્શન કરવા * * * સ્થળે જતો હતો, તેવામાં વિશેષ શ્રમ, સખ્ત તાપ, ને ક્ષુધાથી મારે વિશ્રાન્તિને ક્ષુધા તૃષા નિવૃત્ત કરવાની જરૂર પડી. મારી પાસે એક શ્રીફળ હતું. આ શ્રીફળ સ્વામીજી આગળ ભેટ મૂકવામાં આવનાર હતું સ્થિતિ સંજોગોને અનુસરી તૃપ્તિ નિમિત્તે શ્રીફળને વધેરી પ્રસાદ રૂપે ગ્રહણ કર્યું. કેટલીક ઘટિ ત્યાં વિશ્રા-ન્તિ લેઇ, હું ત્હેમના સ્થળ પ્રત્યે જવારવાને થયો. ત્યાં પહોંચ્યા પછી હું પહેલ વહેલોજ સ્વામીજી પાસે ગયો. નમન કરી બેઠયા પછી તુરતજ સ્વા-મીજીએ કહ્યું કે, મેં ત્હમારી ભેટ કયારનીએ સ્વિકારી છે મ્હારી સ્વિ-કાર કરેલી ભેટનો ત્હમે પ્રેમથી પ્રસાદ લીધો, એથી હું વિશેષ સંતુષ્ટ થયો છું. આ ઉપરથી સ્વામીજીનો સદ્ભાવ રાખનારાઓ પ્રત્યેનો ભાવ અને ત્હેમના આન્તર ગુણોની વિશાળતા તથા અનંત ભાવનાઓનું વાત્સલ્ય દર્શન કેવું છે તે સ્પષ્ટ જણાઇ આવે છે.

શ્રીયુત બાપુરામ ધમીજ આવ્યા તે પહેલાંનું આ દૃષ્ટાંત છે. ત્યાર પછી માધવાનંદ સ્વામીનો અવસાન કાળ થયો. ધમીજ નિવાસમાં પણ આવાં દર્શનો સમાગમ ઘણી વખત થતા હતા તેમાં મૂખ્યત્વે કરીને સહજાનંદ પરમહંસનો સમાગમ આ અરસામાં થયો. સહજાનંદ નામના પરમહંસ હરતા ફરતા આ તરફ આવ્યા. શ્રીયુત બાપુરામને ત્હેમનો આકુંચિતવ્યો સમાગમ થયો. સહજાનંદ સ્વામીનું શાસ્ત્રીય જ્ઞાન ને યોગનિષ્ટ સ્થિતિથી

શ્રીયુત બાપુરામનુ હૃદય સહસા ત્હેમની તરફ આકર્ષાયું. ત્હેમનો સત્કાર કરી, હૃદય ભાવથી કેટલાક દિવસ રહેવાનુ આમ ત્રણ કર્યું. શ્રીયુત બાપુરામ પ્રત્યેની વાત્સલ્યતાને અંગે તેઓશ્રીએ આમંત્રણ સ્વિકાર્યું. સહજાનંદ પરમહંસ સંબંધિ આપણે દૃષ્ટિ ફેરવીએ તો તે અસ્થાને નહિ ગણાય. સાધુ સંતો ઘણે ભાગે સ્વાર્થમાંજ મચ્યા રહે છે સંસાર વ્યવહારમાં જે સ્થિતિએ તેઓ મૂકાયા હોય છે, તે સ્થિતિનું કર્તવ્ય પાલન નહિ થઇ શકવાના કારણે ભગવાં વસ્ત્ર ધરી ભોળા ભક્તોને ભરમાવવામાં જ, એમના ભેખની કુશળતા માને છે. અજ્ઞાન ને અંધ શ્રદ્ધામાં મચ્યાપચ્યા મનુષ્યોને ફસાવવામાં ત્હેમને વધારે મહેનત પડતી નથી લોભીઆ વસે ત્યાં ધુતારા ભૂખે ન મરે, એ સર્વ માન્ય લોકોક્તિ છે. અંધ શ્રદ્ધામાં પુણ્ય મેળવનાર ભોળા ભક્તોના લોભમાં આવી પ્રવૃત્તિવાળા ફાવી જાય એમાં આશ્ચર્ય સરખું કાંઇ નથી સહજાનંદ પરમહંસ આ માર્ગથી જુદાજ માર્ગે પર્યટન કરતા હતા. પરમહંસશ્રીની ધાર્મિક ભાવનાઓ વિશાળ હતી. ઇશ્વરત્વ માર્ગના–રાજ્યમાર્ગપર તેઓ ચઢેલા હતા. પરમહંસશ્રી હિંદુસ્થાનમાં ઘણાં ખરાં તિર્થોએ પર્યટન કરતા ફરતા હતા. અહીં આવ્યા પૂર્વે તેઓશ્રીયે એકાદ બે વખત હિંદુસ્તાનમાં પૂર્વ પશ્ચિમ ને ઉત્તર દક્ષિણ વચ્ચેની મર્યાદામાં આવેલા તમામ તિર્થોએ યાત્રા કરી હતી. સ્વતંત્રતાના પવનમાં ફરનાર પક્ષિ, બંધીખાનામાં પૂરાયેલા પક્ષિ કરતાં ઘણુંજ કલ્યાણ સાધી શકે છે, એમ પરમહંસશ્રીને જાતિય બળથી આ સઘળાં સ્થળોએ પરિક્રમણ કરવાનું હતું. આવા સંજોગોમાંજ કુદરતી રચના–ઇશ્વરની મહત્વતા ને જગત્ શું છે એનુ ભાન થઈ શકે છે. પરમહંસશ્રીએ જેમ પર્યટન કરીને ઇશ્વરલીલાની સત્ય ઘોષણા સ્ફુરાવી હતી, તેમ આર્ય ધર્મ ગ્રંથો સંબંધીનું પણ ત્હેમનું જ્ઞાન વિશાળ હતું એક હિન્દુ–આર્ય સંત પુરૂષના મૂખમાથી પદ્ધતિસહ જ્યારે આપણા વેદમંત્રોનું ઉચ્ચારણ થાય છે, ત્યારે ખરેખર ! ત્હેના ભાવના ભર્યા વાતાવરણને દૈવિ દ્રવ્યથી આપણામાં દૈવિ પ્રભાવજ વહન થતો–ભરાતો જોઇયે છિયે. આ સમયે આપણે સ્વર્ગમાં કે એથી વિશેષ પવિત્ર સ્થળમાં કે કયાં છિયે તે સમઝાતું નથી. આવા ઘણાય પ્રસંગો સહજાનંદ પરમહંસના પવિત્ર સમાગમ પ્રસંગે અનુભવમાં આવ્યા હતા. ત્હેમને જોતાંજ આર્યાવર્તના પ્રાચિન સમયનું સંતજીવન સાક્ષાત્ પ્રતિત થાય છે. સહજાનંદ પરમહંસના સદ્‌બોધ ને સમાગમથી ત્હેમનામાં–શ્રીયુત બાપુરામનામાં ધાર્મીક જીવનને આગળને આગળ વધવા સ્ફુર્તિ મળતી હતી.

શ્રીયુત બાપુરામનું ઘણુંખરૂં જીવન ગ્રામ્યાવસ્થામાં પસાર થયું હતું. જન્મથી પંદર વરસ સુધીનું જીવન સાદું હતું, અને પંદર વરસથી પચ્ચાસ વરસ ઉપરાંત થવા આવ્યાં ત્યાં સુધીમાં તો કનિપુર તથા ધમીજમાં જીવન પસાર કરવું પડયું હતું. ગ્રામ્યજનોની ધાર્મીક ભાવનાઓ દુર્બળ હતી, આ માર્ગે આગળ વધવાનું કોઇ પણ રીતે પ્રબોધવામાં આવતું નહોતું. અંધશ્રદ્ધાની પ્રણાલિકામાં ત્હેમને સંસાર શકટ સ્કંધે વહન કરવાનુ હતું આથી આગળ વધતા એ પણ સત્ય હતું કે ત્હેમનાપર આજીવિકા ચલાવનાર બ્રાહ્મણો, પુરોહિતો, મનાયેલા ગુરૂઓ, પોતેજ પોતાનુ કર્તવ્ય શુ છે એ સમજતા નહોતા. બ્રાહ્મણોનો પૂર્વકાલિન ધર્મ વેદોનુ અધ્યયન કરવું ને કરાવવું તથા ક્ષત્રિ વૈસ્યાદિ પ્રજાને કર્ત્તવ્ય ક્ષેત્રમા યોગ્ય ઉપદેશ આપવા, ને ઉન્નતિના નીતિ નિયમો શિખવવા એ હતો, પરંતુ દિવસે દિવસે ગ્રંથોમાં દર્શાવેલું જ્ઞાન ગ્રથોમાંજ શમાવા લાગ્યું. બ્રાહ્મણો મૂખ્ય ધર્મથી દિનપ્રતિદિન એક પગલુ આગળ નહિ વધતાં એક ડગલું પાછળ હઠવા લાગ્યા, અને ગ્રામ્ય જીવનમાં તો એટલુયે પણ ન રહ્યું. બ્રાહ્મણોને પોતાનું પોષણ કરવાનું મુશિબત ભરેલું લાગ્યુ, તેથી આજીવિકા માટે જેમને જે ફાવ્યું ત્હેમણે તે સ્વિકાર્યું, આ સંક્રાન્તિયોગે ત્હેમની પાછળની પ્રજા ક્ષત્રિ વૈસ્યાદિઓને સદ્બોધ આપી આગળ વધારવાના કાર્યમાં અટકી. બોધની પૂર્વ સમયની મનાયેલી આ પ્રણાલિકા ગૌણ પડી છતાં એમના આજીવિકાના કરો નષ્ટ થયા નહિ. આવા સ્થિતિ સંજોગોમાં ધાર્મીક ભાવનાઓ સત્યરૂપે ન જણાતાં બીજાજ માર્ગે ઢળી પડી. દૈવિ ધર્મ વહેમ રૂપેજ સ્વિકારવાનો વખત આવ્યો. ધાર્મિક ક્ષેત્રમાં કેટલોક દિશાફેર થયો. પરમેશ્વરનું સ્થાન મનુષ્યોએ લીધું. દૈવિ સંપત્તિઓ આસુરી સંપત્તિઓરૂપે સમજાઇ. અદ્દૈત ભાવનાનો દ્દૈતમાં યોગ થયો. સંસ્થાપન કરેલી પ્રતિમાઓને પુજવા જતાં રસ્તામાં જેટલા કાંઇક નિશાનીવાળા પથ્થર દેખાયા તેટલા દેવ તરિખે પૂજાવા લાગ્યા. હાલતાં ચાલતાં ડગલે ડગલે કાંઇક થાય તો, એ દોષ દૈવપર મૂકાવા માંડયો. આ સાથે દેવની પ્રસન્નતા જાળવવા માટે નિવેદનો અર્થ પશુવધ રૂપે અમલમાં મૂકાયો. અંધશ્રદ્ધામાં આગળ વહેતી પ્રજા આટલેથી ન અટકી. તેનું પ્રયાણુ એથી પણ આગળ વધવા માંડયું. મંત્ર જંત્ર, વશિકરણ, મારણ, મોહનનું જોર વધ્યું. આ વિદ્યાના અગ્રેસરો ગારૂડિને વાદીઓ ગણાવા લાગ્યા. અરસ પરસ પ્રત્યે, અન્યોન્ય પ્રત્યે ઇર્ષા થાય તો આવા લોકો સાથે મળીને એકમેકપર જાદુમંત્રો મુકાવા માંડયા. દેશ તેવો વેશ થયો, જેમાં જેનું

ધાર્યું, તેમાં તે ઘુસવા લાગ્યો. સત્યની બાજુ અસત્યરૂપેજ દિર્ઘ દ્રષ્ટિથી જોનારને જણાવા લાગી. આ માર્ગપર અજવાળું પાડનાર કોણ હોય ? સત્ય પંથે પથિકોને ચલાવવાની બુદ્ધિ કયા પરોપકારીમાં ઉદ્ભવે ! અને એમ છતાં કોઇ સત્યદર્શન કરાવનાર મળે, તો થોડા વખતે અસ્થવ્યસ્થ પણ થાય એમાં શક નહિ ! ડુંગરાળ પ્રદેશમાં સારાનરતા પ્રસંગે જેમ ડુંગર નવરાવવામાં આવે છે, તેમ ગામડાઓમાં સારાનરતા પ્રસંગે ડાખલાં (ડમરૂ જેવું વાદ્ય) ને ધુણુવાનું જોર વધવા માંડયું. રાત્રિ દિવસ આ માર્ગે આગળ ન વધતાં પાછા પડવા લાગ્યા. છેવટે ઉન્નતિની સીમા આ પ્રણાલિકા સુધીજ રહી.

શ્રીયુત બાપુરામ આવ્યા ત્યાં સુધીતો ગ્રામ્ય જીવનમાં ધાર્મીક દર્શન આ રૂપેજ આગળ આવતું હતું, અને ખરૂં કહીયે તો ગ્રામ્યજનોની બુદ્ધિ અમુક કક્ષા બાંધેલી મર્યાદા સુધીજ આગળ વધેલી હતી. કેળવણીનો પ્રચાર નહોતો. ભણવાની ગરજ નહોતી, પોષણ પ્રાપ્તિપૂરતું મળે એટલે આખું રાજ્ય મળ્યું એમ ગણાતું હતું. ગામઠી નિશાળો કયાંહી કયાંહી હતી, પરંતુ એમાં આંકને સાધારણ લખતાં વાંચતાં શિખવાડે એટલે ભણી રહ્યા એમ મનાતું હતું. દેશમાં કોલાહલ હતો. બળવાન આગળ અશકતોનું ચલણ નહોતું. આ સઘળા સંજોગો વિદ્યાવૃદ્ધિ માટે પ્રતિકૂળ હતા. દિવસે દિવસે આ પ્રતિકૂળતાઓ બુદ્ધિચક્ર વડે સંહાર પામતી ગઇ, તેમ તેમ અંધશ્રદ્ધાપર કાંઇક અજવાળું પડતું ગયું. છતાં વહેમની પ્રબળતા તો એટલીને એટલીજ રહી. વૃધ્ધો વહેમના ઉપાસકો હતા. નવા વિચારો સુધરેલા જમાનાનાં હથિઆરો મનાતાં, એટલે વૃધ્ધોની માન્યતા નવિન હાથઆરો પકડવાં નહિ એમ નિશ્ચયાત્મક રૂપે હતું. પોતાનું એટલું સારૂં ને પારકું બધુંય ખોટું. આ અંધશ્રદ્ધાથી ત્હેમનામાં આર્ય ધર્મનું સત્ય સત્વ સમજાયું નહિ, ને વારસાઇ ગુણોરૂપે સંતાનોમાં એ સંસ્કારો પાડવાની ધૃષ્ટતા કરી.

શ્રીયુત બાપુરામના આવ્યા પછી વહેમનું બળ તોડવા માટે ત્હેમણે પ્રયત્ન આરંભ્યો. આ પ્રણાલિકા સામે કટિ કસવાથી પરિણામ પ્રતિકૂલ થાય એમ પ્રયત્નારંભ પૂર્વે સમજાયું, તેથી તેના પ્રકાશ માટે બે માર્ગ ગ્રહણ કર્યા. પ્રથમ તો જેમનામાં વેહેમની શ્રદ્ધા મળે નહિ તેવા હોય ત્હેમને એ સાધનમાં પોતાના પક્ષમાં લેવાનું યોગ્ય ધાર્યું, અને બીજા માર્ગે બુદ્ધિના પ્રકાશિત કિર્ણોના પ્રકાશદ્વારા—તેજદ્વારા, જે જ્ઞાન ગ્રહણ કરી શકે

એવા હતા, ત્હેમનામાં સત્યની પ્રતિતિમાટે વહેમનું અન્તઃકરણ અથવા તો વહેમનું સત્યસ્વરૂપ સમજાવવા માડયું, કે જે સત્યજ્ઞાન પ્રત્યંચાએ તિમિરનાં પડળો ગ્રહણ કરનારા દુર કરી શકે. કેટલીક વખત એવું પણ બને છે કે પ્રજાનાદની વિરૂદ્ધ પડવાથી—લોકધ્વનિનાપ્રતિસ્થંભરૂપે ઉભા રહેવાથી લોક લાગણી પ્રતિકૂલ રહેનાર પ્રત્યેની તિરસ્કાર ભરેલીને તેના હિતના વિરૂદ્ધરૂપે ખડી થાય છે, આવું વર્તન જ્ઞાનનો પ્રકાશ નાંખનાર, અને ગ્રહણ કરનાર બન્ને માટે અકલ્યાણકારી થઇ પડે છે. વાસ્તવિક બન્નેમાંથી એકેનું હિત સધાતું નથી. પણ બન્નેના વિશ્વવ્યાપી પ્રેમમાં દિનપ્રતિદિન હજારોને હજારો મૈલનું અંતર પડતું જાય છે. ચાલતા સમયમાં આવાં અનેક દષ્ટાંતો આપણે જોઇ શકીયે છીયે. લોકધ્વનિથી પ્રતિકૂલ રહેવામાં ત્હેમના પ્રેમને ઝીતિ શકાતો નથી, પરંતુ પ્રેમ—ઇર્ષારૂપે પ્રતિત થાય છે. શ્રીયુત બાપુરામ આ માર્ગના હૃદયને સારી રીતે જાણતા હતા, અને એમનો જ્ઞાન માર્ગ અનુભવ સિદ્ધ હતો, તે સાથે કુદરતી નિયમોના તેઓ અભ્યાસી હતા, એટચે એમને બીજીરીતે શિખવું પડે એમ નહોતું.

શ્રીયુત બાપુરામ એમ સારી રીતે જાણતા હતા કે, વૃધ્ધોની શ્રદ્ધાને જો તોડી નાંખવામાં આવશે તો તેઓ અપ્રસન્ન થશે, તેના કરતાં એ માન્યતાને બનતા પ્રયત્ને વાળવામાંજ હિત સમાયેલું છે. જ્યાં જ્યાં આવા પ્રસંગો હોય, ત્યાં ત્યાં એજ માર્ગે મન વાળવાનું ધાર્યું, સત્યદર્શન કરવાની એષ્ણાવાળાઓને એ માર્ગનું યોગ્ય સ્વરૂપ સમઝાવ્યું. * * * * ગામમાં ઉચ્ચ જ્ઞાતિના એક બ્રાહ્મણને ઘેર વહેમ પેશી ગયો હતો. જ્યાં ત્યાં તે લોકો આગળ આજ વાત કર્યા કરતો હતો. વેહમની શ્રદ્ધાને અંગે તેણે દાણા—દોરા—ધાગા સઘળું કર્યું. છેવટે નિશ્ચયપર આવ્યો કે, હવે ભૂવાઓને બોલાવી ધુણાવવા. નિશ્ચય પ્રમાણે દિવસ નકી કરી, ત્હેમને બોલાવી કામ ચાલતું કર્યું. શ્રીયુત બાપુરામ આ પ્રસંગે * * * ગામમાંજ હતા. પોતાના વિચારને મળતા એક બે સુશિક્ષિતને બોલાવી, સંકેત કર્યો કે, ઉચ્ચ જ્ઞાતિનું જોઇ, હલકી પંક્તિના અનુકરણ કરશે. આ શિવાય વહેમનો ભક્ત દ્રવ્યહાનીના ભયમાં આવી પડશે; અર્થ હાનીના ભયવાળો અન્યાશ્રીત હોવાથી, આશ્રય આપનારાઓને સહન કરવું પડશે. વહેમી લોકોની શ્રદ્ધાને તોડી શકાશે નહિ, તેમ તેમના સાંમે પોતાનો અવાજ બહાર કહાડી શકશે પણ નહિ. સમયપરત્વે સમયાનુસાર

વર્તન કરવું જ હિતાવહ છે, રાત્રિના અગિઆર બાર વાગે સંકેતાનુસાર * * * * ને ઘેર ગયા. લોકોની ઠઠ જામેલી હતી. ધુણનારાઓને ઉભા રાખ્યા, વચમાં વિઘ્ન લાવનાર પ્રત્યે તેઓ ક્રોધાયમાન થયા. ક્રોધાયમાન થવા છતાં એમનું કાંઇ વળે તેવું નહોતું; કારણ દૃષ્ટાંત આપવાની ખાતર બહાર આવેલા, એ લોકોના શબ્દોથી ડગીજાય તેવા નહોતા. ક્રિયા બંધ કરાવીને ક્રિયા કરનારાઓને યોગ્યફળ પ્રાપ્ત થયું., ભૂવાઓએ ત્હેમની માતાના બળે વિઘ્નકર્તાઓ પ્રત્યે ઘણાયે શપત લીધા, પરંતુ તેઓ કાળ શરણ થયા ને વિઘ્નકર્ત્તા અદ્યપિ હયાત છે. આ દૃષ્ટાંતથી ઉચ્ચ કોમમાંથી આ પ્રણાલિકા ત્યાર પછી કોઇ દિવસ આચરવામાં આવેલી જણાઇ નથી. આગળ વધતાં વિચારવાળાઓને આ દૃષ્ટાંતથી પુષ્ટિ મળી, ને સુધરતા વિચાર હૃદયમાં સ્ફુર્તી મળી. * * * * * ગામમાં સારી સ્થિતિનો એક ગૃહસ્થ * * * * હતો, પ્રતિ વર્ષે આ નિમિત્તે તેને ખર્ચમાં ઉતરવું પડતું હતું. આ ક્રમમાં તેની અર્થ હાનિ એટલા બધા પ્રમાણમાં થતી હતી કે, પાછળથી એને એ સંબંધે બહુજ વેઠવું પડત. શ્રીયુત બાપુરામે તેની કૃતિ તરફ દયાભાવથી સાંમે જોયું. એને રોજ એ સંબંધમાં ઉપદેશ આપવો ચાલુ કર્યો, ને વહેમ નહિ રાખનારા, એ બાબતમાં કેટલા સુખી છે, એ જણાવ્યું. વહેમ ખંડનનાં આ વખતમાં બહાર પડતાં કાવ્યો અને કેટલાક નિબંધો મૂખપાઠ કરી, સચોટ ઉપદેશ આપવો ચાલુ રાખ્યો; પરિણામે તેના હૃદયમાં સત્ય પ્રકાશની જ્યોતિ ચમકી અને અનર્થમાં થતો વ્યય બંધ પડયો.

ગ્રામ્ય જનોમાં ધાર્મિક ઉપદેશ આપનાર ઓછા હતા, અને ધાર્મિક વૃત્તિયો પ્રકટાવનારા માત્ર પોતાનુંજ સાર્થકય અર્થ પ્રાપ્તિનું કરતા હતા. ધર્મોપદેશ એ નાનાં છોકરાંનો ખેલ નથી, પરંતુ સંસાર વ્યવહારના નીતિ નિયમો ને આત્માનો વિકાસ કરવાનું વિકટ કામ છે. એ કાર્ય અજ્ઞાનોના હાથમાં રહેવાથી સોમલ રૂપ થઈ પડે છે. ધર્મથી દિન પ્રતિદિન વેગળાને વેગળા રાખે છે. ને જીવન પ્રવાહને સલામતી ભરેલા માર્ગે નહિ વાળતાં વિકટ માર્ગે પ્રયાણ કરાવે છે. અજ્ઞાની જનો કે અપાત્ર હૃદયોમાં એ તત્ત્વ સત્ત્વની ઝાંખી નહિ હોવાથી, ત્હેમના ઉપદેશે ચાલનાર જીવનને ભ્રષ્ટ થયેલા રસ્તે વળવું પડે છે. આવાં પાત્રોથીજ જો મનુષ્યોનું કલ્યાણ થયું હોતતો આર્યાવર્ત્તમાં બાવન લાખ સાધુઓ એકી વખતે આપણા દેશને ઉચ્ચાવસ્થામાં લેઇ ગયા શિવાય રહ્યા હોત નહિ. સાધુઓમાં આ પ્રવૃત્તિ

ઉત્સાહક નહિ, પરંતુ રોધક છે; એમની પાસેથી આપણે સુખ પ્રાપ્ત કરવાની કે સંસાર વ્યવહારનાં સૂત્રો સરળ કરવાની આશા રાખીએ તો, આપણી એ ધારણા સત્યથી પાછા જતાં, પ્રતિરોધક ને નિરર્થક છે. કુટુંબમાં એક બુદ્ધિશાળી પુરૂષ હોયતો આખા કુટુંબને, ગ્રામ્યમાં એક ઉત્સાહી, દક્ષ, કર્તવ્યનિષ્ટ પુરૂષ હોયતો ગામને, શહેરમાં નીતિ નિયમો ને આબાદીના માર્ગે પ્રમાણ કરતો, પ્રત્યેકનાં હિત સૂત્રો ને આચાર વિચારથી સિદ્ધ કરી, પ્રબોધતો હોયતો આખા શહેરને, ને દેશમાં એવો અગ્રેસર આખા દેશને તારે છે. તેમ સંત પુરૂષો આર્ય શાસ્ત્ર સ્થાપિત નિયમોને અનુસરી, પોતે ઉચ્ચગામી કર્તવ્યનિષ્ટ થઇ, પરોપકારાર્થે હિતોપદેશ કરનાર હોયતો સર્વને સુખ પ્રાપ્ત કરાવી શકે છે; પરંતુ માત્ર પરાશ્રયપર નિર્વાહ કરનારા, દુઃખથી કંટાળેલા, કર્તવ્યથી ચ્યુત થયેલા, કહેવા પુરતાજ સાધુઓ દેશનું શું કલ્યાણ કરી શકે ? સત્ય ધર્મ પંથે વહન કરતા પવિત્ર પુરૂષો માટે આ કહેવાનું નથી, અપિ સ્વાર્થ પ્રાપ્તિ માટે ને પોષણ કરવા પુરતાંજ ભગવાં વસ્ત્રોને ધારણ કરનારાઓ પ્રત્યેનું આ દર્શન છે.

સત્ય માર્ગે વિચરનાર, ધર્મના તત્વને જાણનાર, પોતાનું કલ્યાણ કરી અન્ય જનોનું શ્રેયઃ સાધનાર, ભારતવર્ષના ભગિરથ ધર્મ ગ્રંથોનાં બિજકોને કર્તવ્ય ક્ષેત્રપર ઉગાડનાર, પવિત્ર, કલ્યાણકારી ને ઉચ્ચગામી સંત પુરૂષો આપણું જેટલું હિત સાધી શકે, તેટલું ઇતર જનો પાસેથી પ્રાપ્ત થવું મુશ્કેલ છે. સંત, પુણ્યાત્માઓ, પવિત્ર સાધુઓ ધારે તો એકેક આંગળીના સમગ્ર બળે આર્યાવર્ત્તને ઉંચો કરી શકે, ને આર્યોને ઉચ્ચાવસ્થા પ્રાપ્ત કરાવી શકે. બીજા દેશો કરતાં આર્યાવર્ત્તમાં ધર્મની શ્રદ્ધા વધારે છે. આ શ્રદ્ધામાં સત્ય મિશ્ર થાય તો દેશોદય પાસે છે એમ માની શકાય; આ માન્યતાની સઘળી આશા કર્તવ્યનિષ્ટ ને ઉદારચિત મહાત્માઓ પાસેથી રાખી શકાય, [1] " જે જે દેશોમાં અને જે જે કાલમાં સ્વારસ્ય અને મહત્વ, તે દૈવ કિંવા ઐશ્વરીય અંશાનુસાર, પ્રકટ થઇ લોક હિતાર્થે પ્રવર્ત્તે છે. દૈવાંશીને કશું અસાધ્ય વા અશક્ય લાગતુંજ નથી. દૈવ અંશ સ્વલ્પ ને મહત્તનું મૂલ કરી શકે છે; દૈવાંશો લઘુતાને પ્રભુતાનુ કારણ કરી શકે છે. દૈવાંશી પુરૂષના તત્ત્વજ્ઞાનની તૃપ્તિમાં આકાંક્ષાનો અવકાશજ ન હોવાથી, દૈવીસંપત્તિ સંપૂર્ણ ઉદ્ભવીને અસંખ્ય પ્રાણીને અધિક સુખી

---

૧ અસ્તોદયને સ્વાશ્રયમાંથી.

કરવા તે દૈવાંશી પુરૂષો સમર્થ થાય છે. " સ્વામિ રામ કહે છે કે, "હિં-દુસ્તાનના સાધુ જેવા 'સાધુ' તો હિન્દુસ્તાનમાં છે! જેમ ખાબોચી-આના પાણી ઉપર લીલી ગોદડી અથવા શેવાળ વળી જાય છે તેમ આખા હિન્દુસ્તાનમાં 'સાધુઓ' જ પથરાઇ રહ્યા છે, અને આજકાલ ત્હેમની સંખ્યા બાવન લાખની થઇ છે! થોડાક સાધુ માત્ર સરોવરને શોભા આપનાર સેવાળ ઉપરના કમળ જેવા છે." આ રીતિએ નામધારી સા-ધુઓથી કલ્યાણ થઇ શકતું નથી, પરંતુ દૈવાંશી—પુણ્યાત્માઓજ દેશોદય કરી શકે છે દૈવિ જીવાત્માઓજ દેશ ધનની વૃદ્ધિ કરી શકે છે.

ગ્રામ્યજનો "સાધુ" ઓના ઢોંગમાં ભોળવાઇ જાય છે, નામ ધારી સાધુઓની સુશ્રુષા શેવા કરવામાં યદ્દકિંચિત્ પાછા પડતા નથી, અને દ્રવ્ય વ્યયમાં ભોગ રૂપ થઇ પડે છે. આડંબરને ખોટા ભભકામાં ખેંચાઇ જાય છે. આવાં દૃષ્ટાનો ઘણીગે વાર બન્યાં છે શ્રીયુત બાપુરામે આ સત્ય ધર્મ માટે ભગિરથ પ્રયત્ન કર્યો હતો. લોકોને ભભકામાં નહિ ફસાવા બહુજ બોધ આપ્યો હતો. એક વખતે * * * * ગામમાં કેટલાક સાધુઓ ફરતા ફરતા આવ્યા. તેમાં કેટલાક વૃદ્ધ હતા, ને બાકીના યુવાવસ્થાવાળા હતા. ત્હેમાંના કેટલાકોએ જુદી જુદી રીતે આસપાસના લોકોને ગામની હકીકત પૂછવા માડી, ને પોતાનું હિત પોતાનો સ્વાથ સવાઇ શકે એવું હતું, તે સ્મરણમાં રાખ્યું. * * * ગામમાં * * * * કુટું-બમાંથી એક માણસ કારણ પરત્વે નાશી ગયો હતો, અને આ વાતને ઘણાં વર્ષો થઇ ગયા. સાધુ વેષ ધરનારાઓને આ પ્રસંગ ભજવવાનું મન થઇ આવ્યું. નાશી જનાર માણસનુ કુટુંબ * * * ગામમાં રહેતું હતું. સાધુવેશ વાળાઓમાંથી એક માણસ ગામમાં આવ્યો, ને જે કુટુંબમાંથી તે માણસ નાશીગયો હતો તેને ઘેર ભિક્ષા નિમિત્તે બેઠો. વાતમાં ને વાતમા તેણે કહ્યું કે, અમે તો * * * * નામના સા-ધુના સંઘમાં છિયે. એ મોટા મહાત્મા થઇ ગયા છે. તેઓ સર્વાર્થ પ્રાપ્ત કરાવે એવા ચતુર છે. ને કહે છે કે આટલામાંથીજ તેઓ આવેલા છે. આપણે જાણીગયા છિયે કે ગ્રામ્યજનો, તેમા બહુધા વૃદ્ધો ને સ્ત્રીઓ વ-હેમી અને લોભી વધારે હોય છે. પોતાની વાતને કહેનારના શબ્દોથી પુ-ષ્ટિ મળી. પૂછનારની ઇચ્છા રોધી શકાઇ નહિ. જેમ જેમ પૂછનારની તિવ્રતા વધતી ગઇ, તેમ તેમ સાધુને આગળ બોલવામાં ગંભિરતા ને માન ઉત્પન્ન

---

૨ સ્વામિ રામતિર્થના ઉપદેશોમાંથી.

થયું. છેવટે ભિક્ષા આપનારને નિશ્ચય થયો કે અમારા કુટુંબમાંથી જે * * * * નાશી ગયા હતા, તે સાધુજ એ હશે. તેથી બે ચાર માણુસો તેમના મુકામ તરફ ગયાં. ત્યાં જઇને એમના મનમાં નિશ્ચય થયો કે, * * * * નામના જે વૃદ્ધ સાધુ છે, તે અમારાજ કુટુંબના છે. નિશ્ચય થયા પછી બધાં હર્ષ ઘેલાં થયાં, ને ત્હેમને તૃપ્ત કરવાને જુદી જુદી જાતની રસોઇ તૈયાર કરવા મંડી પડયા શ્રીયુત બાપુરામ આ પ્રસંગે અત્રેજ હતા. ત્હેમને જ્યારે આ વાતની ખબર પડી, ત્યારે તેઓ તુરતજ તૈયાર થયા, ને ગામ બહાર સાધુઓએ જયા પડાવ કર્યો હતો, ત્યાં ગયા. લક્ષણુ ઉપરથી ને વાતચિત ઉપરથી શ્રીયુત બાપુરામને ખાત્રી થઇ કે, આ લોકો માત્ર નામના 'સાધુ' વેષ ધારી છે ઉઠતાં ઉઠતાં ત્હેમણે કહ્યું કે, તમો હમણાં અહીં રહો, મને શક પડે છે કે તમો સાધુ નથી, સાધુ હોતો મારા પ્રશ્નોના ઉત્તર આપો. પ્રશ્ન પૂછ્યા પણુ એ કયાં સાધુ હતા ? છેવટે અત્રેથી બે ત્રણુ માઇલ દૂર એક મંદિરમાં રહેતા સાધુને બોલાવવા માટે માણુસ મોકલ્યુ, ને જ્યાં આગળ ત્હેમને માટે રસોઇપાણી તૈયાર થતાં હતાં, તેમને ઘેર ગયા. તે લોકોને બોલાવીને સખત ઠપકો આપ્યો, ને વિશેષમા જણાવ્યું કે, તમે માનો છો, એ વાત જો સત્ય હોય તો માત્ર એક ઘટિકા રાહ જુઓ. * * * ગામમાંથી * * * * સાધુને બોલાવવા માટે મુદ્દામાં માણુસ મોકલ્યુ છે. આથી જે કુટુંબમાં ધમાલ ચાલી રહી હતી, તેમાં એક બે માણુસો શ્રીયુત બાપુરામના મતને મળતા થયા, ને બીજા તો પોત પોતાના કાર્યમાં રોકાયા. આ તરફ જે લોકો પ્રપંચ કરતા હતા, ત્હેમને મન એવું વસ્યું કે, નક્કી આપણે ફસાઇ જઇશું, ને * * * ગામમાંથી જેમને બોલાવવા મુદ્દામાં માણુસ મોકલ્યું છે, તે આવશે તો આપણા બાર વાગી જશે. આથી જે મળ્યું તે લેઇને અથવા જે રાંધ્યું હતું તે ગાંસડાં પોટલામાં બાંધીને ચુપકીથી નાશી ગયા. કેટલી ભોળાઇ ! પ્રપંચીઓની કેટલી યુક્તી ? જાળ પાથરવામાં કેટલી કુશળતા ? આવા આડંબરો ને પ્રપંચોમાં લોકો—અજ્ઞાનીયો કેમ ન ફસાય ! કેટલેક પ્રસંગે તો સાધુ વેશ ધારી વાધરીઓ 'સાધુ' નું ડોળ કરી, હાથીપર બેસીને ગામડાઓમાં નીકળી પડે છે, આ લોકો બોલવામાં એવા તો ચતુર હોય છે કે કહેવાની વાતજ નહિ ! તેઓની બોલવાની છટા, કર્મકાંડનો ખોટો દંભ ને હાથી વગેરેનો વૈભવ અજ્ઞાનાવશજનોને ફસાવવામાં લગાર પણુ પાછો

પડતો નથી. આવાં દૃષ્ટાંતોનાંતો આખાં પુસ્તકનાં પુસ્તક ભરાય, તેથી એનું સત્ય દર્શનજ માત્ર ઉપર આલેખવામા આવ્યું છે, પણ એવા ઘણા પ્રસંગો શ્રીયુત બાપુરામના અનુભવમાં આવી ગયા છે.

આવા વખતમાં ઉચ્ચ કોમ પણ ફસાયા વગર રહી નથી. * * * * નો વશ લેઇને મોટા ઠાઠમાઠથી સ્વામી સાથે લોકો ફરતા હતા. આવી ટોળીઓમાંથી એકને * * * * બનાવે, ને બીજા પાલખી ઉપાડનાર, ઘોડાપર સ્વારી કરનારા ને કેટલાક નિશાન ડંકા ને છત્રી મશાલ ઝાલનારા, તથા ચોપદાર બને. સ્વારીને પુરેપુરા ભભકાથી શોભાવે. એક વખતે * * * આવી સ્વારી અહીં પણ આવી. ને બ્રાહ્મણોના વાસમાં ઉતારો કર્યો. ધર્મ ગુરૂને માન આપવું એ પ્રણાલિકા નીતિ નિયમોને અનુસરી રચાઇ હતી, પરંતુ સાચા ભેગા ખોટા પૂંજાય એ જોવાનું બુદ્ધિથી બનતુ નહોતું, સ્વામીનો મુકામ થયા પછી, સઘળાએ મળી વ્યવસ્થા કરી, ને એકાદ દિવસ પછી ઉવરાંણી ચાલી! મારંમારાને ધક્કા મુકી એ મહારાજનો પ્રસાદ ગણાવા—વહેંચાવા લાગ્યો. મહારાજનો કર ન આપે એવાંને માટે એ શિક્ષા રૂપી પ્રસાદ હતો. ગરિબ જનોને એ પ્રસાદ લેવાની આર્થિક સંપત્તિ ન હોવાથી જરૂર પડતી હતી. આ ઠાઠના રક્ષકો—કે . મહારાજનું સ્વારીમાં રક્ષણ કરતા હતા, તેઓ તળાવ કાંઠે ગયા, ને હિંસા માટે પ્રયત્ન આરંભ્યો. આ વાતની શ્રીયુત બાપુરામને ખબર પડી, ત્યારે કેટલાક લોકોને બોલાવી બોધ આપ્યો, તે સાથે મહારાજને પણ બંદોબસ્ત કરવા કહ્યું, છતાં ઢોગી મહારાજને એ બંદોબસ્ત કરવાની આવશકયતા જણાઇ નહિ અહિંસા પરમો ધર્મ માનનારાઓને ત્હેમની વચ્ચે તકરાર થઇ, ને છેવટે કોર્ટે કામ ચઢવા આવ્યું, ત્યારે નાશી ગયા. સત્યને દુશણ આપવાનો આ પ્રયત્ન નથી આ સત્ય દૃષ્ટાંત છે. જે દૃષ્ટાંતને શ્રીયુત બાપુરામે જાતે અનુભવ્યું છે, ને એમની બુદ્ધિએ જો આગળ તર્ક ન દોડાવ્યો હોત તો, એમાં પાયમાલી ને અર્થ વ્યય થવા સંભવ હતો. ધર્મ ગુરૂઓ આ તરફ ન આવે, ને ત્હેમના નામનાં ખોટાં બિબાં ધરનાર પ્રપંચીઓની પ્રપંચ જાળમાં લોકોને ચાલે, ન ચાલે પણ ફસાવું પડે. આવાં દૃષ્ટાંતો જ્યાં ત્યાં કોર્ટે ચઢેલાં, ને પેપરોમાં છપાયેલાં જોવા જાણવામાં ઘણાં નેય આવ્યાં હશે. કલ્પના કરો કે, એજ સત્ય ધર્મ કે, વિનિપાતનો માર્ગ ? !

શ્રીયુત બાપુરામનું ધાર્મીક લક્ષ કેવું હતું તે આ ઉપરથી સમજાય છે. હવે એમના હ્રદય—વિચારને આચાર તરફ લક્ષ આપીએ. ધર્મ પ્રત્યેની

તેમના ભાવના, હૃદયે સ્વિકારેલા માર્ગનું દર્શન, ને સંસારીક વ્યવહારીક માર્ગોમાં સ્વિકારેલાં ધર્મનાં સુત્રો તરફ અવલોકન કરવું હિતાવહ છે. આ દર્શન માટે નીચેનો ક્રમ સ્વિકારવામાં આવ્યો છે. શ્રીયુત બાપુરામની ધર્મ પ્રત્યેની માન્યતા, ને આત્મજ્યોતિનો વિકાસ કરવાનાં સાધનો તથા કર્ત્તવ્ય ક્ષેત્રમાં રહી કરેલી ધર્મ સાર્થકયતા, એનો ક્રમશઃ ભાગ આ પ્રમાણે પાડી શકાય;—(૧) સંસાર વ્યવહારમાં રહી સધાતો ધર્મ (૨) આત્માની ઉન્નતિનો ક્રમ. પહેલા ભાગમાં નીતિ નીયમોના આધારે રહી પરિશ્રમ પૂર્વક લીધેલો અનુભવજ સાર રૂપ છે. બીજા ભાગમાં, વેદાંત, પુરાણ, અને ઇતિહાસોમાંથી કયું સત્વ આત્મોન્નતિ સાધી શકે ? આત્મા એ શું છે ? આત્મજ્યોતિનો ચમત્કાર અને આત્મા પરમાત્મા સાથે અભેદત્વનું પ્રાધાન્ય સ્વિકારવામાં આવ્યું છે. પહેલા માર્ગે કર્તવ્યનિષ્ટ થઇ અભિપ્સિત પ્રાપ્ત કરી શકયા ને બીજા માર્ગે આત્માની અનંતત્વતાને અપરિસિમ ભવ્યતાના રાજ્યમાર્ગપર ચઢી શકયા.

ધાર્મિક લક્ષ.

- કર્ત્તવ્યરૂપે
  - સાંસારીક વ્યાવહારીક
  - અર્થ પ્રાપ્તિના પ્રયત્નરૂપે
- બોધરૂપે—અભ્યાસરૂપે
  - શાસ્ત્રીય ગ્રંથોનું શ્રવણ
  - મનન—નિદિધ્યાસન
  - સત્ સમાગમ
  - સંતોના ઉપદેશદ્વારા
- આત્માના વિકાસરૂપે
  - સ્વાત્મ શ્રદ્ધા
  - સ્વાત્મ બળ
  - આત્માની પરમાત્મા પ્રત્યે અભેદતા

પ્રત્યેક અવસ્થામાં સમયને અનુસરતુ કર્તવ્ય ધર્મરૂપ ગણાય છે. જે જે સ્થિતિ સંજોગોમાં મનુષ્ય મૂકાય છે. તે તે સ્થિતિ સંજોગોમાં યથાનુસાર કર્તવ્ય કરવું એજ વાસ્તવિક ધર્મ છે. શ્રીયુત બાપુરામના દર્શનમાં આ માર્ગ યથાવિધિ પળાયેલો આપણે જોઇ શકયા છિયે. એમની જન્મથી પંદર વરસ સુધીની સ્થિતિમાં કાંઇ વિશેષ જાણવા જેવું જણાતું નથી. આ સમય શાસ્ત્રીય નિયમ પદ્ધતિ પ્રમાણે તો અભ્યાસકાળ—અધ્યયનકાળ ગણાય છે. એમની સ્થિતિ—સમય ને સંજોગો આ માર્ગમાં વિઘ્નરૂપ હતા પંદર વરસ સુધી કોઇ જાતની પ્રવૃત્તિમાં જોડાયા નહોતા માતા પિતાના અવસાનકાળ પછીજ એમને કર્ત્તવ્ય કરવાની જરૂર પડી. અહીંથીજ અ-

ભ્યાસ—અનુભવ કે કર્તવ્ય ધર્મ જે માનો તે શરૂ થાય છે. એમનાં દર્શનનો બોધક માર્ગ અત્રેથી ગ્રહણ થાય છે. શરૂઆતમાં સમયને અનુસરી પ્રાપ્તિઅર્થે બહાર નિકળ્યા બહાર નિકળ્યાપછી કર્તવ્યનો આરંભ થયો. સ્વાત્મ શ્રદ્ધાની પ્રારબ્ધ કસોટિ થઇ. ઘડીમાં એક નિશ્ચય કર્તવ્યરૂપે ઉત્સાહ આપે ને ઘડીકમાં એ ઉત્સાહ નિરાશારૂપે જણાય, હૃદયશ્રદ્ધા—કર્તવ્ય નિશ્ચયને બુદ્ધિ યોગથી એવી નિરાશાઓને દૃઢ ભાવના બળે રોધી. સ્વાત્મશ્રદ્ધાને સ્વાશ્રયની ઝાંખી ઝાંખી જ્યોતિઓનો આ સમયે ઝણુકાર પ્રતિત થયો. એમના કર્તવ્ય ક્ષેત્રમાં પૌરૂષ રૂપે અડગ રહી આગળ વધવાનું અન્તઃકરણમાં સ્ફુર્યું. આ સમયે એક કવિનું હૃદય સ્તોત્ર સર્વાર્થે સાધકરૂપે બુદ્ધિમાં આરૂઢ થયું.

* Trust thyself. every heart will vibrate to that iron string.

શ્રીયુત બાપુરામને હવે અર્થ પ્રાપ્ત કરવાની જરૂર હતી લગ્નાદિકથી જોડાયેલા હોવાથી કુટુંબ પોષણ કરવાની જરૂર હતી આ ક્રિયા ધર્મ—ફરજ—કર્તવ્યરૂપે હતી. જે જે સમયને સન્જોગોમાં સમયાનુકૂલ પ્રયત્ન કરવો પડે છે, તે તે ક્રિયાઓ ધર્મરૂપ કર્તવ્ય રૂપજ ગણાય છે. સંસારીક વ્યવહારીક કર્મોમાં યોગ્ય રીતિથી કરવામાં આવતો પ્રયત્ન ધર્મરૂપ જ છે. ભગવદ ગીતામાં અર્જુન પ્રત્યે સ્વધર્મનુ પાલન કરવામાં શ્રીકૃષ્ણે આજ માર્ગ શ્રેષ્ટ ગણી ઉપદેશ આપ્યો હતો,

૧ ને સ્વધર્મેય જો હોયે ઘટેના ડગવું ત્હને;
* * * * * * * ॥ ૨—૩૧ ॥

૨ હવે જો તુ નહીં પાર્થ ! ધર્મ સંગ્રામ આ કરે,
તો તો સ્વધર્મ ને કીર્તિ ખોળી પામીશ પાપતું. ॥ ૨—૩૨ ॥

૩ હણાયે મળશે સ્વર્ગ, જીત્યે માણીશ તું મહી,
તે માટે ઉઠ, કૌન્તેય, કરી નિશ્ચય યુદ્ધનો. ॥ ૨—૩૭ ॥

૪ આદર્યાનો નથી નાશ, દોષે યે ગોગમાં નથી;
સ્વલ્પાંશે ધર્મનો આતો ઉગારે ભયથી વડા. ॥ ૨—૪૦ ॥

---

* ત્હારા પોતાનામાં વિશ્વાસ રાખ. એ લોઢાના તાર પ્રતિ દરેક હૃદય આકર્ષાશે. Emerson ૧—૨—૩—૪—૫—૬—૭—૮ શ્રી ગીતા સમશ્લોકી ભાષાંતર. રા. નાનાલાલ. દ. કવિ.

૫ જેટલો છિલ્લરે અર્થ ચોપાસે બરિયા જલે,
તેટલો સર્વ વેદોમાં બ્રહ્મજ્ઞાની સુજાણુતો. ॥ ૨-૪૬ ॥

૬ ન કોઐનો કરે અર્થ, અકર્મેયે ન કો અહીં;
કે નકો સર્વ ભૂતોમાં એનો આધાર અર્થનો. ॥ ૩-૧૮ ॥

૭ નથી કાંઇજ કર્ત્તવ્ય ત્રિલોકે પાર્થ ! માહરે,
કે ન પામ્યું પામવા શું; ત્હોયે વર્તું હું કર્મમાં. ॥ ૩-૨૨ ॥

૮ માહરો પાર્થ ! આ બોધ પાળે છે નિત્ય જે જનો,
અસુયા મુક્ત, શ્રદ્ધાળુ, છૂટે તેઓય કર્મથી. ॥ ૩-૩૧ ॥

યથા પ્રાપ્ત ધર્મનું પાલન ધર્મ સ્વરૂપજ છે આવા સમયે શાસ્ત્રીય અભ્યાસ કરવાની જીરૂર પડી. ધર્મમાં શાસ્ત્રીય ગ્રન્થોના અભ્યાસ દ્વારા ક્રિયા માર્ગને સરળ કરવાનુ હિતાવહ ગણ્યું. વય અભ્યાસ કરવા જેટલું નહોતું. શાસ્ત્રોએ સ્વિકારેલી મર્યાદા પુરી થવા આવી હતી. હ્રદયમાં અભ્યાસ કરવાની વૃત્તિ જાગ્રત થઇ, એ વિદ્યા પ્રતિનો અસીમ પ્રેમ નહિતો બીજું શું ? નિશાળમાં પ્રવેશી આ સાધના સાધવી અશક્ય થઇ પડી. શાળામાં પ્રવેશવાની ઉમ્મર પસાર થઇ ગઇ હતી. કર્ત્તવ્યમા આ બધા સંજોગોમાં યોગ્ય માર્ગ દેખાડનાર માત્ર શાસ્ત્રીય અભ્યાસ હતો. શ્રીયુત બાપુરામના હ્રદયમાં પ્રવર્ત્તમાન થયેલી અભિરૂચી બુદ્ધિને આગળ વધારવા સાધન રૂપ થઇ મહાન કવિરાજ શેક્સપીયર કહે છે કેઃ—

Ignorance is the curse of God
Knowledge the wing with which we fly to heaven

Shakespeare.

" અજ્ઞાન શાપ રૂપ છે. જ્ઞાન કે જે પાંખો, તે વડે આપણે સ્વર્ગ પ્રતિ ઉડિયે છિયે. "

આ સમયે શાસ્ત્રીય અભ્યાસ શરૂ કર્યો, તે સાથે વૈદકના ગ્રંથોનું જ્ઞાન પ્રાપ્ત કર્યું. અભ્યાસ પૂર્ણ કર્યા પછી તેઓ ધમીજ આવ્યા. કથા વાર્તાદિ સાથે વૈદકનો ધંધો શરૂ કર્યો. ત્હેમના જીવનના આશય ને કર્ત્તવ્યના લક્ષને સત્ક્રિયા દ્વારા આપવાનો આ યોગ ભાગ્યથીજ નિર્માણ થયેલો હતો. ધંધામાં પ્રસંગોપાત્ત આવતી આપત્તિ વિપત્તિઓથી કિંચિત કદાચિત્ ડગ્યા નહિ. એમના હ્રદયમાં એવાં ભાવ સ્તોત્રો રમણ કરતાં હતાં કે;—

उद्यमः साहसं धैर्यं बलं बुद्धिः पराक्रमः ।
षडिमे यस्य तिष्ठन्ति स सर्वं प्राप्नुयात् पुमान् ॥

योगवासिष्ठ.

सर्वमेहेव हि सदा संसारे रघुनन्दन ।
सम्य॰ प्रयत्नात्सर्वेण पौरुषात्समवाप्यते ॥

योगवासिष्ठ.

आरभेतैव कर्माणि श्रान्तः श्रान्तः पुनः पुनः ।
कर्माण्यारभमाणं हि पुरुषं श्रीनिषेवते ॥

मनुस्मृति.

नात्मानमवमन्येत पूर्वाभिरसमृद्धिभिः ।
आमृत्योः श्रियमन्विच्छेन्नैनां मन्येत दुर्लभाम् ॥

मनुस्मृति.

अवश्यं क्रियमाणस्य कर्मणो दृश्यते फलम् ।
न हि निर्वेदमागम्य किंचित् प्राप्नोति शोभनम् ॥

वनपर्व.

'ઉદ્યમ, સાહસ, ધૈર્ય, બલ, બુદ્ધિ, પરાક્રમ એ છ ગુણો જેનામાં છે, તે પુરૂષ સર્વ પ્રાપ્ત કરે છે.'

'હે રઘુનંદન! આ સંસારમાં સર્વદા સર્વે શુભ પૌરૂષથી, પ્રયત્નથી સર્વજને પ્રાપ્ત થાય છે જ.'

'અર્થ પ્રાપ્ત ન થાય તો પણ પુનઃ પુનઃ કર્મોનો–કાર્યોનો આરંભ કરનારને લક્ષ્મિ પ્રાપ્ત થાય છે.'

'સમૃદ્ધિ ન હોવાથીજ પ્રયત્ન પહેલાંજ અયોગ્યતાનો સ્વિકાર કરવો નહિ, પણ મૃત્યુસુધી સંપત્તિ પ્રાપ્ત થવા ઈચ્છા રાખવી, અને દુર્લભ છે એમ માનવું નહિ.'

'ક્રિયા કરનાર પુરૂષને નિઃસંશય ફલ જણાય છે, પરંતુ કંટાળીને બેઠે હેવાથી કાંઇ પણ પ્રાપ્ત થતું નથી'

શ્રીયુત બાપુરામે આ સ્તોત્રોના દૃઢ અભ્યાસે અને સત્ય પ્રાગટ્યે સ્વિકાર કર્યો હતો. એમના જીવનમાં કયારેય ક્રિયા ધર્મથી ચ્યુત થયાનું

જણાયુ નથી. સારા પૌરૂષેયથી સર્વ સધાય છે. પ્રાપ્ત થાય છે. ક્રિયાનો આરંભ કરવામાં ત્હેના વાસ્તવ સ્વરૂપનો હૃદયમાં રણકાર થતો, અને આ રણકાર થયા પછી તેના માર્ગમાંથી કયારેય ખસતા નહિ. આપણે ગત પ્રકરણોમાં જોઇ ગયા છીયે કે એમના ધધામાં અયોગ્ય આચાર વિચાર વાળાઓએ મોટી મોટી શિલાઓ ગોઠવી દીધી હતી; પરંતુ સારા સાર બુદ્ધિના વિચારથી આરંભાયેલાં કાર્યો પૂર્ણ થયા શિવાય તેઓ કદી પાછા હઠયા નહિ, એ આચાર–વર્તન–વિચારજ શુભ પૌરૂષનું જ્વલંત દ્દષ્ટાંત છે.

સંસાર વ્યવહારમાં તેઓ સર્વદા નીતિ નિયમનાં સુત્રો સ્મરણમાં રાખી વર્તતા હતા. ગૃહસંસાર પ્રત્યે પોતાને જે જે દુઃખ ભોગવવાં પડયાં હતાં, તે તે દુઃખો ન નડે એની ખાસ સંભાળ રાખતા હતા. એમના જીવનમાં એ ખાસ સત્ત્વ જણાઇ આવે છે કે, પોતે બોલીનેજ–કે–વિચારમાં પણ્ડિત બનીને જ ઉપદેશક પદ્ધતિ સ્વિકારેલી નથી, પરંતુ જાતે આચરીને જ દ્દષ્ટાંત રૂપે એના ફલને જનસમૂહ ઝીલી લે, સ્વજીવનમાં ગુથી લે એમ દર્શાવી આપ્યું છે. પોતાને અભ્યાસાદિની જે મુશિબતીઓ ભોગવવી પડી હતી, તેવી સંતાનોને ન ભોગવવી પડે, કે પાછળથી સંતાનોને પસ્તાવા વખત ન આવે તેની ખાસ સભાળ રાખતા હતા. સંતાનોને કેળવવા માટે શ્રીયુત બાપુરામે યથાપ્રાપ્ત પ્રયત્ન કર્યો, અને બાળકો સ્વબુદ્ધિ ઉપર અવલંબી રહે ત્યાસુધી સભાળ રાખી. તેઓએ જાતે અગવડ વેઠી પરંતુ પુત્રોના માર્ગમાં વિઘ્ન નાખ્યુ નહિ. આ પણ એક સત્ય છે કે જ્યાંસુધી રા જેઠાલાલ તથા રા. મણિભાઇ આર્થિક સ્થિતિ. સમયને પોતાનો વાસ્તવિક ધર્મ સમજતા થયા ત્યાસુધી શ્રીયુત બાપુરામે પોતાનું કર્તવ્ય યથાવિધિ પૂર્ણ કર્યું.

શ્રીયુત બાપુરામની પ્રાથમિક સ્થિતિ તરફ લક્ષ આપતાં જણાઇ આવે છે કે, ત્હેમણે અનેક સંકટો ને વિટંબણાઓમાથી પોતાનું નાવ ચલાવ્યુ હતું. આ સઘળામાં એમને માત્ર સ્વાત્મબલજ્યોતિને ઇશ્વરના અસીમવાત્સલ્ય ભાવની છાયા સહાય થઇ હતી. આ કૃપાથી માર્ગમાં આવતી અનેક ખડકોને તોડવા તેઓ સમર્થ થઇ શકયા હતા. અર્થપ્રાપ્તિ પ્રયત્નમાં જેમ કર્તવ્ય–ધર્મને મહત્વ આપી કાર્ય કર્યું હતું, તેમ સંસાર વ્યવહારમાં પણ શાસ્ત્રીય નીતિનીયમોના ધારાને અનુસરી ધર્મ બજાવ્યો હતો. એમના પોતાના કુટુંબ પ્રત્યે જેટલો શ્રેયઃ ધર્મ બજાવાતો હતો, તેથી

વિશેષ જન સમુહ પ્રત્યે અથવા તો સમાગમીઓ તરફ એ ક્રિયા સમજાવાતી હતી. એમના હૃદયમાં પ્રેમ હતો, વાક્યોમાં નીતિ હતી, ઉપદેશમાં મધુરતા હતી, અને કર્તવ્યમાં શ્રદ્ધા હતી આ સાથે લક્ષ્યસ્થાન ઇશ્વરની અસીમ વાત્સલ્યતામાં તન્મય હતું.

શંકતમ સ્થિતિમાંથી શ્રીયુત બાપુરામને આગળ વધવાનું હતું, એ સત્ય પૂર્વે અવલોકનમાં નિહાળ્યું. કુટુંબનો આશ્રય નહોતો, પહોંચી વળવા પુરતાં સાધન નહોતાં, માતાપિતાના અવસાન સમયે બુદ્ધિબળ વિશાળ પ્રદેશમાં રમણ કરતું નહોતું, અનેક હાડમારીઓને વિટંબનાઓમાંથી પસાર થવાનું હતું; આ સ્થળાં સાધવામાં અથવા તો સ્થિતિને પ્રતિકૂલ સંજોગોમાંથી આગળ વધવામાં ઇશ્વર પ્રત્યેની શ્રદ્ધાજ માત્ર માર્ગ દર્શકને ઉત્સાહક હતી. આત્મજ્યોતિનાં ઝાંખાં ઝાંખાં કિર્ણોનો આશ્રય ને દર્શન આ અવસ્થામાં નિશ્ચયાત્મકભાવે કર્તવ્યારંભ કરતાં પ્રાપ્ત થયા હતા. શાસ્ત્રોનો અભ્યાસ ને પ્રયત્નમાં અનુભવે એ દર્શનની વ્યાપકતા ને ભવ્યતા વધારી આપી. સ્વાશ્રયાવલંબન કરનારને સ્વાત્મબલ સ્ફુર્ણાજ સહાયક હોયછે. શ્રીયુત બાપુરામને સ્વામિ રામનો બોધ અક્ષરસઃ માન્ય હતો. ૧ " લોકો ધર્મ; ધર્મને ધર્મ કરી રહ્યા છે, ધર્મ ત્હમારાપર શા માટે સામ્રાજ્ય ભોગવે ? કોઇ પણ વ્યક્તિ જવાબદાર છે એમ સમજો નહિ. ત્હમે પોતેજ ત્હમારા દેવ છો. ભય ના રાખો જે કર્તવ્ય કરવાથી ત્હમે ધાર્મીક થાઓછો, જે કર્તવ્યને ત્હમે ધાર્મીક કહોછો, પવિત્ર ગણોછો તેવા કર્તવ્યમાં રોકાયેલા હો ત્યારે તો ઠીક છે, પરંતુ જ્યારે નિવૃત્તિમાં હો, નકામા બેઠા હો, ત્હમારા ઘરમાં બેઠા હો તે સમયે ત્હમારા આત્માનું ભાન કરો. * * * * * * * આવા વેદાંતના સિદ્ધાંતમાં રમણ કરશો ત્યારે ત્હમે સ્વયંપ્રકાશ થશો. * * * * * * * * કર્તવ્યમાં, કર્મમાંજ અધિકાર રાખો. કર્તવ્ય કરો, કર્તવ્યમાં આનંદ માનો કારણ ધર્મજ, કર્તવ્ય પોતે આનંદરૂપ છે. કારણ એટલેજ સાક્ષાત્કાર છે. કર્તવ્ય કરવા ખાતરજ કર્તવ્ય કરો. * * * * * * તેમ સ્વતંત્રપણે આનંદ માટેજ કર્તવ્ય કરો, કારણ આનન્દ—સુખ કર્તવ્ય રૂપેજ રહેલું છે. કોઇ વસ્તુથી આપણે બંધાયેલા નથી, સ્વતંત્ર છિયે. '

અર્થ પ્રાપ્તિ માટે તેઓ ધમીજમાં આવ્યા. ધમીજમાં રહી મુખ્ય ધર્મને સિદ્ધ કર્યો, ને લોક કલ્યાણનો માર્ગ સાધ્યો. આ કલ્યાણ ધાર્મીક

---

૧ સ્વામિ રામના સદુપદેશ. ભાગ ૫ મો.

ભાવનાઓ નહિ તો બીજું શું હોઇ શકે ? પ્રાણિમાત્ર પ્રતિ દયા, અનાથો પ્રત્યે વાત્સલ્યતા, અપકારી પ્રત્યે ઉપકાર ને વિશ્વવ્યાપી ભ્રાતૃભાવ, એ બધું આચરણમાં દષ્ટાંતરૂપે દર્શાવ્યું. લોકોમાં ધાર્મિક શ્રદ્ધા પ્રકટ કરી, સ્વાત્મ બલની વ્યાપકતા ને ભવ્યતાનું સ્વાશ્રય બલે, સત્ય ભગવદી ક્રિયાઓદ્વારા પ્રકાશ કરી, વહેમનાં વમળોને છેદવા કટિકસી, અંધ શ્રદ્ધાથી પુણ્ય પ્રાપ્ત કરવાનો દુરાગ્રહ માની ભગવાં વસ્ત્રોમાં ભમાનાર અજ્ઞાનોને સત્ય માર્ગે વાળી, સત્ય દર્શાવી આપ્યું, જો ધાર્મિક ક્રિયાઓ ને ધાર્મિક ફરજો કર્તવ્યરૂપે માનીએ તો આ પ્રયત્ન ધર્મ જ છે એમ ગણી શકાય

શ્રીયુત બાપુરામનું કર્તવ્યરૂપે ધાર્મિક લક્ષ એ પ્રમાણે સમાપ્ત થાય છે. એમના અભ્યાસ અને સતસમાગમ તેમજ બોધામૃતના પાન રૂપે સિદ્ધ કરાતા ધાર્મિક લક્ષ પ્રતિ દૃષ્ટિ વાળીએ. શ્રીયુત બાપુરામનો વિદ્યાભ્યાસ ગુજરાતી ત્રણ ધોરણ સુધીનો હતો આ વખતે વિદ્યાની મહત્વતા સમજાઇ નહોતી સંસારમાં પ્રવેશ કરવાનું પ્રથમ દર્શન હતુ. અને આ માર્ગે વૃત્તિઓને વાળવાનું સ્થિતિ સન્જોગોથી પ્રતિકૂળ હતું. ત્હેમણે પ્રાપ્તિ નિમિત્તે કનિપુરમાં ઉદ્યોગ આરંભવો શરૂ કર્યો, ત્યાં એ પ્રવૃત્તિમાં પૂરતો યશ—અભિપ્સિત વસ્તુ પ્રાપ્ત કરી શકયા નહિ અત્યાર સુધીમાં વિદ્યાના સત્ય સત્ત્વનો રણુકાર મગજમાં ઉદ્ભવ્યો નહોતો. જીજ્ઞાસુ વૃત્તિને રસ લાગ્યો નહોતો. એમના વડિલથી સદ્બોધ પ્રાપ્ત કરતાં એ દિશા તરફ વૃત્તિ વળી, વૃત્તિ વળતા સાથે રણુકાર થયો, રણુકાર થતા રસ જામ્યો, રસ જામતાં બુદ્ધિ પૂર્વક, જીજ્ઞાસુ વૃત્તિને તૃપ્ત કરવાનો પ્રયત્ન આરંભાયો. આ સમયે ઇતિહાસ—ધર્મ—જ્ઞાન સંબંધિ જ્ઞાન મેળવ્યું. રસ જામ્યા પછીથી એમાં બાકી રહેલું કાર્ય કુદરતે અનુભવદ્વારા સિદ્ધ કરાવ્યું.

પરમાત્મા, તરફ વૃત્તિ સાંધતાં હૃદય સ્વતઃ માર્ગ દર્શાવે છે આત્મ બલથી જેટલા આગળ વધીયે છિયે તેટલા ઇશ્વર સમીપ સત્વર જઇ શકિયે છિયે. અનેક મત મતાંતરોમાંથી સિદ્ધિ લીટીનું માત્ર આ એકજ દર્શન છે; કે જે દર્શનયોગે પરમાત્માના ખોળામાં બેશી શકાય છે. શાસ્ત્રીય ગ્રંથોનો અભ્યાસ થયો, પરંતુ સત્યજ્ઞાન અનુભવ માર્ગેજ સિદ્ધ થયું. શાસ્ત્રો માર્ગ દર્શક છે, પરંતુ ચૈતન્યની અનંતવતા અને વ્યાપકતા અનુભવેજ સિદ્ધ થાય છે. સારા ગ્રંથો સન્મિત્રોનું કાર્ય કરે છે, સતસમાગમનો અર્થ સારે છે, પરંતુ મગજમાં ભરાયેલા એ જ્ઞાનનું તત્ત્વસત્વ અનુભવથી જ સિદ્ધ થાય છે. * " સામાન્ય માન્યતા એવી છે કે જ્ઞાન એટલે પુ-

* સ્વામિ રામતિર્થના સદુપદેશ.

સ્તકો, શિક્ષક બાહ્ય સાધનોથી મેળવેલી માહિતીનો સંગ્રહ, જે મનુષ્ય એક કાળે ઉત્તમ મનાતા ગ્રંથો પોતાના મગજમાં ભરે છે તે મોટા વિદ્વાન ગણાય છે. એ વાત ખરી છે. કે પૂર્વજોએ મેળવેલું જ્ઞાન ફેંકી દેવાનું નથી, તેનો સંભાળ પૂર્વક ઉત્તમ અભ્યાસ કરવો જોઇએ; પરંતુ જ્યારે કોઇ મનુષ્ય બાહ્ય સાધનોનો ત્યાગ કરીને અંતરના અનંત તત્ત્વ તરફ વળે છે, અને જ્યારે જાતેજ ખરા જ્ઞાનનું મૂળ અને નવા પ્રચંડ વિચારોનો ઝરો બને છે ત્યારેજ ખરૂં શિક્ષણ શરૂ થયું સમજવું. ન્યુટન અને બીજા સત્ય શોધક મહાત્માઓ ઉપયોગી શોધો કરી ગયા છે, અને હજી પણ કેટલાક મહાત્માઓ શોધો કરે છે. ત્હેમને કોણે શિક્ષણ આપ્યું હતું ! * * * * * * * * જ્યાં અશ્રુત વાતો સાંભળી શકાયછે, અજ્ઞાત બાબતો જાણી શકાય છે, અને અકલ્પિત બાબતોની કલ્પના થાય છે એવા આત્મા સમીપ અજ્ઞાનપણે જઇ પહોંચવું એજ જગતના ખરા કલ્યાણને માટે અવતરેલી વિભુતિઓનું શિક્ષણ છે. '

શાસ્ત્રીય અભ્યાસ કરવામા લક્ષ લગાડ્યુ; તે સાથે યથા પ્રાપ્ત જેનું અધ્યયન થતું તે કદિય સ્મૃતિ પટપરથી ભૂસાતું નહિ પાછળ અવલોકન કરી ગયા છિયે કે શ્રીયુત બાપુરામની અવલોકન શક્તિને સ્મરણ શક્તિ ઘણીજ ઉત્તમ હતી. એક વખત સાભળેલું કે વાંચેલુ યથાવત્ સ્મરણમાં રહેતું ધર્મના જે સિદ્ધાંતને, ગ્રંથના જે તત્વને, અનુભવના જે સત્વને એક વખત વૃત્તિમાં આરૂઢ કરાય, કે પછી કવચિદ્ કવચિત્ ખસતું નહિ. આવી ઇશ્વરી બક્ષીસથી તેઓ ઉચ્ચગામી થઇ શકયા. ઉચ્ચ તત્વને પ્રદિપ્ત કરનાર, ઉદાત ગુણોને સંવર્દ્ધન કરનાર, બુદ્ધિ સંપત્તિને વિભૂષિત કરનાર ઇષ્ટાનંદ ધનમાં મગ્ન રાખનાર, અન્તઃકરણની શુદ્ધિને જીવન હેતુની વૃદ્ધિ કરનાર, આખ્યાયિકઓ, વાર્તાઓ, ઇતિહાસો, ચરિત્રો ને શાસ્ત્રીય ગ્રંથોનો અભ્યાસ અન્તઃકરણને વિશુદ્ધ બનાવી, સત્સંસ્કારિત કરવામાં સહાયક હતા.

સંતસમાગમ ને સજ્જન સહવાસમાં ત્હેમણે જીવનનો ઘણોખરો ભાગ વ્યતિત કર્યો હતો. સન્તોના સહવાસદ્વારા, પ્રજ્ઞોના બોધદ્વારા, મહાત્માઓના સમાગમદ્વારા અને ઉત્તમ સંસ્કાર દ્રવ્ય વહન કરનાર અન્તઃકરણોને ધારનાર સાધુઓના ઉપદેશદ્વારા જીવનનો ઉત્કર્ષ કરવામાં શ્રીયુત બાપુરામ કદિય હઠયા નથી. અન્તઃકરણમાં એ ભાવના રમખાણ મચાવી રહેતી કે, **साधूनां दर्शनं पुण्यं**. સાધુપુરૂષોનાં દર્શન પણ કલ્યાણકારી, પુણ્યરૂપ છે, એ નીતિનીયમનો પ્રકાશ કરનાર સુત્રોને ચાણાક્ય યોગ્ય રીતે ગોઠવે છે કેઃ—

संसार कटुवृक्षस्य द्वेफले अमृतोपमे ।
सुभाषितं च सुस्वादु सगतिः सुजने जने ॥

શ્રીયુત બાપુરામની ધાર્મિક લક્ષની ત્રીજી ભાવના તરફ લક્ષ આપીએ. આ લક્ષ આત્માના વિકાસરૂપે પ્રતિત થાય છે. શાસ્ત્રો અને તત્વજ્ઞો આ લક્ષનેજ સર્વોત્તમ ધર્મ ગણે છે. જ્યા આત્માનો વિકાસ છે, ત્યાંજ મનુષ્યત્વની વાસ્તવ ઉન્નતિ છે દેહીનો દેહ નાશવંત છે, પરંતુ દેહી ચૈતન્ય હોઇ, શુદ્ધ તત્વસત્વમાં એકાકાર થઇ સચ્ચિદાનંદઘનમા રમખાણ કરે છે. મનુષ્યનો વાસ્તવ ધર્મ આત્માનો પરમાત્મા સાથે એક રાગ સાંધી અનન્ય ભાવે એકરૂપ–અભેધ થવું એજ છે. આ ધર્મની સાધના, અને તેનું યોગ્ય ફળ એજ મોક્ષ છે. શાસ્ત્રકારો, તત્વજ્ઞો. નીતિકુશલ દક્ષો–પ્રજ્ઞો આજ ધર્મને શ્રેષ્ટત્વ આપી રહ્યાં છે. અર્જુનના મોહકાલે શ્રીકૃષ્ણ ભગવાને આજ વાસ્તવ–કલ્યાણકારી ભાવનાનો બોધદ્વારા ઉપદેશ આપ્યો છે.

* ईश्वरः सर्व भूतानां हृद्देशेऽर्जुन तिष्ठति ।
भ्रामयन्सर्व भूतानि यन्त्रारूढानि मायया ॥ १८ ॥ ६१ ॥
तमेव शरण गच्छ सर्वभावेन भारत ।
तत्प्रसादात्परां शान्ति स्थानं प्राप्स्यसि शाश्वतम् ॥ ६२ ॥
सर्व धर्मान्परित्यज्य मामेकं शरणं व्रज
अहंत्वा सर्व पापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥ ६६ ॥

વેદ, શ્રુતિ, સ્મૃતિ આદિ ધર્મતત્વ સત્વને પ્રબોધતા, સર્વમાન્ય ગ્રંથો પ્રતિ શ્રીયુત બાપુરામને અનન્ય પ્રેમ હતો; પ્રેમને હ્રદયમાં સ્થાપી એજ ઉપદેશાનુસાર વર્તાની બુદ્ધિ હતી, બુદ્ધિના નિશ્ચયપૂર્વક કૃતિ હતી. શ્રીયુત બાપુરામ આ સિદ્ધાતદ્વારાજ સંવર્દ્ધન થઇ શકયા તેઓ સારી રીતે માનતા, અને એજ માર્ગનો ઉપદેશ આપતા કે, આપણો પૂર્વકાલિન ધર્મ, અને એ ધર્મના વાસ્તવ તત્વને પ્રબોધનાર ગ્રન્થો એજ આપણો દ્રવ્યાદિ ભંડાર છે, સ્થૂલનો મોહ અલ્પ સમય માટે છે, જડ શરીરના પોષણ ને વૈભવ માટે છે, પરંતુ આ ચૈતન્ય દ્રવ્ય કોઇથી કોઇકાળે ખુટે તેવું નથી, તેમ એ ધર્મ સર્વ સ્થિતિ–સમયને સંજોગો તથા કાળમાં માર્ગદર્શક છે, વેદાંતાદિ ગ્રંથો ઇષ્ટ ધર્મના ગુણાનુવાદ ને આત્માની ઉન્ન-

* ભાષાન્તર પૂર્વે આવેલુ છે, એટલે વિશેષ સ્પષ્ટ કર્યુ નથી.

તિના પ્રબોધક છે. સર્વ ધર્મનું—સર્વ પ્રજાનું—સર્વ અર્થનું કલ્યાણકારી આ ચૈતન્ય દ્રવ્ય સર્વ રીતે મનુષ્ય જાતિને હિતાવહ ને મોક્ષ આપનાર છે.

હવે ધાર્મિક લક્ષની ત્રીજી ભાવના જે આત્માના વિકાસરૂપે પ્રતિત થાય છે, એ સિદ્ધાંતના માર્ગે તરફ વૃત્તિ વાળવી હિતાવહ છે. શ્રીયુત બાપુરામે સ્વિકારેલો આ માર્ગ એમના વાત્સલ્ય કલ્યાણ, હિતને સંવર્દ્ધનનું જ દર્શન આપે છે. વેદાંત શું છે ? એ પ્રશ્ન સંબંધે શ્રીયુત બાપુરામની માન્યતા એવી હતી કે, વેદ ઇશ્વરની પ્રાર્થના છે, પરમાત્માના ગુણાનુવાદ છે, આત્માનો પરમાત્મા સાથે એક રાગ કરાવનાર સાધન છે. મનુષ્યની ઉન્નતિનો માર્ગ છે. આ ભાવના પુરાણી છે. પૂર્વકાલિન આર્યોનો એજ સત્ય ધર્મ હતો. સર્વ ધર્મ ગ્રંથોમાં આ ભાવના બળેજ આગળ વધવાનો ઉપદેશ પ્રાધાન્યરૂપે અપાયેલો જણાય છે. વેદ એ કોઇ એકાદ વ્યક્તિનો એકાદ દેશનો ખજાનો નથી. સર્વમાટે એ ખજાનો ઉઘાડો છે. ઇશ્વરના મહાન પદનાં દર્શન કરવાં, અથવા તો ઉત્પન્ન કરનાર અનંત ચૈતન્ય શક્તિથી અભેદ થવું એ એક વ્યક્તિ માટે હોતું નથી, સર્વેનો આ ઉપદેશમાં—આ સર્વ કલ્યાણકારી માર્ગમાં સરખો હક છે; પછી ક્યાંતો તે સ્ત્રી હોય, પુરૂષ હોય, બાળક હોય ગમે તે હોય. અહીં બળ કે જ્ઞાતિ જાતિનું ભિન્નત્વ નથી. ઇશ્વર આગળ સર્વે સરખાં છે. એક અનંતશક્તિનાં આ સઘળાં જુદાં જુદાં શરીરો છે; આ માહ—લોભનો હક પક્ષાપક્ષીમાં અજડદ્રવ્યમાં છે. ખોખાંનો નાશ થતાં, જુનાં વસ્ત્રો કહાડી નાંખતાં—ત્હેમાં રહેલું તત્વ સઘળામાં સમાન છે. આ સમાનતા ને સર્વ શ્રેય; માર્ગોનું પ્રબોધન એજ વેદનો સિદ્ધાંત છે. પવિત્ર ભાવનાને અપુર્વ શ્રદ્ધા યોગ એના દ્વારમાં પ્રવેશવાનાં પ્રાથમિક સાધનો છે. આ સાધનો ગમેતેવી સ્થિતિમાં—ગમે તેવા સંજોગોમાં—ગમે તેવા સમયે યોગ્ય પાત્રોને પ્રાપ્ત થાય છે. નાશવંત સૃષ્ટિમાં દ્રવ્ય—સત્તા વગેરેનું બળ ગમે તેવું હોય, પરંતુ ઇષ્ટ મર્યાદામાં, ઇષ્ટ દૃષ્ટિમાં ત્હેનો અભાવ છે. ઇષ્ટ સત્તામાં સર્વે સમાન છે. ઇશ્વરનાં સર્વ બાળક છે. ઇશ્વરનો અસીમ વારસો પ્રાપ્ત કરવાનો ત્હેનાં પ્રત્યેક બાળકોનો સમાન હક છે.

શ્રીયુત બાપુરામ કહેતા અને કહે છે કે, સર્વ ધર્મોમાં અરસપરસ ખંડનને તિરસ્કાર તથા કુસંપનાં બિજકો ફુટી નિકળેલાં હોય છે. આ બીજકોના છોડવા એવા તો ઝેરી છે કે, ત્હેની પાસે બેસનાર, તેનો પવન લેનાર, પોતે પોતાને હણે છે. આ બદી કોઇથી દુર કરી શકાઇ નથી તેમ આગળ પરિણામ શું આવશે તે કહેવું અશકય છે. ઇતિહાસો

વાર્ત્તાઓ અને એવા ધર્મનાં ચરિત્રો વાંચતાં માત્ર ઉપરનાજ સંસ્કારો જ જ્યાં ત્યાંથી તરી આવતા દૃષ્ટિગોચર થશે. શું આર્યોનો કલ્યાણ સાધક ધર્મ, અથવા તો ઉન્નતિનો માર્ગ આજ પ્રણાલિકાએ ઉભો રહેતો હશે? અનેક દૃષ્ટાંતો અને વદંતીઓથી એનું સત્યદર્શન જોવાનો યોગ સર્વ કોઇને આવ્યોજ હશે જ. આ બદી એકલા આર્યાવર્તમાં છે, એમ નથી, પરંતુ આ ચેપ સઘળે સમાનરૂપે જ પ્રસર્યો છે. યુરોપ–અમેરિકા કે વિદેશોમાં પણ આવાં મતમતાંતરો જોશભેર ચાલ્યાં છે, ને હજુયે એજ રીતે ચાલે છે. ઇતિહાસ એના સત્યનો સાક્ષિભૂત આત્મા છે.

હિન્દુસ્થાનમાંજ માત્ર ધર્મના ફાંટાઓ અસ્તિત્ત્વમાં છે એમ નથી, પરંતુ સર્વ દેશોમાં ભિન્ન ભિન્ન તત્ત્વસત્ત્વને અવલંબન કરનાર પન્થો છે. મનુષ્યની વૃત્તિઓ સર્વદા એક સરખી હોતી નથી, દેશકાળ અને વસ્તુના સંબંધે આચાર વિચારની પ્રણાલિકાઓ બહુધા ભિન્નભિન્ન હોય છે, જેથી વૃત્તિને અનુસરનાર માર્ગ પણ જુદાજુદાજ હોય છે. આ ભિન્નભિન્ન માર્ગોમાં નિરિક્ષણ કરનાર તટસ્થ દૃષ્ટાને તો એકજ સત્ય વિલસી રહેલું જણાય છે. દોષમાત્ર ધર્મોના અનુયાયીનું વર્તનજ છે. ઇતિહાસ અને ધર્મ ચરિત્રોના ગ્રન્થો તરફ દૃષ્ટી વાળતાં આવાં ઘણુંય દૃષ્ટાંત નજર આગળ તરી આવે છે. એક પન્થવાળા બીજાને નિન્દે છે. એક પન્થવાળા બીજા પન્થવાળાને તિરસ્કારે છે. મુસલમાન ધર્મવાળા હિન્દુને ધીક્કારે છે. હિન્દુ મુસલમાન પન્થવાળાની અવગણના કરે છે. એક ધર્મવાળો માને છે–સ્વિકારે છે કે, મારા ધર્મવાળાજ સ્વર્ગનાં દ્વારમાં પ્રવેશશે ને બીજા નરકમાં જશે, આ તત્વને માનનારા ધર્મથી ચ્યુત છે. ધર્મ એવું કહેતો નથી; આવા વિચારવાળા ધર્મ પાળતા નથી, પરંતુ ધર્મ ત્હેમને પાળે છે, એક દુકાનદાર પોતાના માલની કીંમત લેવામાં ધર્મના સોગન ખાય છે, એમાં ધર્મને તે પાળતો નથી, એનો લોભ એનો મોહ અને એની ઇચ્છા ધર્મ નિમિતે વિશ્વાસ આપી માલની કીંમત ઇચ્છાનુસાર લેવાની હોય છે, એટલે વસ્તુતઃ ધર્મથી તે રક્ષાયેલો રહે છે. આવાં તત્વોમાં રચ્યા પચ્યા રહેનાર ધર્મના કેન્દ્રસ્થાનથી હજારો મૈલ દુર વસે છે. ને દાંભિક ઢોંગમાં ઠગાય છે. વૈષ્ણવ પંથવાળાજ વૈકુંઠમાં જશે ને સઘળા–અન્યમત વાળા નરકમાં જશે. અથવા તો શૈવ ધર્માનુવર્તન કરનાર સઘળા કૈલાશમાં જશે ને બાકીનાની અધોગતિ થશે, અથવા તો મુસલમાનો પયગંબરને જોશે ને બીજા ધર્મવાળા હજારો હાથના ખાડામાં ઢળી પડશે, કે રોમન પન્થવાળા કેથોલિક ધર્મ પાળનારા પ્રોટેસ્ટંટને તિરસ્કારે ને પ્રોટેસ્ટંટ કેથોલિકને

આળો દે એ શું ધર્મથી વિરૂદ્ધ વર્તન નથી ? ધર્મ શું કહે છે ? ધર્મ શું છે ? ધર્મના નીતિનિયમોમાં શું સત્ય છે ? એ જાણવાની, માનવાની, આચરવાની કોઇની ઇચ્છા કે પ્રવૃત્તિ હોય છે ? શ્રીયુત બાપુરામ આ વાડાઓની ભિન્નભિન્ન વૃત્તિઓ ને આચારો સંબંધમાં અનેક વખત કહેતા ને ત્હેમનાં માની લીધેલાં તત્વોનું સત્વ સમજાવતા. ત્હેમની માન્યતા એવી હતી કે, સઘળા પન્થો, સઘળા ધર્મો એક છે. એક ઇશ્વરના ગુણાનુવાદનાં ભિન્નભિન્ન ધર્મ વાળાએ માની લીધેલાં, સ્વિકારેલાં તત્ત્વોનો એમણે પોતામાં પ્રકાશ કરેલો છે, પરંતુ પોતાને જણાયેલા એ સત્યને જ સત્યમાની, બીજું અસત્ય છે એમ સ્વિકારી વર્તન કરવું એ ધર્મને લાંચ્છન લગાડનારૂં છે.

શ્રીયુત બાપુરામની ધર્મ સંબંધીની માન્યતા એવી છે કે, આ સૃષ્ટિનો ઉત્પાદક એકજ પરમાત્મા છે. પરમાત્માની સઘળી લીલા છે. પરમાત્માથી આ સઘળું ઉત્પન્ન થયું છે. ગમે તે પન્થોમાં, ગમેતે સ્થળે દૃષ્ટિ વાળશો તો પણ તે સઘળાંનો છેડો એકજ કેન્દ્રસ્થાને આવી ઉભો રહેશે આ પરમાત્માને ઇશ્વર માનો, વિષ્ણુ માનો, શંકર માનો, રામ–કૃષ્ણ, મહમદ કે પયગંબર કે ક્રાઇસ્ટ કે બુદ્ધ કે ગમે તે માનો, નામ સાથે કામ નથી; નામો જડ છે, નાશવંત છે, એનો આત્મા એનું સત્ય સત્વ એકજ છે. આ બધો કલહ પોતાનાજ ધર્મમાં, પોતાનીજ જાતમાં વહોરવો એ કેટલુબધું અનર્થકર છે શા માટે જુદા જુદા નામોથી વ્યામોહ પામવો ? શા માટે ઇશ્વરના સત્ય ધર્મમાં કલહના બીજકો રોપી નષ્ટપ્રાય થવું ? એક પરમાત્માનાં આ સઘળાં સમાન હકવાળાં બાળકો છે, ત્હેમાં ભિન્નભિન્ન વૃત્તિઓ અન્યોન્યને તિરસ્કારી શામાટે ચ્યુત થવું ? આ માન્યતાએ દિવસે દિવસે અધોગતિ પામતાં, ધર્મના રક્ષક વૃક્ષથી હજારો મૈલ છેટે જઇ વશીયે છિયે; અને છેવટે પોતે પોતાને હણાયેલા જોઇએ છિયે.

શ્રીયુત બાપુરામ કહે છે કે, સર્વ ધર્મનું લક્ષ સ્થાન એકજ છે. નીતિ નિયમો ને પ્રેમથી અવલંબન કરનાર સત્ય કેન્દ્ર આગળ જઇ શકે છે. ધર્મનું વાસ્તવ સ્વરૂપ નિહાળ્યું છે. ત્હેમાં નથી દ્વેષ, નથી ઇર્ષા, નથી કલહ કે નથી અન્યોન્યને નરકમાં નાંખવાનું દ્વાર સત્ય ધર્મમાં, ઇશ્વરના મહાન માર્ગમાં, ઇષ્ટની પવિત્ર મર્યાદામાં આમાંનું કશુંય નથી. આગળ વધતી પ્રવૃત્તિમાં, સુધરતા જતા જમાનામાં આ કલહ દૂર થાયતોજ સર્વ પન્થ-

વાળા સંબંધ થઇ શકે. આ કલહ છેદનમાં જ દેશની ઉન્નતિ છે. પરમાત્માના નીતિ નિયમોનું અનુસરણ ને વિશ્વવ્યાપિ પ્રેમનું અનુકરણજ આત્માની ઉચ્ચાવસ્થા પ્રાપ્ત કરાવે છે. ગમે તે ધર્મમાં, ગમેતે પન્થમાં, ગમે તે અવસ્થામાં, ગમેતે જાતિમાં, ગમેતે દેશ કે સંજોગોમાં સત્યતો એકજ હોવું જોઇયે. સત્યપરનાં તમામ આવરણો દૂર કરવાં જોઇયે. સત્ય ધર્મમાં પ્રવેશવું જોઇયે. આજ માર્ગ—આ ધર્મજ વાસ્તવ સુખ પ્રાપ્ત કરાવી શકે.

શ્રીયુત બાપુરામના જીવન દર્શનમાં સત્ય ધર્મના વિકાસ રૂપે ઉપરના સત્યનુંજ સત્ત્વ નજર આગળ તરી આવે છે. હેમની માન્યતા, હેમનો આશય, હેમનું વર્ત્તન આ માર્ગેજ આગળ વધ્યું હતું. હેમના હૃદયમાં સર્વ શક્ત, અનંત, સર્વ વ્યાપિ પરમાત્માની જ્યોતિનો આવિષ્કાર હતો. હેમના વર્ત્તનમાં સ્વાત્મ શક્તિનો વિકાસ હતો. હેમના વિચાર સદ્‌ગુણ ભાવના દ્રવ્ય વિસ્તૃત હતું. આચાર વિચારે આ માર્ગેજ આગળ વધાતું હતું. પ્રાણિમાત્ર પ્રતિ અનન્ય પ્રેમ, અનાથ પ્રતિ વાત્સલ્યતા, ગરીબો પ્રતિ દયા, ભૂતમાત્ર પ્રતિ ઉચ્ચભાવના સત્ય ધર્મ રૂપેજ એમના પ્રત્યેક રક્ત કણમાં વિલસી રહી હતી. એમના જીવનના પ્રાથમિક ભાગ તરફ દૃષ્ટિ વાળતાં, સહજ જણાઇ આવે છે કે, હેમની પ્રત્યેક ક્રિયામાં, પ્રત્યેક વર્ત્તનમાં, પ્રત્યેક વિચારમાં આ દૈવિ જ્યોતિનોજ પ્રકાશ હતો. શરૂઆતની રંકતમ અવસ્થામાંથી આગળ વધવાનું હતું. દુઃખ અને આપત્તિઓનું વાદળ શિરપર ચઢી આવેલું હતું, કસોટિની વિદ્યુતો અને સંકટોના ગગડાટ ધ્રૂજાવનાર હતા, એ સઘળા વચ્ચે પોતાના સંસાર નાવને યોગ્ય દિશામાં આગળ ખેડવાનું હતું, આ સુકનાપર માત્ર સ્વાત્મ શ્રદ્ધા, સ્વાશ્રયને અડગ પુરૂષાર્થ તથા ઇષ્ટ પ્રતિ અનન્ય ભાવનાએ હૃદયની દૈવિસંપત્તિને વિસ્તૃત કરી, પ્રદિપ્ત કરી, યોગ્ય દિશાએ જવાનું હતું. એમના દર્શનમાં પ્રત્યેક ક્રિયા ધર્મ રૂપજ જણાય છે. જે જે સંજોગોમાં ભાગ્ય યોગે હેમને આવવું પડયું હતું, તે તે સંજોગોમાં હેમણે ઉપરના દૈવિ બળેજ યશ પ્રાપ્ત કર્યો હતો.

વેદાંત અને નીતિના માર્ગો પ્રત્યે શ્રીયુત બાપુરામને અપૂર્વ શ્રદ્ધા હતી. તેઓ કદિય બોલી બતલાવતા નહિ, પરંતુ વિચાર અને આચારના અનુભવ રૂપે જણાવતા હતા. વેદાંતના ઉપદેશો પ્રત્યેક સંજોગોમાં, પ્રત્યેક અવસ્થામાં એક સરખી રીતે કલ્યાણકારી છે, એમ એમના વર્ત્તન ઉપરથી જણાઈ આવે છે. ગૃહસ્થાશ્રમમાં રહીને પણ આ માર્ગેજ હેમણે પ્રયાણ કરેલું

દેખાય છે. નીતિમય શાસનથીજ સત્ય દર્શન થઇ શકે છે. જે જે શુભ છે, તે તે સઘળું નીતિમય છે. નીતિનો માર્ગ સત્યનાં દ્વાર ઉઘાડી શકે છે. ઉત્સાહ પ્રેમ–પવિત્રતા, યથા પ્રાપ્ત ધર્મોમાં યોગ્ય વર્ત્તન, સ્વાશ્રય સ્વાત્માવલંબન, પ્રમાણિકતા, પરહિત ભાવના, વાસના ક્ષય આદિ ધર્મો–માર્ગો ઉન્નતિ સાધકને નીતિના આશયરૂપ છે. આ તત્ત્વસત્ત્વથી કેન્દ્રિય સ્થાને આવરણો દૂર કરી, યોગ્ય પુરૂષાર્થને બુદ્ધિબળે આત્મ વિકાશ કરી પહોંચવું તેજ વાસ્તવ ઉન્નતિ મૂળ છે. આ સઘળા ધર્મો એ નીતિમય શાસન છે. જ્યાં સુધી નીતિમય સૂત્રોનો હૃદયે સ્વિકાર કર્યો નથી હોતો, ત્યાં સુધી એ સત્ય ધર્મથી વિમૂખ થયેલો હોય છે. નીતિમય વર્ત્તને, નીતિમય વિચારેજ ધર્મનુ સત્ય સ્વરૂપ સમજાય છે. નીતિ નિયમના ઉપદેશો પ્રતિ જ્યાંસુધી કોઇ પણ આંખ વિચામણાં કરે, ત્યા સુધી એ ધર્મથી પાછળ છે, એમ મનાય. પ્રત્યેક અવસ્થામાં આ નિયમ પાલનથીજ ઉચ્ચગામી થઇ શકાય છે. પછી કાંતો તે ગૃહસ્થ હો, કે સન્યાસી, જંજાળી કે ત્યાગી, શ્રીમન્ત કે ગરીબ, અનર્ગલ દ્રવ્યનો સંગ્રહી કે રંક ગમે તે હો; સઘળી સ્થિતિમા નીતિમય ઉપદેશોને નીતિમય આચાર વિચારના બળેજ હિત–કલ્યાણ–ઉન્નતિ થઇ શકે છે. આર્યાવર્ત્તની ઉન્નતિમાં નીતિમય ઉપદેશની ખાસ આવશક્યતા છે. આપણપરનાં અહિતકર આવરણોને તોડવા આ સત્ય ધર્મજ સમર્થછે; અને જ્યારે એ આવરણો વિમૂખ થશે–નાશ પામશે ત્યારેજ આપણું વાસ્તવ હિત થઈ શકશે.

પરમાત્મ સત્તાનો અનુરાગ આપત્તિ વિપત્તિને દુઃખના મોજામાં અથડાતાં છતાં આત્મા સાથે સાંધ્યો હતો. મનુષ્યનુ બુદ્ધિબળ–મનુષ્યનો આત્મવિકાસ આવાજ પ્રસંગોએ–કસોટિઓમાં થઇ શકે છે. શ્રીયુત બાબુરામને આ સઘળુ પ્રાપ્ત હતું. આવા સંજોગોમાં નિરૂત્સાહ–નિરાશા–પરાશ્રય–કે અશક્તિ, જે આત્મ વિકાશનાં વિરોધી સૂત્રો છે, તેનો આવિષ્કાર થયો હોત તો, એમનું જીવન નષ્ટ થયેલુજ જણાઇ આવત, પરંતુ દુઃખ અને સંકટોના ભિષણ અવાજોમાં કર્ણ શક્તિને, તેજ રાખીને આપત્તિ વિપત્તિઓનાં વાદળોથી ઘેરાયેલી અંધકાર રાત્રિઓ સ્વાશ્રયરૂપી દીપકને મૂકીને, અને નિરાશા–પરાશ્રયના રોધક ખડકોને બુદ્ધિબળના શસ્ત્રે ભેદીને તેઓ આગળ વધતા હતા. આમાં એકજ સત્ય દૃષ્ટિ આગળ તરી આવે છે કે, આ બધાંનુ સત્ય માત્ર આત્મવિકાસ–આત્મજ્યોતિનો અપૂર્વ પ્રભાવ એજ છે. આ દિશાએ જેમ જેમ પ્રયાણ આગળ વધતું ગયું તેમ

તેમ ત્હેનાં સત્યસુત્રો તરફ દૃષ્ટિ એક રાગ સાંધતી ગઇ. જે શક્તિ બળ જે જ્યોતિનો પ્રકાશ એમના પ્રત્યેક પ્રસંગે મદદગાર હતો, તે બળ અને પ્રકાશનું વાસ્તવ સ્થાન કયું છે, એ પ્રતિ વૃત્તિ આકર્ષાઇ, વૃત્તિના આકર્ષાવા સાથે આત્માની શક્તિ વધતી ગઇ, અને સત્ય આનંદનું ઝરણું શરીરમાં વહેતા પ્રત્યેક રક્ત કણુમાં આનંદ ઘોષણાનું રમખાણ મચાવતું ઉછળવા લાગ્યું. આનંદ પ્રતિતિમાં પરમાત્માની અવર્ણનિય કળા—અસીમ વાત્સલ્યતા—અપુર્વ શક્તિને દેશકાળ વસ્તુથી પર તત્ત્વમાં વર્તમાન જીવનનો આશય એક રાગરૂપે સંધાતો જતો જણાવા લાગ્યો.

આત્મ વિકાસ રૂપે આત્મા પરમાત્મા સાથે અભેદ—અનંત—અબાધિત થઇ શકે છે, જુદાં જુદાં મતમતાતરોમાં ગૌણુ કે મૂખ્ય આ સત્તાનો સ્વિકાર કોઇને કર્યા શિવાય ચલતુંજ નથી. જે માગમા આત્મ વિકાસ નથી જે પન્થમાં આત્મોન્નતિ નથી, જે ધર્મમાં આત્માની અનંતવતા કરવાનાં સાધનો નથી, તે માર્ગ, પન્થ કે ધર્મ નર્જીવ છે. આપણો ઉત્કર્ષ થવામાં આપણા જીવન પ્રવાહને અમિ રસથી ભરપૂર વિશાળ સિન્ધુમાં ભેળવવામાં આત્માનો વિકાસ કરવો—થવો એ આવશ્યક છે. નીતિ નિયમનાં સુત્રોને અનુસારણી વૃત્તિ, ધર્મના બિરદને જાણુનારી બુદ્ધિને સત્ય તત્ત્વમત્ત્વનો પ્રકાશ કરનારી કૃતિ જેમાં એકત્રીત—નિયન્ત્રિત થયેલી હોય છે, તે આત્મા—તે મનુષ્ય કાદવ કિચડમાં ફરતું એક પ્રાણિ નહિ, પરંતુ અનંત આકાશમાં વિહાર કરતું ઉત્તમ—શ્રેષ્ટ પ્રાણિ છે. જ્યાં આત્મ વિકાસ છે, ત્યાંજ શ્રેય છે. ત્યાંજ કલ્યાણુ છે—ત્યાંજ આગળ જતાં મહાન્ સત્તાની અભેદ થવાય છે પછી તો;—

* योऽतः सुखोऽतरा रामस्तथांतर्ज्योति रेवयः ।
सयोगी ब्रह्मनिर्वाणं ब्रह्मभूतोऽधिगच्छति ॥ ५ ॥ २४ ॥

સમાપ્ત.

---

* લાધ્યાં અંતરમા જેને, જ્યોતિ આરામને સુખો;
તે યોગી, થઇને બ્રહ્મ પામે નિર્વાણુ બ્રહ્મમાં.

—ન્હાનાલાલ. દ. કવિ.

